# શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન
## : લઘુવૃત્તિ-વિવરણ :

(ભાગ - છટ્ઠો)

- : વિવરણકાર : -
આચાર્ય વિજય ચન્દ્રગુપ્ત સૂરિ

: પ્રકાશન :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
: શ્રી પાલીતાણા મહારાષ્ટ્રભુવન જૈન ધર્મશાળા :
તળેટી રોડ : પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીન ૩૬૪૨૭૦

शास्त्र संग्रह

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યવિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન
# લઘુવૃત્તિ-વિવરણ

ભાગ - છઠ્ઠો

: વિવરણકાર :

પૂ. પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. પૂજ્યપાદ
આ. ભ. શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર
સ્વ. પૂજ્યપાદ આ. ભ. શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ. મ. ના
શિષ્યરત્ન પૂજ્યપાદ આ. ભ. શ્રી. વિ. અમરગુપ્ત
સૂ. મ. સા. ના શિષ્ય

આચાર્ય વિજય ચન્દ્રગુપ્ત સૂરિ

: પ્રકાશન :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
: શ્રી પાલીતાણા મહારાષ્ટ્રભુવન જૈન ધર્મશાળા :
તળેટી રોડ : પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીન ૩૬૪૨૭૦

શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન
લઘુવૃત્તિ - વિવરણ (ભા. - ૬)

પ્રથમ આવૃત્તિ : નકલ - ૧૦૦૦
વિ.સં. ૨૦૫૦ : જેઠ વદ : ૩
પ્રકાશન : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ.પો. મુરબાડ
(જી. ઠાણે)

રજનીકાંતભાઈ એફ વોરા
૬૫૫ સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ ००१

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ - પાલડી
અમદાવાદ - ૩૮૦ ००७

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાંહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮૦ ००१

મૂલ્ય : ૫૦ રૂા.

- : મુદ્રક - ફોટોકમ્પોઝીંગ :-
એસ. જયકુમાર ઍન્ડ કં.
૧૨૮/૨ રૂપનગરી, કર્વે રોડ,
કોથરૂડ, પુના ૪૧૧ ०२૯
ફોન : ૩૩૪૫૬૭

# (ભાગ - ૫ નું )

## : શુદ્ધિપત્રક :

| પૃ.નં. | પં.નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૫ | ૧૨ | (सो सै) | सो (सै) |
| ૧૭ | ૧ | यू- | यू |
| ૪૦ | ૧૯ | ऊवू | उवू |
| ૪૧ | ૮ | बू | ब |
| ૪૪ | ૧૩ | नू; નો | नू નો; |
| ૪૮ | ૮ | ञ्जू | जू |
| ૪૯ | ૨ | गे | गे- |
| ૫૦ | ૪ | वेग | वेग અર્થ |
| ૫૪ | ૭ | ञ | ञः |
| ૬૦ | ૩ | य | યાદિ |
| ૬૦ | ૧૦ | न ने | नू ने |
| ૭१ | १६ | ह्री | ऋह्री |
| ૭૯ | ૨૧ | ने | નો |
| ૮૯ | ૧૨ | क्र | क्रू |
| ૧૦૯ | ૧૧ | ह | ह्न |
| ૧૧૬ | ૫ | वा | र्वा |
| ૧૧૬ | ૨૩ | क्रृ | ऋ |
| ૧૩૪ | ૧૪ | ञ्न | ञ्जन |
| ૧૩૬ | ૫ | धोरू | घोरु |
| ૧૩૬ | ૭ | र्दा | र्हा |
| ૧૩૬ | ૧૦ | ध | द्य |
| ૧૩૬ | ૧૧ | तू | नू |
| ૧૩૬ | ૧૪ | रू | रु |
| ૧૩૬ | ૨૨ | ऊ | उ |
| ૧૩૭ | ૪ | वू | उ |
| ૧૩૭ | ૧૭ | વ્યા | વ્યા મુજબ |
| ૧૩૯ | ૨૦ | क्ष | પક્ષ |
| ૧૪૭ | ૨ | सू | स |
| ૧૪૮ | ૩ | न | नू |
| ૧૬૫ | ૯ | सः० | सः |
| ૧૮૧ | ૧૦ | તુની | તુના |
| ૧૮૬ | ૧૨ | (इ) | (ई) |
| ૨૦૪ | ૧૩ | ङ्गि | ङि |
| ૨૨૦ | ૨૦ | २ | १ |
| ૨૨૪ | ૨ | ए | एः |
| ૨૨૫ | ૩ | ३ | १ |
| ૨૨૮ | ૮ | ३ | १ |
| ૨૩૪ | ૨ | न | नू |
| ૨૪૭ | ૧૩ | र्व | सर्व |
| ૨૬૬ | ૭ | ए | ऐ |
| ૨૭૧ | ૭ | ऋ | ॠ |
| ૨૮૪ | ૫ | ऋ | ॠ |
| ૩૦૧ | ૩ | श्रृ | शृ |
| ૩૧૯ | ૨ | ઘા | ધા |
| ૩૩૧ | ૧ | स्त्रो | स्रो |
| ३३१ | ३ | स्त्रु | स्रु |
| ૩૩૨ | ૮ | स्त्रा | स्रा |
| ૩૩૨ | ૯ | स्त्रु | स्रु |
| ૩૩૨ | ૧૧ | स्त्रो | स्रो |
| ૩૩૩ | ૪ | सृ | स्रु |
| ૩૪૨ | ૪ | ङ् | ङ |
| ૩૪૫ | ૧૨ | ॾ | ॾं |
| ૩૪૫ | ૧૭ | क्रृने | ऋने |
| ૩૫૧ | ૧૧ | ત્પન્ન | પપન્ન |
| ૩૫૪ | ૭ | द्याः | द्या |

## अथ प्रारभ्यते पञ्चमे ऽध्याये प्रथमः पादः।

### आ तुमो ऽत्यादिः कृत् ५।१।१॥

ति (तिव्) વગેરે પ્રત્યયોને છોડીને અન્ય; ધાતુથી વિધાન કરાએલા 'तुम्' પ્રત્યય સુધીના પ્રત્યયને कृत् સંજ્ઞા થાય છે. ('शक-धृष-ज्ञा० ५-४-९०' સુધીના તે તે સૂત્રથી ધાતુથી વિહિત त्यादि ભિન્ન પ્રત્યયને આ સૂત્રથી कृत् સંજ્ઞા થાય છે.) हन् ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् (य) પ્રત્યય. આ સૂત્રથી घ्यण् પ્રત્યયને कृत् સંજ્ઞા. 'ञ्णिति घात् ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ. घ्यण् પ્રત્યયને આ સૂત્રથી कृत् સંજ્ઞા થવાથી તદન્ત घात्य નામની સાથે घनेन हन्यते આ અર્થમાં તૃતીયાન્ત घन નામને 'कारकं कृता ३-१-६८' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી घनघात्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - મેઘથી હણાતો.

अत्यादिरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી વિહિત तुम् પ્રત્યય સુધીના ત્યાદિભિન્ન જ પ્રત્યયને कृत् સંજ્ઞા થાય છે. તેથી प्र+निस् ધાતુથી વર્ત્તમાનમાં વિહિત ते પ્રત્યયને આ સૂત્રથી कृत् સંજ્ઞા થતી નથી. 'उदितः० ४-४-९८' થી निस् ધાતુના स् ની પૂર્વે न् નો આગમ. 'अदुरुप० २-३-७७' થી निस् ના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી प्रणिंस्ते આવો પ્રયોગ થાય છે. અહીં ते પ્રત્યયને આ સૂત્રથી कृत् સંજ્ઞા ન થવાથી 'निंस-निक्ष० २-३-८४' થી निस् ધાતુના न् ને વિકલ્પથી ण् આદેશ થતો નથી. અર્થ - સારી રીતે ચુંબન કરે છે. ॥१॥

### बहुलम् ५।१।२॥

તે તે સૂત્રથી તે તે અર્થમાં વિહિત कृत् પ્રત્યયો; તે તે અર્થને છોડીને અન્ય અર્થમાં પણ શિષ્ટપ્રયોગાનુસાર બહુલતયા થાય છે. पादाभ्यां ह्रियते આ અર્થમાં (કર્મમાં) हृ ધાતુને; આ સૂત્રની સહાયથી 'णकं -

तृचौ ૫-૧-૪૮' થી કર્ત્તામાં વિહિત णक પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. पाद નામને हारक નામની સાથે 'कारकं कृता ૩-૧-૬૮' થી સમાસાદિ કાર્ય થવાથી पादहारकः આવો પ્રયોગ થાય છે. અર્થ - પગથી હરાતી વસ્તુ - જોડા. मुह्यत्यात्माऽनेन આ અર્થમાં (કર્ત્તામાં) मुह् ધાતુને; આ સૂત્રની સહાયથી 'तव्याऽनीयौ ૫-૧-૨૭' થી કર્મ અથવા ભાવમાં વિહિત अनीय પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી मुह् ધાતુના उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી मोहनीयं कर्म આવો પ્રયોગ થાય છે. અર્થ - મોહનીય કર્મ. सम्प्रदीयतेऽस्मै આ અર્થમાં सम् + प्र+दा ધાતુને આ સૂત્રની સહાયથી; સામાન્યપણે ('अनट् ૫-૩-૧૨૪'... વગેરે સૂત્રથી) ભાવ... વગેરે અર્થમાં વિહિત अनट् (अन) પ્રત્યયાદિ કાર્ય થવાથી सम्प्रदानम् આવો પ્રયોગ થાય છે. અર્થ - જેને અપાય છે તે. અહીં આ સૂત્રની સહાયથી अनट् પ્રત્યય સમ્પ્રદાનમાં વિહિત છે. ॥૨॥

## कर्त्तरि ૫।૧।૩॥

જે સૂત્રમાં (कृत् પ્રત્યયવિધાયક સૂત્રમાં) અર્થવિશેષનું ઉપાદાન ન હોય ત્યાં તે સૂત્રથી વિહિત कृत् પ્રત્યય કર્ત્તામાં થાય છે. कृ ધાતુને 'णक-तृचौ ૫-૧-૪૮' થી વિહિત तृच् (तृ) પ્રત્યય, આ સૂત્રની સહાયથી કર્ત્તામાં થાય છે. જેથી कृ ધાતુના અન્ત્ય ऋ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી कर्त्ता આવો પ્રયોગ થાય છે. અર્થ - કરનાર. ॥૩॥

## व्याप्ये घुर - केलिम-कृष्टपच्यम् ૫।૧।૪॥

घुर અને केलिम પ્રત્યય તેમ જ कृष्टपच्य શબ્દમાંનો य પ્રત્યય, વ્યાપ્ય (કર્મ) સ્વરૂપ કર્ત્તામાં થાય છે. घुर પ્રત્યય અન્યસૂત્રથી વિહિત છે. આ

સૂત્ર અર્થવિશેષનું વિધાન કરે છે. केलिम પ્રત્યય અને कृष्टपच्य શબ્દમાંનો य પ્રત્યય વ્યાપ્યસ્વરૂપ કર્ત્તામાં આ સૂત્રથી કરાય છે. स भनक्ति काष्ठम् किं तेन स्वयमेव भज्यते काष्ठम् આ રીતે કર્મકારકમાં કર્ત્તૃત્વની વિવક્ષામાં આ સૂત્રની સહાયથી 'भञ्जि-भासि० ५-२-७४' થી घुर (उर) પ્રત્યય. 'क्तेऽनिट० ४-१-१११' થી भञ्ज् ધાતુના ज् ને ग् આદેશ... વગેરે કાર્ય થવાથી भङ्गुरं काष्ठम् આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્વયં તૂટે એવું લાકડું. पच्यन्ते स्वयमेव माषाः આ અર્થમાં - કર્મકારકમાં કર્ત્તૃત્વની વિવક્ષામાં पच् ધાતુને આ સૂત્રથી केलिम (एलिम) પ્રત્યય. पचेलिम નામને जस् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचेलिमा माषाः આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્વયં સીઝે એવા અડદ. कृष्टे पच्यन्ते स्वयमेव शालयः આ પ્રમાણે કર્મકર્ત્તૃત્વની વિવક્ષામાં कृष्ट + पच् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય તથા સમાસાદિ કાર્ય થવાથી कृष्टपच्याः शालयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ખેડવા માત્રથી ઉગે એવું અનાજ. ।।४।।

### संगते ऽ जर्यम् ५।१।५।।

'સંગમન' કર્ત્તા હોય તો नञ् થી પરમાં રહેલા जॄ (११४५) ધાતુને य પ્રત્યય નિપાતનથી થાય છે. न जीर्यति આ અર્થમાં नञ् + जॄ ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ॠ ને ગુણ अर् આદેશ. जर्य નામની સાથે नञ् ને 'नञ् ३-१-५१' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી अजर्यम् आर्यसङ्गतम् આવો પ્રયોગ થાય છે. અર્થ - આર્યોની સંગતિ અટલ (ન તૂટે એવી) છે.

संगत इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંગમન જ કર્ત્તા હોય તો नञ् થી પરમાં રહેલા जॄ ધાતુને य પ્રત્યયનું નિપાતન કરાય છે. તેથી अजरः पटः અહીં पट કર્ત્તા હોવાથી नञ् + जॄ ધાતુને આ સૂત્રથી य પ્રત્યય થતો નથી. જેથી 'अच् ५-१-४९' થી अच् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી अजरः આવો પ્રયોગ થાય છે. અર્થ - જીર્ણ નહિ

થયેલું વસ્ત્ર. ||૫||

## रुच्याऽव्यथ्य - वास्तव्यम् ५।१।६॥

रुच्य अव्यथ्य અને वास्तव्य આ ત્રણે ય શબ્દોનું કર્ત્તામાં નિપાતન કરાય છે. रोचते આ અર્થમાં रुच् ધાતુને અને न व्यथते આ અર્થમાં नञ्+व्यथ् ધાતુને આ સૂત્રથી क्यप् (य) પ્રત્યય. नञ् ને व्यथ्य નામની સાથે 'नञ् ३-१-५१' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી रुच्यः અને अव्यथ्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - રુચે એવી વસ્તુ (મોદક વગેરે). દુઃખી ન થનાર. वसति આ અર્થમાં वस् ધાતુને આ સૂત્રથી तव्यण् (तव्य) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી वस् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી वास्तव्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - રહેનાર. ||૬||

## भव्य-गेय-जन्य-रम्याऽऽ पात्याऽऽ प्लाव्यं नवा ५।१।७॥

भव्य गेय जन्य रम्य आपात्य અને आप्लाव्य આ શબ્દોનું કર્ત્તામાં વિકલ્પથી નિપાતન કરાય છે. સામાન્યથી ભાવ અને કર્મમાં વિહિત य કે घ्यण् પ્રત્યયો આ સૂત્રથી ઉપર જણાવેલા તે તે પ્રયોગમાં વિકલ્પથી કર્ત્તામાં નિપાતન કરાયા છે. भू गै અને रमि (रम्+णि) ધાતુને भवति गायति અને रमयति આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'य एच्चाऽऽतः ५-१-२८' થી य પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી भू ધાતુના ऊ ને ગુણ ओ આદેશ. 'य्यक्ये १-२-२५' થી ओ ને अव् આદેશ. 'आत् सं० ४-२-१' થી गै ધાતુના ऐ ને आ આદેશ. आ ને 'य एच्चाऽऽतः ५-१-२८' થી ए આદેશ. 'णेरनिटि ४-३-८३' થી रमि ધાતુના णि (इ) નો લોપ... વગેરે કાર્ય થવાથી भव्यः, गेयः साम्नाम् અને रम्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- થનાર. સામવેદનો ગાનાર. મનોહર. जन्;

आ+पत् અને आ+प्लु ધાતુને અનુક્રમે जायते आपतति અને आप्लवते આ અર્થમાં આ સૂત્રની સહાયથી (સૂ.નં. ૫-૧-૧૭ અને ૧૯ થી યથાપ્રાપ્ત) घ्यण् (य) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી पत् ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'नामिनो० ४-३-५१' થી प्लु ધાતુના उ ને વૃદ્ધિ औ આદેશ. 'य्यक्ये १-२-२५' થી औ ને आव् આદેશ. जन् ધાતુના ઉપાન્ત્ય अ ને 'न जनबधः ४-३-५४' થી વૃદ્ધિનો નિષેધ... વગેરે કાર્ય થવાથી जन्यः, आपात्यः અને आप्लाव्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - થનાર; પડનાર. કુદકો મારનાર. વિકલ્પપક્ષમાં भू गै અને जन् ધાતુને 'य एच्चातः ५-१-२८' થી ભાવમાં અને કર્મમાં य પ્રત્યય... વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી भव्यम् गेयानि सामानि અને जन्यम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- થવું તે. ગાવાયોગ્ય સામવેદ. થવું તે. रम्यते આ અર્થમાં रम् ધાતુને 'शकि-तकि० ५-१-२९' થી કર્મમાં य પ્રત્યયાદિ કાર્ય થવાથી रम्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- રમણીય. आ+पत् ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી અને आ+प्लु ધાતુને 'उवर्णा० ५-१-१९' થી ભાવમાં घ्यण् (य) પ્રત્યયાદિ કાર્ય થવાથી आपात्यम् અને आप्लाव्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પડવું જોઈએ. કુદકો મારવો જોઈએ.॥૭॥

**प्रवचनीयादयः ५।१।८॥**

प्रवचनीय ... વગેરે अनीय પ્રત્યયાન્ત નામોનું કર્ત્તામાં વિકલ્પથી નિપાતન કરાય છે. प्र+वच् અથવા प्र+ब्रू ધાતુને **प्रवक्ति** અથવા **प्रब्रूते** આ અર્થમાં આ સૂત્રની સહાયથી 'तव्यानीयौ ५-१-२७' થી अनीय પ્રત્યય. 'अस्ति - ब्रुवो० ४-४-१' થી ब्रू ધાતુને वच् આદેશ ... વગેરે કાર્ય થવાથી प्रवचनीयो गुरुः शास्त्रस्य આવો પ્રયોગ થાય છે. અર્થ- શાસ્ત્રના પ્રવક્તા ગુરુ. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अनीय પ્રત્યય કર્ત્તામાં ન થાય ત્યારે 'तत् साप्या० ३-३-२१' ની સહાયથી કર્મમાં अनीय

પ્રત્યય... વગેરે કાર્ય થવાથી प्रवचनीयं गुरुणा शास्त्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ગુરુદ્વારા પ્રવચનયોગ્ય શાસ્ત્ર. આવી જ રીતે उपतिष्ठते આ અર્થમાં उप+स्था ધાતુને આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ अनीय પ્રત્યયાદિ કાર્ય થવાથી उपस्थानीयः शिष्यो गुरोः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अनीय પ્રત્યય કર્ત્તામાં ન થાય ત્યારે તે अनीय પ્રત્યય ઉપર જણાવ્યા મુજબ કર્મમાં થવાથી उपस्थानीयः शिष्येण गुरुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ગુરુની પૂજા કરનાર શિષ્ય. શિષ્યવડે પૂજનીય ગુરુ. ||૮||

### श्लिष-शीङ् - स्था ऽ ऽ स-वस - जन-रुह-जॄ-भजेः क्तः ५|१|९||

श्लिष् शी स्था आस् वस् जन् रुह् जॄ અને भज् ધાતુથી વિહિત क्त પ્રત્યય; વિકલ્પથી કર્ત્તામાં થાય છે. आ+श्लिष् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી વિહિત क्त (त) પ્રત્યય આ સૂત્રથી કર્ત્તામાં (आश्लिष्यति અર્થમાં ) થાય છે. તેથી आ+ श्लिष्+ त આ અવસ્થામાં 'तवर्गस्य० १-३-६०' થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી आश्लिष्टः कान्तां चैत्रः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે 'तत् साप्या० ३-३-२१' ની સહાયથી તે क्त પ્રત્યય કર્મમાં થવાથી आश्लिष्टा कान्ता चैत्रेण આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચૈત્રે પત્નીને આલિઙ્ગન કર્યું. ચૈત્ર વડે પત્ની આલિંગાઈ. अति+शी ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી કર્ત્તામાં (अतिशेते અર્થમાં) क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી इट्. 'नामिनो० ४-३-१' થી ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી अतिशयितो गुरुं शिष्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય તો ઉપર જણાવ્યા મુજબ તે क्त પ્રત્યય કર્મમાં થવાથી अतिशयितो गुरुः शिष्यैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શિષ્યે ગુરુનું સન્માન કર્યું. શિષ્યો વડે ગુરુ સન્માનિત થયા. उप+स्था ધાતુને

આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'दो-सो-मा० ૪-૪-૧૧' થી स्था ધાતુના आ ને इ આદેશ... વગેરે કાર્ય થવાથી उपस्थितो गुरुं शिष्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી उपस्थितो गुरुः शिष्यैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શિષ્યે ગુરુની પૂજા કરી. શિષ્યોવડે ગુરુ પુજાયા. उप+आस् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. તેમજ તેની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી उपासिता गुरुं ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી उपासितो गुरुस्तैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓએ ગુરુની ઉપાસના કરી. તેઓ વડે ગુરુ ઉપાસાયા. अनु + वस् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'क्षुधवस० ૪-૪-૪૩' થી क्त ની પૂર્વે इट्. 'यजादि० ૪-૧-૭૯' થી वस् ના व ને उ આદેશ. 'घस्-वसः ૨-૩-૩૬' થી वस् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अनूषिता गुरुं ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી अनूषितो गुरुस्तैः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તેઓ ગુરુની પાછળ બેસ્યા. તેઓ વડે ગુરુની પાછળ બેસાયું. अनु + जन् ધાતુને આ સૂત્રની સહાયથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં क्त પ્રત્યય. 'आः खनि० ૪-૨-૬૦' થી जन् ધાતુના न् ને आ આદેશ વગેરે કાર્ય થવાથી अनुजातास्तां ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી अनुजाता सा तैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણીની પછી તેઓ જન્મ્યા. તેઓ વડે તેણીની પછી જન્માયું. आ + रुह् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'हो धुट्० ૨-૧-૮૨' થી ह् ને ढ् આદેશ. 'अधश्च० ૨-૧-૭૯' થી त् ને ध् આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦' થી ध् ને ढ् આદેશ. 'ढस्तड्ढे ૧-૩-૪૨' થી ढ् ની પૂર્વેના ढ् નો

લોપ અને रु ના उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી आरूढोऽश्वं सः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી आरूढोऽ श्वस्तैः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તે ઘોડા ઉપર ચઢ્યો. તેઓ વડે ઘોડા ઉપર ચઢાયું. अनु + जॄ ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં क्त પ્રત્યય. 'ॠतां० ૪-૪-૧૧૬' થી ॠ ને इर् આદેશ. इर् ના इ ને 'भ्वादेर्नामि० ૨-૧-૬૩' થી દીર્ઘ ई આદેશ. 'ॠल्वादे० ૪-૨-૬૮' થી क्त ના त् ને न् આદેશ. 'रषृवर्णा० ૨-૩-૬૩' થી न् ને ण् આદેશ... વગેરે કાર્ય થવાથી अनुजीर्णास्तां ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી अनुजीर्णा सा तैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેણીની પછી તેઓ ઘરડા થયા. તેણીની પછી તેઓ વડે ઘરડા થવાયું. वि + भज् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'चजः० ૨-૧-૮૬' થી ज् ને ग् આદેશાદિ કાર્ય થવાથી विभक्ताः स्वं ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી विभक्तं स्वं तैः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તેઓએ ધન વહેંચ્યું. તેઓ વડે ધન વહેંચાયું. શી વગેરે ધાતુ અકર્મક હોવા છતાં અકર્મક ધાતુઓ કોઈવાર ઉપસર્ગના યોગથી સકર્મક થાય છે. તેથી તાદૃશ સકર્મક શી વગેરે ધાતુના ગ્રહણ માટે આ સૂત્રમાં શી... વગેરે ધાતુઓનું ઉપાદાન છે. અન્યથા અકર્મક ધાતુથી વિહિત क्त પ્રત્યયનું કર્ત્તામાં વિધાન 'गत्यर्था० ૫-૧-૧૧' થી જ સિદ્ધ છે - એ યાદ રાખવું. ॥૯॥

**आरम्भे ५।१।१०॥**

આરંભાર્થક ધાતુને ભૂતકાલાદિમાં વિહિત क्त પ્રત્યય વિકલ્પથી કર્ત્તામાં થાય છે. प्र + कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં 'क्त–

क्तवतू ५-१-१७४' થી क्त (त) પ્રત્યય... વગેરે કાર્ય થવાથી प्रकृताः कटं ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्तપ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી प्रकृतः कटस्तैः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તેઓએ ચટઈ બનાવવાની શરૂઆત કરી. તેઓ વડે ચટઈ બનાવવાની શરૂઆત કરાઈ. ॥१०॥

## गत्यर्थाऽकर्मक - पिब - भुजेः ५।१।११॥

ગત્યર્થક ધાતુથી; અકર્મક ધાતુથી, તેમજ पा અને भुज् ધાતુથી ભૂતકાલાદિમાં વિહિત क्तપ્રત્યય વિકલ્પથી કર્ત્તામાં થાય છે. गम् (ગત્યર્થક) ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં 'क्तक्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. 'यमि-रमि० ४-२-५५' થી गम् ના म् નો લોપ ... વગેરે કાર્ય થવાથી गतो ऽ सौ ग्रामम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય કર્મમાં થવાથી गतो ऽ सौ तैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આ ગામમાં ગયો. તેઓ વડે અહીં જવાયું. અકર્મક आस् ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્ત્તામાં આ સૂત્રની સહાયથી क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट् વગેરે કાર્ય થવાથી आसितोऽसौ આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રની સહાયથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે 'तत् साप्या० ३-३-२१' ની સહાયથી ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય ભાવમાં થવાથી आसितं तैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- એ બેસ્યો. તેઓ વડે બેસાયું. આવી જ રીતે पा (ધા. નં. ૨) અને भुज् ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'ईर्व्यञ्जने० ४-३-९७' થી पा ના आ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી તેમજ भुज् ધાતુના ज् ને 'चजः कगम् २-१-८६' થી ग् આદેશ વગેરે કાર્ય થવાથી पीताः पयः અને भुक्तास्ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી કર્ત્તામાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય

'तत् साप्या० ३-३-२१' ની સહાયથી કર્મમાં થવાથી पीतं पयः અને इदं तै र्भुक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- (તેઓએ) દૂધ પીધું. તેઓએ ખાધું. (તેઓ વડે) દૂધ પીવાયું. તેઓ વડે આ ખવાયું. ||૧૧||

## अद्यर्थाच्चाऽऽधारे ५।१।१२॥

આહારાર્થક ધાતુથી; ગત્યર્થક ધાતુથી; અકર્મક ધાતુથી તેમ જ पा અને भुज् ધાતુથી ભૂતાદિ અર્થમાં વિહિત क्त પ્રત્યય; વિકલ્પથી આધારાર્થમાં થાય છે. अद् ધાતુને આ સૂત્રની સહાયથી આધારાર્થમાં 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. 'यपि चाऽदो० ४-४-१६' થી अद् ધાતુને जग्ध् આદેશ. 'अधश्च० २-१-७९' થી क्त ના त् ને ध् આદેશ. 'धुटो धुटि० १-३-४८' થી जग्ध् ના ध् નો લોપ વગેરે કાર્ય થવાથી इदमेषां जग्धम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી આધાર અર્થમાં क्त પ્રત્યય ન થાય ત્યારે તે क्त પ્રત્યય ભાવમાં થવાથી तै र्जग्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ લોકોનું આ ખાવાનું પાત્ર છે. તેઓવડે ખવાયું. ગત્યર્થક या ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી આધાર અર્થમાં क्त પ્રત્યય... વગેરે કાર્ય થવાથી इदं तेषां यातम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त પ્રત્યય આધાર અર્થમાં ન થાય ત્યારે ભાવમાં એ क्त પ્રત્યય થવાથી तैर्यातम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓનું આ જવાનું સ્થાન છે. તેઓવડે જવાયું. અકર્મક शी ધાતુને તેમ જ पा અને भुज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રની સહાયથી આધારમાં क्त પ્રત્યય થવાથી સૂ. નં. ૫-૧-૧૧ માં જણાવ્યા મુજબ इट् વગેરે કાર્ય બાદ અનુક્રમે इदमेषां शयितम्; इदं गवां पीतम् અને इदं तेषां भुक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આ લોકોનું આ સૂવાનું સ્થાન છે. આ ગાયોનું પીવાનું સ્થાન છે. તેઓનું આ ખાવાનું પાત્ર છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી આધાર અર્થમાં क्त પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ એ क्त

પ્રત્યય ભાવમાં થવાથી અનુક્રમે तैः शयितम्; गोभिः पीतम् અને तै र्भुक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ વડે સુવાયું. ગાયો વડે પીવાયું. તેઓ વડે ખવાયું. અહીં વિકલ્પપક્ષમાં ભાવની જેમ કર્ત્તા અને કર્મમાં પણ क्त પ્રત્યય થાય છે - એ યાદ રાખવું. ॥૧૨॥

## कृत्वा-तुमम् भावे ५।१।१३॥

ધાતુને क्त्वा (त्वा); तुम् અને अम् પ્રત્યય ભાવમાં- ધાત્વર્થમાત્રમાં થાય છે. कृ ધાતુને 'प्राक्काले ५-४-४७' થી વિહિત क्त्वा પ્રત્યય; 'क्रियायां० ५-३-१३' થી વિહિત तुम् પ્રત્યય અને 'ख्णम् चा० ५-४-४८' થી વિહિત ख्णम् (अम्) પ્રત્યય આ સૂત્રની સહાયથી ભાવમાં થાય છે. तुम् પ્રત્યયની પૂર્વે कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. ख्णम् પ્રત્યયની પૂર્વે कृ ધાતુના ऋ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ आर् આદેશ. 'वीप्सायाम् ७-४-८०' થી कारम् ને દ્વિત્વ વગેરે કાર્ય **થવાથી અનુક્રમે** कृत्वा **कर्त्तुम् અને कारं कारं** यांति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કરીને. કરવા માટે. વારંવાર કરીને જાય છે.॥૧૩॥

## भीमादयोऽ पादाने ५।१।१४॥

'અપાદાન' અર્થમાં भीमादि ગણપાઠમાંના भीम વગેરે નામોનું નિપાતન કરાય છે. बिभेति अस्माद् આ અર્થમાં भी ધાતુને उणादि नो म અને आनक (उणादि सू. नं. ३४४ અને ७१) પ્રત્યય. आनक પ્રત્યયની પૂર્વે भी ધાતુના ई ને 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે भीमः અને भयानकः આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - જેથી ભય થાય તે. ॥૧૪॥

## सम्प्रदानाच्चान्यत्रोणादयः ५।१।१५॥

उणादि (सू.नं. ५-२-९३ થી જણાવાએલ) પ્રત્યયો; 'સમ્પ્રદાન' અને 'અપાદાન' અર્થથી ભિન્ન અર્થમાં થાય છે. कृ ધાતુને આ સૂત્રની સહાયથી કર્ત્તામાં उण् (उ) પ્રત્યય. 'नामिनोऽकलि० ४-३-५१' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી कारुः આવો પ્રયોગ થાય છે. અર્થ- શિલ્પી. कषितोऽसौ આ અર્થમાં कष् ધાતુને આ સૂત્રની સહાયથી उणादि नो इ (सू.नं. ६१९) પ્રત્યય વગેરે કાર્ય થવાથી कषिः આવો પ્રયોગ થાય છે. અર્થ - કસોટીનો પત્થર.॥१५॥

## असरूपोऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५।१।१६॥

આ સૂત્રથી આરંભીને 'स्त्रियां क्तिः ५-३-९१' પૂર્વેના જે અપવાદ સૂત્રો છે; તે સૂત્રના વિષયમાં (અપવાદ સૂત્રના ઉદ્દેશ્યમાં); અપવાદભૂત પ્રત્યયથી જેનું સ્વરૂપ સમાન નથી (જેના વર્ણો ભિન્ન છે) એવો ઔત્સર્ગિક પ્રત્યય (ઉત્સર્ગસૂત્રવિહિત પ્રત્યય) વિકલ્પથી થાય છે. અર્થાત્ આ સૂત્રથી આરંભીને 'स्त्रियां क्तिः ५-३-९१' પૂર્વેના અસરૂપાપવાદ સૂત્રો ઔત્સર્ગિક પ્રત્યયનો વિકલ્પથી બાધ કરે છે. अवश्य+लू ધાતુને; 'तव्यानीयौ ५-१-२७' થી વિહિત तव्य અને अनीय પ્રત્યયનો બાધ કરીને 'उवर्णादावश्यके ५-१-१९' થી અપવાદભૂત घ्यण् (य) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી लू ના ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'य्यक्ये १-२-२५' થી औ ને आव् આદેશ... વગેરે કાર્ય થવાથી अवश्यलाव्यम् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'उवर्णादा० ५-१-१९' થી વિકલ્પે 'तव्यानीयौ ५-१-२७' થી વિહિત ઔત્સર્ગિક પ્રત્યયનો બાધ થવાથી 'तव्यानीयौ ५-१-२७' થી तव्य પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી तव्य પ્રત્યયની પૂર્વે इट्. 'नामिनो० ४-३-१' થી लू ધાતુના ऊ ને ગુણ ओ આદેશ. 'य्यक्ये १-२-२५' થી ओ ને अव् આદેશ વગેરે

કાર્ય થવાથી अवश्यलवितव्यम् આવો પ્રયોગ થાય છે. तव्य પ્રત્યય घ्यण् પ્રત્યયની અપેક્ષાએ અસરૂપ છે - એ સ્પષ્ટ છે. અર્થ - અવશ્ય કાપવા યોગ્ય.

असरूप इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી માંડીને 'स्त्रियां क्तिः ५-३-९१' પૂર્વેના અપવાદસૂત્રો અસરૂપ જ ઔત્સર્ગિક પ્રત્યયનો વિકલ્પથી બાધ કરે છે. તેથી कृ ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી અપવાદભૂત घ्यण् પ્રત્યય જ થાય છે. પરન્તુ તેના સમાન સ્વરૂપવાળો 'य एच्चातः ५-१-२८' થી વિહિત ઔત્સર્ગિક य પ્રત્યય થતો નથી. જેથી कृ ધાતુના ऋ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી कार्यम् આવો પ્રયોગ થાય છે. અહીં સરૂપ य પ્રત્યયનો 'ऋवर्ण० ५-१-१७' થી નિત્ય જ બાધ થાય છે. અર્થ - કાર્ય. અહીં યદ્યપિ घ्यण् પ્રત્યયની અપેક્ષાએ य પ્રત્યય; અનુબંધ - घ् અને ण् ના કારણે અસરૂપ જ છે. પરન્તુ ''नानुबन्धकृतान्यसारूप्यानेकस्वरत्वानेकवर्णत्वादीनि'' અર્થાદ્ 'અનુબન્ધના કારણે અસારૂપ્ય; અનેકસ્વરત્વ તેમજ અનેકવર્ણત્વ મનાતું નથી.' આ ન્યાયના સામર્થ્યથી घ्यण् પ્રત્યયના અનુબંધના કારણે य પ્રત્યય અસરૂપ મનાતો નથી. અનુબંધરહિત घ्यण् ની અપેક્ષાએ य પ્રત્યય સરૂપ જ છે.

प्राक्क्तेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી માંડીને 'स्त्रियां क्तिः ५-३-९१' પૂર્વેના જ (ત્યારપછીના નહિ) અપવાદસૂત્રો અસરૂપ ઔત્સર્ગિકપ્રત્યયનો વિકલ્પથી બાધ કરે છે. તેથી कृतिः અહીં कृ ધાતુથી વિહિત क्ति પ્રત્યય; 'भावाऽकर्त्रोः ५-३-१८' થી વિહિત ઔત્સર્ગિક घञ् પ્રત્યયનો નિત્ય જ બાધ કરે છે. કારણ કે 'स्त्रियां क्तिः५-३-९१' નો; એ ઔત્સર્ગિક घञ् પ્રત્યય છે. ૫-૩-૯૧ ની પૂર્વેનો એ ઔત્સર્ગિક પ્રત્યય નથી. તેથી कृ ધાતુને તે क्ति પ્રત્યયના વિષયમાં (સ્ત્રીલિંગમાં) घञ् પ્રત્યય થતો નથી. આવી જ રીતે सन् પ્રત્યયાન્ત चिकीर्ष (कृ + सन्) ધાતુને ભાવમાં 'शंसि - प्रत्ययात् ५-३-१०५' થી अ પ્રત્યયાદિ કાર્ય થવાથી चिकीर्षा આવો પ્રયોગ થાય છે. અહીં अ

પ્રત્યય, તેની અપેક્ષાએ અસરૂપ એવા क्ति પ્રત્યયનો (૫-૩-૯૧ થી વિહિત ઔત્સર્ગિક क्ति પ્રત્યયનો) નિત્ય જ બાધ કરે છે. કારણ કે એ अ પ્રત્યય ૫-૩-૯૧ ના પછીનો અપવાદ છે. અર્થક્રમશઃ- કરવું તે. કરવાની ઈચ્છા. ।।૧૬।।

**ऋवर्णव्यञ्जनाद् घ्यण् ५।१।१७।।**

ऋवर्ण (ऋ અથવા ॠ) જેના અન્તે છે એવા ધાતુને તેમજ વ્યઞ્જનાન્ત ધાતુને घ्यण् (य) પ્રત્યય થાય છે. આ घ्यण् પ્રત્યય; कृत्य પ્રત્યય હોવાથી 'तत् साप्याना० ૩-૩-૨૧' થી સકર્મક ધાતુને કર્મમાં અને અકર્મક ધાતુને ભાવમાં થાય છે. कृ અને पच् ધાતુને કર્મમાં અથવા ભાવમાં આ સૂત્રથી घ्यण् (य) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી पच् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ.. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી च् ને क् આદેશ... વગેરે કાર્ય થવાથી कार्यम् અને पाक्यम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કરવા યોગ્ય અથવા કરવું જોઈએ. રાંધવા યોગ્ય અથવા રાંધવું જોઈએ.।।૧૭।।

**पाणि-समवाभ्यां सृजः ५।१।१८।।**

पाणि અને समव (सम् + अव ઉપસર્ગ) પૂર્વક सृज् ધાતુને घ्यण् પ્રત્યય થાય છે. पाणिभ्यां सृज्यते અને समवसृज्यते આ અર્થમાં पाणि+सृज् અને समव+सृज् ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી सृज् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી सृज् ધાતુના ज् ને ग् આદેશ. पाणिसर्ग्य અને समवसर्ग्य નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पाणिसर्ग्या रज्जुः અને समवसर्ग्या रज्जुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હાથથી બનાવવા યોગ્ય દોરી. સારી રીતે બનાવવા યોગ્ય દોરી. 'ऋदुपा० ૫-૧-૪૧' થી

सृज् धातुने प्राप्त क्यप् प्रत्ययनो आ सूत्रथी ઉપર જણાવ્યા મુજબ બાધ થાય છે. તેથી અન્યત્ર सृज्यम्... ઈત્યાદિ સ્થળે क्यप् પ્રત્યય થાય છે.॥૧૮॥

## उवर्णादावश्यके ५।१।१९॥

અવશ્યભાવ સ્વરૂપ અર્થ પ્રતીત થતો હોય (જણાવવાનું તાત્પર્ય હોય) તો उ વર્ણ (उ ऊ) જેના અન્તે છે - એવા ધાતુને घ्यण् પ્રત્યય થાય છે. लू અને अवश्यम्+पू ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'य्यक्ये १-२-२५' થી औ ને आव् આદેશ. 'कृत्येऽव० ३-२-१०८' થી अवश्यम् ના म् નો લોપ... ઈત્યાદિ કાર્યથી लाव्यम् અને अवश्यपाव्यम् આવો પ્રયોગ થાય છે. (અહીં 'मयूर० ३-१-११६' થી સમાસ થયો છે.) અર્થક્રમશઃ- અવશ્ય કાપવા યોગ્ય. અવશ્ય પવિત્ર કરવા યોગ્ય. ॥૧૯॥

## आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्यानमः ५।१।२०॥

आङ् + सु; यु; वप्; रप्; लप्; त्रप्; डिप्; दभ्; चम् અને आङ्+नम् ધાતુને घ्यण् પ્રત્યય થાય છે. आ+सु; यु; वप्; रप्; लप्; अप +त्रप्; डिप् (૧૪૫૮); दभ् (બન્ધનાર્થક સૌત્ર ધાતુ) आ+चम् અને आङ् + नम् (અન્તર્ભૂતણ્યર્થ) ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી सु અને यु ધાતુના અન્ત્ય उ ને વૃદ્ધિ औ આદેશ. औ ને 'य्यक्ये १-२-२५' થી आव् આદેશ. डिप् ધાતુના ઉપાન્ત્ય इ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ ए આદેશ. 'ञ्णिति ४-३-५०' થી वप् रप् लप् त्रप् दभ् चम् અને नम् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે आसाव्यम्; याव्यम्; वाप्यम्; राप्यम् ; लाप्यम्; अपत्राप्यम्; डेप्यम्; दाभ्यम्; आचाम्यम् અને आनाम्यम् આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ- રસ કાઢવા યોગ્ય. મિશ્રણ કરવા યોગ્ય. વાવવા યોગ્ય. બોલવા યોગ્ય. બોલવા યોગ્ય. શરમાવવા યોગ્ય. ફેંકવા યોગ્ય. બાંધવા યોગ્ય. આચમન કરવા યોગ્ય. નમાવવા યોગ્ય. આ સૂત્ર; सू. नं. ५-१-२८ અને ५-१-२९ નું અપવાદ છે. डिप् ધાતુને य પ્રત્યય થાત તો તે ધાતુ कुटादि હોવાથી ઉપાન્ત્ય इ ને ગુણ ન થાત. તેથી તેને આ સૂત્રથી घ्यण् પ્રત્યયનું વિધાન કર્યું છે. ॥२०॥

## वाऽऽधारेऽमावस्या ५।१।२१॥

अमा પૂર્વક वस् ધાતુને આધાર અર્થમાં घ्यण् (य) પ્રત્યય અને ત્યારે वस् ધાતુના ઉપાન્ત્ય સ્વરને વિકલ્પથી -હ્રસ્વ આદેશનું નિપાતન કરાય છે. સહાર્થક अमा શબ્દ અવ્યય છે, अमा - सह वसतोऽस्यां सूर्याचन्द्रमसौ આ અર્થમાં अमा + वस् ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. अमावास्य નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अमावास्या આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી वस् ધાતુના ઉપાન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશનું નિપાતન થવાથી अमावस्या આવો પ્રયોગ થાય છે. અર્થ-<u>અમાસ તિથિ.</u> અહીં યાદ રાખવું જોઈએ કે अमा + वस् ધાતુને વિકલ્પથી घ्यण् પ્રત્યયના વિધાન દ્વારા વિકલ્પપક્ષમાં य પ્રત્યયાદિ કાર્યથી अमावस्या પ્રયોગ સિદ્ધ થાત. છતાં પણ એમ નહિ કરવાનું પ્રયોજન એ છે કે 'अश्च वाऽमावास्यायाः ६-३-१०४' આ સૂત્રમાં 'एकदेशविकृतमनन्यवत्' આ ન્યાયના સામર્થ્યથી अमावास्या ના ગ્રહણથી अमावस्या નામનું પણ ગ્રહણ થાય. અન્યથા એ શક્ય ન બનત. ॥२१॥

## संचाय्य- कुण्डपाय्य - राजसूयं क्रतौ ५।१।२२॥

संचाय्य कुंडपाय्य અને राजसूय આ घ्यण् પ્રત્યયાન્ત નામોનું યજ્ઞવિશેષ

અર્થમાં નિપાતન કરાય છે. सञ्चीयते सोमोऽस्मिन् આ અર્થમાં અથવા सञ्चीयते असौ આ અર્થમાં सम्+चि ધાતુને આ સૂત્રથી घ्यण् (य) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી चि ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશ. આ સૂત્રથી ऐ ને आय् આદેશ... વગેરે કાર્ય થવાથી संचाय्यः क्रतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- જેમાં સોમરસ ભેગો કરાય છે - તે યજ્ઞ. कुण्डैः पीयते सोमोऽस्मिन् આ અર્થમાં અથવા कुण्डैः पीयते આ અર્થમાં कुण्ड+पा ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય, તેમજ पा ધાતુના आ ને आय् આદેશ... વગેરે કાર્ય થવાથી कुण्डपाय्यः क्रतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- જેમાં કુંડાઓથી સોમરસ પીવાય છે - તે યજ્ઞ. राजा सूयतेऽस्मिन् આ અર્થમાં અથવા राज्ञा सोतव्यः આ અર્થમાં राजन्+सु ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. તેમજ सु ધાતુના उ ને દીર્ઘ ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી राजसूयः क्रतुः આવો પ્રયોગ થાય છે. અર્થ- જેમાં રાજા યજમાન છે અથવા રાજા વડે જે કરાય છે- તે યજ્ઞ. ||૨૨||

**प्रणाय्यो निष्कामाऽसम्मते ५|१|२३||**

નિષ્કામ અને અસમ્મત અર્થમાં प्र+नी ધાતુને घ्यण् પ્રત્યય; તથા नी ધાતુના ई ને आय् આદેશનું નિપાતન કરાય છે. प्र+नी ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય, તેમજ नी ધાતુના ई ને आय् આદેશ... વગેરે કાર્ય થવાથી प्रणाय्यः शिष्यः અને प्रणाय्यश्चौरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નિષ્કામ- ઈચ્છારહિત શિષ્ય. અસંમત - લોકમાં તિરસ્કૃત ચોર.||૨૩||

**धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यमृङ्-मान-हवि-र्निवासे ५|१|२४||**

ऋग् અર્થમાં धाय्या; मान અર્થમાં पाय्य; हविष् અર્થમાં सान्नाय्य અને निवास અર્થમાં निकाय्य - આ घ्यण् પ્રત્યયાન્ત નામોનું નિપાતન

કરાય છે. धीयतेऽनया આ અર્થમાં धा (૧૧૩૯) ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય, તેમજ धा ધાતુના आ ને आय् આદેશ .... વગેરે કાર્ય થવાથી धाय्या ऋक् આવો પ્રયોગ થાય છે. અર્થ - જેની દ્વારા અગ્નિમાં ઘી વગેરે હોમાય છે- તે વેદમંત્ર સ્વરૂપ ઋચા. मीयते येन આ અર્થમાં मा (૧૧૩૭) ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય; તેમજ मा ધાતુના म् ને प् અને आ ને आय् આદેશ... વગેરે કાર્ય થવાથી पाय्यं मानम् આવો પ્રયોગ થાય છે. અર્થ - માપવાનું સાધનવિશેષ. सन्नीयते यत् આ અર્થમાં આ સૂત્રથી सम्+नी ધાતુને घ्यण् પ્રત્યય; તેમજ सम् ના म् ને आ આદેશ; અને नी ના ई ને आय् આદેશ વગેરે કાર્ય થવાથી सान्नाय्यं हविः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘી અથવા હોમવાનું દ્રવ્ય. निचीयते આ અર્થમાં नि+चि ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય; चि ધાતુના च् ને क् આદેશ અને इ ને आय् આદેશ... વગેરે કાર્ય થવાથી निकाय्यो निवासः આવો પ્રયોગ થાય છે. અર્થ- નિવાસસ્થાન. ॥૨૪॥

**परिचाय्योपचाय्याऽऽनाय्य-समूहय-चित्यमग्नौ ५।१।२५॥**

परिचाय्य उपचाय्य आनाय्य समूह्य અને चित्य - આ घ्यण् પ્રત્યયાન્ત નામોનું અગ્નિ અર્થમાં નિપાતન કરાય છે. परिचीयते उपचीयते आनीयते समुह्यते અને चीयते આ અર્થમાં અનુક્રમે परि+चि उप+चि आ+नी सम् + वह् અને चि ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય; ઉપસર્ગપૂર્વક चि ધાતુના इ ને તેમજ नी ધાતુના ई ને आय् આદેશ; वह् ધાતુના व ને ऊ આદેશ. કેવલ चि ધાતુના અન્તે त् નો આગમ... વગેરે કાર્ય થવાથી परिचाय्यः; उपचाय्यः; आनाय्यः; समूह्यः અને चित्यः આવો પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - અગ્નિવિશેષ. ॥૨૫॥

### याज्या दानर्चि ५।१।२६॥

દાન આપવાની ઋચા એ અર્થમાં यज् ધાતુને घ्यण् પ્રત્યયનું નિપાતન કરાય છે. इज्यतेऽनया આ અર્થમાં यज् ધાતુને આ સૂત્રથી घ्यण् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી यज् ના ज् ને પ્રાપ્ત ग् આદેશનો 'त्यज-यज० ૪-૧-૧૧૮' થી નિષેધ વગેરે કાર્ય થવાથી याज्या આવો પ્રયોગ થાય છે. અર્થ- દાન આપવાની ઋચા. ॥૨૬॥

### तव्याऽनीयौ ५।१।२७॥

સકર્મક ધાતુને કર્મમાં અને અકર્મક ધાતુને ભાવમાં तव्य અને अनीय પ્રત્યય થાય છે. कृ ધાતુને આ સૂત્રથી तव्य અને अनीय પ્રત્યય. कृ ધાતુના ऋ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ अर् આદેશ.... વગેરે કાર્ય થવાથી कर्त्तव्यः અને करणीयः આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - કરવા યોગ્ય.॥૨૭॥

### य एच्चाऽऽतः ५।१।२८॥

સ્વરાન્ત ધાતુને य પ્રત્યય થાય છે. અને ત્યારે ધાતુના અન્ત્ય સ્વર आ ને ए આદેશ થાય છે. આ य પ્રત્યય પણ સકર્મક ધાતુને કર્મમાં અને અકર્મક ધાતુને ભાવમાં થાય છે. चि नी दा અને धा ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી इ અને ई ને ગુણ ए આદેશ. दा અને धा ધાતુના आ ને આ સૂત્રથી ए આદેશ..... વગેરે કાર્ય થવાથી चेयम् नेयम् देयम् અને धेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ભેગું કરવું જોઈએ. લઈ જવું જોઈએ. આપવું જોઈએ. ધારણ કરવું જોઈએ. ॥૨૮॥

## शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् ५।१।२९॥

शक् तक् चत् (८९९) यत् शस् सह् यज् भज् અને प વર્ગીય વર્ણ છે અન્તમાં જેને એવા ધાતુને કર્મમાં અથવા ભાવમાં યથાસંભવ य પ્રત્યય થાય છે. 'ऋवर्ण० ૫-૧-૧૭' નું આ અપવાદસૂત્ર છે. शक् વગેરે ધાતુને (भज् સુધીના) તેમજ प વર્ગાન્ત तप् અને गम् ધાતુને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય થવાથી शक्यम्; तक्यम्; चत्यम्; यत्यम्; शस्यम्; सह्यम् यज्यम् भज्यम् तप्यम् અને गम्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શક્ય છે. હસવું જોઈએ. યાચના કરવી જોઈએ. પ્રયત્ન કરવો જોઈએ. હિંસા કરવા યોગ્ય. સહન કરવા યોગ્ય. પૂજા કરવા યોગ્ય. સેવા કરવી જોઈએ. તપ કરવો જોઈએ. જવા યોગ્ય. ॥૨૯॥

## यमि-मदि-गदोऽनुपसर्गात् ५।१।३०॥

ઉપસર્ગરહિત यम् मद् અને गद् ધાતુને य પ્રત્યય (કર્મ અથવા ભાવમાં) થાય છે. यम् ધાતુ प વર્ગીય म् વર્ણાન્ત હોવાથી પૂર્વ (૫-૧-૨૯) સૂત્રથી જ તેને य પ્રત્યય સિદ્ધ હોવા છતાં ઉપસર્ગરહિત જ यम् ધાતુને य પ્રત્યય થાય - એ પ્રમાણે નિયમ માટે આ સૂત્રમાં यम् ધાતુનું ગ્રહણ છે. यम् मद् અને गद् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય વગેરે કાર્ય થવાથી यम्यम् मद्यम् અને गद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નિયમન કરવું જોઈએ. દર્પ કરવો જોઈએ. સ્પષ્ટ બોલવું જોઈએ. अनुपसर्गादिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી રહિત જ यम् मद् અને गद् ધાતુને य પ્રત્યય થાય છે. તેથી आ+यम् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आयाम्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ- ફેલાવવું જોઈએ. ॥૩૦॥

## चेरराङस्त्वगुरौ ५।१।३१॥

ઉપસર્ગરહિત-चर् ધાતુને તેમજ गुरु અર્થ ન હોય તો आङ् ઉપસર્ગ-પૂર્વક चर् ધાતુને य પ્રત્યય થાય છે. चर् તેમજ आ+चर् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય... વગેરે કાર્ય થવાથી चर्यः અને आचर्यो देशः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચાલવા યોગ્ય. ભ્રમણ કરવા યોગ્ય દેશ. अगुराविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ 'गुरु' અર્થ ન હોય તો જ आ+चर् ધાતુને य પ્રત્યય થાય છે. તેથી आचार्यः અહીં गुरु અર્થ હોવાથી आ+चर् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય... વગેરે કાર્ય થાય છે... અર્થ - આચાર્ય ભગવાન્ ગુરુ.॥३१॥

## वर्योपसर्याऽवद्यपण्यमुपेयर्तुमती-गर्ह्य-विक्रेये ५।१।३२॥

उपेय ऋतुमती गर्ह्य અને विक्रेय અર્થમાં અનુક્રમે य પ્રત્યયાન્ત - वर्या उपसर्या अवद्य અને पण्य નામનું નિપાતન કરાય છે. वृ ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી वर्या कन्या આવો પ્રયોગ થાય છે. અર્થ - વરવા યોગ્ય કન્યા. उप+सृ ધાતુને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી उपसर्या गौः આવો પ્રયોગ થાય છે. नञ् પૂર્વક वद् ધાતુને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય થવાથી अवद्यं गर्ह्यम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે पण् ધાતુને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય થવાથી पण्या गौः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઋતુમતી ગાય. નિંદાયોગ્ય. વેચવા યોગ્ય ગાય. ॥३२॥.

## स्वामि-वैश्येऽर्यः ५।१।३३॥

ऋ ધાતુને સ્વામી અને વૈશ્ય અર્થમાં य પ્રત્યય થાય છે. ऋ ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. ऋ ને ગુણ अर् આદેશ... વગેરે કાર્ય થવાથી अर्यः स्वामी वैश्यो वा આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્વામી અથવા વૈશ્ય. સ્વામી અને વૈશ્ય અર્થને છોડીને અન્ય અર્થ હોય ત્યારે આ સૂત્રથી य પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. ऋ ને વૃદ્ધિ आर् આદેશ... વગેરે કાર્ય થવાથી आर्योऽन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ આર્ય પુરુષ. ॥३३॥

## वह्यं करणे ५।१।३४॥

वह् ધાતુને કરણમાં य પ્રત્યય થાય છે. वहन्ति येन આ અર્થમાં वह् ધાતુને આ સૂત્રથી य પ્રત્યયાદિ કાર્ય થવાથી वह्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - જેનાથી વહન કરાય તે ગાડું વગેરે. ॥૩૪॥

## नाम्नो वदः क्यप् च ५।१।३५॥

આ સૂત્રમાં 'यमि-मदि० ५-१-३०' માંનું अनुपसर्गात् - આ પદ વિદ્યમાન છે. ઉપસર્ગને છોડીને અન્ય નામથી પરમાં રહેલા वद् ધાતુને क्यप् (य) અને य પ્રત્યય થાય છે. ब्रह्म + वद् ધાતુને આ સૂત્રથી क्यप् અને य પ્રત્યય. क्यप् ની પૂર્વેના वद् ધાતુના व ને 'यजादिवचेः० ४-१-७९' થી उ આદેશ વગેરે કાર્ય થવાથી ब्रह्मोद्यम् અને ब्रह्मवद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો)-વેદ બોલવા યોગ્ય છે. नाम्न इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગભિન્ન નામથી જ પરમાં રહેલા वद् ધાતુને (માત્ર वद् ધાતુને નહિ) क्यप् અને य પ્રત્યય થાય છે. તેથી કેવલ वद् ધાતુને આ સૂત્રથી क्यप् કે य પ્રત્યય ન થવાથી

'ऋवर्ण० ५-१-१७' थी घ्यण् प्रत्यय. 'ञ्णिति ४-३-५०' थी वद् ना अ ने वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી वाद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બોલવા યોગ્ય. अनुपसर्गादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી ભિન્ન જ નામથી પરમાં રહેલા वद् ધાતુને क्यप् અને य પ્રત્યય થાય છે. તેથી प्र ઉપસર્ગથી પરમાં રહેલા वद् ધાતુને આ સૂત્રથી क्यप् કે य પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ घ्यण् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रवाद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સારી રીતે બોલવા યોગ્ય. ।।૩૫।।

## हत्या - भूयं भावे ५।१।३६।।

ઉપસર્ગને છોડીને અન્ય નામથી પરમાં રહેલા हन् અને भू ધાતુને ભાવમાં क्यप् પ્રત્યયાદિ કાર્ય કરીને हत्या અને भूय નામનું નિપાતન કરાય છે. ब्रह्म + हन् ધાતુને આ સૂત્રથી સ્ત્રીલિંગ- ભાવમાં क्यप् પ્રત્યય. हन् ધાતુના न् ને આ સૂત્રથી त् આદેશ. સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી ब्रह्महत्या આવો પ્રયોગ થાય છે. અર્થ - બ્રાહ્મણને મારવું તે. देव + भू ધાતુને આ સૂત્રથી નપુંસક- ભાવમાં क्यप् પ્રત્યયાદિ કાર્ય થવાથી देवभूयं गतः આવો પ્રયોગ થાય છે. અર્થ - દેવત્વ પ્રાપ્ત કર્યું. भाव इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી ભિન્ન નામથી પરમાં રહેલા हन् અને भू ધાતુને ભાવમાં જ क्यप् પ્રત્યયાદિ કાર્ય કરીને हत्या અને भूय નામનું નિપાતન કરાય છે. તેથી श्वन् + हन् ધાતુને કર્મમાં આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. 'ञ्णिति० ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ વગેરે કાર્ય થવાથી श्वघात्या सा આવો પ્રયોગ થાય છે. અર્થ - કુતરાથી મરાવવા યોગ્ય તે સ્ત્રી. ।।૩૬।।

## अग्निचित्या ५।१।३७॥

अग्नि નામથી પરમાં રહેલા चि ધાતુને સ્ત્રીલિંગભાવની વિવક્ષામાં क्यप् પ્રત્યય થાય છે. अग्नेश्चयनम् આ અર્થમાં अग्नि + चि ધાતુને આ સૂત્રથી સ્ત્રીલિંગભાવમાં क्यप् પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી चि ધાતુના અન્તે त् નો આગમ વગેરે કાર્ય થવાથી अग्निचित्या આવો પ્રયોગ થાય છે. અર્થ - અગ્નિ ભેગો કરવો તે. ॥૩૭॥

## खेय - मृषोद्ये ५।१।३८॥

क्यप् પ્રત્યયાન્ત खेय અને मृषोद्य નામનું નિપાતન કરાય છે. नि + खन् અને मृषा + वद् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય; તેમજ खन् ના अन् ને ए આદેશ. वद् ધાતુના व ને 'यजादिवचेः० ४-१-७९' થી उ આદેશ વગેરે કાર્ય થવાથી निखेयम् અને मृषोद्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ખોદવા યોગ્ય. અસત્ય બોલવું તે. ॥૩૮॥

## कुप्य-भिद्योध्य-सिध्य-तिष्य-पुष्य-युग्याऽऽज्यसूर्यं नाम्नि ५।१।३९॥

घ्यण् પ્રત્યયાન્ત; कुप्य, भिद्य, ऊध्य, सिध्य, तिष्य, पुष्य, युग्य, आज्य અને सूर्य આ નામોનું સંજ્ઞાવિશેષમાં નિપાતન કરાય છે. गुप्, भिद्, ऊज्झ्, सिध्, त्विष्, पुष्, युज्, आ + अञ्ज् અને सृ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. गुप् ના ग् ને क् આદેશ. ऊज्झ् ના ज्झ् ને ध् આદેશ. त्विष् ના व् નો લોપ. युज् ના ज् ને ग् આદેશ. अञ्ज् ના न् નો (ञ् નો) લોપ. सृ ના ऋ ને उर् આદેશ. उर् ના उ ને 'भ्वादेर्नामि० २-१-६७' થી ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી कुप्यं धनम्, भिद्यम्, ऊध्यो नदः (भिद्यम् ના સ્થાને भिद्यः આવો પાઠ હોવો જોઈએ - એવું લાગે છે), सिध्यः, तिष्यः, पुष्यः, युग्यं वाहनम्, आज्यं घृतम् અને सूर्यो रविः

આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ધન. નદ (સમુદ્ર). નદ. નક્ષત્ર વિશેષ. નક્ષત્રવિશેષ. નક્ષત્રવિશેષ. વાહન. ઘી. સૂર્ય. ॥૩૯॥

## दृ-वृग्-स्तु-जुषेति-शासः ५।१।४०॥

दृ वृ स्तु जुष् इ અને शास् ધાતુને क्यप् પ્રત્યય થાય છે. आ + दृ, प्र + आ + वृ (१२९४) अवश्यम् + स्तु, जुष्, इ (१०७४-१०७५) અને शास् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. दृ वृ स्तु અને इ ધાતુના અન્તે 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ. 'कृत्येऽव० ३-२-१३८' થી अवश्यम् ના म् નો લોપ. शास् ના आस् ને 'ईसासः० ४-४-११८' થી इस् આદેશ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે आदृत्यः, प्रावृत्यः, अवश्यस्तुत्यः, जुष्यः, इत्यः અને शिष्यः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આદર કરવા યોગ્ય. ઢાંકવા યોગ્ય. અવશ્ય સ્તવવા યોગ્ય. સેવા યોગ્ય. જવા યોગ્ય. શિષ્ય. ॥૪૦॥

## ऋदुपान्त्यादकृपि - चृदृचः ५।१।४१॥

कृप् चृत् અને ऋच् ધાતુને છોડીને અન્ય ऋ છે ઉપાન્ત્ય જેમાં એવા (ऋदुपान्त्य) ધાતુને क्यप् પ્રત્યય થાય છે. वृत् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય.. વગેરે કાર્ય થવાથી वृत्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ - રહેવું જોઈએ. अकृपिचृदृच इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृप् चृत् અને ऋच् ભિન્ન જ ऋदुपान्त्य ધાતુને क्यप् પ્રત્યય થાય છે. તેથી कृप् चृत् અને ऋच् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ.'ऋरलृलं० २-३-९६' થી कर्प् ના र् ને ल् આદેશ વગેરે કાર્ય થવાથી कल्प्यम् चर्त्यम् અને अर्च्यम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કલ્પના કરવી જોઈએ. હિંસા કરવી જોઈએ. પૂજા કરવી જોઈએ. ॥૪૧॥

## कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपो वा ५।१।४२॥

कृ वृष् मृज्, शंस्, गुह्, दुह् અને जप् ધાતુને વિકલ્પથી क्यप् પ્રત્યય થાય છે. कृ वृष् मृज् शंस् गुह् दुह् અને जप् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. कृ ધાતુના અન્તમાં 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી त् નો આગમ. 'नो व्यञ्जन० ૪-૨-૪૫' થી शंस् ના न् નો લોપ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે कृत्यम् वृष्यम् मृज्यम् शस्यम् गुह्यम् दुह्यम् અને जप्यम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થાય ત્યારે 'ऋवर्ण० ૫-૧-૧૭' થી कृ वृष्.... વગેરે ધાતુને घ्यण् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી जप् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'लघोरु० ૪-૩-૪' થી ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ. તેમજ ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. मर्ज्+य આ અવસ્થામાં 'मृजोऽस्य० ૪-૩-૪૨' થી मर्ज् ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી मर्ज् ના ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે कार्यम् वर्ष्यम् मार्ग्यम् शंस्यम् गोह्यम् दोह्यम् અને जाप्यम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કરવું જોઈએ. વરસવું જોઈએ. સાફ કરવું જોઈએ. કહેવું જોઈએ. છુપાવવું જોઈએ. દોહવું જોઈએ. જપવું જોઈએ. અહીં યાદ રાખવું જોઈએ કે जप् ધાતુને વિકલ્પપક્ષમાં क्यप् પ્રત્યય ન થાય ત્યારે 'ऋवर्ण० ૫-૧-૧૭' નો બાધ કરીને 'शकि-तकि० ૫-૧-૨૯' થી य પ્રત્યયની જ યદ્યપિ પ્રાપ્તિ છે; પરન્તુ क्यप् કે य પ્રત્યયના વિધાનથી जप् ધાતુના રૂપમાં કોઈ ફરક પડતો ન હોવાથી जप् ધાતુને વૈકલ્પિક क्यप् પ્રત્યયના વિધાનનું કોઈ પ્રયોજન રહેતું નથી. તેથી વિકલ્પે क्यप् પ્રત્યયના વિધાનના કારણે જ जप् ધાતુને વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ घ्यण् પ્રત્યય થાય છે.॥૪૨॥

## जि - विपून्यो हलि-मुञ्ज-कल्के ५।१।४३॥

हलि स्वરૂપ કર્મમાં जि ધાતુને; मुञ्ज સ્વરૂપ કર્મમાં वि + पू ધાતુને અને कल्क સ્વરૂપ કર્મમાં वि + नी ધાતુને क्यप् પ્રત્યય થાય છે. जि; वि+ पू અને वि + नी ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્મમાં આ સૂત્રથી क्यप् પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી जि ધાતુના અન્તે त् નો આગમ ... વગેરે કાર્ય થવાથી जित्यो हलिः; विपूयो मुञ्जः અને विनीयः कल्कः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જીતવા યોગ્ય હલિ (વ્યક્તિ-વિશેષ). સાફ કરવા યોગ્ય મુઞ્જ નામનું ઘાસવિશેષ. દૂર કરવા યોગ્ય ક્રોધ અથવા કલહ. हलि-मुञ्ज-कल्क इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ जि; वि + पू અને वि + नी ધાતુને અનુક્રમે हलि मुञ्ज અને कल्क સ્વરૂપ જ કર્મમાં क्यप् પ્રત્યય થાય છે. તેથી हलि मुञ्ज અને कल्क સ્વરૂપ કર્મ ન હોય ત્યારે जि; वि + पू અને वि + नी ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય થતો નથી. પરન્તુ 'य एच्चातः ५-१-२८' થી य પ્રત્યય થાય છે. જેથી 'नामिनो० ४-३-१' થી इ ई ને ગુણ ए અને ऊ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી जेयम् विपव्यम् અને विनेयम् આવો પ્રયોગ થાય છે. અર્થ - જીતવા યોગ્ય. સાફ કરવા યોગ્ય. દૂર કરવા યોગ્ય. ॥૪૩॥

## पदाऽस्वैरि-बाह्या-पक्ष्ये ग्रहः ५।१।४४॥

पद अस्वैरि (પરતન્ત્ર) बाह्या અને पक्ष्य આ અર્થમાં ग्रह् ધાતુને क्यप् પ્રત્યય થાય છે. प्रगृह्यते-विशेषेण ज्ञायते આ અર્થમાં प्र + ग्रह् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. આવી જ રીતે ग्रह् ધાતુને; ग्राम + ग्रह् ધાતુને અને गुण + ग्रह् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. 'ग्रहव्रश्च० ४-१-८४' થી ग्रह् ધાતુના र ને ऋ આદેશ .... વગેરે કાર્ય થવાથી અનુક્રમે प्रगृह्यं पदम्; गृह्याः परतन्त्राः; ग्रामगृह्या (बाह्या) અને गुणगृह्याः (गुण-

पक्ष्याः) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પાણિની દ્વારા સંકેતિત પદવિશેષ. પરતન્ત્ર. ગામની બહાર રહેનારી. ગુણના પક્ષમાં રહેનારા. बाह्या આ પ્રમાણે સ્ત્રીલિંગનિર્દેશ; તેનાથી ભિન્નલિંગમાં બાહ્યાર્થ વિવક્ષિત હોય તો ग्रह् ધાતુને क्यप् પ્રત્યયનો નિષેધ કરે છે. ।।૪૪।।

## भृगो ऽ संज्ञायाम् ५।१।४५।।

भृग् (भृ) ધાતુને સંજ્ઞાનો વિષય ન હોય તો क्यप् પ્રત્યય થાય છે. भ्रियते આ અર્થમાં भृ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. भृ ધાતુના અન્તે 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ... વગેરે કાર્ય થવાથી भृत्यः पोष्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - નોકર. असंज्ञायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાનો વિષય ન હોય તો જ भृ ધાતુને क्यप् પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાના વિષયમાં भृ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થવાથી 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી भार्या पत्नी આવો પ્રયોગ થાય છે. અર્થ - પત્ની. અહીં યાદ રાખવું જોઈએ કે 'भृगो नाम्नि ५-३-९८' થી સંજ્ઞાના વિષયમાં भृ ધાતુને ભાવમાં क्यप् પ્રત્યય વિહિત હોવાથી આ સૂત્રથી સંજ્ઞાના વિષયમાં કર્મમાં क्यप् પ્રત્યયનો ઉપર જણાવ્યા મુજબ નિષેધ છે.।।૪૫।।

## समो वा ५।१।४६।।

सम् ઉપસર્ગપૂર્વક भृ ધાતુને વિકલ્પથી क्यप् પ્રત્યય થાય છે. सम् + भृ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી भृ ધાતુના અન્તે त् નો આગમ .... વગેરે કાર્ય થવાથી सम्भृत्यः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થાય ત્યારે सम् + भृ ધાતુને 'ऋवर्ण० ५-१-१७' થી घ्यण् પ્રત્યય. 'नामिनो० ४-३-

'૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ... વગેરે કાર્ય થવાથી सम्भार्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - સારી રીતે પોષણ કરવા યોગ્ય. ॥૪૬॥

**ते कृत्याः ૫।૧।૪૭॥**

घ्यण् तव्य अनीय य અને क्यप् - આ પાંચ પ્રત્યયો કૃત્ય છે. તેથી તે પ્રત્યયો સકર્મક ધાતુને કર્મમાં અને અકર્મક ધાતુને ભાવમાં 'तत् साप्या० ૩-૩-૨૧' ની સહાયથી થાય છે. ॥૪૭॥

**णक - तृचौ ૫।૧।૪૮॥**

કર્તામાં ધાતુને णक (अक) અને तृच् (तृ) પ્રત્યય થાય છે. पच् ધાતુને આ સૂત્રથી णक અને तृच् પ્રત્યય. पच् + अक આ અવસ્થામાં 'ञ्णिति ૪-૩-૫૦' થી पच् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ ... વગેરે કાર્ય થવાથી पाचकः આવો પ્રયોગ થાય છે. पच् + तृ આ અવસ્થામાં 'चजः कगम् ૨-૧-૮૬' થી पच् ના च् ને क् આદેશ... વગેરે કાર્ય થવાથી पक्ता આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધનાર. ॥૪૮॥

**अच् ૫।૧।૪૯॥**

કર્તામાં ધાતુને अच् (अ) પ્રત્યય થાય છે. कृ અને हृ ધાતુને આ સૂત્રથી કર્તામાં अच् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશ... વગેરે કાર્ય થવાથી करः અને हरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કરનાર. હરનાર. ॥૪૯॥

### लिहादिभ्यः ५।१।५०॥

लिह् वगेरे (लिहादि गणपाठमांना) धातुने कर्त्तामां अच् प्रत्यय थाय छे. लिह् वगेरे धातुने 'नाम्युपान्त्य० ५-१-५४' थी क प्रत्यय... वगेरेनी प्राप्ति हती. तेनो आ सूत्रथी बाध थाय छे. लिह् अने शिष् धातुने आ सूत्रथी कर्त्तामां अच् प्रत्यय. 'लघोरुपा० ४-३-४' थी उपान्त्य इ ने गुण ए आदेश वगेरे कार्य थवाथी लेहः अने शेषः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- चाटनार. बचेलो - बाकी. ।।५०।।

### ब्रुवः ५।१।५१॥

अच् प्रत्यय परमां होय तो ब्रू धातुना ऊ ने उव् आदेश थाय छे. ब्राह्मण + ब्रू धातुने आ सूत्रथी अच् प्रत्यय तेमज ऊ ने उव् आदेश वगेरे कार्य थवाथी ब्राह्मणब्रुवः आवो प्रयोग थाय छे. ब्राह्मणमात्मानं ब्रूते आ अर्थमां 'कर्मणो ऽ ण् ५-१-७२' थी अण् नी प्राप्ति हती. तेनो बाध करीने आ सूत्रथी उपर जणाव्या मुजब अच् प्रत्ययनुं विधान छे. ब्रू धातुने 'अस्ति-ब्रुवो० ४-४-१' थी वच् आदेशनी प्राप्ति हती. तेमज ब्रू ना ऊ ने गुण ओ नी प्राप्ति हती. तेथी आ सूत्रथी उपर जणाव्या मुजब ऊ ने उव् आदेशनुं निपातन करायुं छे. अर्थ - पोताने ब्राह्मण माननार. ।।५१।।

### नन्द्यादिभ्यो ऽ नः ५।१।५२॥

नन्दन रमण ... वगेरे नामगणमांना नामोमां धातुने अन प्रत्यय (कर्त्तामां) थाय छे. नन्द् (नदु आ उदित् धातुने 'उदितः० ४-४-९८' थी द् नी पूर्वे न् नो आगम.) धातुने 'प्रयोक्तृ० ३-४-२०' थी णिग् प्रत्यय. नन्दि धातुने आ सूत्रथी अन प्रत्यय. 'णेरनिटि ४-३-८३' थी णिग् नो लोप इत्यादि कार्य थवाथी नन्दनः आवो प्रयोग थाय छे. वासि (वस् +

णिग्...) ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन પ્રત્યયાદિ કાર્ય થવાથી वासनः આવો પ્રયોગ થાય છે. (वाशनः આવો પાઠ બૃહદ્વૃત્તિમાં છે.) सह् ધાતુને; सम् + क्रन्द् ધાતુને; सर्व + दम् ધાતુને અને नर्द् ધાતુને (આ બધા अण्यन्त ધાતુઓ છે.) આ સૂત્રથી अन પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે सहनः संक्रन्दनः सर्वदमनः અને नर्दनः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - આનંદ આપનાર. વસાવનાર. સહન કરનાર. વ્યક્તિવિશેષ. સર્વનું દમન કરનાર. અવાજ કરનાર. ।।૫૨।।

### ग्रहादिभ्यो णिन् ५।१।५३।।

ग्रह् વગેરે (ग्रहादि ગણપાઠમાંના) ધાતુઓને (કર્ત્તામાં) णिन् (इन्) પ્રત્યય થાય છે. ग्रह् અને स्था ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના ઉપાન્ત્ય अ ને वृद्धि आ આદેશ. 'आत० ४-३-५३' થી स्था ના आ ને ऐ આદેશ ... વગેરે કાર્ય થવાથી ग्राही અને स्थायी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ગ્રહણ કરનાર. રહેનાર.।।૫૩।।

### नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः कः ५।१।५४।।

નામીસ્વર ઉપાન્ત્ય છે જેમાં એવા નામ્યુપાન્ત્ય ધાતુને તેમ જ प्री कृ गृ અને ज्ञा ધાતુને (કર્ત્તામાં) क (अ) પ્રત્યય થાય છે. वि + क्षिप्; प्री; कृ; गृ; અને ज्ञा ધાતુને આ સૂત્રથી क (अ) પ્રત્યય. 'संयोगात् २-१-५२' થી प्री ના ई ને इय् આદેશ. कृ અને गृ ના ऋ ને 'ऋतां० ४-४-११६' થી इर् આદેશ. ज्ञा ના आ નો 'इडेत्० ४-३-९४' થી લોપ... વગેરે કાર્ય થવાથી विक्षिपः प्रियः किरः गिरः અને ज्ञः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ફેંકનાર. પ્રેમ કરનાર. વિખેરનાર. ગળનાર. જાણનાર.।।૫૪।।

## गेहे ग्रहः ५।१।५५॥

घર અર્થમાં ग्रह् ધાતુને क (अ) પ્રત્યય થાય છે. ग्रह् ધાતુને આ સૂત્રથી क પ્રત્યય. 'ग्रहव्रस्च० ४-१-८४' થી ग्रह् ના र ને ऋ આદેશ.. વગેરે કાર્ય થવાથી गृहम् અને गृहाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘર. ઘરો. गृह નામનો પુલ્લિંગમાં બહુવચનાન્ત જ પ્રયોગ થાય છે. નપુંસકલિંગમાં તો ત્રણે ય વચનોમાં પ્રયોગ થાય છે. ॥૫૫॥

## उपसर्गादातो डो ऽ श्यः ५।१।५६॥

श्यै ધાતુને છોડીને અન્ય- ઉપસર્ગથી પરમાં રહેલા આકારાન્ત ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. आ + ह्वे ધાતુના ए ને 'आत्सन्ध्य० ४-२-१' થી आ આદેશ. આ સૂત્રથી आ + ह्वा ધાતુને ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય आ નો લોપ વગેરે કાર્ય થવાથી आह्वः આવો પ્રયોગ થાય છે. અર્થ - બોલાવનાર. उपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી જ પરમાં રહેલા श्यै ભિન્ન આકારાન્ત ધાતુને ड પ્રત્યય થાય છે. તેથી અનુપસર્ગક दा ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય ન થવાથી 'तन्-व्यधी० ५-१-६४' થી ण (अ) પ્રત્યય. 'आत० ४-३-५३' થી दा ના आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી दायः આવો પ્રયોગ થાય છે. અર્થ- આપનાર. अश्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગપૂર્વક પણ श्यै ધાતુને ड પ્રત્યય થતો નથી. તેથી अव + श्यै ધાતુના ऐ ને ઉપર જણાવ્યા મુજબ आ આદેશ... વગેરે કાર્ય થવાથી दायः ની જેમ अवश्यायः આવો પ્રયોગ થાય છે. અર્થ- અભિમાન કરનાર. ॥૫૬॥

### व्याघ्रा ऽ ऽ घ्रे प्राणि-नसोः ५।१।५७॥

પ્રાણી અર્થમાં व्याघ्र નામનું અને નાસિકા અર્થમાં आघ्र નામનું; घ्रा ધાતુને ड પ્રત્યય કરીને નિપાતન કરાય છે. वि + आ + घ्रा અને आ + घ्रा ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી घ्रा ના आ નો લોપ .... વગેરે કાર્ય થવાથી व्याघ्रः અને आघ्रा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રાણી. નાક. ।।૫૭।।

### घ्रा-ध्मा-पा-ट्धे-दृशः शः ५।१।५८॥

घ्रा ध्मा पा (२) ट्धे અને दृश् ધાતુને (કર્ત્તામાં) श પ્રત્યય થાય છે. घ्रा उद् + ध्मा पा उद् + धे અને उद् + दृश् ધાતુને આ સૂત્રથી श પ્રત્યય. 'कर्त्तर्य० ३-४-७१' થી श ની પૂર્વે शव् (अ) પ્રત્યય. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી शव् પ્રત્યયનો લોપ. 'श्रौतिकृवु० ૪-૨-૧૦૮' થી घ्रा ને जिघ्र; ध्मा ને धम; पा ને पिब અને दृश् ને पश्य આદેશ. તેના અન્ત્ય अ નો 'लुगस्या० ૨-૧-૧૧૩' થી લોપ... વગેરે કાર્ય થવાથી जिघ्रः उद्धमः पिबः उद्धयः અને उत्पश्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુંઘનાર. ફૂંકનાર. પીનાર. પીનાર. ઉંચે જોનાર. उद्धयी... ઈત્યાદિ સ્થળે સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યયની પ્રાપ્તિ થાય- એ માટે સૂત્રમાં ट्धे - આ પ્રમાણે સાનુબન્ધનો નિર્દેશ છે... ઈત્યાદિ અન્યત્રાનુસન્ધેય છે. ।।૫૮।।

### साहि-साति-वेद्युदेजि-धारि-पारि-चेतेरनुपसर्गात् ५।१।५९॥

અનુપસર્ગક साहि साति वेदि उद् + एजि धारि पारि અને चेति - આ णि પ્રત્યયાન્ત ધાતુને श પ્રત્યય થાય છે. साहि (सह् + णिग्); साति (सात् + णिग्); वेदि (विद् + णिग्); उद् + एजि (उद् + एज् +

णिग्); धारि (धृ + णिग्); पारि (पृ + णिग्) અને चेति (चित् + णिग्) ધાતુને આ સૂત્રથી श (अ) પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી साहि साति ... વગેરે ધાતુના અન્ત્ય इ ને ગુણ ए આદેશ. 'लुगस्या० २-१-११३' થી शव् ના अ નો લોપ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે साहयः, सातयः, वेदयः, उदेजयः, धारयः, पारयः અને चेतयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ક્ષમા કરાવનાર. સુખી કરનાર. જણાવનાર. કમ્પાવનાર. ધારણ કરાવનાર. પોષણ કરાવનાર. ચેતના આપનાર. अनुपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુપસર્ગક જ साहि साति વગેરે ધાતુને (કર્ત્તામાં) श પ્રત્યય થાય છે. તેથી प्र + साहि ધાતુને આ સૂત્રથી श પ્રત્યય ન થવાથી 'णक - तृचौ ५-१-४८' થી तृच् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી इट् (इ). ઉપર જણાવ્યા મુજબ साहि ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી प्रसाहयिता આવો પ્રયોગ થાય છે. અર્થ- સહન કરાવનાર. ||૫૯||

## लिम्प-विन्दः ५|१|६०||

અનુપસર્ગક लिप् અને विद् ધાતુને श પ્રત્યય થાય છે. लिम्पति અને विन्दति આ અર્થમાં लिप् અને विद् ધાતુને આ સૂત્રથી श પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી श ની પૂર્વે श (अ) પ્રત્યય. 'मुचादि० ४-४-९९' થી लिप् અને विद् ધાતુના इ ની પરમાં न् નો આગમ. 'लुगस्या० २-१-११३' થી श વિકરણના अ નો લોપ ... વગેરે કાર્ય થવાથી लिम्पः અને विन्दः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- લિપ્ત કરનાર. મેળવનાર.||૬૦||

## नि-गवादे र्नाम्नि ५|१|६१||

नि ઉપસર્ગથી પરમાં રહેલા लिप् ધાતુને તેમ જ गो .... વગેરે

(गवादि ગણપાઠના) નામથી પરમાં રહેલા विद् ધાતુને સંજ્ઞાના વિષયમાં श (अ) પ્રત્યય થાય છે. नि + लिप् અને गो + विद् તેમ જ कु + विद् ધાતુને આ સૂત્રથી श પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ. નં. ૫-૧-૬૦) થવાથી निलिम्पा देवाः; गोविन्दः અને कुविन्दः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દેવો. કૃષ્ણ. મૂર્ખ. नाम्नीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नि ઉપસર્ગથી અને गो વગેરે નામથી પરમાં રહેલા અનુક્રમે लिप् અને विद् ધાતુને સંજ્ઞાના જ વિષયમાં श પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે આ સૂત્રથી नि+लिप् ધાતુને श પ્રત્યય ન થવાથી 'नाम्युपान्त्य० ૫-૧-૫૪' થી क પ્રત્યયાદિ કાર્ય થવાથી निलिपः આવો પ્રયોગ થાય છે. અર્થ- લિપ્ત કરનાર..॥૬૧॥

**वा ज्वलादि - दु-नी-भू- ग्रहाऽऽस्रो र्णः ५।१।६२॥**

અનુપસર્ગક ज्वल् વગેરે (૯૬૦ થી ૯૯૦) ધાતુને તેમ જ दु नी भू ग्रह् અને आ + स्रु ધાતુને (કર્ત્તામાં) ण (अ) પ્રત્યય વિકલ્પથી થાય છે. ज्वल् અને चल् ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી ज्वालः અને चालः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण પ્રત્યય ન થાય ત્યારે ज्वल् અને चल् ધાતુને 'अच् ૫-૧-૪૯' થી अच् પ્રત્યયાદિ કાર્ય થવાથી ज्वलः અને चलः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બળનાર. ચાલનાર. दु नी અને भू ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી उ ई અને ऊ ને વૃદ્ધિ औ ऐ અને औ આદેશાદિ કાર્ય થવાથી दावः नायः અને भावः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ दु नी અને भू ધાતુને अच् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી उ ई અને ऊ ને ગુણ ओ ए અને ओ આદેશ વગેરે કાર્ય થવાથી दवः नयः અને भवः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- જનાર અથવા વન. લઈ જનાર.

થનાર. ग्रह् ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી ग्राहो मकरादिः આવો પ્રયોગ થાય છે. અર્થ- મગર વગેરે જલચરો. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ण પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ अच् પ્રત્યયાદિ કાર્ય થવાથી ग्रहः सूर्यादिः આવો પ્રયોગ થાય છે. અર્થ- સૂર્ય વગેરે ગ્રહો. આ સૂત્ર વ્યવસ્થિતવિભાષા સ્વરૂપ હોવાથી જે અર્થમાં ण પ્રત્યય વિહિત છે, તે જ અર્થમાં વિકલ્પપક્ષમાં अच् વગેરે પ્રત્યય થાય છે- એવો નિયમ નથી- એ યાદ રાખવું. आ + स्रु ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી ण પ્રત્યયાદિ કાર્ય થવાથી आस्रावः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ण પ્રત્યય આ સૂત્રથી ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ अच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आस्रवः આવો પ્રયોગ થાય છે. અર્થ - અધિક ઝરનાર. अनुपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુપસર્ગક જ ज्वल् વગેરે ધાતુને તેમ જ दु ની भू ग्रह् અને आ + स्रु ધાતુને વિકલ્પથી ण પ્રત્યય થાય છે. તેથી प्र+ ज्वल् ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रज्वलः આવો પ્રયોગ થાય છે. અર્થ - બળનાર. ||૬૨||

### अवहृ-सा-संस्रोः ५|१|६३||

अव ઉપસર્ગથી પરમાં રહેલા हृ અને सो ધાતુને તેમ જ सम् ઉપસર્ગથી પરમાં રહેલા स्रु ધાતુને (કર્ત્તામાં) ण (अ) પ્રત્યય થાય છે. अव + हृ ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી अवहारः આવો પ્રયોગ થાય છે. અર્થ- વહન કરનાર. अव + सो ધાતુના ओ ને 'आत् सन्ध्य० ४-२-१' થી आ આદેશ. આ સૂત્રથી ण પ્રત્યય. 'आत० ४-३-५३' થી सा ના आ ને ऐ આદેશ.... વગેરે કાર્ય થવાથી अवसायः આવો પ્રયોગ થાય છે. અર્થ - જ્ઞાન કરનાર. सम् + स्रु ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. स्रु ના उ

ને ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી संस्रावः આવો પ્રયોગ થાય છે. અર્થ - પડનાર. ||૬૩||

## तनू-व्यधीण्-श्वसातः ५|१|६४||

तन् व्यध् इण् (इ) श्वस् ધાતુને તેમ જ આકારાન્ત ધાતુને ण (अ) પ્રત્યય થાય છે. तन् व्यध् प्रति + इ અને श्वस् ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી तन् व्यध् અને श्वस् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી तानः व्याधः प्रत्यायः અને श्वासः આવો પ્રયોગ થાય છે. अव + श्यै ધાતુના અન્ત્ય ऐ ને 'आत् सन्ध्य० ४-२-१' થી आ આદેશ. अव + श्या આ અવસ્થામાં આ સૂત્રથી ण પ્રત્યય. 'आत० ४-३-५३' થી आ ને ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી अवश्यायः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વિસ્તાર કરનાર. શિકારી. વિશ્વાસ કરનાર. શ્વાસ લેનાર. મદ કરનાર. ||૬૪||

## नृत्-खन्-रञ्जः शिल्पिन्यकट् ५|१|६५||

नृत् खन् અને रञ्ज् ધાતુને શિલ્પી સ્વરૂપ કર્ત્તામાં अकट् (अक) પ્રત્યય થાય છે કર્મની કુશલતાને શિલ્પ કહેવાય છે; અને તદ્વાન્‌ને શિલ્પી કહેવાય છે. नृत् खन् અને रञ्ज् ધાતુને આ સૂત્રથી अकट् પ્રત્યય. 'अकट्० ४-२-५०' થી रञ्ज् ના न् નો લોપ. नृत् ધાતુના ऋ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ अर् આદેશ. नर्त्तक નામને 'अणञे० २-४-२०' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય... વગેરે કાર્ય થવાથી नर्त्तकी; खनकः અને रजकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નાચનારી. ખોદનાર. રંગનાર. (તે ત્રણેય પોતપોતાના કામમાં કુશળ) शिल्पिनीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શિલ્પી સ્વરૂપ જ કર્ત્તામાં नृत् खन्

અને रञ्ज् ધાતુને अकट् પ્રત્યય થાય છે. તેથી શિલ્પી સ્વરૂપ કર્ત્તા ન હોય ત્યારે नृत् ધાતુને આ સૂત્રથી अकट् પ્રત્યય ન થવાથી 'णक-तृचौ ૫-૧-૪૮' થી णक પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી ऋ ને ગુણ अर् આદેશ. नर्त्तक નામને 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्याऽय० ૨-૪-૧૧૧' થી क् ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી नर्त्तिका આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂતળી. ||૬૫||

## गस्थकः ૫।૧।૬૬||

गै ધાતુને શિલ્પી સ્વરૂપ કર્ત્તામાં थक પ્રત્યય થાય છે. गै ધાતુના ऐ ને 'आत् सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશ. આ સૂત્રથી थक પ્રત્યયાદિ કાર્ય થવાથી गाथकः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગવૈયો. ||૬૬||

## टनण् ૫।૧।૬૭||

गै ધાતુને શિલ્પી સ્વરૂપ કર્ત્તામાં टनण् (अन) પ્રત્યય થાય છે. गै ધાતુના ऐ ને 'आत् सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશ. આ સૂત્રથી टनण् પ્રત્યય. गा + अन આ અવસ્થામાં गा ના आ ને 'आत० ૪-૩-૫૩' થી ऐ આદેશાદિ કાર્યથી નિષ્પન્ન गायन નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી गायनी આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાનારી. ||૬૭||

## हः काल - व्रीह्योः ૫।૧।૬૮||

काल અથવા व्रीहि સ્વરૂપ કર્ત્તામાં हा (૧૧૩૧-૧૧૩૬) ધાતુને टनण् પ્રત્યય થાય છે. हा ધાતુને આ સૂત્રથી टनण् પ્રત્યય. हा ધાતુના आ ને 'आत० ૪-૩-૫૩' થી ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી हायनो वर्षम्

આવો પ્રયોગ થાય છે; તેમ જ हायना व्रीहयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વર્ષ. ધાન્ય. કાલ અથવા વ્રીહિ ભિન્ન કર્ત્તા હોય ત્યારે हा ધાતુને આ સૂત્રથી टनण् પ્રત્યય ન થવાથી 'णक-तृचौ ૫-૧-૪૮' થી तृच् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી हाता આવો પ્રયોગ થાય છે. અર્થ - ત્યાગ કરનાર અથવા જનાર. ||૬૮||

## प्रु-सृ-ल्वोऽकः साधौ ५।१।६९॥

प्रु सृ અને लू ધાતુને સાધુત્વ - વિશિષ્ટ કર્ત્તામાં अक પ્રત્યય થાય છે. प्रु सृ અને लू ધાતુને આ સૂત્રથી अक પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી उ અને ऊ ને ગુણ ओ આદેશ. ऋ ને ગુણ अर् આદેશ... વગેરે કાર્ય થવાથી प्रवकः सरकः અને लवकः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારી રીતે વણનાર. સારી રીતે ચાલનાર. સારી રીતે કાપનાર. साधाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સાધુત્વવિશિષ્ટ જ કર્ત્તામાં प्रु सृ અને लू ધાતુને अक પ્રત્યય થાય છે. તેથી સાધુત્વવિશિષ્ટ કર્ત્તા ન હોય ત્યારે प्रु ધાતુને આ સૂત્રથી अक પ્રત્યય ન થવાથી 'णक-तृचौ ૫-૧-૪૮' થી णक પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી उ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી प्रावकः આવો પ્રયોગ થાય છે. અર્થ- ગમે તે રીતે વણનાર. ||૬૯||

## आशिष्यकन् ५।१।७०॥

आशिष् અર્થ ગમ્યમાન હોય તો ધાતુને अकन् (अक) પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. जीव् ધાતુને આ સૂત્રથી अकन् (अक) પ્રત્યય વગેરે કાર્ય થવાથી जीवकः આવો પ્રયોગ થાય છે. અર્થ- જીવે. आशिषीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् અર્થ ગમ્યમાન હોય તો જ ધાતુને अकन् પ્રત્યય થાય છે. તેથી आशिष् અર્થ ગમ્યમાન ન

હોય ત્યારે जीव् ધાતુને આ સૂત્રથી अकन् પ્રત્યય ન થવાથી; जीव् ધાતુને 'णक-तृचौ ૫-૧-૪૮' થી णक પ્રત્યય. 'आत् ૨-૪-૧૮' થી जीवक નામને आप् પ્રત્યય. 'अस्याऽय० ૨-૪-૧૧૧' થી जीव ના अ ને इ આદેશ... વગેરે કાર્ય થવાથી जीविका આવો પ્રયોગ થાય છે. અર્થ- જીવનારી.।।૭૦।।

## तिक्कृतौ नाम्नि ५।१।७१।।

आशिष् અર્થના વિષયમાં ધાતુને સંજ્ઞામાં तिक् પ્રત્યય તેમ જ कृत् પ્રત્યય (બધા કૃત્પ્રત્યયો) થાય છે. शम्यात् આ અર્થમાં शम् ધાતુને આ સૂત્રથી तिक् (ति) પ્રત્યય. शम् ધાતુના अ ને 'अहन्० ૪-૧-૧૦૭' થી દીર્ઘ आ આદેશ... વગેરે કાર્ય થવાથી शान्तिः આવો પ્રયોગ થાય છે. वीरो भूयात् આ અર્થમાં वीर + भू ધાતુને આ સૂત્રથી क्विप् (૦) પ્રત્યયાદિ કાર્ય થવાથી वीरभूः આવો પ્રયોગ થાય છે. वर्धिषीष्ट આ અર્થમાં वृध् ધાતુને આ સૂત્રથી आनश् (आन) પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्य० ૩-૪-૭૧' થી शव् (अ) પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી वृध् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'अतो म आने ૪-૪-૧૧૪' થી शव् ની પૂર્વે म् ... વગેરે કાર્ય થવાથી वर्धमानः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શમાવસ્થા પ્રાપ્ત કરે - એ ઈચ્છાથી કરાએલ શાન્તિ નામ. વીર થાય- એ ઈચ્છાથી કરાએલ વીરભૂ નામ. વધે - એ ઈચ્છાથી કરાએલ વર્ધમાન નામ.।।૭૧।।

## कर्मणो ऽ णू ५।१।७२।।

કર્મવાચક નામથી પરમાં રહેલા ધાતુને (કર્ત્તામાં) अण् (अ) પ્રત્યય થાય છે. कुंभं करोति આ અર્થમાં कुम्भ + कृ ધાતુને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ.

'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી कुम्भकारः આવો પ્રયોગ થાય છે. અર્થ - કુંભાર. ||૭૨||

## शीलि-कामि-भक्ष्याचरीक्षि-क्षमो णः ५।१।७३।।

કર્મવાચક પદથી પરમાં રહેલા शील् कम् भक्ष् आङ् + चर् ईक्ष् અને क्षम् ધાતુને ण (अ) પ્રત્યય થાય છે. धर्म + शील् (धर्मं शीलयति); धर्म + कामि (धर्मं कामयते); वायु + भक्ष् (वायुं भक्षयति); कल्याण + आ + चर् (कल्याणमाचरति); सुख + प्रति + ईक्ष् (सुखं प्रतीक्षते) અને बहु + क्षम् (बहुं क्षमते) ધાતુને આ સૂત્રથી ण પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી चर् ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી कामि ધાતુના इ (णिङ्) નો લોપ... વગેરે કાર્યથી નિષ્પન્ન धर्मशील.. વગેરે નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી धर्मशीला, धर्मकामा, वायुभक्षा, कल्याणाचारा सुखप्रतीक्षा અને बहुक्षमा આવો પ્રયોગ થાય છે. અહીં 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ થયો છે. बहुक्षमा અહીં 'ञ्णिति ४-३-५०' થી क्षम् ધાતુના ઉપાન્ત્ય अ ને પ્રાપ્ત વૃદ્ધિનો 'मोऽकमि० ४-३-५५' થી નિષેધ થયો છે. અર્થ ક્રમશઃ - ધર્મ આચરનારી. ધર્મને ઈચ્છનારી. હવા ખાનારી. શુભ આચરનારી. સુખની પ્રતીક્ષા કરનારી. ઘણાને ક્ષમા કરનારી. ||૭૩||

## गायोऽनुपसर्गाट्टक् ५।१।७४।।

કર્મવાચક પદથી પરમાં રહેલા; ઉપસર્ગરહિત गै ધાતુને (કર્ત્તામાં) टक् (अ) પ્રત્યય થાય છે. वक्र + गै (वक्रं गायति) ધાતુના ऐ ને 'आत्० ४-२-१' થી आ આદેશ. આ સૂત્રથી टक् પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી गा ના आ નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ. वक्रग નામને 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી वक्रगी આવો

પ્રયોગ થાય છે. અર્થ- વાંકું ગાનારી. अनुपसर्गादिति किम्?= કર્મ-વાચક પદથી પરમાં રહેલા ઉપસર્ગરહિત જ गै ધાતુને टक् પ્રત્યય થાય છે. તેથી खरु + सम् + गै ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ન થવાથી 'कर्मणो० ५-१-७२' થી अण् પ્રત્યય. खरु + सम् + गा + अ આ અવસ્થામાં गा ના आ ને 'आत० ४-३-५३' થી ऐ આદેશાદિ કાર્ય થવાથી खरुसंगायः આવો પ્રયોગ થાય છે. અર્થ- રૂક્ષ ગાનાર. ॥७४॥

## सुरा-सीधोः पिबः ५।१।७५॥

સુરા અને સીધુ સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલ ઉપસર્ગથી રહિત पा (२) ધાતુને टक् (अ) પ્રત્યય થાય છે. सुरा + पा અને सीधु + पा ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય. 'इडेत् पु० ४-३-९४' થી पा ના आ નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ. सुराप અને सीधुप નામને 'अणञे० २-४-२०' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી सुरापी અને सीधुपी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- મદ્ય પીનારી. મદ્યવિશેષ પીનારી. ॥७५॥

## आतो डो ऽ ह्वा-वा-मः ५।१।७६॥

ह्वा वा અને मा ને છોડીને અન્ય કર્મવાચક નામથી પરમાં રહેલા ઉપસર્ગરહિત આકારાન્ત ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. गो + दा (गां ददाति) ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી दा ધાતુના અન્ત્ય आ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી गोदः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાય આપનાર. अह्वावाम इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મવાચક નામથી પરમાં રહેલા અનુપસર્ગક ह्वा वा અને मा ધાતુથી ભિન્ન જ આકારાન્ત ધાતુને ड પ્રત્યય થાય છે. તેથી स्वर्ग + ह्वे; तन्तु + वे અને

धान्य + मा धातुने; 'आत्० ४-२-१' थी ह्वे અને वे धातुना ए ने आ આદેશ કર્યા બાદ આ સૂત્રથી ड પ્રત્યય ન થવાથી 'कर्मणो ऽ ण् ५-१-७२' थी अण् પ્રત્યય. 'आत० ४-३-५३' थी ह्वा वा અને मा धातुना आ ने ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી स्वर्गह्वायः; तन्तुवायः અને धान्यमायः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - સ્વર્ગને બોલાવનાર. વણકર. અનાજ માપનાર. ॥७६॥

**समः ख्यः ५।१।७७॥**

કર્મવાચક નામથી પરમાં રહેલા सम् + ख्या ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. गो + सम् + ख्या ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' थी ख्या ના आ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' थी તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી गोसङ्ख्यः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયો ગણનાર. ॥७७॥

**दश्चाङः ५।१।७८॥**

કર્મવાચક નામથી પરમાં રહેલા आङ् + दा અને आङ् + ख्या ધાતુને ड પ્રત્યય થાય છે. दाय + आ + दा અને स्त्री + आ + ख्या ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય, 'डित्यन्त्य० २-१-११४' थी दा અને ख्या ધાતુના आ નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' थी તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી दायादः અને स्त्र्याख्यः આવો પ્રયોગ થાય છે. **અર્થક્રમશઃ**- ભાગીદાર. સ્ત્રીને કહેનાર. આ સૂત્રમાં ख्या ના સાહચર્યથી दा ધાતુ जुहोत्यादि (११३८) ગૃહીત છે. ॥७८॥

## प्राज्ञश्च ५।१।७९॥

કર્મવાચક નામથી પરમાં રહેલા प्र + ज्ञा ધાતુને તેમ જ प्र + दा ધાતુને (કર્ત્તામાં) ड પ્રત્યય થાય છે. पथिन् + प्र + ज्ञा ધાતુને તેમ જ प्रपा + प्र + दा ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી ज्ञा અને दा ધાતુના आ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી प्रथिप्रज्ञः અને प्रपाप्रदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- માર્ગ જાણનાર. પરબ આપનાર. આ दा સ્વરૂપવાળા બધા ધાતુઓ दा ના ગ્રહણથી ઉપાત્ત છે. ॥७९॥

## आशिषि हनः ५।१।८०॥

કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને આશિષ્ અર્થ ગમ્યમાન હોય તો (કર્ત્તામાં) ड (अ) પ્રત્યય થાય છે. शत्रु + हन् (शत्रुं वध्यात्) ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી हन् ધાતુના अन् નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી शत्रुहः આવો પ્રયોગ થાય છે. અર્થ - શત્રુનો વધ કરે. ॥८०॥

## क्लेशादिभ्योऽपात् ५।१।८१॥

क्लेशादि ગણપાઠમાંના क्लेश... વગેરે કર્મવાચક નામથી પરમાં રહેલા अप + हन् ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. क्लेश + अप + हन् (क्लेशमपहन्ति) ધાતુને તેમ જ तमस् + अप + हन् (तमो ऽ पहन्ति) ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી हन् ધાતુના अन् નો લોપ... વગેરે કાર્ય થવાથી क्लेशापहः અને तमोपहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ક્લેશ દૂર કરનાર. અંધકારને દૂર કરનાર.॥८१॥

## कुमार - शीर्षाण्णिन् ५।१।८२॥

કુમાર અને શીર્ષ - આ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને (કર્ત્તામાં) णिन् (इन्) પ્રત્યય થાય છે. कुमारं हन्ति અને शीर्षं हन्ति આ અર્થમાં અનુક્રમે कुमार + हन् અને शीर्ष + हन् ધાતુને આ સૂત્રથી णिन् (इन्) પ્રત્યય. 'ञ्णिति घात् ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી कुमारघाती અને शीर्षघाती આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- છોકરાને મારનાર. માથું કુટનાર. અહીં સૂત્રમાંના નિર્દેશથી જ शिरस् નામને शीर्ष આદેશ થાય છે. અથવા તો અકારાન્ત शीर्ष નામ છે - એ યાદ રાખવું.॥૮૨॥

## अचित्ते टक् ५।१।८३॥

કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને અચિત્તવત્ કર્ત્તામાં टक् (अ) પ્રત્યય થાય છે. वातं हन्ति આ અર્થમાં वात + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય. 'गम-हन० ४-२-४४' થી हन् ના अ નો લોપ. ह्न् ને 'हनो ह्नो घ्नः २-१-११२' થી घ्न् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી वातघ्नं तैलम् આવો પ્રયોગ થાય છે. અર્થ- વાયુને શાન્ત કરનારું તેલ. अचित्त इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને અચિત્તવત જ કર્ત્તામાં टक् પ્રત્યય થાય છે. તેથી पापघातो यतिः અહીં चित्तवत् યતિ કર્ત્તા હોવાથી पाप + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય. हन् ધાતુને 'ञ्णिति घात् ४-३-१००' થી घात् આદેશ વગેરે કાર્ય થવાથી पापघातो यतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાપનો નાશ કરનાર સાધુ. ॥૮૩॥

## जायापतेश्चिह्नवति ५।१।८४॥

जाया અને पति - આ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને ચિહ્નવત્ કર્ત્તામાં टक् પ્રત્યય થાય છે. શરીરપર રહેલા શુભાશુભસૂચક તલ વગેરેને ચિહ્ન કહેવાય છે. ચિહ્નવત્ કર્ત્તા ચિત્તવત્ હોવાથી પૂર્વસૂત્રથી टक् પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્રનું પ્રણયન છે. जाया + हन् તેમ જ पति + हन् ધાતુને આ સૂત્રથી टक् (अ) પ્રત્યય. 'गमहन० ४-२-४४' થી हन् ધાતુના अ નો લોપ. 'हनो ह्नो घ्नः२-१-११२' થી ह्न् ને घ्न् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી जायाघ्नो ब्राह्मणः અને पतिघ्नी कन्या ('अणञे० २-४-२०' થી ङी પ્રત્યય..) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પત્નીઘાતનું ચિહ્ન છે જેને એવો બ્રાહ્મણ. પતિઘાતના ચિહ્નવાળી કન્યા. ॥८४॥

## ब्रह्मादिभ्यः ५।१।८५॥

ब्रह्मादि ગણપાઠમાંના ब्रह्मन्... વગેરે કર્મવાચક નામથી પરમાં રહેલાં हन् ધાતુને કર્ત્તામાં टक् (अ) પ્રત્યય થાય છે. ब्रह्मन् + हन् અને गो + हन् ધાતુને આ સૂત્રથી टक् (अ) પ્રત્યય. 'गम-हन० ४-२-४४' થી हन् ના अ નો લોપ. 'हनो ह्नो० २-१-११२' થી ह्न् ને घ्न् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી ब्रह्मघ्नः અને गोघ्नः पापी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બ્રાહ્મણની હત્યા કરનાર. ગાયની હત્યા કરનાર પાપી. ॥८५॥

## हस्ति-बाहु-कपाटाच्छक्तौ ५।१।८६॥

શક્તિ અર્થ ગમ્યમાન હોય તો हस्तिन् बाहु અને कपाट - આ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને टक् (अ) પ્રત્યય થાય છે.

हस्तिनं हन्तुं शक्तः; बाहुं हन्तुं शक्तः અને કપાટં હન્તું શક્તઃ આ અર્થમાં અનુક્રમે हस्तिन् + हन्; बाहु + हन् અને कपाट + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય. 'गमहन० ४-२-४४' થી हन् ધાતુના अ નો લોપ. ह्न् ને 'हनो० २-१-११२' થી घ्न् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી हस्तिघ्नः; बाहुघ्नः અને कपाटघ्नः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- હાથીને મારવા માટે સમર્થ. હાથ તોડવા સમર્થ. કમાડ તોડવા સમર્થ. शक्ताविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શક્તિ અર્થ ગમ્યમાન હોય તો જ हस्तिन्; बाहु અને कपाट સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને टक् પ્રત્યય થાય છે. તેથી हस्तिनं विषेण हन्ति અહીં સામર્થ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી हस्तिन् + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૮૩) हस्तिघातो विषदः આવો પ્રયોગ થાય છે. અર્થ- વિષ આપીને હાથીને મારનાર. ॥૮૬॥

## नगरादगजे ५।१।८७॥

નગર સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને ગજ (હાથી) ને છોડીને અન્ય કર્ત્તામાં टक् પ્રત્યય થાય છે. नगर + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ... વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ૫-૧-૮૬) થવાથી नगरघ्नो व्याघ्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - નગરનો નાશ કરનાર વાઘ. अगज इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગજભિન્ન જ કર્ત્તામાં કર્મવાચક नगर નામથી પરમાં રહેલા हन् ધાતુને टक् પ્રત્યય થાય છે. તેથી ગજ સ્વરૂપ કર્ત્તામાં नगर + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ. નં. ૫-૧-૮૩) થવાથી नगरघातो हस्ती આવો પ્રયોગ થાય છે. અર્થ - નગરનો નાશ કરનાર હાથી. ॥૮૭॥

## राजघः ५।१।८८॥

राजन् સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને કર્તામાં टक् પ્રત્યય થાય છે અને ત્યારે हन् ધાતુને घ् આદેશનું નિપાતન કરાય છે. राजन् + हन् (राजानं हन्ति) ધાતુને આ સૂત્રથી टक् (अ) પ્રત્યય. हन् ને घ् આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસ આદિ કાર્ય થવાથી राजघः આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજાની હત્યા કરનાર. ॥૮૮॥

## पाणिघ-ताडघौ शिल्पिनि ५।१।८९॥

शिल्पि અર્થમાં टक् પ્રત્યયાન્ત पाणिघ અને ताडघ નામનું નિપાતન કરાય છે. पाणि + हन् (पाणिं हन्ति) અને ताड + हन् (ताडं हन्ति) ધાતુને આ સૂત્રથી टक् (अ) પ્રત્યય; તેમજ हन् ધાતુને घ् આદેશ. 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી तत्पुरुषसમાસાદિ કાર્ય થવાથી पाणिघः અને ताडघः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શિલ્પી. શિલ્પી. शिल्पिनीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શિલ્પી અર્થ ગમ્યમાન હોય તો જ टक् પ્રત્યયાન્ત पाणिघ અને ताडघ નામનું નિપાતન કરાય છે. તેથી શિલ્પી અર્થ ન હોય ત્યારે पाणि + हन् અને ताड + हन् ધાતુને આ સૂત્રથી टक् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ૫-૧-૭૨' થી अण् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૮૩) पाणिघातः અને ताडघातः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મૃદંગ વગાડનાર. તાલ વગાડનાર. ॥૮૯॥

## कुक्ष्यात्मोदराद् भृगः खिः ५।१।९०॥

कुक्षि आत्मन् અને उदर સ્વરૂપ કર્મવાચક પદથી પરમાં રહેલા भृ ધાતુને खि (इ) પ્રત્યય (કર્તામાં) થાય છે. कुक्षि + भृ (कुक्षिमेव

बिभर्ति); आत्मन् +भृ (आत्मानमेव बिभर्ति) અને उदर + भृ (उदरमेव बिभर्ति) ધાતુને આ સૂત્રથી खि (इ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી भृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. 'खित्यन० ३-२-१११' થી પૂર્વપદના અન્તે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી कुक्षिम्भरिः आत्मम्भरिः અને उदरम्भरिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પેટ ભરનાર. પોતાનું પોષણ કરનાર. પેટ ભરનાર. ॥૯૦॥

## अर्होऽच् ५।१।९१॥

કર્મવાચક નામથી પરમાં રહેલા अर्ह् ધાતુને अच् (अ) પ્રત્યય થાય છે. पूजामर्हतीति पूजार्हा साध्वी અહીં पूजा + अर्ह् ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસાદિ કાર્યથી નિષ્પન્ન पूजार्ह નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पूजार्हा આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજા પામનાર સાધ્વી. ॥૯૧॥

## धनु-र्दण्ड-त्सरु-लाङ्गलाऽङ्कुशर्ष्टि-यष्टि-शक्ति-तोमर-घटाद् ग्रहः ५।१।९२॥

धनुष् दण्ड त्सरु लाङ्गल अङ्कुश ऋष्टि यष्टि शक्ति तोमर અને घट સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા ग्रह् ધાતુને अच् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. धनुष् + ग्रह्; दण्ड+ग्रह्; त्सरु+ग्रह्; लाङ्गल+ग्रह्; अङ्कुश+ग्रह्; ऋष्टि+ग्रह्; यष्टि+ग्रह्; शक्ति+ग्रह्; तोमर+ग्रह् અને घट+ग्रह् ધાતુને (तद् गृह्णाति અર્થમાં) આ સૂત્રથી अच् (अ) પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી धनुर्ग्रहः दण्डग्रहः त्सरुग्रहः लाङ्गलग्रहः अङ्कुशग्रहः ऋष्टिग्रहः यष्टिग्रहः शक्तिग्रहः तोमरग्रहः અને घटग्रहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ધનુષ્ય ગ્રહણ કરનાર. દણ્ડ ધારણ કરનાર. તલવારની મૂઠ ધારણ કરનાર. હળના અંગવિશેષને ધારણ કરનાર. અંકુશને ધારણ કરનાર. ऋष्टि - અસ્ત્રવિશેષને ધારણ

કરનાર. લાકડીને ધારણ કરનાર. શક્તિ - અસ્ત્રવિશેષને ધારણ કરનાર. ગદાને ધારણ કરનાર. ઘડાને ધારણ કરનાર.॥૯૨॥

## सूत्राद् धारणे ५।१।९३॥

सूत्र સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા; ગ્રહણ કરીને ધારણ કરવાર્થક ग्रह् ધાતુને अच् પ્રત્યય કર્ત્તામાં થાય છે. सूत्रं गृह्णाति (सूत्रमुपादाय धारयति) આ અર્થમાં सूत्र+ ग्रह् ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યયાદિ કાર્ય થવાથી सूत्रग्रहः प्राज्ञः सूत्रधारो वा આવો પ્રયોગ થાય છે. અર્થ - વિદ્વાન્ અથવા નાટકનો સૂત્રધાર. धारण इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રહણ કરીને ધારણ કરવાર્થક જ ग्रह् ધાતુને; તે જો કર્મવાચક सूत्र નામથી પરમાં હોય તો अच् પ્રત્યય થાય છે. તેથી માત્ર ગ્રહણાર્થક सूत्र+ग्रह् ધાતુને કર્ત્તામાં अच् પ્રત્યય આ સૂત્રથી ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી सूत्रग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ- સૂત્ર ભણનાર. (ભણીને ધારણ નહિ કરનાર.)॥૯૩॥

## आयुधादिभ्यो धृगो ऽ दण्डादेः ५।१।९४॥

दण्डादि ગણપાઠમાંના दण्ड... વગેરે નામોને છોડીને અન્ય; आयुध पृथ्वी .. વગેરેના વાચક એવા કર્મવાચક નામથી પરમાં રહેલા धृ ધાતુને (કર્ત્તામાં) अच् પ્રત્યય થાય છે. धनुष्+धृ અને भू+धृ ધાતુને આ સૂત્રથી अच् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી धृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી धनुर्धरः અને भूधरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ધનુષ્યને ધારણ કરનાર. પૃથ્વીને ધારણ કરનાર. अदण्डादेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા

મુજબ दण्डादि ગણપાઠમાંના નામથી ભિન્ન જ આયુધાદિવાચક એવા કર્મવાચક નામથી પરમાં રહેલા धृ ધાતુને अच् પ્રત્યય થાય છે. તેથી दण्ड+धृ અને कुण्ड + धृ ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ૫-૧-૭૨' થી अण् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી दण्डधारः અને कुण्डधारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - દણ્ડ ધારણ કરનાર. કુંડને ધારણ કરનાર.॥૯૪॥

## हृगो वयोऽनुद्यमे ५।१।९५॥

કર્મવાચક નામથી પરમાં રહેલા हृ ધાતુને; પ્રાણીની કાલકૃત અવસ્થા (ઉંમર) સ્વરૂપ વય અર્થ ગમ્યમાન હોય અથવા અનુદ્યમ અર્થ ગમ્યમાન હોય તો अच् પ્રત્યય થાય છે. अस्थि+ हृ ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી हृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસાદિ કાર્ય થવાથી अस्थिहरः श्वशिशुः આવો પ્રયોગ થાય છે. અર્થ - હાડકા લઈ જનાર કુતરાનું બચ્ચું. અહીં બાલ્યાવસ્થા ગમ્યમાન છે. ઉપર ફેંકવું અથવા આકાશમાં કોઈ પણ વસ્તુને ધારણ કરવી - તેને ઉદ્યમ કહેવાય છે. એનાથી ભિન્ન અર્થને अनुद्यम કહેવાય છે. अंश+हृ ધાતુને તેમજ मनस् + हृ ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ऋ ને ગુણ अर् આદેશ... વગેરે કાર્ય થવાથી अंशहरो दायादः અને मनोहरा माला આવો પ્રયોગ થાય છે. અહીં ઉપર જણાવ્યા મુજબ ઉદ્યમ અર્થથી ભિન્ન અર્થ ગમ્યમાન છે. અર્થક્રમશઃ- ભાગીદાર. મનોહર માલા. वयोऽनुद्यम इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વય અને અનુદ્યમ અર્થ ગમ્યમાન હોય તો જ કર્મવાચક નામથી પરમાં રહેલા हृ ધાતુને अच् પ્રત્યય થાય છે. તેથી ઉદ્યમ અર્થ ગમ્યમાન હોવાથી भार+हृ ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ૫-૧-૭૨' થી अण् પ્રત્યય. ऋ ને 'नामिनो० ૪-૩-૫૧' થી

વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી भारहारः આવો પ્રયોગ થાય છે. અર્થ- ભારને વહન કરનાર. વય અવસ્થા ગમ્યમાન હોય ત્યારે તે તે અવસ્થોચિત ક્રિયા વખતે ઉદ્યમ અર્થ પણ જણાતો હોવાથી વય નું પૃથગ્ ઉપાદાન છે.... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ॥૯૫॥

## आङः शीले ५।१।९६॥

કર્મવાચક નામથી પરમાં રહેલા आङ् ઉપસર્ગપૂર્વક हृ ધાતુને; શીલ-સ્વભાવ અર્થ ગમ્યમાન હોય તો अच् પ્રત્યય થાય છે. पुष्पाण्याहरतीत्येवं शीलः આ અર્થમાં पुष्प + आ+हृ ધાતુને આ સૂત્રથી अच् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી हृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-૪૯' થી તત્પુરુષસમાસ.. વગેરે કાર્ય થવાથી पुष्पाहरः આવો પ્રયોગ થાય છે. અર્થ - પુષ્પો લઈ જવાનો.સ્વભાવ છે જેનો તે માળી. शील इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શીલ - સ્વભાવ અર્થ ગમ્યમાન હોય તો જ; કર્મવાચક નામથી પરમાં રહેલા आङ्+हृ ધાતુને अच् પ્રત્યય થાય છે. તેથી શીલ અર્થ ગમ્યમાન ન હોવાથી पुष्प+आ+हृ ધાતુને આ સૂત્રથી अच् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ सू. नं. ५-१-९५) पुष्पाहारः આવો પ્રયોગ થાય છે. અર્થ- પુષ્પ લઈ જનાર. 'लिहादिभ्यः ५-१-५०' થી વિહિત अच् પ્રત્યયનો અહીં વિસ્તાર છે... ઈત્યાદિ યાદ રાખવું.॥૯૬॥

## दृति-नाथात् पशाविः ५।१।९७॥

કર્મવાચક दृति અને नाथ નામથી પરમાં રહેલા हृ ધાતુને પશુકર્ત્તામાં इ પ્રત્યય થાય છે. दृति+हृ અને नाथ+हृ ધાતુને આ સૂત્રથી इ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી हृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ૩-१-૪૯' થી સમાસાદિ કાર્ય થવાથી दृतिहरिः श्वा અને नाथहरिः सिंहः

આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુતરો. સિંહ. ||૯૭||

## रजःफले-मलाद् ग्रहः ५|१|९८||

કર્મવાચક रजस् फल અને मल નામથી પરમાં રહેલા ग्रह् ધાતુને इ પ્રત્યય થાય છે. रजस् + ग्रह्; फल+ग्रह् અને मल+ग्रह् ધાતુને આ સૂત્રથી इ પ્રત્યય; તેમજ સૂત્રના નિર્દેશના કારણે फल નામના અન્ત્ય अ ને ए આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી रजोग्रहिः फलेग्रहिः અને मलग्रहिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કઞ્ચુક (બ્લૉઉઝ). વૃક્ષ. કામળી. ||૯૮||

## देव—वातादापः ५|१|९९||

देव અને वात સ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા आप् ધાતુને इ પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. देव+आप् અને वात+आप् ધાતુને આ સૂત્રથી इ પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી तत्पुरुषसमासादि કાર્ય થવાથી देवापिः અને वातापिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દેવાપિ નામનો દૈત્ય. વાતાપિ નામનો દૈત્ય. ||૯૯||

## शकृत् - स्तम्बाद् वत्स-व्रीहौ कृगः ५|१|१००||

કર્મવાચક शकृत् નામથી પરમાં રહેલા कृ ધાતુને वत्स સ્વરૂપ કર્ત્તામાં અને કર્મવાચક स्तम्ब નામથી પરમાં રહેલા कृ ધાતુને व्रीही સ્વરૂપ કર્ત્તામાં इ પ્રત્યય થાય છે. शकृत्+कृ અને स्तम्ब + कृ ધાતુને આ સૂત્રથી इ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી शकृत्करि र्वत्सः અને स्तम्बकरिर्व्रीहिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાછરડું. અનાજ. ||૧૦૦||

## किम्-यत्-तद्-बहोरः ५।१।१०१॥

કર્મવાચક किम् यत् तद् અને बहु નામથી પરમાં રહેલા कृ ધાતુને अ પ્રત્યય થાય છે. किम्+कृ; यत्+कृ; तत् + कृ અને बहु + कृ ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. कृ ધાતુના ऋ ને 'नामिनो० ४-३-१' થી ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી किंकरा; यत्करा; तत्करा અને बहुकरा આવો પ્રયોગ થાય છે.. (અહીં किंकर.. વગેરે નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યય થયો છે.) અર્થક્રમશઃ- શું કરનારી. જે કરનારી. તે કરનારી. ઘણું કરનારી.॥१०१॥

## संख्या-ऽह-र्दिवा-विभा-निशा-प्रभा-भाश्चित्र-कर्त्राद्यन्ता-नन्त-कार-बाहूवरु-र्धनु-र्नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षणदा-रजनि-दोषा-दिन-दिवसाट्टः ५।१।१०२॥

કર્મવાચક संख्या નામથી તેમજ કર્મવાચક - સંખ્યા વિશેષાર્થક एक - द्वि વગેરે નામથી પરમાં રહેલા; તથા કર્મવાચક - अहन् दिवा विभा निशा प्रभा भास् चित्र कर्त्तृ आदि अन्त अनन्त कार बाहु अरुष् धनुष् नान्दी लिपि लिवि बलि भक्ति क्षेत्र जङ्घा क्षपा क्षणदा रजनि (रजनी પણ) दोषा दिन અને दिवस નામથી પરમાં રહેલા कृ ધાતુને ट (अ) પ્રત્યય થાય છે. संख्या+कृ; द्वि+कृ; अहन् + कृ.......... વગેરે ધાતુને આ સૂત્રથી ट (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી सङ्ख्याकरः; द्विकरः; अहस्करः; (અહીં अहन् ના न् ને 'रो लुप्यरि २-१-७५' થી र् વગેરે કાર્ય થાય છે.) दिवाकरः; विभाकरः; निशाकरः; प्रभाकरः; भास्करः; चित्रकरः; कर्त्तृकरः; आदिकरः; अन्तकरः; अनन्तकरः; कारकरः; बाहुकरः; अरुष्करः; धनुष्करः; नान्दीकरः; लिपिकरः; लिविकरः; बलिकरः; भक्तिकरः; क्षेत्रकरः; जङ्घाकरः; क्षपाकरः; क्षणदाकरः;

रजनिकरः (रजनीकरः) दोषाकरः; दिनकरः અને दिवसकरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગણનાર. બે ગણનાર. સૂર્ય. સૂર્ય. ચન્દ્ર. ચન્દ્ર. સૂર્ય. સૂર્ય. ચિત્ર બનાવનાર. કર્ત્તા કરનાર. શરૂઆત કરનાર. નાશ કરનાર. નાશ નહિ કરનાર. કરનો નિર્ણય કરનાર. હાથ કરનાર. મર્મ સ્થાન કરનાર. ધનુષ્ય બનાવનાર. નાટકના અંગવિશેષને કરનાર. અક્ષર કરનાર. અક્ષર કરનાર. પૂજા કરનાર. ભક્તિ કરનાર. ખેતર કરનાર. જંઘા કરનાર. ચન્દ્ર. ચન્દ્ર. ચન્દ્ર. ચન્દ્ર. સૂર્ય. સૂર્ય. ॥૧૦૨॥

## हेतु-तच्छीलाऽनुकूलेऽशब्द-श्लोक - कलह-गाथा-वैर- -चाटु-सूत्र-मन्त्र-पदात् ५।१।१०३॥

शब्द श्लोक कलह गाथा वैर चाटु सूत्र मन्त्र અને पद નામને છોડીને અન્ય કર્મવાચક નામથી પરમાં રહેલા कृ ધાતુને; हेतु, तत्स्वभाववान् અને अनुकूल (પોતાના સેવ્ય-સ્વામીની ઈચ્છાનુસાર ચાલનાર.) સ્વરૂપ કર્ત્તામાં ट પ્રત્યય થાય છે. यशस्+कृ; श्राद्ध+कृ અને प्रेषण +कृ ધાતુને અનુક્રમે હેતુ; તત્સ્વભાવવાન્ અને અનુકૂલ સ્વરૂપ કર્ત્તામાં આ સૂત્રથી ट (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. यशस्कर નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी (ई) પ્રત્યય... વગેરે કાર્ય થવાથી यशस्करी विद्या; श्राद्धकरः અને प्रेषणकरः (प्रेषणाकरः બૃહદ્‌વૃત્તિમાં) આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- યશને કરનારી વિદ્યા. (અહીં વિદ્યા સ્વરૂપ કર્ત્તા યશનું કારણ છે.) શ્રાદ્ધ કરવાના સ્વભાવવાલો. સ્વામીની ઈચ્છા મુજબ મોકલનાર.

शब्दादिनिषेधः किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शब्द श्लोक ... વગેરે નામને છોડીને જ અન્ય કર્મવાચક નામથી પરમાં રહેલા कृ ધાતુને; हेतु, तत्स्वभाववान् અને अनुकूल કર્ત્તામાં ट (अ) પ્રત્યય થાય છે. તેથી शब्द + कृ ધાતુને આ સૂત્રથી ट પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી (જૂઓ સૂ. નં. ५-१-७२)

શબ્દकारः ... વગેરે પ્રયોગ થાય છે. અર્થ- અવાજ કરવાના સ્વભાવવાલો.॥૧૦૩॥

## भृतौ कर्मणः ५।१।१०४॥

भृति (વેતન - પગાર - કામનું મૂલ્ય) અર્થ ગમ્યમાન હોય તો; કર્મવાચક कर्मन् નામથી પરમાં રહેલા कृ ધાતુને (કર્ત્તામાં) ट (अ) પ્રત્યય થાય છે. कर्मन् +कृ ધાતુને આ સૂત્રથી ट પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન कर्मकर નામને સ્ત્રીલિંગમાં 'अणजे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી कर्मकरी दासी આવો પ્રયોગ થાય છે. અર્થ- નોકરી કરનારી દાસી.॥૧૦૪॥

## क्षेम - प्रिय-मद्र-भद्रात्-खाऽण् ५।१।१०५॥

કર્મવાચક क्षेम प्रिय मद्र અને भद्र નામથી પરમાં રહેલા कृ ધાતુને (કર્ત્તામાં) ख (अ) અને अण् (अ) પ્રત્યય થાય છે. क्षेम+कृ; प्रिय+कृ; मद्र+कृ અને भद्र+कृ ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ. 'खित्यन० ३-२-१११' થી क्षेम વગેરે પૂર્વપદના અન્તે म् નો આગમ ... વગેરે કાર્ય થવાથી क्षेमङ्करः प्रियङ्करः मद्रङ्करः અને भद्रङ्करः આવો પ્રયોગ થાય છે. क्षेम+कृ... વગેરે ધાતુને આ સૂત્રથી अण् પ્રત્યય થવાથી 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ... વગેરે કાર્ય થવાથી क्षेमकारः प्रियकारः मद्रकारः અને भद्रकारः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કલ્યાણ કરનાર. પ્રિય કરનાર. પ્રિય કરનાર. કલ્યાણ કરનાર. અહીં સૂત્રમાં खाऽण् ના સ્થાને खो वा આ પ્રમાણે પાઠ કરવાથી વિકલ્પપક્ષમાં 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય સિદ્ધ હોવા છતાં

હેતુ તત્સ્વભાववान् અને अनुकूल કર્ત્તામાં 'हेतु-तच्छील० ५-१-१०३' થી વિહિત ट પ્રત્યયનો બાંધ કરવા માટે; આ સૂત્રમાં अण् નું ઉપાદાન છે. જેથી આ સૂત્રના વિષયમાં હેત્વાદિ કર્ત્તામાં ट પ્રત્યય વિકલ્પપક્ષમાં નહિ થાય. 'योगक्षेमकरी लोकस्य' અહીં योगक्षेम + कृ ધાતુને આ સૂત્રથી ख અથવા अण् પ્રત્યય થતો નથી. કારણ કે "उपपदविधिषु न तदन्तविधिः".. અર્થાદ્ કોઈ પણ પૂર્વપદથી પરમાં રહેલા તે તે ધાતુને જે પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે, તે પ્રત્યય તે ધાતુને તે પૂર્વપદથી જ પરમાં હોય ત્યારે થાય છે. પરન્તુ તે પૂર્વપદ જેના અન્તમાં હોય (અથવા આદિમાં હોય) - એવા પદથી પરમાં રહેલા તે ધાતુને તે પ્રત્યય થતો નથી. - આ અર્થને જણાવનારા ન્યાયના સામર્થ્યથી योगक्षेम+कृ ધાતુને આ સૂત્રથી ख અથવા अण् પ્રત્યય થતો નથી. તેથી 'हेतुतच्छी० ५-१-१०३' થી ट પ્રત્યયાદિ કાર્ય થવાથી योगक्षेमकरी આવો પ્રયોગ થાય છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું.... ॥૧૦૫॥

**मेघर्त्ति-भयाऽभयात् खः ५।१।१०६॥**

કર્મવાચક मेघ ऋति भय અને अभय નામથી પરમાં રહેલા कृ ધાતુને ख પ્રત્યય થાય છે. मेघ+कृ ऋति + कृ भय+कृ અને अभय+कृ ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૧૦૫) અનુક્રમે मेघङ्करः; ऋतिङ्करः; भयङ्करः અને अभयङ्करः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મેઘને ઉત્પન્ન કરનાર. મેળવનાર. ભય કરનાર. અભય કરનાર. ॥૧૦૬॥

**प्रिय - वशाद् वदः ५।१।१०७॥**

કર્મવાચક प्रिय અને वश નામથી પરમાં રહેલા वद् ધાતુને (કર્ત્તામાં) ख પ્રત્યય થાય છે. प्रिय+वद् ધાતુને અને वश+वद् ધાતુને આ સૂત્રથી

ख પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ૫-૧-૧૦૫) થવાથી प्रियंवदः અને वशंवदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રિય બોલનાર. આધીન થઈને બોલનાર.||૧૦૭||

**द्विषन्तप-परन्तपौ ५।१।१०८||**

કર્મવાચક द्विषत् અને पर નામથી પરમાં રહેલા णि પ્રત્યયાન્ત तप् (तापि) ધાતુને ख પ્રત્યય તેમજ तापि ધાતુના आ ને હ્રસ્વ अ આદેશ તથા द्विषत् ના त् ને म् આદેશનું નિપાતન કરાય છે. द्विषत् + तापि અને पर+तापि ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય; तापि ધાતુના आ ને હ્રસ્વ अ આદેશ અને द्विषत् ના त् ને म् આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णि પ્રત્યયનો લોપ. 'ङस्युक्तं० ३-१-४९'.થી તત્પુરુષસમાસ. 'खित्यनव्यया० ૩-૨-૧૧૧' થી पर નામના અન્તે म् નો આગમ.... વગેરે કાર્ય થવાથી द्विषन्तपः અને परन्तपः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શત્રુને પીડા પમાડનાર. બીજાને પીડા પમાડનાર. ||૧૦૮||

**परिमाणार्थ-मित-नखात् पचः ५।१।१०९||**

કર્મવાચક - પરિમાણાર્થક प्रस्थ વગેરે નામથી પરમાં રહેલા તેમજ मित અને नख નામથી પરમાં રહેલા पच् ધાતુને ख (अ) પ્રત્યય થાય છે. प्रस्थ+पच् मित +पच् અને नख + पच् ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૧૦૫) प्रस्थम्पचः मितम्पचः અને नखम्पचः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રસ્થ પ્રમાણ રાંધે છે. થોડું રાંધે છે. નખ જેટલું રાંધે છે.||૧૦૯||

## कूलाऽभ्र - करीषात् कषः ५।१।११०॥

કર્મવાચક कूल अभ्र અને करीष નામથી પરમાં રહેલા कष् ધાતુને (કર્ત્તામાં) ख પ્રત્યય થાય છે. कूल+कष्; अभ्र+कष् અને करीष+कष् ધાતુને આ સૂત્રથી ख (अ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૧૦૫) નિષ્પન્ન कूलङ्कष अभ्रङ्कष અને करीषङ्कष નામને સ્ત્રીલિઙ્ગમાં 'आत् २-४-१८' થી आप् (आ) પ્રત્યયાદિ કાર્ય થવાથી कूलङ्कषा अभ्रङ्कषा અને करीषङ्कषा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નદી. આંધી. ભમરી (ગોલાકારે વાતો વાયુ). ॥૧૧૦॥

## सर्वात् सहश्च ५।१।१११॥

કર્મવાચક सर्व નામથી પરમાં રહેલા सह् અને कष् ધાતુને (કર્ત્તામાં) ख (अ) પ્રત્યય થાય છે. सर्व+सह् (सर्वं सहते) અને सर्व+ कष् ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ૫-૧-૧૦૫) થવાથી सर्वंसहः અને सर्वङ्कषः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બધું સહન કરનાર - મુનિ. બધાને કષ્ટ આપનાર - દુર્જન. ॥૧૧૧॥

## भृ-वृ-जि-तृ-तप-दमेश्च नाम्नि ५।१।११२॥

કર્મવાચક નામથી પરમાં રહેલા भृ; वृ; जि; तृ; तप् दम् અને सह् ધાતુને (કર્ત્તામાં) સંજ્ઞાના વિષયમાં ख પ્રત્યય થાય છે. विश्व+भृ; पति+वृ; शत्रु+जि; रथ+तृ; शत्रु+तप्; बलि+दम् (बलिं दाम्यति दमयति वा) અને शत्रु + सह् ધાતુને આ સૂત્રથી ख (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ધાતુના અન્ત્ય સ્વર ऋ ॠ ને ગુણ अर् આદેશ અને इ ને ગુણ ए આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यनव्य० ३-२-१११' થી विश्व पति વગેરે પૂર્વપદના અન્તે म् નો આગમ, વગેરે

કાર્ય થવાથી અનુક્રમે વિશ્વંભરા भूः; पतिंवरा कन्या; शत्रुञ्जयोऽद्रिः; रथन्तरं साम; शत्रुन्तपो राजा; बलिन्दमः कृष्णः અને शत्रुंसहो राजा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પૃથ્વી. કુમારિકા. શત્રુંજય પર્વત. સામવેદ. રાજા. કૃષ્ણ. રાજા. नाम्नीति किम्?= ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી સંજ્ઞાના વિષયમાં જ કર્મવાચક નામથી પરમાં રહેલા भृ वृ जि વગેરે ધાતુને ख પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે कुटुम्ब+भृ ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી भृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી कुटुम्बभारः આવો પ્રયોગ થાય છે. અર્થ- કુટુંબનું પોષણ કરનાર. ॥११२॥

## धारेर्धर्च. ५।१।११३॥

કર્મવાચક નામથી પરમાં રહેલા धारि (धृ+णि) ધાતુને સંજ્ઞાના વિષયમાં ख (अ) પ્રત્યય થાય છે; અને ત્યારે धारि ધાતુને धर् આદેશ થાય છે. वसु+धारि ધાતુને આ સૂત્રથી ख પ્રત્યય; તેમજ धारि ધાતુને धर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यन० ३-२-१११' થી वसु નામના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી वसुन्धरा भूः આવો પ્રયોગ થાય છે. અર્થ- પૃથ્વી. ॥११३॥

## पुरन्दर-भगन्दरौ ५।१।११४॥

સંજ્ઞાના વિષયમાં ख પ્રત્યયાન્ત पुरन्दर અને भगन्दर નામનું નિપાતન કરાય છે. पुर् + दारि (दृ+णिग्) અને भग+दारि ધાતુને આ સૂત્રથી ख (अ) પ્રત્યય. આ સૂત્રથી નિપાતનના કારણે दारि ધાતુના आ ને હ્રસ્વ अ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી णिग् નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. આ સૂત્રથી पुर् ના અન્તે अम् નો આગમ. 'खित्य० ३-२-

૧૧૧' થી भग નામના અન્તે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી पुरन्दरः शक्रः અને भगन्दरो व्याधिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઈન્દ્ર. ભગંદર રોગ. ॥૧૧૪॥

## वाचंयमो व्रते ५।१।११५॥

વ્રત અર્થ ગમ્યમાન હોય તો કર્મવાચક वाच् નામથી પરમાં રહેલા यम् ધાતુને ख પ્રત્યય થાય છે. અને ત્યારે वाच् નામના અન્તે अम् નો આગમ થાય છે. वाच्+यम् (वाचं यच्छति नियमयति वा) ધાતુને આ સૂત્રથી ख (अ) પ્રત્યય. वाच् ના અન્તે अम् નો આગમ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી वाचंयमो व्रती આવો પ્રયોગ થાય છે. અર્થ- સાધુ. ॥૧૧૫॥

## मन्याण्णिन् ५।१।११६॥

કર્મવાચક નામથી પરમાં રહેલા मन् (૧૨૬૩) ધાતુને णिन् (इन्) પ્રત્યય થાય છે. पण्डितं मन्यते बन्धुम् આ અર્થમાં पण्डित+मन् ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ આદિ કાર્ય થવાથી पण्डितमानी बन्धोः આવો પ્રયોગ થાય છે. અર્થ- બન્ધુને પણ્ડિત માનનાર.॥૧૧૬॥

## कर्तुः खश् ५।१।११७॥

કર્ત્તાસ્વરૂપ કર્મવાચક નામથી પરમાં રહેલા मन् (૧૨૬૩) ધાતુને खश् (अ) પ્રત્યય થાય છે. आत्मानं पण्डितं मन्यते આ અર્થમાં पण्डित+मन् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'दिवादेः श्यः ३-४-७२' થી मन् ધાતુની

પરમાં य પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી य ના अ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી तत्पुरुषसमास. 'खित्यन० ३-२-१११' થી पण्डित નામના અન્તે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી पण्डितम्मन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- પોતાને પણ્ડિત માને છે. અહીં કર્ત્તા પોતે જ કર્મ છે- એ સ્પષ્ટ છે. कर्त्तुरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્ત્તા સ્વરૂપ જ કર્મવાચક નામથી પરમાં રહેલા मन् ધાતુને કર્ત્તામાં खश् પ્રત્યય થાય છે. તેથી चैत्रं पटुं मन्यते આ અર્થમાં पटु+मन् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય ન થવાથી 'मन्याण्णिन् ५-१-११६' થી णिन् પ્રત્યયાદિ કાર્ય થવાથી पटुमानी चैत्रस्य (જુઓ સૂ.નં. ૫-૧-૧૧૬) આવો પ્રયોગ થાય છે. અહીં ચૈત્ર સ્વરૂપ કર્મ પોતે કર્ત્તા નથી. પરન્તુ તદ્ભિન્ન મૈત્રાદિ કર્ત્તા છે. અર્થ- ચૈત્રને હોશિયાર માનનાર (મૈત્રાદિ). पण्डितम्मन्यः અહીં અસરૂપોત્સર્ગવિધિને આશ્રયીને पण्डितमानी આવો પણ પ્રયોગ થાય છે. ॥૧૧૭॥

## एजेः ५।१।११८॥

કર્મવાચક નામથી પરમાં રહેલા एजि ધાતુને खश् (अ) પ્રત્યય થાય છે. अरि+एजि (अरिमेजयति) ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી खश् પ્રત્યયની પૂર્વે शव् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી इ ને ગુણ ए આદેશ. 'लुगस्या० २-१-११३' થી अ વિકરણનો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી तत्पुरुषसमास. 'खित्यन० ३-२-१११' થી अरि નામના અન્તે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી 'अरिमेजयः આવો પ્રયોગ થાય છે. અર્થ - શત્રુને કંપાવનાર. ॥૧૧૮॥

## शुनी-स्तन-मुञ्ज-कूलाऽऽस्य-पुष्पाट्ट्धेः ५।१।११९॥

કર્મવાચક शुनी स्तन मुञ्ज कूल आस्य અને पुष्प નામથી પરમાં

રહેલા ट्धे (धे) (૨૮) ધાતુને खश् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. शुनी+धे; स्तन+धे; मुञ्ज+धे; कूल+धे; आस्य+धे અને पुष्प+धे ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'कर्त्तर्य० ३-४-७१' થી खश् ની પૂર્વે शव् (अ) વિકરણ પ્રત્યય. તેનો 'लुगस्या० २-१-११३' થી લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यन० ३-२-१११' થી धे ની પૂર્વે म् નો આગમ; તેમજ शुनी ના ई ને -હ્રસ્વ इ આદેશ.... વગેરે કાર્ય થવાથી અનુક્રમે शुनिन्धयः; स्तनन्धयः; मुञ्जन्धयः कूलन्धयः आस्यन्धयः અને पुष्पन्धयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કુતરીનું બચ્ચું. ધાવતું બાળક. ઘાસવિશેષને ચૂસનાર. નદીકિનારાનું જન્તુ. મુખપાન કરનાર. ભ્રમર. ||૧૧૯||

**नाडी-घटी-खरी-मुष्टि-नासिका-वाताद् ध्मश्च ५।१।१२०॥**

नाडी घटी खरी मुष्टि नासिका અને वात - આ કર્મવાચક નામની પરમાં રહેલા ध्मा (४) અને ट्धे ધાતુને કર્ત્તામાં खश् પ્રત્યય થાય છે. नाडी+ध्मा, नाडी + धे; घटी + ध्मा, घटी+धे; खरी+ध्मा, खरी+धे; मुष्टि+ध्मा, मुष्टि+धे; नासिका+ध्मा, नासिका+धे; અને वात+ध्मा, वात+धे ધાતુને આ સૂત્રથી खश् (अ) પ્રત્યય. 'कर्त्तर्य० ३-४-७१' થી खश् પ્રત્યયની પૂર્વે शव् પ્રત્યય. 'श्रौतिकृवु० ४-२-१०८' થી ध्मा ધાતુને धम આદેશ. 'लुगस्या० २-१-११३' થી धम ના અન્ત્ય अ નો તેમ જ शव् ના अ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यन० ३-२-१११' થી ध्मा અને धे ધાતુની પૂર્વે म् નો આગમ, તેમજ नाडी घटी खरी ના ई ને અને नासिका ના અન્ત્ય आ ને -હ્રસ્વ इ અને अ આદેશ.... વગેરે કાર્ય થવાથી અનુક્રમે नाडिन्धमः; नाडिन्धयः; घटिन्धमः; घटिन्धयः; खरिन्धमः; खरिन्धयः; मुष्टिन्धमः; मुष्टिन्धयः; नासिकन्धमः नासिकन्धयः અને वातन्धमः; वातन्धयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નાડી (નસતરંગ) વગાડનાર. નાડી પીનાર. ઘડાને વગાડનાર. ઘડાને

પીનાર. ગધેડાનો અવાજ કરનાર. ગધેડાને પીનાર. મુઠીને વગાડનાર. મુઠીને પીનાર. નાસિકાને વગાડનાર. નાસિકાને પીનાર. વાતને વગાડનાર. વાતને પીનાર. ॥૧૨૦॥

## पाणिकरात् ५।१।१२१॥

કર્મવાચક पाणि અને कर નામથી પરમાં રહેલા ध्मा ધાતુને खश् પ્રત્યય થાય છે. पाणि+ध्मा અને कर+ध्मा ધાતુને આ સૂત્રથી खश् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી (જુઓ સૂ. નં. ૫-૧-૧૨૦) पाणिन्धमः અને करन्धमः આવો પ્રયોગ થાય છે. અર્થ- (બંન્નેનો) – હાથ વગાડનાર.॥૧૨૧॥

## कूलादुद्रुजोद्वहः ५।१।१२२॥

કર્મવાચક कूल નામથી પરમાં રહેલા उद्+रुज् ધાતુને અને उद्+वह् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય થાય છે. कूल+उद्+रुज् ધાતુને તેમજ कूल+उद्+वह् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી रुज् ધાતુની પરમાં श (अ) પ્રત્યય; 'कर्त्तर्य० ३-४-७१' થી वह् ધાતુની પરમાં शव् પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી વિકરણ પ્રત્યય श અને शव् ના अ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यनव्य० ३-२-१११' થી कूल નામના અન્તે म् નો આગમ ... વગેરે કાર્ય થવાથી कूलमुद्रुजः અને कूलमुद्वहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તીરને તોડનાર (હાથી વગેરે). તીરને વહન કરનાર (નદી વગેરે).॥૧૨૨॥

## वहाऽभ्राल्लिहः ५।१।१२३॥

કર્મવાચક वह અને अभ्र નામથી પરમાં રહેલા लिह् ધાતુને खश्

પ્રત્યય થાય છે. वह+लिह् અને अभ्र+लिह् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यन० ३-२-१११' થી वह અને अभ्र નામના અન્તે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી वहंलिहः અને अभ्रंलिहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બળદ. પ્રાસાદ.॥૧૨૩॥

### बहुविध्वरुस्तिलात् तुदः ५।१।१२४॥

કર્મવાચક बहु विधु अरुष् અને तिल નામથી પરમાં રહેલા तुद् ધાતુને (કર્ત્તામાં) खश् (अ) પ્રત્યય થાય છે. बहु+तुद्; विधु+तुद्; अरुष्+तुद् અને तिल+तुद् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. खश् પ્રત્યયની પૂર્વે 'तुदादेः शः ३-४-८१' થી श પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી श ના अ નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'संयोग० २-१-८८' થી अरुष् ના ष् નો લોપ. 'खित्यन० ३-२-१११' થી तुद् ની પૂર્વે म् નો આગમ વગેરે કાર્ય થવાથી बहुन्तुदः विधुन्तुदः अरुन्तुदः અને तिलन्तुदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- યુગ. રાહુ. પીડા કરનાર. કાગડો.॥૧૨૪॥

### ललाट - वात - शर्द्धात् तपाऽज-हाकः ५।१।१२५॥

કર્મવાચક ललाट નામથી પરમાં રહેલા तप् ધાતુને કર્મવાચક वात નામથી પરમાં રહેલા अज् ધાતુને તેમજ કર્મવાચક शर्द्ध નામથી પરમાં રહેલા हा (११३१) ધાતુને खश् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. ललाट+तप् ; वात+अज् અને शर्द्ध+हा ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. तप् અને अज् ધાતુની પરમાં 'कर्त्तर्य० ३-४-७१' થી शव् પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી शव् ના अ નો લોપ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ- સમાસ. 'खित्यनव्यया० ३-२-१११' થી પૂર્વપદના અન્તે म् નો આગમ. हा + खश् આ અવસ્થામાં 'हवः शिति ४-१-१२' થી हा ને

દ્વિત્વ. 'ह्स्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. जहा ના आ નો 'श्नश्चातः ૪-૨-૯૬' થી લોપ વગેરે કાર્ય થવાથી લલાટન્તપઃ; વાતમજઃ અને शर्द्धञ्जहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સૂર્ય. હરણ. અડદ.॥૧૨૫॥

## असूर्योग्राद् दृशः ૫।૧।૧૨૬॥

કર્મવાચક असूर्य અને उग्र નામથી પરમાં રહેલા दृश् ધાતુને (કર્ત્તામાં) खश् (अ) પ્રત્યય થાય છે. असूर्य + दृश् અને उग्र + दृश् ધાતુને આ સૂત્રથી खश् પ્રત્યય. 'कर्त्तर्य० ૩-૪-૭૧' થી दृश् ધાતુની પરમાં शव् પ્રત્યય. 'श्रौतिकृवु० ૪-૨-૧૦૮' થી दृश् ધાતુને पश्य આદેશ. 'लुगस्या० ૨-૧-૧૧૩' થી पश्य ના અન્ત્ય अ નો તેમ જ शव् નો લોપ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'खित्यन० ૩-૨-૧૧૧' થી પૂર્વપદ असूर्य અને उग्र નામના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી असूर्यम्पश्यः અને उग्रम्पश्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સૂર્યને પણ નહિ જોનાર. ઉગ્ર જોનાર. ॥૧૨૬॥

## इरम्मदः ૫।૧।૧૨૭॥

इरा નામથી પરમાં રહેલા मद् ધાતુને खश् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. इरया माद्यति આ અર્થમાં इरा + मद् ધાતુને खश् પ્રત્યય. નિપાતનના કારણે मद् ધાતુની પરમાં 'दिवादेः श्यः ૩-૪-૭૨' થી પ્રાપ્ત श्य નો નિષેધ. 'खित्यनव्यया० ૩-૨-૧૧૧' થી इरा નામની અન્તમાં म् નો આગમ અને इरा ના आ ને -હસ્વ अ આદેશ તથા સમાસાદિ કાર્ય થવાથી इरम्मदः આવો પ્રયોગ થાય છે. અર્થ - મદિરાથી મત્ત થનાર.॥૧૨૭॥

## नग्न-पलित-प्रियाऽन्ध-स्थूल - सुभगाऽऽढ्यतदन्ताच्च्व्यर्थेऽच्वेर्भुवः खिष्णु-खुकञौ ५।१।१२८॥

च्वि પ્રત્યયાર્થક; પણ च्वि પ્રત્યયાન્ત ન હોય એવા - नग्न पलित प्रिय अन्ध स्थूल सुभग आढ्य અને नग्न... વગેરે નામો જેના અન્તમાં છે એવા નામથી પરમાં રહેલા भू ધાતુને (કર્ત્તામાં) खिष्णु અને खुकञ् પ્રત્યય થાય છે. अनग्नो नग्नो भवति; अपलितः पलितो भवति .... ઈત્યાદિ અર્થમાં नग्न+भू; पलित+भू; प्रिय+भू; अन्ध+भू; स्थूल+भू; सुभग+भू; आढ्य+भू અને तदन्त નું ઉદાહરણઃ– सुनग्न+भू (असुनग्नः सुनग्नो भवति) ધાતુને આ સૂત્રથી खिष्णु (इष्णु) પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. 'नामिनो० ४-३-१' થી भू ના ऊ ને ગુણ ओ આદેશ. 'खित्यनव्यया० ३-२-१११' થી भू ધાતુની પૂર્વે म् નો આગમ વગેરે કાર્ય થવાથી नग्नम्भविष्णुः; पलितम्भविष्णुः; प्रियम्भविष्णुः; अन्धम्भविष्णुः स्थूलम्भविष्णुः सुभगम्भविष्णुः आढ्यम्भविष्णुः અને सुनग्नम्भविष्णुः- આવો પ્રયોગ થાય છે. તેમજ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नग्न+भू વગેરે ધાતુને खुकञ् (उक) પ્રત્યય થાય ત્યારે 'नामिनो० ४-३-५१' થી भू ધાતુના ऊ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી અનુક્રમે नग्नम्भावुकः; पलितम्भावुकः; प्रियम्भावुकः; अन्धम्भावुकः स्थूलम्भावुकः; सुभगम्भावुकः; आढ्यम्भावुकः અને सुनग्नम्भावुकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અનગ્ન નગ્ન થનાર. ધોળા વાળ વિનાનો ધોળાવાળવાળો થનાર. અપ્રિય પ્રિય થનાર. અનન્ધ અન્ધ થનાર. અસ્થૂલ સ્થૂલ થનાર. અસુંદર સુંદર થનાર. ગરીબ ધની થનાર. અસુનગ્ન સુનગ્ન થનાર.

अच्वेरिति किम्?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યયાર્થક પણ च्वि પ્રત્યયાન્ત ન હોય એવા જ नग्न पलित प्रिय अन्ध स्थूल सुभग आढ्य અને नग्न વગેરે નામ જેના અન્તમાં છે એવા નામથી પરમાં રહેલા भू ધાતુને खिष्णु અને खुकञ् પ્રત્યય થાય છે. તેથી आढ्यीभविता

અહીં च्वि પ્રત્યયાન્ત आढ्य નામથી પરમાં રહેલા भू ધાતુને આ સૂત્રથી खिष्णु અને खुकञ् પ્રત્યય ન થવાથી 'णक-तृचौ५-१-४८' થી तृच् (तृ) પ્રત્યય થાય છે. आढ्य નામને 'कृभ्वस्ति० ७-२-१२६' થી च्वि (०) પ્રત્યય. 'ईश्च्वा० ४-३-१११' થી आढ्य નામના अ ને ई આદેશ. 'गतिक्व० ३-१-४२' થી તત્પુરુષસમાસ. 'स्ताद्यशितो० ४-४-३२' થી तृच् પ્રત્યયની પૂર્વે इट् ... વગેરે કાર્ય થવાથી आढ्यीभविता આવો પ્રયોગ થાય છે. અર્થ- ગરીબ શ્રીમન્ત થનાર.॥१२८॥

## कृगः खनट् करणे ५।१।१२९॥

च्वि પ્રત્યયાર્થક, પણ च्वि પ્રત્યયાન્તથી ભિન્ન - એવા नग्न पलित प्रिय अन्ध स्थूल सुभग आढ्य અને नग्न..,. વગેરે જેના અન્તે છે તે નામથી પરમાં રહેલા कृ ધાતુને खनट् (अन) પ્રત્યય કરણમાં થાય છે. अनग्नो नग्नः क्रियते अनेन, अपलितः पलितः क्रियते अनेन ... વગેરે અર્થમાં नग्न+कृ; पलित+ कृ; प्रिय+कृ; अन्ध+कृ; स्थूल+कृ; सुभग+कृ; आढ्य+कृ અને सुनग्न (તદન્તનું ઉદાહરણ) + कृ ધાતુને આ સૂત્રથી खनट् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ. 'खित्यन० ३-२-१११' થી कृ ની પૂર્વે म् નો આગમ વગેરે કાર્ય થવાથી नग्नङ्करणं द्यूतम्; पलितङ्करणम्; प्रियङ्करणम्; अन्धङ्करणम्; स्थूलङ्करणम्; सुभगङ्करणम्; आढ्यङ्करणम् અને सुनग्नङ्करणम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અનગ્નને જેનાવડે નગ્ન કરાય છે, તે જુગાર વગેરે. ધોળાવાળ વિનાનો ધોળાવાળ વાળો જેના વડે કરાય છે - તે તેલ વગેરે. અપ્રિય જેના વડે પ્રિય કરાય છે- તે શીલ વગેરે. અનન્ધ જેના વડે અન્ધ કરાય છે, તે શોક વગેરે. અસ્થૂલ જેના વડે સ્થૂલ કરાય છે, તે દહીં વગેરે. જેના વડે અસુભગ સુભગ કરાય છે- તે રૂપ વગેરે. ગરીબ જેના વડે શ્રીમન્ત થાય છે - તે ધન વગેરે. અસુનગ્નને સુનગ્ન કરનાર જુગાર વગેરે.

च्व्यर्थ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्वि પ્રત્યયાન્ત નામને છોડીને च्वि પ્રત્યયાર્થક જ नग्न पलित प्रिय अन्ध स्थूल सुभग आढ्य અને नग्नाद्यन्त નામથી પરમાં રહેલા कृ ધાતુને કરણ - અર્થમાં खनट् પ્રત્યય થાય છે. તેથી नग्नं करोति द्यूतेन આ વાક્યમાં च्वि પ્રત્યયાર્થ વિવક્ષિત ન હોવાથી नग्न+कृ ધાતુને આ સૂત્રથી खनट् પ્રત્યય થતો નથી. અર્થ- જુગારથી નગ્ન બનાવે છે. ||૧૨૯||

**भावे चाऽऽशिताद् भुवः खः ५।१।१३०||**

आशित નામથી પરમાં રહેલા भू ધાતુને ભાવમાં અને કરણમાં ख (अ) પ્રત્યય થાય છે. आशितेन भूयते त्वया આ અર્થમાં आशित+भू ધાતુને (ભાવમાં) આ સૂત્રથી ख प्रत्यय. 'नामिनो० ४-३-१' થી भू ધાતુના ऊ ને ગુણ ओ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'खित्यनव्य० ३-२-१११' થી भू ની પૂર્વે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી आशितम्भवस्ते આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે आशितो भवति अनेन આ અર્થમાં आशित+भू ધાતુને (કરણમાં) ख પ્રત્યયાદિ કાર્ય થવાથી आशितम्भव ओदनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તમારું તૃપ્ત થવું. ભાતથી તૃપ્તિ થાય છે. अश् ધાતુને કર્ત્તામાં क्त પ્રત્યય અને સૂત્રના નિર્દેશના કારણે अश् ધાતુના अ ને દીર્ઘ आ થવાથી आशित આવો શબ્દ બને છે. ||૧૩૦||

**नाम्नो गमः खड्-डौ च विहायसस्तु विहः ५।१।१३१||**

નામમાત્રથી પરમાં રહેલા गम् ધાતુને खड् (अ); ड (अ) અને ख (अ) પ્રત્યય થાય છે અને ત્યારે विहायस् નામને विह આદેશ થાય છે. तुरो गच्छति આ અર્થમાં तुर+गम् ધાતુને આ સૂત્રથી खड् ड અને ख પ્રત્યય. खड् અને ड પ્રત્યયની પૂર્વેના गम् ધાતુના અન્ત્ય अम् નો

'ङित्यन्त्य० २-१-११४' थी લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. खड् અને ख પ્રત્યયની પૂર્વેના गम् ધાતુની પૂર્વે म् નો આગમ વગેરે કાર્ય થવાથી तुरङ्गः तुरगः અને तुरङ्गमः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘોડો. विहायसा गच्छति આ અર્થમાં विहायस्+गम् ધાતુને આ સૂત્રથી खड् ड અને ख પ્રત્યય તેમજ विहायस् નામને विह આદેશ વગેરે કાર્ય થવાથી विहङ्गः विहगः અને विहङ्गमः આવો પ્રયોગ થાય છે. અર્થ - પક્ષી. આવીજ રીતે सुतेन सुतं वा गच्छति આ અર્થમાં सुत+गम् ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ख પ્રત્યય વગેરે કાર્ય થવાથી सुतङ्गमो मुनिः આવો પ્રયોગ થાય છે. અર્થ- તે નામના મુનિ. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રથી વિહિત खड् ड અને ख પ્રત્યય દરેક ધાતુને થાય છે- એવું નથી. પ્રયોગાનુસાર જ તે તે ધાતુને તે તે પ્રત્યયો વિહિત છે. ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણી લેવું જોઈએ. ॥૧૩૧॥

## सुगदुर्गमाधारे ५।१।१३२॥

सु અને दुर् થી પરમાં રહેલા गम् ધાતુને આધાર અર્થમાં ड પ્રત્યય થાય છે. सु+गम् (सुखेन गम्यतेऽस्मिन्) અને दुर्+गम् (दुःखेन गम्यतेऽस्मिन्) ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય. 'ङित्यन्त्य० २-१-११४' થી गम् ધાતુના અન્ત્ય अम् નો લોપ... વગેરે કાર્ય થવાથી सुगः અને दुर्गः पन्थाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારી રીતે જવાય એવો માર્ગ. દુઃખે જવાય એવો માર્ગ. सुगः અને दुर्गः અહીં 'गतिक्वन्य० ३-१-४२' થી સમાસ વિહિત છે. ॥૧૩૨॥

## निर्गो देशे ५।१।१३३॥

निस् શબ્દથી પરમાં રહેલા गम् ધાતુને દેશ-સ્વરૂપ આધાર અર્થમાં ड પ્રત્યય થાય છે. निर्गम्यतेऽस्मिन् देशे આ અર્થમાં निस्+गम् ધાતુને આ

સૂત્રથી ड પ્રત્યયાદિ કાર્ય થવાથી निर्गो देशः (सू.नं. ५-१-१३२ જુઓ) આવો પ્રયોગ થાય છે. અર્થ- નીકળવાની જગ્યા. ॥૧૩૩॥

### शमो नाम्न्यः ५।१।१३४॥

शम् નામથી પરમાં રહેલા ધાતુને સંજ્ઞામાં अ પ્રત્યય થાય છે. સુખાર્થક शम् અવ્યય છે. शम् भवति આ અર્થમાં शम्+भू ધાતુને આ સૂત્રથી સંજ્ઞામાં अ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી भू ના ऊ ને ગુણ ओ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી शम्भवः આવો પ્રયોગ થાય છે. અર્થ- શ્રી સમ્ભવનાથ ભગવાન. नाम्नीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞામાં જ शम् + कृ ધાતુને अ પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે शं करोति આ અર્થમાં शम् + कृ ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય ન થવાથી 'हेतुतच्छील० ५-१-१०3' થી સ્ત્રીલિંગમાં ट પ્રત્યય વગેરે કાર્ય થવાથી शङ्करी दीक्षा આવો પ્રયોગ થાય છે. અર્થ- કલ્યાણનું કારણ દીક્ષા છે. ॥१३४॥

### पार्श्वादिभ्यः शीङः ५।१।१३५॥

पार्श्वादि ગણપાઠમાંના पार्श्व વગેરે નામથી પરમાં રહેલા शी ધાતુને (કર્ત્તામાં) अ પ્રત્યય થાય છે. पार्श्वाभ्यां शेते આ અર્થમાં पार्श्व+शी ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી शी ધાતુના ई ને ગુણ ~~ओ~~ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ વગેરે કાર્ય થવાથી पार्श्वशयः આવો પ્રયોગ થાય છે. અર્થ- પડખે સૂનાર. ॥૧૩૫॥

### ऊर्द्ध्वादिभ्यः कर्तुः ५।१।१३६॥

કર્તૃવાચક ऊर्द्ध्वादि ગણપાઠમાંના ऊर्द्ध्व વગેરે નામથી પરમાં રહેલા

शी ધાતુને अ પ્રત્યય થાય છે. ऊर्द्ध्वः शेते આ અર્થમાં ऊर्द्ध्व+शी ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી शी ધાતુના ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી ऊर्द्ध्वशयः આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે ऊत्तानः शेते આ અર્થમાં ऊत्तान+शी ધાતુને આ સૂત્રથી अ પ્રત્યયાદિ કાર્ય થવાથી ऊत्तानशयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઊભો સૂનાર. ધાવણું બાળક. ॥૧૩૬॥

**आधारात् ५।१।१३७॥**

આધારવાચક નામથી પરમાં રહેલા शी ધાતુને કર્ત્તામાં अ પ્રત્યય થાય છે. खे शेते આ અર્થમાં ख+शी ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી शी ધાતુના ई ને ગુણ ए આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસ વગેરે કાર્ય થવાથી खशयः આવો પ્રયોગ થાય છે. અર્થ - આકાશમાં સૂનાર. ॥૧૩૭॥

**चरेष्टः ५।१।१३८॥**

આધારવાચક નામથી પરમાં રહેલા चर् ધાતુને ट (अ) પ્રત્યય થાય છે. कुरुषु चरति આ અર્થમાં कुरु + चर् ધાતુને આ સૂત્રથી ट (अ) પ્રત્યય. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસ. कुरुचर નામને સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી कुरुचरी આવો પ્રયોગ થાય છે. અર્થ - કુરુદેશમાં ફરનારી. ॥૧૩૮॥

**भिक्षा - सेनाऽऽदायात् ५।१।१३९॥**

भिक्षा सेना અને आदाय નામથી પરમાં રહેલા चर् ધાતુને (કર્ત્તામાં) ट પ્રત્યય થાય છે. भिक्षां चरति; सेनां चरति અને आदाय

(गृहीत्वा) चरति આ અર્થમાં भिक्षा + चर्; सेना + चर् અને आदाय + चर् ધાતુને આ સૂત્રથી ट પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી નિષ્પન્ન भिक्षाचर નામને સ્ત્રીલિઙ્ગમાં ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી भिक्षाचरी सेनाचरः અને आदायचरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-ભિક્ષાને માંગનારી. સેનામાં ફરનાર. ગ્રહણ કરીને ચાલનાર.॥૧૩૯॥

## पुरोऽग्रतोऽग्रे सर्त्तेः ५।१।१४०॥

पुरस् अग्रतस् અને अग्रे નામથી પરમાં રહેલા सृ ધાતુને (કર્ત્તામાં) ट પ્રત્યય થાય છે. पुरः सरति अग्रतः सरति; અને अग्रे सरति આ અર્થમાં पुरस् + सृ; अग्रतस् + सृ અને अग्रे + सृ ધાતુને આ સૂત્રથી ट (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી सृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. पुरस्सर નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે पुरःसरी अग्रतःसरः અને अग्रेसरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- આગળ ચાલનારી. આગળ ચાલનાર. આગળ ચાલનાર. અહીં अग्रे - આ વિભક્તિપ્રતિરૂપક અવ્યય છે. સપ્તમ્યન્ત નામરૂપે જો अग्रे ની વિવક્ષા કરીએ તો સમાસમાં સપ્તમીનો अलुप् છે... ઈત્યાદિ અન્યત્રાનુસન્ધેય છે. ॥૧૪૦॥

## पूर्वात् कर्त्तुः ५।१।१४१॥

કર્તૃવાચક पूर्व નામથી પરમાં રહેલા सृ ધાતુને (કર્ત્તામાં) ट (अ) પ્રત્યય થાય છે. पूर्व + सृ (पूर्वः सरति-पूर्वो भूत्वा सरति) ધાતુને આ સૂત્રથી ट (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી सृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ વગેરે કાર્ય થવાથી पूर्वसरः

આવો પ્રયોગ થાય છે. અર્થ - પહેલો જાય છે.

कर्तुरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્તૃવાચક જ पूर्व નામથી પરમાં રહેલા सृ ધાતુને ट (अ) પ્રત્યય થાય છે. તેથી पूर्वं देशं सरति અહીં पूर्व નામ કર્તૃવાચક ન હોવાથી पूर्व + सृ ધાતુને આ સૂત્રથી ट (अ) પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ૫-૧-૭૨' થી अण् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને वृद्धि आर् આદેશ વગેરે કાર્ય થવાથી पूर्वसारः આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂર્વ દિશા તરફ જનાર.॥૧૪૧॥

### स्था - पा - स्ना - त्रः कः ५।१।१४२॥

નામમાત્રથી પરમાં રહેલા स्था पा, स्ना અને त्रै ધાતુને क (अ) પ્રત્યય થાય છે. सम् + स्था; कच्छ + पा; नदी + स्ना અને धर्म + त्रै ધાતુને આ સૂત્રથી क (अ) પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી त्रै ધાતુના ऐ ને आ આદેશ. 'इडेत्० ૪-૩-૯૪' થી क પ્રત્યયની પૂર્વેના અન્ત્ય आ નો લોપ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી અનુક્રમે समस्थः कच्छपः नदीष्णः (અહીં स्ना ના स् ને 'नि-नद्याः० ૨-૩-૨૦' થી ष् આદેશ વગેરે કાર્ય થયું છે.) અને धर्मत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સમાન ભૂમિમાં રહેનાર. કાચબો. નદી તરવામાં નિપુણ. ધર્મવડે બચાવનાર. ॥૧૪૨॥

### शोकापनुद - तुन्दपरिमृज - स्तम्बेरम - कर्णेजपं प्रियालस - हस्ति - सूचके ५।१।१४३॥

प्रिय अलस हस्ति અને सूचक અર્થમાં અનુક્રમે शोकापनुद तुन्दपरिमृज स्तम्बेरम અને कर्णेजप આ क પ્રત્યયાન્ત નામનું નિપાતન કરાય છે. शोकमपनुदति; तुन्दं परिमार्ष्टि; स्तम्बे रमति અને कर्णे जपति આ અર્થમાં

અનુક્રમે शोक + अप + नुद्; तुन्द + परि + मृज्; स्तम्बे + रम् તેમજ कर्णे + जप् ધાતુને આ-સૂત્રથી क પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી शोकापनुदः प्रियः; तुन्दपरिमृजोऽलसः; स्तम्बेरमो हस्ती અને कर्णेजपोऽतिखलः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શોકને દૂર કરનાર પ્રિયપુત્રાદિ. આળસુ. હાથી. ચાડી ખાનાર.

एष्विति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રિય વગેરે અર્થમાં જ शोकापनुद વગેરે क પ્રત્યયાન્ત નામનું નિપાતન કરાય છે. તેથી પ્રિય અર્થ ન હોય ત્યારે शोक + अप + नुद् ધાતુને આ સૂત્રથી क પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી नुद् ધાતુના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી शोकापनोदो धर्माचार्यः આવો પ્રયોગ થાય છે: અર્થ - ધર્માચાર્ય.॥१४३॥

## मूलविभुजादयः ५।१।१४४॥

શિષ્ટપ્રયોગાનુસાર क પ્રત્યયાન્ત मूलविभुज... વગેરે નામનું નિપાતન કરાય છે. मूला + वि + भुज् ધાતુને (मूलानि विभुजति) આ સૂત્રથી क પ્રત્યય તેમ જ कु + मुद् (कौ मोदते) ધાતુને આ સૂત્રથી क પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી मूलविभुजो रथः અને कुमुदं कैरवम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- રથ. કૈરવ- ફુલવિશેષ. ॥१४४॥

## दुहे र्डुघः ५।१।१४५॥

નામમાત્રથી પરમાં રહેલા दुह् ધાતુને આ સૂત્રથી डुघ (उघ) પ્રત્યય થાય છે. काम + दुह् (कामान् दुग्धे) ધાતુને આ સૂત્રથી डुघ પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી दुह् ધાતુના उह् નો લોપ. 'ङस्युक्तं० ३-१-

૪૯' થી સમાસ. कामदुघ નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી कामदुघा આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈષ્ટવસ્તુને આપનારી. ||૧૪૫||

### भजो विण् ५।१।१४६॥

નામમાત્રથી પરમાં રહેલા भज् ધાતુને विण् (૦) પ્રત્યય થાય છે. अर्द्ध + भज् ધાતુને (अर्द्धं भजते આ અર્થમાં) આ સૂત્રથી विण् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી अर्द्धभाक् આવો પ્રયોગ થાય છે. અર્થ - અર્દ્ધભાગનો અધિકારી. विण् પ્રત્યયનો સરૂપ क्विप् પ્રત્યય હોવાથી विण् પ્રત્યયના વિષયમાં क्विप् પ્રત્યય થતો નથી. ||૧૪૬||

### मन् - वन् - क्वनिप् - विच् क्वचित् ५।१।१४७॥

શિષ્ટપ્રયોગાનુસાર નામમાત્રથી પરમાં રહેલા ધાતુને मन् वन् क्वनिप् અને विच् પ્રત્યય થાય છે. इन्द्र + शृ (इन्द्रं शृणाति) ધાતુને આ સૂત્રથી मन् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસાદિ કાર્ય થવાથી इन्द्रशर्मा આવો પ્રયોગ થાય છે. वि + जन् ધાતુને આ સૂત્રથી वन् પ્રત્યય. 'वन्याङ्० ૪-૨-૬૫' થી जन् ના न् ને आ આદેશ... વગેરે કાર્ય થવાથી विजावा આવો પ્રયોગ થાય છે. सु + ध्यै ધાતુને આ સૂત્રથી क्वनिप् (वन्) પ્રત્યય. ऐ ને 'आत् सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશ. सु + ध्या + वन् આ અવસ્થામાં 'यजादि० ૪-૧-૭૯' થી या ને इ આદેશ. 'दीर्घम० ૪-૧-૧૦૩' થી इ ને દીર્ઘ ई આદેશ.. વગેરે કાર્ય થવાથી सुधीवा આવો પ્રયોગ થાય છે. શુભમ્ + या ધાતુને આ સૂત્રથી विच् (૦) પ્રત્યય. વગેરે કાર્ય થવાથી शुभम्याः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ -ઈન્દ્રશર્મા નામની વ્યક્તિ.

ઉત્પન્ન કરનાર. સારું ધ્યાન કરનાર. કલ્યાણ પ્રાપ્ત કરનાર. સૂત્રમાં मनूवन् ... क्वचित् આ પ્રમાણે क्वचित् નું ગ્રહણ હોવાથી કેવલ शृ વગેરે ધાતુને પણ આ સૂત્રથી मन् વગેરે પ્રત્યય થાય છે. જેથી शर्म वर्म धीवा ... વગેરે પ્રયોગો થાય છે. ॥૧૪૭॥

## क्विप् ૫।૧।૧૪૮॥

નામથી પરમાં રહેલા ધાતુને લક્ષ્યાનુસાર (શિષ્ટપ્રયોગાનુસાર) क्विप् પ્રત્યય થાય છે. उखा + स्रंस् (उखया स्रंसते) ધાતુને આ સૂત્રથી क्विप् (૦) પ્રત્યય. 'नो व्यञ्जन० ४-२-४५' થી स्रंस् ના न् નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી उखास्रत् આવો પ્રયોગ થાય છે. અર્થ - થાળીથી પડનાર. ॥૧૪૮॥

## स्पृशो ऽनुदकात् ૫।૧।૧૪૯॥

उदक નામને છોડીને અન્ય નામથી પરમાં રહેલા स्पृश् ધાતુને क्विप् પ્રત્યય થાય છે. घृत + स्पृश् (घृतं स्पृशति) ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'ऋत्विज् - दिश्० २-१-६९' થી श् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી घृतस्पृक् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘીને સ્પર્શનાર. अनुदकादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उदक નામથી ભિન્ન જ નામથી પરમાં રહેલા स्पृश् ધાતુને क्विप् પ્રત્યય થાય છે. તેથી उदक + स्पृश् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય ન થવાથી 'कर्मणो ऽण् ५-१-७२' થી अण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી स्पृश् ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી उदकस्पर्शः આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીને સ્પર્શનાર. અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં 'अनुदकात्' આ નિર્દેશમાં પર્યુદાસનઞ્ની વિવક્ષા હોવાથી उदक ભિન્ન પણ उदक સદૃશ જ નામ

ગૃહીત છે. તેથી उपस्पृशति અહીં उप + स्पृश् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય થતો નથી. ॥૧૪૯॥

## अदोऽनन्नात् ५।१।१५०॥

अन्न નામને છોડીને અન્ય નામમાત્રથી પરમાં રહેલા अद् ધાતુને क्विप् (૦) પ્રત્યય થાય છે. आम + अद् (आममत्ति) ધાતુને આ સૂત્રથી क्विप् (૦) પ્રત્યયાદિ કાર્ય થવાથી आमात् આવો પ્રયોગ થાય છે. અર્થ- કાચું અન્ન ખાનાર. अनन्नादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्न નામથી ભિન્ન જ નામમાત્રથી પરમાં રહેલા अद् ધાતુને क्विप् (૦) પ્રત્યય થાય છે. તેથી अन्न + अद् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય ન થવાથી 'कर्मणो ऽ ण् ५-१-७२' થી अण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अन्नादः આવો પ્રયોગ થાય છે. અર્થ - અન્ન ખાનાર. આ સૂત્રના વિષયમાં (आमात् ... ઈત્યાદિ સ્થળે) સામાન્યતઃ 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય સિદ્ધ જ હતો, પરન્તુ अन्न + अद् ધાતુને क्विप् પ્રત્યયના નિષેધ માટે આ સૂત્રનું પ્રણયન છે. 'वहुलम् ५-१-२' થી પ્રવર્ત્તમાન બહુલાધિકારના કારણે कणादः ઈત્યાદિ સ્થળે પ્રાપ્ત પણ क्विप् પ્રત્યય થતો નથી... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૧૫૦॥

## क्रव्यात्-क्रव्यादावाम-पक्वादौ ५।१।१५१॥

આમ (કાચું) માંસ ખાનાર અર્થમાં क्विप् પ્રત્યયાન્ત क्रव्यात् નામનું તેમ જ પક્વ (રાંધેલું) માંસ ખાનાર અર્થમાં ण (अ) પ્રત્યયાન્ત क्रव्याद નામનું નિપાતન કરાય છે. क्रव्य + अद् (क्रव्यमत्ति) ધાતુને આ સૂત્રથી क्विप् (૦) અને ण (अ) પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ. ण પ્રત્યયની પૂર્વેના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી ક્રમશઃ क्रव्यात् - आममांसभक्षः અને क्रव्यादः

पक्वमांसभक्षः આવો પ્રયાગ થાય છે. અર્થક્રમશઃ- કાચું માંસ ખાનાર. પાકું માંસ ખાનાર. ॥૧૫૧॥

**त्यदाद्यन्य - समानादुपमानाद् व्याप्ये दृशः टक्-सकौ च ५।१।१५२॥**

सर्वादि ગણપાઠમાંના વ્યાપ્યવાચક त्यद् तद् यद् વગેરે (જુઓ સૂ.નં. ૧-૪-૭) તેમજ अन्य અને समान - આ ઉપમાનવાચક નામથી પરમાં રહેલા दृश् ધાતુને ઉપમેય સ્વરૂપ વ્યાપ્ય-કર્મ અર્થમાં टक् सक् અને क्विप् પ્રત્યય થાય છે. स्य इव दृश्यते આ અર્થમાં त्यद् + दृश् ધાતુને; अन्य इव दृश्यते આ અર્થમાં अन्य + दृश् ધાતુને તેમજ समान इव दृश्यते આ અર્થમાં समान + दृश् ધાતુને આ સૂત્રથી टक् (अ) પ્રત્યય. 'अन्यत० ३-२-१५२' થી त्यद् ના द् ને અને अन्य ના અન્ત્ય अ ને आ આદેશ. 'दृक्-दृश-दृक्षे ३-२-१५१' થી समान ને स આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ त्यादृशः अन्यादृशः અને सदृशः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી टक् પ્રત્યયના બદલે, सक् પ્રત્યય (स પ્રત્યય) થાય ત્યારે 'यजसृज० २-१-८७' થી दृश् ધાતુના श् ને ष् આદેશ. 'षढोः० २-१-६२' થી ष् ને क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી सक् ના स् ને ष् આદેશ... વગેરે કાર્ય થવાથી त्यादृक्षः अन्यादृक्षः અને सदृक्षः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે આ સૂત્રથી टक् અને सक् પ્રત્યયની જેમ જ્યારે क्विप् પ્રત્યય થાય ત્યારે 'ऋत्विज्० २-१-६९' થી दृश् ના श् ને ग् આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે त्यादृक् अन्यादृक् અને सदृक् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેના જેવો (દેખાય છે.) બીજા જેવો. (દેખાય છે.) સમાન જેવો. (દેખાય છે.) અહીં તે બીજો અને સરખો - એ ઉપમાન સ્વરૂપ વ્યાપ્ય- કર્મ છે. અને જે દેખાય છે- તે વ્યાપ્ય સ્વરૂપ કર્મ ઉપમેય છે.

व्याप्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યાપ્યવાચક જ ત્યદાદિ તેમજ अन्य અને समान આ ઉપમાનવાચક નામથી પરમાં

રહેલા दृश् ધાતુને ઉપમેય સ્વરૂપ વ્યાપ્ય અર્થમાં टक् सक् અને क्विप् પ્રત્યય થાય છે. તેથી तेनेव दृश्यते અહીં કરણ સ્વરૂપ ઉપમાન વાચક तद् નામથી પરમાં રહેલા दृश् ધાતુને આ સૂત્રથી टक् सक् અથવા क्विप् પ્રત્યય થતો નથી. અર્થ - જાણે તેનાથી દેખે છે. ॥૧૫૨॥

## कर्तुर्णिन् ૫।૧।૧૫૩॥

ર્તાસ્વરૂપ ઉપમાનવાચક નામથી પરમાં રહેલા ધાતુને णिन् (इन्) પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. उष्ट्र इव क्रोशति આ અર્થમાં उष्ट्र + क्रुश् ધાતુને આ સૂત્રથી णिन् (इन्) પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસ વગેરે કાર્ય થવાથી उष्ट्रक्रोशी આવો પ્રયોગ થાય છે. અર્થ - ઊંટની જેમ અવાજ કરનાર.॥૧૫૩॥

## अजातेः शीले ૫।૧।૧૫૪॥

જાતિવાચક નામને છોડીને અન્ય નામમાત્રથી પરમાં રહેલા શીલાર્થક - સ્વભાવાર્થક ધાતુને णिन् પ્રત્યય થાય છે. उष्णं भुङ्क्ते इत्येवंशीलः આ અર્થમાં उष्ण + भुज् ધાતુને આ સૂત્રથી णिन् (इन्) પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી भुज् ધાતુના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી उष्णभोजी આવો પ્રયોગ થાય છે. અર્થ- ગરમ ખાવાનો છે સ્વભાવ જેનો તે. अजातेः અહીં પર્યુદાસનञ્ની વિવક્ષા ન હોવાથી જાતિવાચક નામથી ભિન્ન પણ જાતિવાચક નામ જેવું (સત્ત્વવાચક - અવ્યયભિન્ન) નામ હોવું જોઈએ- એવો નિયમ નથી. તેથી प्र + स्था ધાતુને (प्रतिष्ठित इत्येवंशीलः) આ સૂત્રથી णिन् પ્રત્યય. 'आत० ૪-૩-૫૩' થી आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી प्रस्थायी આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રસ્થાન કરવાના સ્વભાવવાળો.

अजातेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક નામને છોડીને જ અન્ય નામમાત્રથી પરમાં રહેલા શીલાર્થક ધાતુને णिन् પ્રત્યય થાય છે. તેથી शालीन् भोक्ता અહીં જાતિવાચક शालि નામથી પરમાં રહેલા भुजं ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય ન થવાથી 'तृन् शील० ५-२-२७' થી तृन् (तृ) પ્રત્યય ... વગેરે કાર્ય થવાથી भोक्ता આવો પ્રયોગ થાય છે. અર્થ - અનાજ ખાવાના સ્વભાવવાળો. शील इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અજાતિવાચક નામથી પરમાં રહેલા શીલ - સ્વભાવાર્થક જ ધાતુને णिन् પ્રત્યય થાય છે. તેથી સ્વભાવ અર્થ ન હોય ત્યારે उष्ण + भुज् ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય ન થવાથી 'कर्मणो० ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી उष्णभोजो मन्दः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉષ્ણ ખાનાર મૂર્ખ. ॥१५४॥

**साधौ ५।१।१५५॥**

નામથી પરમાં રહેલા સાધ્વર્થક ધાતુને (કર્ત્તામાં) णिन् પ્રત્યય થાય છે. साधु करोति આ અર્થમાં साधु + कृ ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ વગેરે કાર્ય થવાથી साधुकारी આવો પ્રયોગ થાય છે. અર્થ- સારું કરનાર. બહુલાધિકાર ચાલુ હોવાથી साधु वादयति साधु गायति ... ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી णिन् પ્રત્યય થતો નથી. ... એ યાદ રાખવું. ॥१५५॥

**ब्रह्मणो वदः ५।१।१५६॥**

ब्रह्मन् નામથી પરમાં રહેલા वद् ધાતુને णिन् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. ब्रह्म ब्रह्माणं वा वदति આ અર્થમાં ब्रह्मन् + वद् ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી वद् ના अ ને વૃદ્ધિ आ

આદેશ વગેરે કાર્ય થવાથી ब्रह्मवादी આવો પ્રયોગ થાય છે. અર્થ- વેદ બોલનાર. ॥૧૫૬॥

## व्रताऽऽभीक्ष्ण्ये ५।१।१५७॥

व्रत અને आभीक्ष्ण्य અર્થ ગમ્યમાન હોય તો નામમાત્રથી પરમાં રહેલા ધાતુને णिन् પ્રત્યય થાય છે. શાસ્ત્રાનુસાર નિયમને व्रत કહેવાય છે. અને વારંવાર અર્થને आभीक्ष्ण्य કહેવાય છે. स्थण्डिल +वृत् (स्थण्डिले वर्त्तते) ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી वृत् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ આદિ કાર્ય થવાથી स्थण्डिलवर्त्ती આવો પ્રયોગ થાય છે. અર્થ - નિરવદ્ય ભૂમિમાં રહેનાર વ્રતી. क्षीर + पा (पुनः पुनः क्षीरं पिबन्ति) ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'आत ऐः० ४-३-५३' થી पा ના आ ને ऐ આદેશ. 'वोत्तर० २-३-७५' થી णिन् ના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી क्षीरपायिण उशीनराः આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર દુધ પીનારા ઓરિસાના માણસો. ॥૧૫૭॥

## करणाद् यजो भूते ५।१।१५८॥

કરણવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક यज् ધાતુને (કર્ત્તામાં) णिन् પ્રત્યય થાય છે. अग्निष्टोम + यज् (अग्निष्टोमेनेष्टवान्) ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી यज् ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી अग्निष्टोमयाजी આવો પ્રયોગ થાય છે. અર્થ - અગ્નિના સમુદાયથી યજ્ઞ કર્યો. ॥૧૫૮॥

## निन्द्ये व्याप्यादिन् विक्रयः ५।१।१५९॥

વ્યાપ્યવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક वि + क्री ધાતુને इन् પ્રત્યય નિન્દનીય કર્ત્તામાં થાય છે. सोम + वि + क्री (सोमं विक्रीतवान्) ધાતુને આ સૂત્રથી इन् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી क्री ના ई ને ગુણ ए આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી सोमविक्रयी આવો પ્રયોગ થાય છે. અર્થ - સોમરસ વેચ્યો. निन्द्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દ્ય જ કર્ત્તામાં વ્યાપ્યવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક वि + क्री ધાતુને इन् પ્રત્યય થાય છે. તેથી धान्यं विक्रीतवान् અહીં નિન્દ્ય કર્ત્તા ન હોવાથી આ સૂત્રથી धान्य + वि + क्री ધાતુને इन् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યય વગેરે કાર્ય થવાથી धान्यविक्रायः આવો પ્રયોગ થાય છે. અર્થ - અનાજ વેચ્યું. અહીં સોમરસ વેચવો - એ નિન્દનીય મનાય છે, તેથી કર્ત્તા નિન્દ્ય મનાય છે. ॥૧૫૯॥

## हनो णिन् ५।१।१६०॥

વ્યાપ્યવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક हन् ધાતુને નિન્દ્ય કર્ત્તામાં णिन् પ્રત્યય થાય છે. पितृ+हन् (पितरं हतवान्) ધાતુને આ સૂત્રથી णिन् પ્રત્યય. 'ञ्णिति० ४-३-१००' થી हन् ને घात् આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ વગેરે કાર્ય થવાથી पितृघाती આવો પ્રયોગ થાય છે. અર્થ - પિતાની હત્યા કરી છે જેણે તે. ॥૧૬૦॥

## ब्रह्म - भ्रूण - वृत्रात् क्विप् ५।१।१६१॥

ब्रह्मन् भ्रूण અને वृत्र - આ કર્મવાચક નામથી પરમાં રહેલ ભૂતકાલાર્થક हन् ધાતુને क्विप् (०) પ્રત્યય થાય છે. ब्रह्माणं भ्रूणं वृत्रं

વા हतवान् આ અર્થમાં અનુક્રમે ब्रह्मन्+हन् भ्रूण+हन् અને वृत्र+हन् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષ-સમાસ વગેરે કાર્ય થવાથી અનુક્રમે ब्रह्महा भ्रूणहा અને वृत्रहा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બ્રાહ્મણને માર્યો. ગર્ભહત્યા કરી. વૃત્રાસુરને માર્યો.

અહીં એ સમજી લેવું જોઈએ કે ब्रह्महा... ઈત્યાદિ સ્થળે 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય સિદ્ધ જ હોવા છતાં આ સૂત્રથી क्विप् પ્રત્યયનું વિધાન નીચે જણાવેલા ચાર પ્રકારના નિયમ માટે છે. કર્મવાચક ब्रह्मन् भ्रूण અને वृत्र આ જ નામથી પરમાં રહેલા (અન્ય નામથી પરમાં રહેલા નહિ) ભૂતકાલાર્થક हन् ધાતુને क्विप् પ્રત્યય થાય છે. કર્મવાચક ब्रह्मन् भ्रूण અને वृत्र નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક हन् ધાતુને જ (અન્ય ધાતુને નહિ) क्विप् પ્રત્યય થાય છે. કર્મવાચક ब्रह्मन् भ्रूण અને वृत्र નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક हन् ધાતુને क्विप् પ્રત્યય જ (અન્ય પ્રત્યય નહિ) થાય છે. અને કર્મવાચક ब्रह्मन् भ्रूण અને वृत्र નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક જ (અન્ય કાલાર્થક નહિ) हन् ધાતુને क्विप् પ્રત્યય થાય છે. - આ ચાર નિયમના કારણે અનુક્રમે पुरुषं हतवान् આ અર્થમાં पुरुषघातः; ब्रह्माधीतवान् આ અર્થમાં ब्रह्माध्यायः; ब्रह्माणं हतवान् આ અર્થમાં ब्रह्महा અને ब्रह्माणं हन्ति हनिष्यति वा આ અર્થમાં ब्रह्मघातः... ઈત્યાદિ પ્રયોગો ઉપપન્ન છે. નિયમના સ્વરૂપ ઉપરથી નિયમ્યસૂત્રના અર્થમાં જે રીતે સંકોચ થાય છે - એ સ્વરૂપ સ્પષ્ટપણે સમજી શકાય છે. पुरुषघातः ઈત્યાદિ સ્થળે क्विप् પ્રત્યય ન થવાથી 'कर्मणोऽण् ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થાય છે.... ॥૧૬૧॥

## कृगः सु - पुण्य - पाप - कर्म - मन्त्र - पदात् ५।१।१६२॥

सु નામથી પરમાં રહેલા તેમજ કર્મવાચક पुण्य पाप कर्म मन्त्र અને

पद નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક कृ ધાતુને क्विप् પ્રત્યય થાય છે. सु+कृ (सुष्ठु कृतवान्); पुण्य + कृ; पाप + कृ; कर्मन् + कृ; मन्त्र + कृ અને पद + कृ (पुण्यं पापं कर्म मन्त्रं पदं वा कृतवान्) ધાતુને આ સૂત્રથી क्विप् (०) પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી क्विप् ની પૂર્વે त् નો આગમ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી સમાસ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ सुकृत् पुण्यकृत् पापकृत् कर्मकृत् मन्त्रकृत् અને पदकृत् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારું કર્યું. પુણ્ય કર્યું. પાપ કર્યું. કર્મ કર્યું. મંત્ર કર્યો. પદ કર્યું.

આ સૂત્ર પણ ત્રણ પ્રકારના નિયમ માટે બનાવ્યું છે. सु અને કર્મવાચક पुण्य पाप कर्म मन्त्र અને पद નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક कृ ધાતુને જ (બીજા ધાતુને નહિ) क्विप् પ્રત્યય થાય છે. આ નિયમથી मन्त्रमधीतवान् આ અર્થમાં मन्त्र+अधि+इ ધાતુને 'क्विप् ५-१-१४८' થી क्विप् પ્રત્યય ન થવાથી 'कर्मणो० ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી मन्त्राध्यायः આવો પ્રયોગ થાય છે. सु અને કર્મવાચક पुण्य पाप कर्म मन्त्र અને पद નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક જ (અન્યકાલાર્થક નહિ) कृ ધાતુને क्विप् પ્રત્યય થાય છે. આ નિયમથી मन्त्रं करोति करिष्यति वा આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય ન થવાથી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી मन्त्रकारः આવો પ્રયોગ થાય છે. सु અને કર્મવાચક पुण्य पाप कर्म मन्त्र અને पद નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક कृ ધાતુને क्विप् પ્રત્યય જ (અન્ય પ્રત્યય નહિ) થાય છે. આ નિયમથી कर्म कृतवान् આ અર્થમાં આ સૂત્રથી कर्मन्+कृ ધાતુને क्विप् પ્રત્યય જ થાય છે. તેથી कर्मकृत् આવો પ્રયોગ થાય છે, कर्मकारः આવો પ્રયોગ થતો નથી. આ પ્રમાણે આ સૂત્રથી ત્રણ નિયમ થાય છે. પરન્તુ सु તેમજ કર્મવાચક पुण्य पाप... ઈત્યાદિ જ (બીજા નહિ) નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક कृ ધાતુને क्विप् પ્રત્યય થાય છે - આવો નિયમ થતો નથી. જેથી शास्त्रकृत् भाष्यकृत् ઈત્યાદિ સ્થળે 'क्विप् ५-१-१४८' થી क्विप्

પ્રત્યય થાય છે...॥૧૬૨॥

## सोमात् सुगः ५।१।१६३॥

કર્મવાચક सोम નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક सु ધાતુને (૧૨૮૬) क्विप् પ્રત્યય (કર્ત્તામાં) થાય છે. सोमं सुतवान् આ અર્થમાં सोम+सु ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી क्विप् પ્રત્યયની પૂર્વે त् નો આગમ વગેરે કાર્ય થવાથી सोमसुत् આવો પ્રયોગ થાય છે. અર્થ- સોમરસ કાઢ્યો.

આ સૂત્રથી પણ ચાર નિયમ થાય છે. કર્મવાચક सोम જ નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક सु ધાતુને क्विप् પ્રત્યય થાય છે. તેથી सुरां सुतवान् આ અર્થમાં सुरा+सु ધાતુને क्विप् પ્રત્યય ન થવાથી 'कर्मणो० ५-१-७२' થી अण् પ્રત્યયાદિ કાર્ય થવાથી सुरासावः આવો પ્રયોગ થાય છે. કર્મવાચક सोम નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક सु ધાતુને જ क्विप् પ્રત્યય થાય છે. તેથી सोमं पीतवान् આ અર્થમાં सोम+पा ધાતુને क्विप् પ્રત્યય ન થવાથી 'मन्-वन्० ५-१-१४७' થી विच् પ્રત્યયાદિ કાર્ય થવાથી सोमपाः આવો પ્રયોગ થાય છે. કર્મવાચક सोम નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક જ सु ધાતુને क्विप् પ્રત્યય થાય છે. આવા નિયમથી सोमं सुनोति सोष्यति वा આ અર્થમાં सोमसावः આવો પ્રયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. કર્મવાચક सोम નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક सु ધાતુને क्विप् પ્રત્યય જ થાય છે. આ નિયમથી सोमं सुतवान् આ અર્થમાં सोमसुत् આવો જ પ્રયોગ થાય છે. પરન્તુ सोमसावः આવો પ્રયોગ થતો નથી. ॥૧૬૩॥

## अग्नेश्चेः ५।१।१६४॥

વ્યાપ્ય - કર્મવાચક અગ્નિ નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક चि ધાતુને क्विप् પ્રત્યય થાય છે. अग्निं चितवान् આ અર્થમાં अग्नि+चि ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. 'ह्स्वस्य तः० ४-४-११३' થી क्विप् પ્રત્યયની પૂર્વે त् નો આગમ... વગેરે કાર્ય થવાથી अग्निचित् આવો પ્રયોગ થાય છે. અર્થ- જેણે અગ્નિ ભેગો કર્યો છે તે. આ સૂત્રથી પણ પૂર્વે જણાવ્યા મુજબ (જુઓ સૂ.નં. ५-१-१६३) ચાર પ્રકારના નિયમ થાય છે. તેથી कुड्यचायः; अग्निकारः; अग्निं चिनोति चेष्यति वा આ અર્થમાં अग्निचायः આ પ્રયોગ ઉપપન્ન થાય છે. અને अग्निं चितवान् આ અર્થમાં अग्निचायः આવો પ્રયોગ થતો નથી... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ॥१६४॥

## कर्मण्यग्न्यर्थे ५।१।१६५॥

કર્મવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક चि ધાતુને સમાસાર્થ-चि ધાતુનું કર્મ अग्नि હોય તો क्विप् પ્રત્યય થાય છે. श्येन इव चीयते स्म આ અર્થમાં श्येन+चि ધાતુને આ સૂત્રથી क्विप् (०) પ્રત્યય. 'ह्स्वस्य० ४-४-११३' થી क्विप् ની પૂર્વે त् નો આગમ ... વગેરે કાર્ય થવાથી श्येनचित् આવો પ્રયોગ થાય છે. અર્થ- બાજ પક્ષીની જેમ ભેગો કરાએલ અગ્નિ. ॥१६५॥

## दृशः क्वनिप् ५।१।१६६॥

વ્યાપ્ય - કર્મવાચક નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક दृश् ધાતુને क्वनिप् (वन्) પ્રત્યય થાય છે. बहु दृष्टवान् આ અર્થમાં बहु+दृश् ધાતુને આ સૂત્રથી क्वनिप् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ

કાર્ય થવાથી बहुदृश्वा આવો પ્રયોગ થાય છે. અર્થ- ઘણું જોયું છે જેણે તે. बहुदृश्वा.... ઈત્યાદિ સ્થળે 'मनूवन्० ૫-૧-૧૪૭' થી क्वनिप् પ્રત્યય સિદ્ધ હોવા છતાં ભૂતકાળમાં આ સૂત્રના વિષયમાં अण् વગેરે પ્રત્યય ન થાય - એ માટે આ સૂત્રનું પ્રણયન છે. ॥૧૬૬॥

## सह-राजभ्यां कृग्-युधेः ૫।૧।૧૬૭॥

સહ શબ્દથી પરમાં રહેલા તેમજ કર્મવાચક राजन् નામથી પરમાં રહેલા कृ અને युध् ધાતુને क्वनिप् પ્રત્યય થાય છે. सह कृतवान्, सह योधितवान् राजानं कृतवान् અને राजानं योधितवान् આ અર્થમાં सह+कृ, सह + युध्, राजन् + कृ અને राजन्+युध् ધાતુને આ સૂત્રથી क्वनिप् (वन्) પ્રત્યય. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી कृ ધાતુની પરમાં त् નો આગમ વગેરે કાર્ય થવાથી सहकृत्वा सहयुध्वा राजकृत्वा અને राजयुध्वा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સાથે કર્યું છે જેણે તે. સાથે યુદ્ધ કરાવ્યું છે જેણે તે. રાજાને કર્યો છે જેણે તે. રાજાને લઢાવ્યો છે જેણે તે. અહીં युध् ધાતુ અન્તર્ભૂતણ્યર્થક છે. આ સૂત્રના વિષયમાં પણ 'मनूवन्० ૫-૧-૧૪૭' થી क्वनिप् પ્રત્યય સિદ્ધ જ છે. પરન્તુ ભૂતાર્થમાં ઉપર જણાવ્યા મુજબ क्वनिप् પ્રત્યયને છોડીને અન્ય अण् વગેરે પ્રત્યય ન થાય- એ માટે આ સૂત્રનું પ્રણયન છે.॥૧૬૭॥

## अनो र्जनेर्डः ૫।૧।૧૬૮॥

કર્મવાચક નામથી પરમાં રહેલા अनु ઉપસર્ગપૂર્વક ભૂતકાલાર્થક जन् ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. पुमांसमनुजातः આ અર્થમાં पुम्स्+अनु+जन् ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી जन् ધાતુના अन् નો લોપ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'पदस्य

૨-૧-૮૯' થી स् નો લોપ વગેરે કાર્ય થવાથી पुमनुजः આવો પ્રયોગ થાય છે. અર્થ- પુરુષની પાછળ જન્મેલો. ।।૧૬૮।।

## सप्तम्याः ૫।૧।૧૬૯।।

સપ્તમ્યન્ત નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક जन् ધાતુને ड (अ) પ્રત્યય થાય છે. मन्दुरे जातः આ અર્થમાં मन्दुर+जन् ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી जन् ના अन् નો લોપ... વગેરે કાર્ય થવાથી मन्दुरजः આવો પ્રયોગ થાય છે. અર્થ- તબેલામાં ઉત્પન્ન કીડોવિશેષ. ।।૧૬૯।।

## अजातेः पञ्चम्याः ૫।૧।૧૭૦।।

જાતિવાચક નામને છોડીને અન્ય પઞ્ચમ્યન્ત નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક जन् ધાતુને ड પ્રત્યય થાય છે. बुद्धे र्जातः આ અર્થમાં बुद्धि+जन् ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० ૨-૧-૧૧૪' થી जन् ના अन् નો લોપ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી સમાસાદિ કાર્ય થવાથી बुद्धिजः આવો પ્રયોગ થાય છે. અર્થ- બુદ્ધિથી ઉત્પન્ન સંસ્કાર. अजातेरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જાતિવાચક નામને છોડીને જ અન્ય પઞ્ચમ્યન્ત નામથી પરમાં રહેલા ભૂતકાલાર્થક जन् ધાતુને ड પ્રત્યય થાય છે. તેથી गजात् जातः અહીં જાતિવાચક પઞ્ચમ્યન્ત गज નામથી પરમાં રહેલા जन् ધાતુને આ સૂત્રથી ड પ્રત્યય થતો નથી. जन् ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त પ્રત્યય. 'आः खनि० ૪-૨-૬૦' થી जन् ના न् ને आ આદેશ... વગેરે કાર્ય થવાથી जातः આવો પ્રયોગ થાય છે. અર્થ- હાથીથી ઉત્પન્ન થયેલ. ।।૧૭૦।।

## क्वचित् ५।१।१७१॥

ઉપર જણાવેલા સ્થળો સિવાય બીજા સ્થળે પણ શિષ્ટપુરુષોના પ્રયોગ મુજબ ધાતુને ड પ્રત્યય થાય છે. किम्+जन्; अनु+जन्; नञ्+जन्; स्त्री+जन्; ब्रह्मन्+ज्या; वर+आ+हन् અને आङ्+खन् ધાતુને આ સૂત્રથી ड (अ) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી जन् हन् અને खन् ધાતુના अन् નો લોપ; અને ज्या ના आ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. 'नञत् ३-२-१२५' થી नञ् ને अ આદેશ વગેરે કાર્ય થવાથી किञ्जः अनुजः अजः स्त्रीजः ब्रह्मज्यः, वराहः અને आखः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નકામો જન્મેલો. નાનો ભાઈ. બકરો. સ્ત્રીથી જન્મલો. બ્રહ્મમાં લીન. ભુંડ. જેણે ખોદ્યું છે તે. ॥૧૭૧॥

## सु-यजो ङ्वनिप् ५।१।१७२॥

ભૂતકાલાર્થક सु (૧૨૮૬) અને यज् ધાતુને (કર્ત્તામાં) ङ्वनिप् પ્રત્યય થાય છે. सुतवन्तौ અને इष्टवान् આ અર્થમાં सु અને यज् ધાતુને આ સૂત્રથી ङ्वनिप् (वन्) પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી सु ધાતુની પરમાં त् નો આગમ વગેરે કાર્ય થવાથી सुत्वानौ અને यज्वा આવો પ્રયોગ થાય છે. અર્થ- જેણે ઉત્પન્ન કર્યું છે તે બે. જેણે યજ્ઞ કર્યો છે તે.॥૧૭૨॥

## जॄषोऽतृः ५।१।१७३॥

ભૂતકાલાર્થક जॄष् (૧૧૪૫) ધાતુને (કર્ત્તામાં) अतृ (अत्) પ્રત્યય થાય છે. जीर्यति स्म આ અર્થમાં जॄ ધાતુને આ સૂત્રથી अतृ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ॠ ને ગુણ अर् આદેશથી નિષ્પન્ન जरत् નામને 'अधातू० २-४-२' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય... વગેરે કાર્ય થવાથી

जरती આવો પ્રયોગ થાય છે. અર્થ- વૃદ્ધ સ્ત્રી. ॥૧૭૩॥

**क्त - क्तवतू ५।१।१७४॥**

ભૂતકાલાર્થક ધાતુને क्त (त) અને क्तवतु (तवत्) પ્રત્યય થાય છે. क्रियते स्म અને करोति स्म આ અર્થમાં અનુક્રમે कृ ધાતુને આ સૂત્રથી क्त અને क्तवतु પ્રત્યય વગેરે કાર્ય થવાથી कृतः અને कृतवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કરાએલ. જેણે કર્યું છે તે. 'आरम्भे ૫-૧-૧૦' ના વિષયમાં આ સૂત્રથી જ क्त પ્રત્યય થાય છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી સમજવું જોઈએ ... ॥૧૭૪॥

अगणितपञ्चेषुबलः..... अगणितपञ्चेषुबलः = कर्णपक्षे - न गणितं पञ्चानां पाण्डवानां बलं येन सः; राजपक्षे - न गणितं पञ्चेषुबलं - कामदेवबलं येन स जितेन्द्रियः कामदेवादपि मनोहररूपो वा। पुरुषोत्तमचित्तविस्मयम् = कर्णपक्षे- श्रीकृष्णचित्तविस्मयम्; राजपक्षे- वीर-पुरुषचित्तविस्मयम्। रामोल्लासनमूर्तिः = कर्णपक्षे - रामः परशुरामः; राजपक्षे- रामा मनोहरा स्त्री; तदुल्लासनमूर्त्ति र्यस्य स श्रीकर्णः कर्ण इव जयति ॥

પાંચે ય પાંડવોના બાણના બળને જેણે ગણકાર્યું નથી; શ્રીકૃષ્ણના ચિત્તને આશ્ચર્ય પમાડતો અને પરશુરામને આનંદ પમાડનારી મૂર્તિ - આકૃતિ છે જેની એવા કર્ણની જેમ કામદેવથી પણ અધિક રૂપસમ્પન્ન, વીર પુરુષોના ચિત્તને આશ્ચર્ય પમાડનાર અને મનોહર સ્ત્રીઓને આનંદ પમાડનારી મૂર્ત્તિ - આકૃતિ છે જેની એવો શ્રીકર્ણ નામનો રાજા જય પામે છે...

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे ॥
॥ पञ्चमस्याध्यायस्य प्रथमः पादः ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते पञ्चमे ऽध्याये द्वितीयः पादः।

### श्रु-सद-वस्भ्यः परोक्षा वा ५।२।१॥

ભૂતકાલાર્થક श्रु सद् અને वस् ધાતુને પરોક્ષાના પ્રત્યયો વિકલ્પથી થાય છે. उप + श्रु ધાતુને આ સૂત્રથી પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી श्रु ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'नामिनो० ૪-૩-૫૧' થી श्रु ના उ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી उपशुश्राव આવો પ્રયોગ થાય છે. उप + सद् ધાતુને આ સૂત્રથી પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सद् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ञ्णिति ૪-૩-૫૦' થી सद् ના अ ને વૃદ્ધિ आ આદેશ. ... વગેરે કાર્ય થવાથી उपससाद આવો પ્રયોગ થાય છે. अनु + वस् ધાતુને આ સૂત્રથી પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ वस् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'यजादि० ૪-૧-૭૨' થી અભ્યાસમાં व ને उ આદેશ... વગેરે કાર્ય થવાથી अनूवास આવો પ્રયોગ થાય છે.

વિકલ્પપક્ષમાં આ સૂત્રથી परोक्षा નો પ્રત્યય ન થાય ત્યારે उप + श्रु ધાતુને 'अद्यतनी ૫-૨-૪' થી અદ્યતનીનો दि પ્રત્યય. द् ની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩' થી सिच् (स्) પ્રત્યય. 'अड्धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट् (अ). 'सः सिज० ૪-૩-૬૫' થી सिच् ની પરમાં ईत् (ई). 'सिचि पर० ૪-૩-૪૪' થી श्रु ના उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી उपाश्रौषीत् આવો પ્રયોગ થાય છે. उप + श्रु ધાતુને 'अनद्यत० ૫-૨-૭' થી હ્યસ્તની નો दिव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની પૂર્વે अट्. 'स्वादेः श्नुः ૩-૪-૭૫' થી दिव् ની પૂર્વે श्नु પ્રત્યય. 'श्रौतिकृवु० ૪-૨-૧૦૮' થી श्रु ધાતુને शृ આદેશ. 'उ-श्नोः ૪-૩-૨' થી नु ના उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી उपाशृणोत् આવો

પ્રયોગ થાય છે. उप + सद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો दि પ્રત્યય. ધાતુની પૂર્વે अट्. 'लृदिद्० ३-४-६४' થી दि ની પૂર્વે अङ् પ્રત્યય... વગેરે કાર્ય થવાથી उपासदत् આવો પ્રયોગ થાય છે. उप + सद् ધાતુને ह्यस्तनी નો दिव् પ્રત્યય. ધાતુની પૂર્વે अट्. 'कर्त्तर्य० ३-४-७१' થી ધાતુની પરમાં शव् પ્રત્યય. 'श्रौतिकृवु० ४-२-१०८' થી सद् ને सीद् આદેશ વગરે કાર્ય થવાથી उपासीदत् આવો પ્રયોગ થાય છે. अनु + वस् ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો दि પ્રત્યય. ધાતુની પૂર્વે अट्. दि ની પૂર્વે सिच्. તેની પરમાં ईत् (ई). 'व्यञ्जनाना० ४-३-४५' થી वस् ના अ ને वृद्धि आ આદેશ. 'सस्तः सि ४-३-९२' થી वस् ના स् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી अन्ववात्सीत् આવો પ્રયોગ થાય છે. अनु + वस् ધાતુને ह्यस्तनी નો दिव् પ્રત્યય. ધાતુની પૂર્વે अट्. ઉપર જણાવ્યા મુજબ दिव् ની પૂર્વે शव् પ્રત્યયાદિ કાર્ય થવાથી अन्ववसत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેણે સાંભળ્યું. તે દુઃખી થયો. તે પાછળથી રહ્યો.

અહીં એ યાદ રાખવું જોઈએ કે 'असरूप० ५-१-१६' થી અપવાદભૂત પરોક્ષાના સ્થાને વિકલ્પપક્ષમાં અદ્યતની થઈ શકે છે. તેમજ અપવાદભૂત હ્યસ્તનીના સ્થાને વિકલ્પપક્ષમાં ઉત્સર્ગભૂત પરોક્ષા થઈ શકે છે. તેથી આ સૂત્રમાં ઉપર જણાવ્યા મુજબ ત્રણે રૂપોની સિદ્ધિ માટે યદ્યપિ वा નું ઉપાદાન નિરર્થક છે. પરન્તુ वा ના ઉપાદાનથી એ સૂચિત થાય છે કે- વિભક્તિ તરીકે પ્રસિદ્ધ વર્ત્તમાનાદિના વિધાનમાં 'अस० ५-१-१६' થી વિકલ્પપક્ષમાં ઔત્સર્ગિક વિધિની (વિભક્તિવિધિની) પ્રાપ્તિ નથી. આથી જ 'स्मरसि साधो! स्वर्गे स्थास्यामः' અહીં 'अयदि० ५-२-९' થી વિહિત અપવાદભૂત ભવિષ્યન્તીના વિષયમાં વિકલ્પપક્ષમાં 'अनद्यतने० ५-२-७' થી ઔત્સર્ગિક હ્યસ્તનીનો પ્રયોગ થતો નથી. श्रुसदवस्भ्यः આ પ્રમાણે સૂત્રમાં બહુવચનનો નિર્દેશ હોવાથી 'परोक्षे ५-२-१२' ના અપવાદભૂત આ સૂત્રનો 'अनद्य० ५-२-७' આ સૂત્રથી બાધ નહિ થાય. ।।१।।

## तत्र क्वसु - कानौ तद्वत् ५।२।२॥

પરોક્ષામાત્રના વિષયમાં (ભૂતસામાન્યમાં નહિ) ધાતુની પરમાં क्वसु અને कान પ્રત્યય થાય છે. અને તે બંન્ને પ્રત્યયો પરોક્ષા- વિભક્તિ જેવા મનાય છે. અર્થાત્ પરોક્ષામાં જે રીતે ધાતુને દ્વિત્વાદિ થાય છે તેમ क्वसु અને कान પ્રત્યયની પૂર્વે રહેલા ધાતુને પણ તે રીતે દ્વિત્વાદિ કાર્ય થાય છે. श्रु ધાતુને આ સૂત્રથી क्वसु (वस्) પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી श्रु ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ.... વગેરે કાર્ય થવાથી शुश्रुवान् આવો પ્રયોગ થાય છે. सद् ધાતુને આ સૂત્રથી क्वसु પ્રત્યય. 'घसेक० ४-४-८२' થી वस् ની પૂર્વે इट्. 'अनादे० ४-१-२४' થી सद् ધાતુના अ ને ए આદેશ; અને सद् ને પ્રાપ્ત દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી सेदिवान् આવો પ્રયોગ થાય છે. वस् ધાતુને ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી क्वसु પ્રત્યય. वस् ધાતુની પરમાં इट्. वस् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. ववस्+इ+वस् આ અવસ્થામાં અભ્યાસમાં व ને 'यजादि० ४-१-७२' થી उ આદેશ. 'यजादि० ४-१-७९' થી वस् ના व ને उ આદેશ. 'घस्–वसः २-३-३६' થી वस् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી ऊषिवान् આવો પ્રયોગ થાય છે. पच् ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्वसु પ્રત્યયાદિ કાર્ય થવાથી 'सेदिवान्' ની જેમ पेचिवान् આવો પ્રયોગ થાય છે. ઉપર જણાવ્યા મુજબ पच् ધાતુને कान પ્રત્યય (आन પ્રત્યય). ઉપર જણાવ્યા મુજબ पच् ધાતુના अ ને ए આદેશ અને ધાતુને દ્વિત્વનો નિષેધ... વગેરે કાર્ય થવાથી पेचानः આવો પ્રયોગ થાય છે. **અર્થ ક્રમશઃ** -સાંભળ્યું. દુઃખી થયો. રહ્યો. રાંધ્યું. રાંધ્યું. સૂ. નં. ૫-૧-૧૫૮ થી ભૂતાર્થાધિકાર વર્ત્તમાન હોવા છતાં પરોક્ષામાત્રના જ ગ્રહણ માટે આ સૂત્રમાં तत्र પદનું ઉપાદાન છે. शुश्रु+वस् આ અવસ્થામાં वस् ની પૂર્વે 'घसेक० ४-४-८२' થી પ્રાપ્ત इट् નો 'ऋवर्ण्ण० ४-४-५७' થી નિષેધ થયો છે. क्वसु પ્રત્યય પરસ્મૈપદમાં જ થતો હોવાથી તે પ્રત્યય કર્ત્તામાં

જ થાય છે. कान પ્રત્યય આત્મનેપદનો હોવાથી કર્મમાં અને ભાવમાં પણ થાય છે. ।।૨।।

## वेयिवदनाश्वदनूचानम् ५।२।३।।

ભૂતસામાન્યમાં 'ईयिवस्'; 'अनाश्वद्' અને 'अनूचान' - આ क्वसु અને कान પ્રત્યયાન્ત નામનું વિકલ્પથી નિપાતન કરાય છે. सम् + इण् ધાતુને આ સૂત્રથી क्वसु પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી इ ને દ્વિત્વ. 'घसेक० ૪-૪-૮૨' થી क्वसु (वस्) પ્રત્યયની પૂર્વે इट्. 'इणः ૨-૧-૫૧' થી इ ધાતુને इय् આદેશ. ... વગેરે કાર્ય થવાથી समीयिवान् આવો પ્રયોગ થાય છે. नञ्+अश् ધાતુને આ સૂત્રથી क्वसु પ્રત્યય. નિપાતનના કારણે इट् ('घसेक० ૪-૪-૮૨' થી પ્રાપ્ત इट्) નો આ સૂત્રથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ अश् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'अस्यादे० ૪-૧-૬૮' થી અભ્યાસમાં अ ને आ આદેશ.... વગેરે કાર્ય થવાથી अनाश्वान् આવો પ્રયોગ થાય છે. अनु+वच् (ब्रू ધાતુને 'अस्तिं-ब्रुवो० ૪-૪-૧' થી वच् આદેશ) ધાતુને આ સૂત્રથી कान પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ वच् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં व ને 'यजादि० ૪-૧-૭૨' થી સમ્પ્રસારણ उ આદેશ. 'यजादि० ૪-૧-૭૯' થી वच् ધાતુના व ને य्वृत् उ આદેશ વગેરે કાર્ય થવાથી अनूचानः આવો પ્રયોગ થાય છે. નિપાતનના કારણે અહીં कान પ્રત્યય કર્ત્તામાં જ થાય છે. કર્ત્તાથી ભિન્ન અર્થ ભાવ - કર્મમાં તો क्त પ્રત્યયાદિ જ કાર્ય થવાથી अनूक्तम् વગેરે પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - પ્રાપ્ત કર્યું અથવા ગયો. ન ખાધું. પાછળથી બોલ્યો.

આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ईयिवस् વગેરે નામનું વિકલ્પથી જ નિપાતન કરાય છે. તેથી વિકલ્પપક્ષમાં યથાપ્રાપ્ત ह्यस्तनी अद्यतनी અને परोक्षा નો પણ પ્રયોગ થાય છે. इण् (इ) ધાતુને 'अद्यतनी ૫-૨-૪' થી

અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'सिजद्यतन्याम् ३-४-५३' થી सिच् પ્રત્યય. 'इणि० ४-४-२३' થી इण् ધાતુને गा આદેશ. 'पिबैति० ४-३-६६' થી सिच् નો લોપ .... વગેરે કાર્ય થવાથી अगात् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. उप+इण् ધાતુને 'अनद्यतने० ५-२-७' થી હ્યસ્તની નો दिव् પ્રત્યય. 'स्वरादे० ४-४-३१' થી इ ને વૃદ્ધિ ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી उपैत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે પ્રાપ્ત કર્યું. उप+इ ધાતુને પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ इ ને દ્વિત્વ. 'नामिनो० ४-३-५१' થી इ ધાતુને વૃદ્ધિ ऐ આદેશ. 'पूर्वस्या० ४-१-३७' થી અભ્યાસના इ ને इय् આદેશાદિ કાર્ય થવાથી उपेयाय આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કર્યું. नञ्+अश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે सिच् પ્રત્યય. अश् ના अ ને વૃદ્ધિ आ આદેશ. न+आश्+स्+त् આ અવસ્થામાં 'स्ताद्यशि० ४-४-३२' થી स् ની પૂર્વે इट्. 'सः सिज० ४-३-६५' થી सिच् ની પરમાં ईत्. 'इट ईति ४-३-७१' થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી नाशीत् આવો પ્રયોગ થાય છે. અર્થ- ન ખાધું. नञ् + अश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ હ્યસ્તનીનો दिव् પ્રત્યય. अश् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्र्यादेः ३-४-७९' થી दिव् ની પૂર્વે श्ना પ્રત્યય વગેરે કાર્ય થવાથી नाश्नात् આવો પ્રયોગ થાય છે. અર્થ- ન ખાધું. नञ्+अश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ પરોક્ષાનો णव् (अ) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ अश् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'अस्यादे० ४-१-६८' થી અભ્યાસમાં अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી नाश આવો પ્રયોગ થાય છે. અર્થ- ન ખાધું. अनु+वच् (ઉપર જણાવ્યા મુજબ ब्रू ને वच् આદેશ.) ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો दि પ્રત્યય. 'शास्त्य० ३-४-६०' થી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી वच् ની પૂર્વે अट्. 'श्वयत्य० ४-३-१०३' થી वच् ને वोच् આદેશ... વગેરે કાર્ય થવાથી अन्ववोचत् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાછળથી બોલ્યો. अनु+ब्रू ધાતુને ઉપર જણાવ્યા મુજબ

હ્યસ્તનીનો दिव् પ્રત્યય. ब्रू ની પૂર્વે अट्. 'ब्रूतः परादिः ४-३-६३' થી ब्रू ધાતુની પરમાં ईत् (ई) ... વગેરે કાર્ય થવાથી अन्वब्रवीत् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાછળથી બોલ્યો. अनु+वच् ધાતુને હ્યસ્તનીનો दिव् પ્રત્યય. वच् ધાતુની પૂર્વે अट्. 'व्यञ्जना० ४-३-७८' થી दिव् પ્રત્યયનો લોપ. 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશાદિ કાર્ય થવાથી अन्ववक् આવો પ્રયોગ થાય છે. અર્થ- પાછળથી બોલ્યો. अनु+वच् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ वच् ને દ્વિત્વ. અભ્યાસમાં च् નો લોપ. 'यजादि० ४-१-७२' થી અભ્યાસમાં व ને उ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી वच् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી अनूवाच આવો પ્રયોગ થાય છે. અર્થ- પાછળથી બોલ્યો. ॥૩॥

**अद्यतनी ५।२।४॥**

ભૂતકાલાર્થક ધાતુને અદ્યતની - વિભક્તિનો પ્રત્યય થાય છે. कृ ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો दि પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. 'सिजद्य० ३-४-५३' થી दि ની પૂર્વે सिच्. अ+कृ+स्+त् આ અવસ્થામાં त् ની પૂર્વે 'सः सिज० ४-३-६५' થી ईत् (ई). 'सिचि परस्मै० ४-३-४४' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५' થી स् ને ष् આદેશ થવાથી अकार्षीत् આવો પ્રયોગ થાય છે. અર્થ- કર્યું. ॥૪॥

**विशेषाऽविवक्षाव्यामिश्रे ५।२।५॥**

ह्यस्तनी તથા परोक्षा ની અવિવક્ષામાં તેમ જ अद्यतनी ની સાથે ह्यस्तनी કે परोक्षा નું વ્યામિશ્રણ હોય તો भूतकालार्थक ધાતુને અદ્યતનીનો પ્રત્યય થાય છે. અદ્યતનીના વિષયની સાથે ह्यस्तनी કે परोक्षा ના

વિષયમાં એક પ્રયોગ હોય ત્યારે વ્યામિશ્રણ મનાય છે. "रामो वनमगमत्" અહીં રામચન્દ્રજીનું વનગમન પરોક્ષ હોવા છતાં परोक्षा ની અવિવક્ષામાં આ સૂત્રથી गम् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'लृदिद्० ३-४-६४' થી दि ની પૂર્વે अङ् પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट् થવાથી अगमत् આવો પ્રયોગ થાય છે. અર્થ- રામચન્દ્રજી વનમાં ગયા. "अद्य ह्यो वाऽभुक्ष्महि" અહીં अद्य અને ह्यस् પદથી ગમ્ય અદ્યતની અને હ્યસ્તનીના વ્યામિશ્રણમાં भुज् ધાતુને અદ્યતનીનો महि પ્રત્યય. 'अड् धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. 'सिजद्यत० ३-४-५३' થી महि પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. 'स्ताद्य० ४-४-३२' થી सिच् ની પૂર્વે વિહિત इट् નો 'एकस्व० ४-४-५६' થી નિષેધ. 'सिजाशि० ४-३-३५' થી અનિટ્ सिच् ને किद्वद् ભાવ થવાથી भुज् ધાતુના उ ને ગુણ ओ આદેશ થતો નથી. તેથી 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી अभुक्ष्महि આવો પ્રયોગ થાય છે. અર્થ- આજે અથવા કાલે અમે ખાધું. ।।૫।।

## रात्रौ वसोऽन्त्ययामास्वप्तर्यद्य ५।२।६॥

શાસ્ત્રાનુસાર ઉઠવાના સમય રાત્રિના ચોથા પ્રહરથી લઈને ઉઘવાના સમય રાત્રિના બીજા પ્રહરના પ્રારંભ સુધીનો કાલ, અથવા જ્યારે તારીખ બદલાય છે - તે મધ્યરાત્રિથી બીજી મધ્યરાત્રિ સુધીનો જે કાલ છે તે બંન્ને કાલને अनद्यतन કાલ કહેવાય છે. આ બંન્ને પ્રકારના અનદ્યતન કાલને અનુસરી રાત્રિના અન્તિમ-ચોથા પ્રહરમાં, રાતના પૂર્વાર્દ્ધમાં અથવા તૃતીય પ્રહર સુધીના કાલમાં થયેલી ક્રિયાનો જે પ્રયોગ કરવામાં આવે છે; ત્યાં વસ્તુતઃ ह्यस्तनी નો પ્રયોગ થાય છે. પરન્તુ હ્યસ્તન રાત્રિમાં થયેલી ક્રિયાનો; તે જ રાત્રિના છેલ્લા પ્રહરથી લઈને અદ્યતન કાલમાં પ્રયોગ હોય અને હ્યસ્તન રાત્રિના ચરમ પ્રહરમાં પણ (ચરમ પ્રહર સુધી) કર્ત્તા સૂતો ન હોય તો; આવા હ્યસ્તન રાત્રિસમ્બન્ધી

ભૂતાર્થ- ક્રિયાર્થક वस् ધાતુને अद्यतनी નો પ્રત્યય થાય છે. કોઈ એક વ્યક્તિ પહેલી તારીખે બહારગામ જઈને તે જ દિવસે પાછી ઘરે આવે અને બીજી તારીખની રાત્રિના ચરમપ્રહર સુધી ઉંઘે નહિ - તે વ્યક્તિને કોઈએ બીજી તારીખના સૂર્યોદયથી મધ્યરાત્રિના અથવા પ્રથમ પ્રહરના અન્તના કાલ દરમ્યાન પૂછ્યું "त्वं रात्रौ क्वाऽवसः ?" તેના ઉત્તરમાં તે વ્યક્તિ જણાવે છે કે 'अमुत्रावात्सम्' અહીં वस् ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો अम् પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ. નં. ૫-૨-૧) થાય છે. અહીં બીજી તારીખના ચરમ પ્રહર સુધીના કાળમાં થોડીવાર પણ જો કર્ત્તા સૂતો હોય અથવા ત્રીજી તારીખે પ્રશ્ન કરાય તો अमुत्राऽवसम् આવો પ્રયોગ થાય છે. અર્થ- હું અહીં રહ્યો. ||૬||

**अनद्यतने ह्यस्तनी ५।२।७॥**

અદ્યતન (જુઓ સૂ. નં. ૫-૨-૬) કાલથી ભિન્ન ભૂતકાલાર્થક ધાતુને ह्यस्तनी નો પ્રત્યય થાય છે. कृ ધાતુને આ સૂત્રથી ह्यस्तनी નો दिव् (त्) પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट्. 'कृग्-तनादेरुः ३-४-८३' થી दिव् ની પૂર્વે उ પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'उ-श्नोः ४-३-२' થી उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી अकरोत् આવો પ્રયોગ થાય છે. અર્થ- તેણે કર્યું. ||૭||

**ख्याते दृश्ये ५।२।८॥**

લોકમાં પ્રસિદ્ધ હોય અને પ્રયોક્તા ધારે તો દેખી શકે - એવી પરોક્ષ ભૂતકાલીન ક્રિયા છે અર્થ જેનો- એવા ધાતુને ह्यस्तनी વિભક્તિનો પ્રત્યય થાય છે. "अरुणत् सिद्धराजो ऽ वन्तीम्" અહીં ગ્રન્થકારશ્રીના સમયે કરાએલા આ પ્રયોગના કર્ત્તા દ્વારા લોકમાં પ્રસિદ્ધ એવી

સિદ્ધરાજની અવન્તીને ઘેરવાની ક્રિયા જોવાનું શક્ય હોવાથી તાદૃશ ક્રિયાર્થક रुध् ધાતુને આ સૂત્રથી ह्यस्तनी નો दिव् પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट्. 'रुधां स्वरा० ૩-૪-૮૨' થી रुध् ના ध् ની પૂર્વે न વિકરણ પ્રત્યય. 'व्यञ्जनाद्० ૪-૩-૭૮' થી दिव् પ્રત્યયનો લોપ... વગેરે કાર્ય થવાથી अरुणत् આવો પ્રયોગ થાય છે. અર્થ- સિદ્ધરાજે અવંતીને ઘેરી.

ख्यात इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રયોક્તાથી દૃશ્ય પણ પ્રસિદ્ધ જ એવી પરોક્ષભૂતકાલીન ક્રિયાના વાચક ધાતુને ह्यस्तनी વિભક્તિનો પ્રત્યય થાય છે. તેથી चकार कटम् અહીં કટકરણક્રિયા લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી તદર્થક कृ ધાતુને આ સૂત્રથી હ્યસ્તની વિભક્તિનો પ્રત્યય ન થવાથી 'परोक्षे ૫-૨-૧૨' થી परोक्षा નો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી कृ ને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી અભ્યાસમાં क् ને च् આદેશ. चकृ + अ આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૫૧' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ... વગેરે કાર્ય થવાથી चकार આવો પ્રયોગ થાય છે. અર્થ- તેણે ચટઈ કરી. दृश्य इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ લોકમાં પ્રસિદ્ધ પણ પ્રયોક્તાથી દૃશ્ય જ ભૂતકાલીન ક્રિયાર્થક ધાતુને હ્યસ્તનીનો પ્રત્યય થાય છે. તેથી "जघान कंसं किल वासुदेवः" અહીં વાસુદેવકૃત કંસકર્મક હનનક્રિયા લોકમાં પ્રસિદ્ધ હોવા છતાં પ્રયોક્તાથી તે દૃશ્ય ન હોવાથી તદર્થક हन् ધાતુને આ સૂત્રથી હ્યસ્તની ન થવાથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષાનો णव् પ્રત્યય. हन् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં हन् ના न् નો લોપ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'ञिणवि घन् ૪-૩-૧૦૧' થી हन् ધાતુને घन् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી जघान આવો પ્રયોગ થાય છે. અર્થ- વાસુદેવે કંસને માર્યો. ॥૮॥

## अयदि स्मृत्यर्थे भविष्यन्ती ५।२।९॥

સ્મરણાર્થક ધાતુ ઉપપદ (નજીકમાં પ્રયુજ્યમાન) હોય અને यत् પદનો પ્રયોગ ન હોય તો अनद्यतन ભૂતકાલાર્થક ધાતુને भविष्यन्ती વિભક્તિનો પ્રત્યય થાય છે. "स्मरसि साधो! स्वर्गे स्थास्यामः" અહીં સ્મરણાર્થક स्मृ ધાતુ ઉપપદ છે; તેમજ यद् પદનો પ્રયોગ નથી. તેથી અનદ્યતન ભૂતકાલાર્થક स्था ધાતુને આ સૂત્રથી भविष्यन्ती વિભક્તિનો स्यामस् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- યાદ છે; મુનિવર! આપણે સ્વર્ગમાં હતા. अयदीति किम्? = ઉપર જણાવ્યા મુજબ સ્મરણાર્થક ધાતુ ઉપપદ હોય અને यद् પદનો પ્રયોગ ન જ હોય તો અનદ્યતન ભૂતકાલાર્થક ધાતુને આ સૂત્રથી भविष्यन्ती નો પ્રત્યય થાય છે. તેથી "अभिजानासि मित्र! यत्कलिङ्गेष्ववसाम?" અહીં यत् પદનો પ્રયોગ હોવાથી वस् ધાતુને આ સૂત્રથી भविष्यन्ती નો પ્રત્યય ન થવાથી 'अनद्यतने० ५-२-७' થી ह्यस्तनी નો म પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- યાદ છે મિત્ર! આપણે કલિંગમાં રહેલા. ॥૯॥

## वाऽऽकाङ्क्षायाम् ५।२।१०॥

પ્રયોક્તાની અન્ય ક્રિયાની અપેક્ષા હોય અને સ્મરણાર્થક ધાતુ ઉપપદ હોય તો; અનદ્યતન ભૂતકાલાર્થક ધાતુને વિકલ્પથી भविष्यन्ती નો પ્રત્યય થાય છે. "स्मरसि मित्र! कश्मीरेषु वत्स्यामोऽवसाम वा तत्रौदनं भोक्ष्यामहे अभुञ्ज्महि वा!" અહીં કાશ્મીરમાં વાસ સ્વરૂપ ક્રિયાલક્ષણથી ત્યાંની ઓદનકર્મક ભોજનક્રિયા લક્ષ્ય બને છે. તેથી લક્ષ્ય અને લક્ષણભૂત તે તે ક્રિયાના સંબન્ધમાં પ્રયોક્તાને આકાંક્ષા છે. જેથી અનદ્યતન ભૂતકાલાર્થક वस् અને भुज् ધાતુને અનુક્રમે આ સૂત્રથી भविष्यन्ती નો स्यामस् અને स्यामहे પ્રત્યય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી भविष्यन्ती નો પ્રત્યય ન થાય ત્યારે અનુક્રમે હ્યસ્તનીનો म અને महि પ્રત્યય 'अनद्यतने ५-२-

૭' થી થાય છે. वस् + स्यामस् આ અવસ્થામાં वस् ના स् ને 'सस्तः सि ૪-૩-૯૨' થી त् આદેશાદિ કાર્ય થવાથી वत्स्यामः આવો પ્રયોગ થાય છે. भुज् + स्यामहे આ અવસ્થામાં 'लघोरुपा० ૪-૩-૪' થી उ ને ગુણ ओ આદેશ. 'चजः कगम् ૨-૧-૮૬' થી ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી भोक्ष्यामहे આવો પ્રયોગ થાય છે. अ+भुज्+महि આ અવસ્થામાં 'रुधां स्वरा० ૩-૪-૮૨' થી ज् ની પૂર્વે न વિકરણ. न ના अ નો 'श्नास्त्यो० ૪-૨-૯૦' થી લોપ વગેરે કાર્ય થવાથી अभुञ्ज्महि આવો પ્રયોગ થાય છે. અર્થ- યાદ છે, મિત્ર! આપણે કાશ્મીરમાં રહ્યા હતા; અને ત્યાં ભાત ખાધા હતા. ॥૧૦॥

## कृताऽस्मरणाऽतिनिह्नवे परोक्षा ५।२।११॥

કરેલાનું; ચિત્તવિક્ષેપાદિના કારણે અસ્મરણ અથવા પ્રયોક્તાને યાદ હોવા છતાં તે અત્યન્ત છુપાવતો હોય તો अनद्यतन ભૂતકાલીનાર્થક ધાતુને પરોક્ષાનો પ્રત્યય થાય છે. सुप्तो ऽ हं किल विललाप અહીં શયનકર્ત્તાને ચિત્તના વિક્ષેપ(અન્ય વિષયાસક્ત) ના કારણે રોવાનું સ્મરણ ન હોવાથી આ સૂત્રથી वि+लप् ધાતુને પરોક્ષા વિભક્તિનો णव्(अ) પ્રત્યય થાય છે. कलिङ्गेषु ब्राह्मणो हतस्त्वया? नाहं कलिङ्गान् जगाम અહીં બ્રાહ્મણહનનના પ્રશ્નના ઉત્તરમાં પ્રયોક્તા 'ત્યાં હું ગયો જ નથી' એમ કહીને સ્વગમનાદિને અત્યન્ત છુપાવે છે. તેથી આ સૂત્રથી गम् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ૫-૨-૮) થાય છે. અર્થક્રમશઃ - ખરેખર સૂતાં એવા મેં વિલાપ કર્યો?. કલિંગદેશમાં તેં બ્રાહ્મણને માર્યો? હું કલિંગદેશમાં ગયો નથી.... ॥૧૧॥

## परोक्षे ५।२।१२॥

અનદ્યતન પરોક્ષ ભૂતકાલાર્થક ધાતુને પરોક્ષા વિભક્તિનો પ્રત્યય

થાય છે. धर्मं दिदेश तीर्थङ्करः અહીં આ સૂત્રથી दिश् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી दिश् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'लघोरुपा० ४-३-४' થી दिश् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી दिदेश આવો પ્રયોગ થાય છે. અર્થ- તીર્થંકરદેવે ધર્મ ઉપદેશ્યો. અહીં યાદ રાખવું જોઈએ કે अक्षाणां परः આ અર્થમાં परोक्षः પ્રયોગ ઉચિત મનાય છે. જે અસાક્ષાત્કારાર્થક છે. સામાન્યરીતે સર્વ ધાત્વર્થ સાધ્યત્વરૂપે અપ્રત્યક્ષ હોવાથી परोक्ष જ છે. પરન્તુ જ્યાં પ્રત્યક્ષસાધનત્વેન લોકોને પ્રત્યક્ષત્વનું અભિમાન નથી હોતું, ત્યાં ધાત્વર્થ परोक्ष મનાય છે. ॥૧૨॥

## हशश्वद्युगान्तः-प्रच्छ्ये ह्यस्तनी ५।२।१३॥

પાંચ વર્ષને युग કહેવાય છે. યુગાન્ત - યુગની અંદર જે પુછાય છે- તેને युगान्तप्रच्छ्य કહેવાય છે. ह અથવા शश्वत् અવ્યયનો પ્રયોગ હોય તો, યુગાન્તપ્રચ્છ્ય (પ્રષ્ટવ્ય) અનદ્યતન પરોક્ષાર્થક ધાતુને ह्यस्तनी અને પરોક્ષા વિભક્તિનો પ્રત્યય થાય છે. 'इति हाऽकरोत् इति ह चकार ; અહીં ह અવ્યયનો પ્રયોગ હોવાથી તેમજ शश्वदकरोत्, शश्वत् चकार; અહીં शश्वद् અવ્યયનો પ્રયોગ હોવાથી कृ ધાતુને ह्यस्तनी નો दिव् પ્રત્યય; તેમ જ પરોક્ષા નો णव् પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ૫-૨-૭ અને ૫-૨-૮) થયું છે. किंमगच्छस्त्वं मथुराम्, किं जगन्थ त्वं मथुराम्? અહીં યુગાન્તઃપ્રચ્છ્ય હોવાથી गम् ધાતુને ह्यस्तनी નો सिव् પ્રત્યય અને પરોક્ષાનો थव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अगच्छः અને जगन्थ આવો પ્રયોગ થાય છે. अ+गम्+स् આ અવસ્થામાં 'गमिष० ४-२-१०६' થી गम् ધાતુના म् ને छ् આદેશ થાય છે. गम् + थ આ અવસ્થામાં સૂ. નં. ૫-૨-૮ માં જણાવ્યા મુજબ गम् ધાતુને દ્વિત્વ વગેરે કાર્ય થાય છે. અર્થક્રમશઃ- વાહ! તેણે કર્યું. સદાને માટે તેણે કર્યું. શું તું મથુરામાં ગયો હતો ?.

આ સૂત્રમાં ह्यस्तनी નું વિધાન કર્યા વિના માત્ર वा ના ગ્રહણથી परोक्षा ના વૈકલ્પિકવિધાનથી પણ વિકલ્પપક્ષમાં અનદ્યતન ભૂતસામાન્યમાં સૂ. નં. ૫-૨-૭ થી વિહિત ह्यस्तनी સિદ્ધ છે. પરન્તુ સ્મૃત્યર્થક ધાતુના ઉપપદમાં પણ વિકલ્પપક્ષમાં ह्यस्तनी નો જ પ્રયોગ થાય અને भविष्यन्ती (૫-૨-૯ થી) નો પ્રયોગ ન થાય - એ માટે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ह्यस्तनी નું પણ વિધાન કરાયું છે. તેથી स्मरसि मित्र! कश्मीरेष्विति हाऽध्यैमहि... ઈત્યાદિ સ્થળે भविष्यन्ती નો પ્રયોગ થતો નથી.. ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ... ॥૧૩॥

## अविवक्षिते ५।२।१४॥

અનદ્યતન પરોક્ષ ભૂતાર્થક ધાતુને; પરોક્ષત્વની વિવક્ષા ન હોય તો ह्यस्तनी વિભક્તિનો પ્રત્યય થાય છે. "अहन् कंसं किल वासुदेवः" અહીં પરોક્ષત્વની અવિવક્ષામાં हन् ધાતુને આ સૂત્રથી ह्यस्तनी નો दिव् પ્રત્યય. 'व्यञ्जना० ४-३-७८' થી दिव् નો લોપ વગેરે કાર્ય થવાથી अहन् પ્રયોગ થાય છે. અર્થ - વાસુદેવે કંસને માર્યો.॥૧૪॥

## वाऽद्यतनी पुराऽऽदौ ५।२।१५॥

पुरा... વગેરે શબ્દો ઉપપદ હોય તો અનદ્યતન પરોક્ષભૂતાર્થક ધાતુને; પરોક્ષત્વની વિવક્ષા ન હોય તો अद्यतनी વિભક્તિનો પ્રત્યય વિકલ્પથી થાય છે. अवात्सुरिह पुरा छात्राः અહીં पुरा ઉપપદ હોવાથી वस् ધાતુને આ સૂત્રથી અદ્યતની વિભક્તિનો अन् પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ३-४-५३' થી सिच् (स्) પ્રત્યય. 'व्यञ्जना० ४-३-४५' થી वस् ધાતુના अ ને वृद्धि आ આદેશ. 'सस्तः सि ४-३-९२' થી वस् ધાતુના स् ને त् આદેશ. 'सिज्० ४-२-९२' થી अन् પ્રત્યયને पुस् (उस्) આદેશ.. વગેરે કાર્ય થવાથી अवात्सुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી

वस् ધાતુને અદ્યતનીનો अन् પ્રત્યય ન થાય ત્યારે 'परोक्षे ५-२-१२' થી પરોક્ષાનો उस् પ્રત્યય. 'इन्ध्यसं० ४-३-२१' થી उस् પ્રત્યયને किद्वद् ભાવ. 'द्विर्धातुः० ४-१-१'થી वस् ધાતુને દ્વિત્વ વગેરે (જુઓ સૂ. નં. ૫-૨-૨) કાર્ય થવાથી ऊषुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અદ્યતનીનો પ્રત્યય ન થાય ત્યારે 'अविवक्षिते ५-२-१४' થી वस् ધાતુને હ્યસ્તની નો अन् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. જેથી अवसन् આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂર્વે અહીં વિદ્યાર્થીઓ રહેતા હતા. આવીજ રીતે तदाऽभाषिष्ट राघवः અહીં तदा ઉપપદ હોવાથી આ સૂત્રથી भाष् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી सिच् પ્રત્યયની પૂર્વે इट् ... વગેરે કાર્ય થવાથી अभाषिष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી અદ્યતની ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ હ્યસ્તની નો त પ્રત્યય અને પરોક્ષાનો ए પ્રત્યય વગેરે કાર્ય થવાથી अभाषत અને बभाषे આવો પ્રયોગ થાય છે. અર્થ- ત્યારે રાઘવ બોલ્યા.

અહીં એ વિચારવું જોઈએ કે - ઉપર જણાવેલા સૂત્રાર્થને અનુસરીએ તો આ સૂત્ર પરોક્ષત્વની અવિવક્ષામાં જ અદ્યતનીનું વૈકલ્પિક વિધાન કરે છે. તેથી વિકલ્પપક્ષમાં પરોક્ષત્વની અવિવક્ષામાં परोक्षा નું વિધાન કોઈ પણ રીતે સંગત નથી. તેથી આ સૂત્રની બૃહદ્વૃત્તિના "परोक्षे इति निवृत्तम् । भूतानद्यतने परोक्षे चाऽपरोक्षे चाऽर्थे वर्त्तमानाद्धातोः पुरा इत्यादावुपपदेऽ द्यतनीविभक्ति र्वा भवति । अपरोक्षे ह्यस्तन्याः परोक्षे तु परोक्षाया अपवादः।" આ પાઠ મુજબ સૂત્રાર્થનું અનુસરણ કરવું જોઈએ. જેથી ઉપર્યુક્ત પ્રયોગો સંગત કરી શકાશે. અન્યથા લઘુવૃત્તિમાં જણાવ્યા મુજબના ઉપર જણાવેલા અર્થને અનુસરવાથી ઉપર જણાવેલ પ્રયોગો સંગત નહિ થાય ... ॥૧૫॥

## स्मे च वर्त्तमाना ५।२।१६॥

स्म અને पुरा ... વગેરે નામ ઉપપદ હોય તો; ભૂતાનદ્યતનાર્થક ધાતુને વર્त्तમાના વિભક્તિનો પ્રત્યય થાય છે. पृच्छति स्म पुरोधसम्; वसन्तीह पुरा छात्राः અને अथाऽऽह वर्णी; અહીં स्म ઉપપદ હોવાથી प्रच्छ् ધાતુને; पुरा ઉપપદ હોવાથી वस् ધાતુને અને अथ ઉપપદ હોવાથી ब्रू ધાતુને અનુક્રમે આ સૂત્રથી વર્त्तમાના વિભક્તિનો ति अन्ति અને ति પ્રત્યય. प्रच्छ् + अ (श) +ति આ અવસ્થામાં 'ग्रह-व्रश्च० ૪-૧-૮૪' થી प्रच्छ् ના र ને સમ્પ્રસારણ ऋ આદેશ થવાથી पृच्छति આવો પ્રયોગ થાય છે. ब्रू+ति આ અવસ્થામાં 'ब्रूगः ૪-૨-૧૧૮'થી ब्रू ને आह વગેરે કાર્ય થવાથી आह આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પુરોહિતને પુછ્યું. અહીં પહેલા વિદ્યાર્થીઓ રહેતા હતા. પછી સંન્યાસીએ કહ્યું. ॥૧૬॥

## ननौ पृष्टोक्तौ सद्वत् ५।२।१७॥

ननु ઉપપદ હોય તો પૂછેલાના જવાબમાં ભૂતાર્થક ધાતુને વર્त्तમાનાનો પ્રત્યય થાય છે; તેમ જ વર્त्तમાના જેવા शतृ વગેરે પ્રત્યયો પણ થાય છે. किमकार्षीः कटं चैत्र? ननु करोमि भोः; ननु कुर्वन्तं मां पश्य અહીં ननु ઉપપદ હોવાથી પુછાએલાના જવાબમાં ભૂતાર્થક कृ ધાતુને વર્त्तમાનાનો मि પ્રત્યય તેમજ વર્त्तમાના વિભક્તિ જેવો शतृ પ્રત્યય આ સૂત્રથી થયો છે. અર્થ- શું; ચૈત્ર તેં ચટઈ બનાવી? હા, મેં કરી. જુઓ! મેં બનાવી. अकार्षीः ની પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૫-૨-૪. શેષ પ્રક્રિયા સ્પષ્ટ છે.॥૧૭॥

## नन्वो र्वा ५।२।१८॥

न અને नु ઉપપદ હોય તો પુછાએલા પ્રશ્નના જવાબમાં ભૂતાર્થક

ધાતુને वर्त्तमाना નો તેમજ वर्त्तमाना જેવો પ્રત્યય વિકલ્પથી થાય છે. किमकार्षीः कटं चैत्र!? न करोमि भोः; न कुर्वन्तं मां पश्य અહીં न ઉપપદ હોવાથી પૂછેલાના જવાબમાં कृ ધાતુને આ સૂત્રથી वर्त्तमाना નો मि પ્રત્યય. તેમજ વર્ત્તમાના જેવો शतृ પ્રત્યય થાય છે, વિકલ્પપક્ષમાં આ સૂત્રથી વર્ત્તમાનાનો કે તેના જેવો પ્રત્યય ન થાય ત્યારે कृ ધાતુને 'अद्यतनी ૫-૨-૪' થી અદ્યતનીનો अम् પ્રત્યય .... વગેરે કાર્ય થવાથી नाकार्षम् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે नु ઉપપદ હોય ત્યારે પુછાએલાના જવાબમાં कृ ધાતુને આ સૂત્રથી વર્ત્તમાનાદિનો मि વગેરે પ્રત્યય થવાથી नु करोमि भोः! नु कुर्वाणं मां पश्य અને न्वकार्षम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શું; ચૈત્ર તેં ચટઈ બનાવી? ના, મેં નથી કરી. જુઓ મેં નથી બનાવી. હા, મેં કરી; જુઓ મેં બનાવી.।।૧૮।।

## सति ५।२।१९॥

વર્ત્તમાનાર્થક ધાતુને 'वर्त्तमाना' વિભક્તિનો પ્રત્યય થાય છે. अस्ति; कूरं पचति; मांसं न भक्षयति; इहाधीमहे; तिष्ठन्ति पर्वताः; અહીં આ સૂત્રથી વર્ત્તમાનાર્થક अस् पच् અને भक्ष् ધાતુને વર્ત્તમાનાનો; तिव् પ્રત્યય; अधि+इ ધાતુને महे પ્રત્યય અને स्था ધાતુને अन्ति પ્રત્યય... વગેરે કાર્ય થાય છે. અર્થક્રમશઃ- છે. ભાત રાંધે છે. માંસ ખાતો નથી. અહીં અમે ભણીએ છીએ. પર્વતો છે. આરંભેલ એવા અપરિસમાપ્ત ક્રિયાના પ્રબન્ધને વર્ત્તમાન કહેવાય છે. એની વિવિધતાને દર્શાવવા ઉપર જણાવ્યા મુજબ અનેક ઉદાહરણોનો ઉપન્યાસ છે; જે અન્યત્ર અનુસંધેય છે.।।૧૯।।

## शत्रानशावेष्यति तु सस्यौ ५।२।२०॥

વર્ત્તમાનાર્થક ધાતુને शतृ અને आनश् પ્રત્યય થાય છે. एष्यत्-

भविष्यत् કાલના વિષયમાં એ બન્ને પ્રત્યયો स्य પૂર્વક (અર્થાદ્ स्यत् અને स्यान) થાય છે. या અને शी ધાતુને આ સૂત્રથી शतृ પ્રત્યય. અને आनश् પ્રત્યય. शी ધાતુના ई ને 'शीङ०४-३-१०४' થી ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે यान् અને शयानः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જતો. સૂતો. भविष्यत् કાલમાં या અને शी ધાતુને અનુક્રમે स्य સહિત शतृ અને आनश् પ્રત્યય. शी+स्य+आन આ અવસ્થામાં स्य ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. स्य ની પરમાં 'अतो म० ४-४-११४' થી म् નો આગમ વગેરે કાર્ય થવાથી અનુક્રમે यास्यन् અને शयिष्यमाणः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જનાર (જશે). ઉંઘનાર ઉંઘશે).

અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં બહુલાધિકાર ચાલુ હોવાથી यत्तरति तल्लघु; हन्तीति पलायते; पचत्यतो लभते; यः पचति पठति च स चैत्रः ... ઈત્યાદિ સ્થળે તે તે ધાતુઓને આ સૂત્રથી शतृ વગેરે પ્રત્યય થતો નથી... ઈત્યાદિ બૃહદ્વૃત્તિમાંથી જાણવું... ॥२०॥

## तौ माङ्याक्रोशेषु ५।२।२१॥

माङ् ઉપપદ હોય તો આક્રોશ અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને शतृ અને आनश् પ્રત્યય જ થાય છે. સૂત્રમાં माङ्याक्रोशेषु આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ હોવાથી વર્ત્તમાનાદિ સકલકાલમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शतृ અને आनश् પ્રત્યય થાય છે. તેમજ આ સૂત્રમાં तौ નું ગ્રહણ હોવાથી અવધારણ અર્થ વિવક્ષિત છે. અન્યથા સૂ. નં. ५-२-२० થી शतृ અને आनश् પ્રત્યયની અનુવૃત્તિ સિદ્ધ જ હતી. તેથી ઉપર જણાવ્યા મુજબ અવધારણની વિવક્ષા આ સૂત્રમાં હોવાથી माङ् ના યોગમાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી शतृ અને आनश् પ્રત્યય જ થાય છે. પરન્તુ અસરૂપ એવો અદ્યતનીનો પ્રત્યય વિકલ્પથી થતો નથી. मा पचन् वृषुलो ज्ञास्यति; मा पचमानोऽ सौ मर्त्तुकामः અહીં આ સૂત્રથી

माङ् ઉપપદ હોવાથી આક્રોશના વિષયમાં पच् ધાતુને शतृ અને आनश् પ્રત્યય. पच्+अत् અને पच्+आन આ અવસ્થામાં 'कर्त्तर्य० ३-४-७१' થી पच् ની પરમાં अ (शव्) વિકરણ. 'लुगस्या० २-१-११३' થી अत् ની પૂર્વેના अ નો લોપ. 'अतो म० ४-४-११४' થી आन ની પૂર્વે म् નો આગમ... વગેરે કાર્ય થવાથી पचन् અને पचमानः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જેણે રાંધ્યું નથી એવો વૃષલ, તેને ખબર પડશે. નહીં રાંધનારો આ મરવાની ઈચ્છાવાલો છે. ॥२१॥

## वा वेत्तेः क्वसुः ५।२।२२॥

વર્ત્તમાનાર્થક विद् ધાતુને વિકલ્પથી क्वसु (वस्) પ્રત્યય થાય છે. विद् ધાતુને આ સૂત્રથી क्वसु પ્રત્યય વગેરે કાર્ય થવાથી विद्वान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्वसु પ્રત્યય ન થાય ત્યારે 'शत्रानशा० ५-२-२०' થી शतृ પ્રત્યયાદિ કાર્ય થવાથી विद्वन् આવો પ્રયોગ થાય છે. અર્થ- तत्त्व જાણનાર.॥२२॥

## पूङ् - यजः शानः ५।२।२३॥

વર્ત્તમાનાર્થક पूङ् (पू) અને यज् ધાતુને કર્ત્તામાં शान (आन) પ્રત્યય થાય છે. पू અને यज् ધાતુને આ સૂત્રથી शान પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી शान પ્રત્યયની પૂર્વે शव्. 'अतो म० ४-४-११४' થી आन ની પૂર્વે म् નો આગમ. 'नामिनो० ४-३-१' થી पू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पवमानः અને यजमानः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પવિત્ર કરતો. યજ્ઞ કરતો. आनश् અને शान પ્રત્યય એ બેમાં અનુબન્ધાદિનું સામ્ય હોવા છતાં आनश् પ્રત્યયાન્ત નામની સાથે નામને ષષ્ઠી સમાસ થતો નથી... ઈત્યાદિ ભેદ છે. ॥२३॥

## वयः शक्ति-शीले ५।२।२४॥

અવસ્થા શક્તિ અને સ્વભાવ અર્થ ગમ્યમાન હોય તો; વર્ત્તમાનાર્થક ધાતુને શાન પ્રત્યય થાય છે. स्त्रियं गच्छमानाः અહીં અવસ્થા (કાલકૃત પ્રાણ્યવસ્થા) અર્થ ગમ્યમાન હોવાથી - गम् ધાતુને; समश्नानाः અહીં શક્તિ - સામર્થ્ય અર્થ ગમ્યમાન હોવાથી सम् + अश् ધાતુને અને परान्निन्दमानाः અહીં સ્વભાવ અર્થ ગમ્યમાન હોવાથી निन्द् ધાતુને આ સૂત્રથી શાન પ્રત્યય.. વગેરે કાર્ય થવાથી गच्छमानाः समश्नानाः અને निन्दमानाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્ત્રીની પાસે જતા (અહીં યૌવન અવસ્થા ગમ્યમાન છે.). સારી રીતે ખાતા (અહીં સામર્થ્ય ગમ્યમાન છે.). બીજાની નિન્દા કરનારા (અહીં સ્વભાવ અર્થ ગમ્યમાન છે.) ॥૨૪॥

## धारीङोऽकृच्छ्रेऽतृश् ५।२।२५॥

સુખેથી સાધ્ય (કરવા યોગ્ય) એવા વર્ત્તમાનાર્થના વાચક धारि અને इङ् (इ) ધાતુને अतृश् પ્રત્યય થાય છે. धारि અને अधि+इ ધાતુને આ સૂત્રથી अतृश् (अत्) પ્રત્યય. धारि+अत् આ અવસ્થામાં 'कर्त्तर्यन० ३-४-७१' થી अत् ની પૂર્વે अ વિકરણ વગેરે કાર્ય થવાથી धारयन् आचाराङ्गम् આવો પ્રયોગ થાય છે. अधि+इ+अत् આ અવસ્થામાં इ ધાતુને 'धातोरि० २-१-५०' થી इय् આદેશાદિ કાર્ય થવાથી अधीयन् द्रुमपुष्पीयम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સહેલાઈથી આચારાઙ્ગને ધરતો. સહેલાઈથી દ્રુમપુષ્પીય (દશવૈકાલિક સૂત્રનું પ્રથમ અધ્યયન) ને ધરતો. इङ् ધાતુને आनश् પ્રત્યય અને धारि ધાતુને शतृ અને आनश् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેથી આ સૂત્રથી अतृश् પ્રત્યયનું વિધાન કર્યું છે. તે વિધાનથી જ અસરૂપ आनश् પ્રત્યય વિકલ્પપક્ષમાં નહીં થાય. ॥૨૫॥

## सुग्-द्विषार्हः सत्रि-शत्रु-स्तुत्ये ५।२।२६॥

सुग् द्विष् અને अर्ह् આ વર્ત્તમાનાર્થક ધાતુને ક્રમશઃ सत्रिन् शत्रु અને स्तुत्य કર્ત્તા હોય તો अतृश् પ્રત્યય થાય છે. सु ધાતુને આ સૂત્રથી अतृश् પ્રત્યય. 'स्वादेः० ३-४-७५' થી सु ની પરમાં नु વિકરણ વગેરે કાર્ય થવાથી सर्वे सुन्वन्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- બધા યજ્ઞના સ્વામીઓ. द्विष् ધાતુને આ સૂત્રથી अतृश् પ્રત્યયાદિ કાર્ય થવાથી चौरं द्विषन् આવો પ્રયોગ થાય છે. અર્થ- ચોરનો દ્વેષ કરતો. આવી જ રીતે अर्ह् ધાતુને આ સૂત્રથી अतृश् પ્રત્યય. 'कर्त्तर्य० ३-४-७१' થી अर्ह् ધાતુની પરમાં अ (शव्) વિકરણ પ્રત્યય વગેરે કાર્ય થવાથી पूजामर्हन् આવો પ્રયોગ થાય છે. અર્થ- પૂજાને પ્રાપ્ત કરનાર- પૂજ્ય. एष्विति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सु द्विष् અને अर्ह् ધાતુને અનુક્રમે सत्रिन् शत्रु અને स्तुत्यं કર્ત્તા હોય તો अतृश् પ્રત્યય થાય છે. તેથી सुरां सुनोति અહીં સત્રી કર્ત્તા ન હોવાથી આ સૂત્રથી सु ધાતુને अतृश् પ્રત્યય થતો નથી. અર્થ- મદિરા કાઢે છે. ॥૨૬॥

## तृन् शील-धर्म-साधुषु ५।२।२७॥

शील (સ્વભાવ); धर्म (કુલાચાર) અને साधु (સારું) અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક ધાતુને तृन् (तृ) પ્રત્યય થાય છે. कृ मुण्डि અને गम् ધાતુને આ સૂત્રથી तृन् (तृ) પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી मुण्डि ધાતુની પરમાં इट्. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् અને इ ને ગુણ ए આદેશ... વગેરે કાર્ય થવાથી कर्त्ता कटम् वधूमूढां मुण्डयितारः श्राविष्ठायनाः અને गन्ता खेलः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્વાભાવિક રીતે ચટઈ બનાવનાર. પરણેલી સ્ત્રીનું મુંડન કરાવનારા શ્રાવિષ્ઠાયનો. સારો જતો ખેલ. ॥૨૭॥

## भ्राज्यलङ्कृग्- निराकृग् - भू-सहि-रुचि-वृति- वृधि-चरि- प्रजनाऽपत्रप इष्णुः ५।२।२८॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક भ्राज्; अलम्+कृग् (कृ); निरा+कृ; भू; सह्; रुच्; वृत्; वृध्; चर्; प्र+जन् અને अप+त्रप् ધાતુને इष्णु પ્રત્યય થાય છે. ઉપર જણાવ્યા મુજબ भ्राज् ... વગેરે ધાતુને આ સૂત્રથી इष्णु પ્રત્યય વગેરે કાર્ય થવાથી भ्राजिष्णुः अलङ्करिष्णुः; निराकरिष्णुः; भविष्णुः; सहिष्णुः; रोचिष्णुः; वर्त्तिष्णुः; वर्धिष्णुः; चरिष्णुः; प्रजनिष्णुः અને अपत्रपिष्णुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્વભાવથી શોભનાર. સ્વાભાવિક અલઙ્કૃત કરનાર. સારી રીતે નિરાકરણ કરનાર. ઉદયશીલવ્યક્તિ. સહનશીલ. સ્વાભાવિક કાંતિયુક્ત. રહેવાના સ્વભાવવાલો. વધવાના સ્વભાવવાલો. ભટકવાના સ્વભાવવાલો. ઉત્પન્ન કરવાના અથવા થવાના સ્વભાવવાલો. નિર્લજ્જ સ્વભાવવાલો. ॥૨૮॥

## उदः पचि-पति-पदि-मदेः ५।२।२९॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક उद् ઉપસર્ગથી પરમાં રહેલા पच् पत् पद् અને मद् ધાતુને इष्णु પ્રત્યય થાય છે. उत्+पच्; उत्+पत्; उत्+पद् અને उद्+मद् ધાતુને આ સૂત્રથી इष्णु પ્રત્યય વગેરે કાર્ય થવાથી उत्पचिष्णुः उत्पतिष्णुः उत्पदिष्णुः અને उन्मदिष्णुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉભા રહીને રાંધવાના સ્વભાવવાલો. ઉડવાના સ્વભાવવાલો. ઉડવાના સ્વભાવવાલો. ઉન્મત્ત સ્વભાવવાલો. એક જ વાર उद् ઉપસર્ગના ગ્રહણથી पच् વગેરે ઉપર જણાવેલા ચારે ય ધાતુનું ગ્રહણ થાય - એ માટે આ સૂત્રનું પ્રણયન છે. અન્યથા પૂર્વ સૂત્રમાં પણ તેવો પાઠ કરી શકાત. ॥૨૯॥

## भू-जेः ष्णुक् ५।२।३०॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક भू અને जि ધાતુને ष्णुक् (ष्णु) પ્રત્યય થાય છે. भू અને जि ધાતુને આ સૂત્રથી ष्णुक् પ્રત્યય વગેરે કાર્ય થવાથી भूष्णुः અને जिष्णुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- થવાના સ્વભાવવાળો. જિતવાના સ્વભાવવાળો.॥૩૦॥

## स्था-ग्ला-म्ला-पचि-परिमृजि-क्षेः स्नुः ५।२।३१॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક स्था ग्ला (ग्लै) म्ला (म्लै) पच् परि+मृज् અને क्षि ધાતુને स्नु પ્રત્યય થાય છે. स्था ग्लै म्लै पच् परि+मृज् અને क्षि ધાતુને આ સૂત્રથી स्नु પ્રત્યય. 'आत् सन्ध्य० ४-२-१' થી ग्लै અને म्लै ધાતુના ऐ ને आ આદેશ. पच् + स्नु આ અવસ્થામાં 'चजः कगम् २-१-८६' થી च् ને क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી स् ને ष् આદેશ. 'रषृव० २-३-६३' થી न् ને ण् આદેશ. परिमृज्+स्नु આ અવસ્થામાં 'यज-सृज० २-१-८७' થી ज् ને ष् આદેશ. 'षढोः कस्सि २-१-६२' થી ष् ને क् આદેશ. ઉપર જણાવ્યા મુજબ स् ને ष् અને न् ને ण् આદેશ. 'लघोरु० ४-३-४' થી मृज् ના ऋ ને ગુણ अर् આદેશ. 'मृजोऽस्य० ४-३-४२' થી अर् ના अ ને વૃદ્ધિ आ આદેશ .. વગેરે કાર્ય થવાથી અનુક્રમે स्थास्नुः ग्लास्नुः म्लास्नुः पक्ष्णुः परिमार्क्ष्णुः અને क्षेष्णुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્થાવર. ખિન્ન સ્વભાવવાલો. મ્લાન સ્વભાવવાલો. સારું રાંધનાર. સાવરણીથી સાફ કરવાના સ્વભાવવાળો. વિનશ્વર. ॥૩૧॥

### त्रसि-गृधि-धृषि-क्षिपः क्नुः ५।२।३२॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક त्रस् गृध् धृष् અને क्षिप् ધાતુને क्नु (नु) પ્રત્યય થાય છે. त्रस् गृध् धृष् અને क्षिप् ધાતુને આ સૂત્રથી क्नु પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે त्रस्नुः गृध्नुः धृष्णुः અને क्षिप्नुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ડરપોક. લોભી. ધૃષ્ટ સ્વભાવવાળો. ફેંકવાના સ્વભાવવાળો. ॥૩૨॥

### सन्-भिक्षाऽऽशंसेरुः ५।२।३३॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક - सन् પ્રત્યયાન્ત ધાતુને તેમ જ भिक्ष् અને आङ् + शंस् (૮૫૩) ધાતુને उ પ્રત્યય થાય છે. लभ् ધાતુને 'तुमर्हा० ३-४-२१' થી सन् પ્રત્યય. 'रभ-लभ० ४-१-२१' થી लभ् ધાતુના अ ને इ આદેશાદિ કાર્ય થવાથી નિષ્પન્ન लिप्स ધાતુને તેમ જ भिक्ष् અને आ+शंस् ધાતુને આ સૂત્રથી उ પ્રત્યયાદિ કાર્ય થવાથી ક્રમશઃ लिप्सुः भिक्षुः અને आशंसुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મેળવવાની વૃત્તિવાળો. ભિક્ષાવૃત્તિવાળો. ઈચ્છા કરનારો. ॥૩૩॥

### विन्दुरिच्छुः ५।२।३४॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક विद् ધાતુને અને इष् ધાતુને उ પ્રત્યય થાય છે; અને ત્યારે विद् ધાતુના द् ની પૂર્વે न् ઉમેરાય છે. તેમ જ इष् ધાતુના ष् ને छ् આદેશ થાય છે. विद् ધાતુને અને इष् ધાતુને આ સૂત્રથી उ પ્રત્યય. તેમ જ विद् ધાતુના द् ની પૂર્વે न् અને इष् ધાતુના ष् ને छ् આદેશનું નિપાતન વગેરે કાર્ય થવાથી विन्दुः અને इच्छुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જાણકાર.

ઈચ્છા કરનાર. ॥૩૪॥

**शॄ-वन्देरारुः ५।२।३५॥**

વર્તમાનાર્થક शॄ અને वन्द् ધાતુને; શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો आरु પ્રત્યય થાય છે. वि + शॄ (૧૫૩૧) અને वन्द् ધાતુને આ સૂત્રથી आरु પ્રત્યય. शॄ ધાતુના ॠ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી विशरारुः અને वन्दारुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિનશ્વર. વંદન કરવાના સ્વભાવવાળો.॥૩૫॥

**दा-ट्धे-सि-शद-सदो रुः ५।२।३६॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક दा; ट्धे (धे); सि शद् અને सद् ધાતુને रु પ્રત્યય થાય છે. અહીં दा પદથી दा સ્વરૂપવાળા ધાતુ વિવક્ષિત છે. (दा સંજ્ઞક ધાતુઓનું ઉપાદાન અહીં નથી.) ट्धे ના પૃથગ્ ઉપાદાનથી दा ના ગ્રહણમાં दा સ્વરૂપવાળા ધાતુઓનું ગ્રહણ થાય છે. दा (ददाति दयते यच्छति द्यति दाति दायति वेत्येवंशीलः આ અર્થમાં); धे सि शद् અને सद् ધાતુને આ સૂત્રથી रु પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી धे ધાતુના ए ને आ આદેશ. सि ધાતુના इ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે दारुः धारुः सेरुः शद्रुः અને सद्रुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દાતા વગેરે. પીવાના સ્વભાવવાળો. બાંધવાના સ્વભાવવાળો. હિંસાના સ્વભાવવાળો- હિંસક. દુઃખી. ॥૩૬॥

**शीङ्-श्रद्धा-निद्रा-तन्द्रा-दयि-पति-गृहि-स्पृहेरालुः ५।२।३७॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો; વર્તમાનાર્થક शीङ् श्रत्

+ धा; नि + द्रा; तद् + द्रा; दय् पति गृहि અને સ્પૃહિ ધાતુને આ સૂત્રથી आलु પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ધાતુના અન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ शयालुः श्रद्धालुः निद्रालुः तन्द्रालुः (અહીં નિપાતનના કારણે तद् ના द् ને न् આદેશ થયો છે.) दयालुः पतयालुः गृहयालुः અને स्पृहयालुः આવો પ્રયોગ થાય છે. અહીં पत (૧૮૭૮) गृह (૧૯૩૯) અને स्पृह (૧૯૨૮) ધાતુ અકારાન્ત ચુરાદિ (દશમા) ગણના છે. તેને 'चुरादि० ૩-૪-૧૭' થી णिच् પ્રત્યય. 'अतः ૪-૩-૮૨' થી ધાતુના અન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી पति गृहि અને स्पृहि ધાતુ બને છે. અર્થક્રમશઃ- ઉંઘવાના સ્વભાવવાળો. શ્રદ્ધાળુ. ઉંઘવાના સ્વભાવવાળો. તન્દ્રાશીલ. દયાળુ. પતનશીલ. ગ્રહણ કરવાના સ્વભાવવાળો. સ્પૃહાના સ્વભાવવાળો. ।।૩૭।।

### डौ सासहि-वावहि-चाचलि-पापतिः ५।२।३८।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક यङ् પ્રત્યયાન્ત सह् वह् चल् અને पत् ધાતુને डि (इ) પ્રત્યયાદિ કાર્ય કરીને सासहि वावहि चाचलि અને पापति નામનું નિપાતન કરાય છે. सह् वह् चल् ને पत् ધાતુને 'व्यञ्जना० ૩-૪-૯' થી यङ् પ્રત્યય. 'सन् यङश्च ૪-૧-૩' થી सह् વગેરે ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'आगुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં अ ને आ આદેશ. सासह्य वावह्य चाचल्य અને पापत्य ધાતુને આ સૂત્રથી डि (इ) પ્રત્યય. 'अतः ૪-૩-૮૨' થી डि ની પૂર્વે રહેલા ધાતુના અન્ત્ય अ નો લોપ. 'यो ऽ शिति ૪-૩-૮૦' થી ધાતુના અન્ત્ય य् નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે सासहिः वावहिः चाचलिः અને पापतिः આવો પ્રયોગ થાય છે. पपत् + यङ् આ અવસ્થામાં અહીં 'वञ्च - स्रंस० ૪-૧-૫૦' થી અભ્યાસના અન્તે नी આગમની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિપાતનના કારણે નિષેધ થાય છે. અર્થક્રમશઃ- અતિશય સહનશીલ.

અતિશય વહનશીલ. અતિશય ચલનશીલ. અતિશય પડવાના સ્વભાવવાળો.॥૩૮॥

### सस्नि-चक्रि-दधि- जज्ञि - नेमिः ५।२।३९॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सृ कृ धा ज्ञा અને नम् ધાતુને દ્વિત્વાદિ કાર્ય દ્વારા ङि (इ) પ્રત્યયાન્ત सस्नि चक्रि दधि जज्ञि અને नेमि આ નામનું અનુક્રમે નિપાતન કરાય છે. सृ कृ धा ज्ञा અને नम् ધાતુને આ સૂત્રથી ङि પ્રત્યય; તેમ જ ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં યથાપ્રાપ્ત અનાદિવ્યઞ્જનનો 'व्यञ्जन० ૪-૧-૪૪' થી લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં ध् ને द् આદેશ. 'इडेत्० ૪-૩-૯૪' થી ધાતુના અન્ત્ય आ નો લોપ. આ સૂત્રથી नम् ધાતુના अ ને ए આદેશ તથા દ્વિત્વનો નિષેધ ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે सस्निः चक्रिः दधिः जज्ञिः અને नेमिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સરકવાના સ્વભાવવાળો. કરવાના સ્વભાવવાળો. ધારણ કરવાના સ્વભાવવાળો. જાણવાના સ્વભાવવાળો. નમવાના સ્વભાવવાળો. जन् ધાતુને આ સૂત્રથી ङि પ્રત્યય. ધાતુને દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન जजन् + ङि આ અવસ્થામાં 'गमहन० ૪-૨-૪૪' થી जन् ના अ નો લોપ... વગેરે કાર્ય થવાથી પણ जज्ञिः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉત્પન્ન થવાના સ્વભાવવાળો.॥૩૯॥

### शॄ - कम - गम - हन - वृष - भू - स्थ उकण् ५।२।४०॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક शॄ कम् गम् हन् वृष् भू અને स्था ધાતુને उकण् (उक) પ્રત્યય થાય છે. शॄ कम् आ+गम् हन् वृष् भू અને स्था ધાતુને આ સૂત્રથી उकण् પ્રત્યય.

'नामिनो० ४-३-५१' થી शॄ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. भू ના અન્ત્ય ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'लघोरुपा० ४-३-४' થી वृष् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ञ्णिति घात् ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ. 'आत ऐः० ४-३-५३' થી स्था ધાતુના आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ शारुकः कामुकः आगामुकः घातुकः वर्षुकः भावुकः અને स्थायुकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દુઃખ આપવાના સ્વભાવવાલો. કામી. આવવાના સ્વભાવવાલો. હણવાના સ્વભાવવાલો. વરસવાના સ્વભાવવાલો. થવાના સ્વભાવવાલો. સ્થિર રહેવાના સ્વભાવવાલો.।।४०।।

### लष - पत - पदः ५।२।४१।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક लष् पत् અને पद् ધાતુને उकण् (उक) પ્રત્યય થાય છે. अभि+लष्; प्र+पत् અને उप+पद् ધાતુને આ સૂત્રથી उकण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી अभिलाषुकः प्रपातुकः અને उपपादुकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અભિલાષા કરવાના સ્વભાવવાલો. પડવાના સ્વભાવવાલો. ઉપપાદશીલ દેવો. ।।४१।।

### भूषा - क्रोधार्थ - जु - सृ - गृधि - ज्वल - शुचश्चानः ५।२।४२।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક - भूषा છે અર્થ જેનો, તેમજ क्रोध છે અર્થ જેનો એવા ધાતુને; તેમ જ जु सृ गृध् ज्वल् शुच् लष् पत् અને पद् ધાતુને अन પ્રત્યય થાય છે. भूषि क्रुध् कुप् जु (१९९०) सृ गृध् ज्वल् शुच् अभि + लष् पत् અને पद् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'णेरनिटि ४-३-८३ થી भूषि ધાતુના અન્ત્ય इ નો લોપ. 'लघोरुपा० ४-३-४' થી ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ.

અને ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. 'नामिनो० ४-३-१' થી ધાતુના અન્ત્ય उ અને ऋ ને गुण ओ અને अर् આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ भूषणः क्रोधनः कोपनः जवनः सरणः गर्द्धनः ज्वलनः शोचनः अभिलषणः पतनः અને 'अर्थस्य पदनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભૂષણ. ક્રોધી. ક્રોધી. વેગવાન્. ગતિશીલ. લાલચુ. અગ્નિ. શોક કરવાના સ્વભાવવાલો. અભિલાષી. પતનશીલ. અર્થજ્ઞાનના સ્વભાવવાલો.

અહીં યાદ રાખવું જોઈએ કે - पद् ધાતુ इदित् હોવાથી (જુઓ ધાતુ પાઠ નં. ૧૨૫૭) 'इङ्गितो० ५-२-४४' થી તેને अन પ્રત્યયની પ્રાપ્તિ હતી. પરંતુ 'लष-पतपदः ५-२-४१' થી વિહિત उकण् પ્રત્યયથી તેનો બાધ થવાથી આ સૂત્રથી पद् ધાતુને अन પ્રત્યયનું પુનર્વિધાન કર્યું છે. યદ્યપિ 'असरूप० ५-१-१६' થી અસરૂપ ઔત્સર્ગિક પ્રત્યય વિકલ્પથી વિહિત હોવાથી पद् ધાતુને उकण् પ્રત્યય બાદ પણ વિકલ્પપક્ષમાં ઔત્સર્ગિક अन પ્રત્યય સૂ. નં. ૫-૨-૪૪ થી થઈ શકે છે; પરંતુ "शीलादिप्रत्ययेषु नासरूपोत्सर्गविधिः" અર્થાદ્ "શીલ ધર્મ અને સાધુ અર્થમાં વિહિત પ્રત્યયના વિષયમાં ઔત્સર્ગિક પ્રત્યય વિકલ્પપક્ષમાં થતો નથી." - આ ન્યાય હોવાથી તેના સામર્થ્યે पद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ अन પ્રત્યય '૫-૨-૪૪' થી થાત નહિ. તેથી તાદૃશ ન્યાયને સૂચવવા આ સૂત્રમાં पद् ધાતુનું ગ્રહણ કર્યું છે. જેથી સૂ. નં. ૫-૨-૨૮ અને ૫-૨-૩૩ ના ઉદાહરણ अलङ्करिष्णुः અને चिकीर्षुः આ સ્થળે સૂ. નં. ૫-૨-૨૭ થી વિહિત ઔત્સર્ગિક तृन् પ્રત્યય ન થવાથી શીલાર્થમાં अलङ्कर्त्ता અને चिकीर्षिता આવો પ્રયોગ થતો નથી. 'शीलादि ... विधिः' આ ન્યાય અનિત્ય હોવાથી वर्धनः वर्धिष्णुः... ઈત્યાદિ સ્થળે શીલાદિ પ્રત્યયના વિષયમાં સૂ. નં. '૫-૧-૧૬' ની સહાયથી ઔત્સર્ગિક પ્રત્યય પણ થાય છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥૪૨॥

## चल - शब्दार्थादकर्मकात् ५।२।४३॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક - અકર્મક (કર્મની અવિવક્ષામાં) ચલન છે અર્થ જેનો અને શબ્દ છે અર્થ જેનો એવા ધાતુને अन પ્રત્યય થાય છે. चल् અને रु ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'नामि० ४-३-१' થી रु ધાતુના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી चलनः અને रवणः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચાલવાના સ્વભાવવાલો. બોલવાના સ્વભાવવાલો. अकर्मकादिति किम् ? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શીલાદિ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક અકર્મક (કર્મની અવિવક્ષામાં) જ चलनार्थक અને शब्दार्थक ધાતુને अन પ્રત્યય થાય છે. તેથી पठिता विद्याम् અહીં શબ્દાર્થક સકર્મક पठ् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય ન થવાથી 'तृन् शील० ५-२-२७' થી तृन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી इट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पठिता આવો પ્રયોગ થાય છે. અર્થ- વિદ્યા ભણવાના સ્વભાવવાલો.॥૪૩॥

## इ-ङितो व्यञ्जनाऽऽद्यन्तात् ५।२।४४॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક; વ્યઞ્જન છે આદિમાં અને અન્તમાં જેના એવા इ અનુબન્ધવાલા અને ङ् અનુબન્ધવાલા અકર્મક (કર્મની અવિવક્ષામાં) ધાતુને अन પ્રત્યય થાય છે. स्पर्द्ध्(७४२) અને वृत् (९५५) ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી वृत् ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી स्पर्द्धनः અને वर्त्तनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સંઘર્ષ કરવાના સ્વભાવવાલો. રહેવાના સ્વભાવવાલો. व्यञ्जनाद्यन्तादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શીલાદિ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક વ્યઞ્જનાદ્યન્ત જ અકર્મક इ કે ङ् અનુબંધવાલા ધાતુને अन

પ્રત્યય થાય છે. તેથી एध् (૭૪૧) અને शी (૧૧૦૫) ધાતુને (એ ધાતુઓ અનુક્રમે વ્યઞ્જનાન્ત અને વ્યઞ્જનાદિ હોવા છતાં વ્યઞ્જનાદ્યન્ત ન હોવાથી) આ સૂત્રથી अन પ્રત્યય ન થવાથી 'तृन् શીલ૦ ૫-૨-૨૭' થી तृन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી इट् વગેરે કાર્ય થવાથી एधिता અને शयिता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વર્ધનશીલ. નિદ્રાશીલ. अकर्मकादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શીલાદિ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક વ્યઞ્જનાદ્યન્ત અકર્મક જ इदित् અને ङित् ધાતુને अन પ્રત્યય થાય છે. તેથી वसिता वस्त्रम् અહીં સકર્મક वस् (૧૧૧૭) ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ तृन् પ્રત્યયાદિ કાર્ય થવાથી वसिता આવો પ્રયોગ થાય છે. અર્થ- વસ્ત્ર પહેરવાના સ્વભાવવાલો. ॥૪૪॥

### न णिङ् - य - सूद - दीप - दीक्षः ५।२।४५॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક - णिङ् પ્રત્યયાન્ત; य् છે અન્તમાં જેના (यान्त) એવા તેમજ सूद् दीप् અને दीक्ष् ધાતુને अन પ્રત્યય થતો નથી. भू ધાતુને 'भुङः प्राप्तौ० ३-४-१९' થી णिङ् (इ) પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન भावि ધાતુને 'इङितो० ૫-૨-૪૪' થી પ્રાપ્ત अन પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી 'तृन् શીલ૦ ૫-૨-૨૭' થી तृन् પ્રત્યય. 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી तृन् પ્રત્યયની પૂર્વે इट्. भावि ના इ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી भावयिता આવો પ્રયોગ થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે भावि ધાતુ વ્યઞ્જનાદ્યન્ત (વ્યઞ્જનાદિ હોવા છતાં વ્યઞ્જનાન્ત) ન હોવાથી 'इङितो० ૫-૨-૪૪ થી યદ્યપિ अन પ્રત્યયની તેને પ્રાપ્તિ નથી. પરન્તુ अन પ્રત્યયના વિષયમાં 'णेरनिटि ૪-૩-૮૩' થી णि નો લોપ થવાથી જે ધાતુ વ્યઞ્જનાન્ત બને છે એવા વ્યઞ્જનાદ્યન્ત ધાતુને પણ સૂ. નં. ૫-૨-૪૪ થી अन પ્રત્યય વિહિત છે. તેથી चेति (चेत्+णि) ધાતુને

अन પ્રત્યય તે સૂત્રથી (૫-૨-૪૪ થી) થવાથી चेतनः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अन પ્રત્યયના વિષયમાં भावि ધાતુના णिङ् નો ઉપર જણાવ્યા મુજબ લોપ થઈ શકતો હોવાથી सू. नं. ५-२-४४ थी भावि ધાતુને પણ अन પ્રત્યયની પ્રાપ્તિ છે જેનો આ સૂત્રથી નિષેધ કરાયો છે.....

क्षमाय् (યકારાન્ત) सूद् दीप् અને दीक्ष् ધાતુને ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત अन પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ तृन् પ્રત્યયાદિ કાર્ય થવાથી क्षमायिता सूदिता दीपिता અને दीक्षिता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રાપ્ત કરવાના સ્વભાવવાલો. કંપાવવાના સ્વભાવવાલો. રાંધવાના સ્વભાવવાલો. પ્રજ્વલિત કરવાના સ્વભાવવાલો. દીક્ષા આપવાના સ્વભાવવાલો. ।।૪૫।।

**द्रम- क्रमो यङः ५।२।४६।।**

शील धर्म અને साधु અર્થ ગમ્યમાન હોય તો; વર્ત્તમાનાર્થક यङ् પ્રત્યયાન્ત द्रम् અને क्रम् ધાતુને अन પ્રત્યય થાય છે. द्रम् અને क्रम् ધાતુને 'गत्यर्था० ३-४-११' થી यङ् પ્રત્યય. 'सन् यङश्च ४-१-३' થી द्रम् અને क्रम् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'मुरतो० ४-१-५१' થી અભ્યાસના અન્તે मु (मृ) નો આગમ. दन्द्रम्य અને चङ्क्रम्य ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. 'योऽशिति ४-३-८०' થી ધાતુના અન્ત્ય य् નો લોપ. .. વગેરે કાર્ય થવાથી दन्द्रमणः અને चङ्क्रमणः આવો પ્રયોગ થાય છે. અર્થ- (બન્નેનો) - કુટિલ રીતે ચાલવાના સ્વભાવવાલો.

અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રથી यङ् પ્રત્યયાન્ત द्रम् અને क्रम् ધાતુને अन પ્રત્યયનું વિધાન ન કરીએ તો પણ अशित् अन પ્રત્યયના વિષયમાં 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ થયા

બાદ दन्द्रम्य् અને चङ्क्रम्य् ધાતુને 'इङितो० ५-२-४४' થી अन પ્રત્યય થઈ શકે છે. પરન્તુ તેનો 'न णिङ् - य० ५-२-४५' થી નિષેધ થવાથી આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन પ્રત્યયનું વિધાન કર્યું છે. સૂ. નં. ૫-૨-૪૪ થી અકર્મક ધાતુને જ अन પ્રત્યય વિહિત છે. તેથી સકર્મક ધાતુને અર્થાદ્ ઉપર જણાવ્યા મુજબ द्रम्य અને क्रम्य સ્વરૂપ यङ् પ્રત્યયાન્ત - સકર્મક ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય વિહિત છે. આવું આ સૂત્રની બૃહદ્વૃત્તિમાં જણાવ્યું છે. આથી સ્પષ્ટ છે કે સૂ. નં. ૫-૨-૪૩ થી ચાલતી અકર્મકની અનુવૃત્તિ આ સૂત્રમાં નથી. તેથી સૂ. નં. ૫-૨-૪૯ કે ૫-૨-૫૦ આદિમાં પણ યદ્યપિ એ અનુવૃત્તિ નથી. પરન્તુ સ્વાભાવિક જ घिनण् પ્રત્યય અકર્મક જ शमादि કે युजादि ધાતુઓને વિહિત હોવાથી વ્યવહિત પણ એ અનુવૃત્તિ સૂ. નં. ૫-૨-૪૯ થી સૂ. નં. ૫-૨-૬૬ સુધીના તે તે સૂત્રમાં વિદ્યમાન છે. અથવા આ સૂત્રની બૃહદ્વૃત્તિમાં सकर्मकार्थं वचनम् આ પ્રમાણે જણાવીને ઉદાહરણ જણાવ્યું નહિ હોવાથી य इति प्रतिषेधनिवृत्त्यर्थं च આ પ્રમાણેના ઉત્તર સમાધાનમાં જ તાત્પર્ય રાખીએ તો અવ્યવધાનથી अकर्मक ની અનુવૃત્તિ તે તે સૂત્રોમાં ઉપર જણાવ્યા મુજબ માનવામાં પણ કોઈ દોષ જણાતો નથી... ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ।।૪૬।।

**यजि - जपि - दंशि - वदादूकः ५।२।४७।।**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક - यङ् પ્રત્યયાન્ત यज् जप् दंश् અને वद् ધાતુને ऊक પ્રત્યય થાય છે. यज् અને वद् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી અને जप् તથા दंश् ધાતુને 'गॄ-लुप० ३-४-१२' થી यङ् પ્રત્યય. 'सन् यङश्च ४-१-३' થી ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. ययज्+य અને ववद् +यं આ અવસ્થામાં 'आगुणा० ४-१-४८' થી અભ્યાસમાં अ ને आ આદેશ. जजप्+य અને ददश्+य (दंश् ધાતુના न् નો 'नो

व्यञ्जo ४-२-४५' થી લોપ થયા બાદ દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન) આ અવસ્થામાં 'जप- जभ० ४-१-५२' થી અભ્યાસના અન્તે मु (म्) નો આગમ. यायज्य जञ्जप्य दन्दश्य અને वावद्य ધાતુને આ સૂત્રથી ऊक પ્રત્યય. 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. 'योऽशिति ४-३-८०' થી ધાતુના અન્ત્ય य् નો લોપ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ यायजूकः जञ्जपूकः दन्दशूकः અને वावदूकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વારંવાર પૂજા કરવાના સ્વભાવવાલો. નિંદિત જાપ કરવાના સ્વભાવવાલો. ખરાબરીતે દંશ દેવાના સ્વભાવવાલો. ઘણું બોલવાના સ્વભાવવાલો.।।૪૭।।

## जागुः ५।२।४८।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક जागृ ધાતુને ऊक પ્રત્યય થાય છે. जागृ ધાતુને આ સૂત્રથી ऊक પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી जागरूकः આવો પ્રયોગ થાય છે. અર્થ - જાગવાના સ્વભાવવાલો.।।૪૮।।

## शमष्टकाद् घिनण् ५।२।४९।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક शम् दम् तम् श्रम् भ्रम् क्षम् मद् અને क्लम् આ शमादि આઠ ધાતુઓને घिनण् (इन्) પ્રત્યય થાય છે. शम् दम् तम् श्रम् भ्रम् क्षम् प्र+मद् અને क्लम् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી मद् ના अ ને વૃદ્ધિ आ આદેશ. शमादि ના अ ને પ્રાપ્ત વૃદ્ધિનો 'मोऽकमि० ४-३-५५' થી નિષેધ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ शमी दमी तमी श्रमी भ्रमी क्षमी प्रमादी અને क्लमी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - શાન્ત સ્વભાવવાલો. સંયમશીલ. ક્રોધી. મહેનતુ - શ્રમશીલ. ભ્રમણ કરવાના

સ્વભાવવાલો. ક્ષમાશીલ. આળસુ. થાકેલો. ॥૪૯॥

**युज-भुज-भज-त्यज-रञ्ज-द्विष-दुष-द्रुह-दुहाऽभ्याहनः ५।२।५०॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક અકર્મક - युज् भुज् भज् त्यज् रञ्ज् द्विष् दुष् द्रुह् दुह् અને अभि+आ+हन् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. युज् भुज् भज् त्यज् रञ्ज् द्विष् दुष् द्रुह् दुह् અને अभि+आ+हन् ધાતુને આ સૂત્રથી घिनण् (इन्) પ્રત્યય. रञ्ज् ધાતુના न् (ञ्) નો 'अकट्० ૪-૨-૫૦' થી લોપ. 'क्तेऽनिटश्च० ૪-૧-૧૧૧' થી युज् વગેરે પાંચ ધાતુના ज् ને ग् આદેશ. 'लघोरु० ૪-૩-૪' થી युज् વગેરે ધાતુના ઉપાન્ત્ય उ અને द्विष् ધાતુના इ ને ગુણ ओ અને ए આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦'થી भज् વગેરે ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે - योगीं भोगी भागी त्यागी रागी द्वेषी दोषी द्रोही दोही અને अभ्याघाती આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સમાધિશીલ. ભોગવવાના સ્વભાવવાલો. પ્રાપ્ત કરવાના સ્વભાવવાલો. ત્યાગ કરવાના સ્વભાવવાલો. રાગ કરવાના સ્વભાવવાલો. દ્વેષ કરવાના સ્વભાવવાલો. દોષ કરવાના સ્વભાવવાલો. દ્રોહ કરવાના સ્વભાવવાલો. દોહવાના સ્વભાવવાલો. મૃદંગાદિ વગાડવાના સ્વભાવવાલો.

अकर्मकादित्येव- આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શીલાદિ સદર્થક युज् भुज् વગેરે અકર્મક જ ધાતુને घिनण् પ્રત્યય થાય છે. તેથી गां दोग्धा અહીં સકર્મક दुह् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય ન થવાથી 'तृन् शील० ૫-૨-૨૭' થી तृन् (तृ) પ્રત્યય થાય છે. दुह् +तृ આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. 'भ्वादे० ૨-૧-૮૩' થી ह् ને घ् આદેશ. 'अधश्च० ૨-૧-૭૯' થી तृन् ના त् ને ध् આદેશાદિ કાર્ય થવાથી दोग्धा આવો પ્રયોગ થાય છે. અર્થ- ગાયને દોહવાના સ્વભાવવાલો.

અહીં એ યાદ રાખવું જોઈએ કે - યદ્યપિ સૂ. નં. ૫-૨-૪૬ થી अन પ્રત્યયનું વિધાન નિરર્થક છે. કારણ કે यङ् પ્રત્યયાન્ત द्रम्य અને क्रम्य ધાતુના અન્ત્ય अ નો 'अतः ४-३-८२' થી લોપ થયા બાદ अन પ્રત્યય કરવાની પૂર્વે ङित् અને વ્યઞ્જનાદ્યન્ત द्रम्य् અને क्रम्य् ધાતુને સૂ.નં. ૫-૨-૪૪ થી अन પ્રત્યયની પ્રાપ્તિ છે જ. પરન્તુ સૂ. નં. ૫-૨-૪૫ થી यान्त ધાતુને अन પ્રત્યયનો નિષેધ હોવાથી તાદૃશ द्रम्य् અને क्रम्य् ધાતુને સૂ. નં. ૫-૨-૪૬ થી अन પ્રત્યયનું વિધાન કર્યું છે. તેમજ સૂ. નં. ૫-૨-૪૪ થી તો અકર્મક અવસ્થામાં જ अन પ્રત્યય વિહિત છે. તેથી સકર્મક અવસ્થામાં પણ अन પ્રત્યયના વિધાન માટે સૂ. નં. ૫-૨-૪૬ નું પ્રણયન છે. એ સૂત્રની બૃહદ્વૃત્તિના આશયથી સ્પષ્ટ છે, કે - સૂ. નં. ૫-૨-૪૩ થી ચાલતી 'અકર્મક' ની અનુવૃત્તિ સૂ. નં. ૫-૨-૪૬ માં નથી. તેથી સૂ. નં. ૫-૨-૪૯ અને ૫૦ માં પણ યદ્યપિ એ અનુવૃત્તિ નથી. પરન્તુ घिनण् પ્રત્યય સ્વાભાવિક જ અકર્મક ધાતુથી (शमादि - युजादि ધાતુથી) થતો હોવાથી વ્યવહિત પણ 'અકર્મક' ની અનુવૃત્તિ સૂ. નં. ૫-૨-૪૯ અને ૫૦ માં છે જ- એ સમજી લેવું. અથવા સૂ. નં. ૫-૨-૪૬ ની બૃહદ્વૃત્તિમાં "सकर्मकार्थं वचनम्" આ પ્રમાણે કહીને સકર્મકાવસ્થાનું ઉદાહરણ આપ્યું ન હોવાથી "य इति प्रतिषेधनिवृत्त्यर्थं च वचनम्" આ પ્રમાણેના ઉત્તર સમાધાનમાં જ દૃઢતા રાખીએ તો સૂ. નં. ૫-૨-૪૩ થી ચાલતી 'અકર્મક'ની અનુવૃત્તિ અવ્યવધાનથી છે- એમ માનવામાં પણ દોષ નથી. આ વાત સૂ.નં. ૫-૨-૪૬ માં જણાવેલી છે. ॥૫૦॥

## आङः क्रीड-मुषः ५।२।५१॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો, વર્ત્તમાનાર્થક आङ् ઉપસર્ગથી પરમાં રહેલા क्रीड् અને मुष् ધાતુને घिनण् (इन्) પ્રત્યય થાય છે. आ+क्रीड्; आ+मुष् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી मुष् ધાતુના उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી

आक्रीडी અને आमोषी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્રીડાશીલ. ચોરવાના સ્વભાવવાલો. અહીં યાદ રાખવું જોઈએ કે શીલાદિ પ્રત્યયાન્તનામો પ્રાયઃ રૂઢ છે. જેથી પ્રયોગાનુસાર જ પ્રત્યયોનું વિધાન કર્યું છે. આથી કેવલ ધાતુથી વિધાન કરાએલા શીલાદિ પ્રત્યયો બહુલતયા તે તે ધાતુને ઉપસર્ગની અધિકતામાં થતા નથી. ।।૫૧।।

**प्राच्च यम-यसः ५।२।५२।।**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક प्र અને आङ् ઉપસર્ગથી પરમાં રહેલા यम् અને यस् ધાતુને घिनण् (इन्) પ્રત્યય થાય છે. प्र+यम्; आ+यम्; प्र+यस् અને आ+यस् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી यम् અને यस् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે प्रयामी; आयामी, प्रयासी અને आयासी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નિવૃત્ત થવાના સ્વભાવવાલો. લાંબા થવાના સ્વભાવવાલો. પ્રયત્નશીલ. પ્રયત્નશીલ. ।।૫૨।।

**मथ-लपः ५।२।५३।।**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા વર્ત્તમાનાર્થક मथ् અને लप् ધાતુને घिनण् (इन्) પ્રત્યય થાય છે. प्र+मथ् અને प्र+लप् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી मथ् અને लप् ધાતુના अ ને વૃદ્ધિ 'आ' આદેશ વગેરે કાર્ય થવાથી प्रमाथी અને प्रलापी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મથન કરવાના સ્વભાવવાલો. રોદનશીલ અથવા બોલવાના સ્વભાવવાલો. ।।૫૩।।

## वेश्च द्रोः ५।२।५४॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वि અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા द्रु ધાતુને घिनण् (इन्) પ્રત્યય થાય છે. वि+द्रु અને प्र+द्रु ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી અન્ત્ય उ ને વૃદ્ધિ औ આદેશ... વગેરે કાર્ય થવાથી विद्रावी અને प्रद्रावी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિદ્રવણ (પીગળવું) શીલ. ભાગી જવાના સ્વભાવવાલો. ।।૫૪।।

## वि - परि-प्रात् सर्त्तेः ५।२।५५॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वि परि અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા सृ ધાતુને घिनण् પ્રત્યય થાય છે. वि+सृ, परि+सृ અને प्र+सृ ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે विसारी परिसारी અને प्रसारी આવો પ્રયોગ આવો થાય છે. અર્થક્રમશઃ- ધસવાના અથવા જોશથી આગળ ચાલવાના સ્વભાવવાલો. ચારે તરફ ચાલવાના સ્વભાવવાલો. પ્રસરણશીલ. ।।૫૫।।

## समः पृचैप् - ज्वरेः ५।२।५६॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सम् ઉપસર્ગથી પરમાં રહેલા पृच् (૧૪૮૨) ધાતુને અને ज्वर् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम् + पृच् અને सम्+ज्वर् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી पृच् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી ज्वर् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી पृच् ધાતુના च् ને क् આદેશ... વગેરે કાર્ય

થવાથી सम्पर्की અને संज्चारी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સંપર્કશીલ. પીડિત. ॥૫૬॥

### सं-वेः सृजः ५।२।५७॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सम् અને वि ઉપસર્ગથી પરમાં રહેલા सृज् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम् + सृज् અને वि+सृज् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી सृज् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે संसर्गी અને विसर्गी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સંસર્ગ રાખવાના સ્વભાવવાલો. ત્યાગ કરવાના સ્વભાવવાલો.॥૫૭॥

### सं-परि-व्यनुं-प्राद् वदः ५।२।५८॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો सम् परि वि अनु અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા વર્ત્તમાનાર્થક वद् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम्+वद्; परि+वद्; वि+वद्; अनु+वद् અને प्र+वद् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી वद् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી ક્રમશઃ संवादी; परिवादी; विवादी; अनुवादी અને प्रवादी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુસંગત બોલવાના સ્વભાવવાલો. વિરુદ્ધ બોલવાના સ્વભાવવાલો. વિવાદ કરવાના સ્વભાવવાલો. અનુવાદ કરવાના સ્વભાવવાલો. સારી રીતે બોલવાના સ્વભાવવાલો.॥૫૮॥

## वे र्विच - कत्थ - स्रम्भ - कष - कस- लस - हनः ५।२।५९॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वि ઉપસર્ગથી પરમાં રહેલા विच् कत्थ् स्रम्भ् कष् कस् लस् અને हन् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. वि+विच्; वि+कत्थ्; वि+स्रम्भ्; वि+कष्; वि+कस् वि+लस् અને वि+हन् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી विच् ધાતુના इ ને ગુણ ए આદેશ. 'क्तेऽनिट० ४-१-१११' થી विच् ના च् ને क् આદેશ. 'ञ्णिति ४-३-५०' થી ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ.... વગેરે કાર્ય થવાથી અનુક્રમે विवेकी; विकत्थी; विस्रम्भी; विकाषी; विकासी; विलासी અને विघाती (અહીં 'ञ्णिति० ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ થયો છે.) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિવેકશીલ. પ્રશંસા કરવાના સ્વભાવવાલો. વિશ્વાસ રાખવાના સ્વભાવવાલો. હિંસાશીલ. વિકાસશીલ. વિલાસી. વિઘાતશીલ. ॥५९॥

## व्यपाऽभे र्लषः ५।२।६०॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वि अप અને अभि ઉપસર્ગથી પરમાં રહેલા लष् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. वि+लष्; अप+लष् અને अभि+लष् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી लष् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે विलाषी अपलाषी અને अभिलाषी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિશેષ અભિલાષશીલ. ખરાબ અભિલાષશીલ. અભિલાષશીલ. ॥६०॥

## सम् - प्राद् वसात् ५।२।६१॥

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सम् અને

प्र ઉપસર્ગથી પરમાં રહેલા वस् (९९९) ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम् + वस् અને प्र + वस् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી वस् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી संवासी અને प्रवासी આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સારી રીતે રહેવાના સ્વભાવવાલો. પ્રવાસી. ॥૬૧॥

**समत्यपाऽभि - व्यभेश्चरः ५।२।६२॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सम् अति अप अभि અને व्यभि (वि+अभि) ઉપસર્ગથી પરમાં રહેલા चर् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम्+चर्; अति+चर्; अप+चर्; अभि+चर् અને व्यभि+चर् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી चर् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે सञ्चारी अतिचारी अपचारी अभिचारी અને व्यभिचारी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ધીમે ચાલવાના સ્વભાવવાલો: વ્રતમાં દૂષણ લગાડવાના સ્વભાવવાલો. દુષ્ટ રીતે ચાલવાના સ્વભાવવાલો. સર્વ બાજુ ચાલવાના સ્વભાવવાલો. વ્યભિચારી. ॥૬૨॥

**समनु - व्यवाद् रुधः ५।२।६३॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सम् अनु वि અને अव ઉપસર્ગથી પરમાં રહેલા रुध् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. सम्+रुध्; अनु+रुध्, वि+रुध् અને अव+रुध् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી रुध् ધાતુના उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે संरोधी, अनुरोधी, विरोधी અને अवरोधी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારી રીતે ઘેરવાના સ્વભાવવાલો. આગ્રહ કરવાના સ્વભાવવાલો. વિરોધ કરવાના સ્વભાવવાલો. રોકવાના સ્વભાવવાલો.॥૬૩॥

**वेर्दहः ५।२।६४॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वि ઉપસર્ગથી પરમાં રહેલા दह् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. वि+दह् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. दह् ધાતુના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ.... વગેરે કાર્ય થવાથી विदाही આવો પ્રયોગ થાય છે. અર્થ - બાળવાના સ્વભાવવાલો. ॥૬૪॥

**परे र्देवि-मुहश्च ५।२।६५॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક परि ઉપસર્ગથી પરમાં રહેલા ण्यन्त કે अण्यन्त देव् ધાતુને તેમજ मुह् અને दह् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. परि+देव्; परि+देवि (ण्यन्त); परि+मुह् અને परि+दह् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી मुह् ધાતુના उ ને ગુણ ओ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી दह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી देवि ધાતુના इ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે परिदेवी परिदेवी परिमोही અને परिदाही આવો પ્રયોગ થાય છે. લઘુવૃત્તિમાં રૂપની સમાનતાને લઈને परिदेवी - આ પ્રમાણે એક જ વાર પ્રયોગ કર્યો છે. અર્થ ક્રમશઃ - શોક કરવાના સ્વભાવવાલો. શોક કરાવવાના સ્વભાવવાલો. મૂર્ચ્છિત. દહનશીલ. ॥૬૫॥

**क्षिप-रटः ५।२।६६॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક परि ઉપસર્ગથી પરમાં રહેલા क्षिप् અને रट् ધાતુને घिनण् પ્રત્યય થાય છે. परि+क्षिप् અને परि+रट् ધાતુને આ સૂત્રથી घिनण् પ્રત્યય. 'लघोरु० ४-

૩-૪' થી क्षिप् ધાતુના इ ને ગુણ ए આદેશ. रट् ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી परिक्षेपी અને परिराटी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ફેંકવાના અથવા નિંદા કરવાના સ્વભાવવાલો. રટણ કરવાના સ્વભાવવાલો. ||૬૬||

## वादेश्च णकः ૫|૨|૬૭||

શીલ ધર્મ અને साधु અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક परि ઉપસર્ગથી પરમાં રહેલા वादि (वद्+णिग्) ધાતુને તેમ જ क्षिप् અને रट् ધાતુને णक (अक) પ્રત્યય થાય છે. परि+वादि; परि+क्षिप् અને परि+रट् ધાતુને આ સૂત્રથી णक પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી क्षिप् ધાતુના इ ને ગુણ ए આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી रट् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩' થી वादि ધાતુના इ નો લોપ વગેરે કાર્ય થવાથી परिवादकः परिक्षेपकः અને परिराटकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વગાડવાના સ્વભાવવાલો. નિંદા કરવાના અથવા ફેંકવાના સ્વભાવવાલો. રટણ કરવાના સ્વભાવવાલો.

અહીં યાદ રાખવું જોઈએ કે परिवादकः ... ઈત્યાદિ સ્થળે 'असरू० ૫-૧-૧૬' ની સહાયથી; 'तृन् शील० ૫-૨-૨૭' દ્વારા વિહિત અપવાદરૂપ तृन् ના વિષયમાં 'णक-तृचौ ૫-૧-૪૮' થી વિહિત णक પ્રત્યય સિદ્ધ હોવા છતાં આ સૂત્રથી ફરીથી णक પ્રત્યયનું જે વિધાન છે, તે એમ જણાવે છે કે - શીલાદિ અર્થમાં વિહિત શીલાદિ પ્રત્યયના વિષયમાં, અશીલાદિ (શીલાદિ પ્રત્યયથી ભિન્ન) એવો ઔત્સર્ગિક પ્રત્યય સૂ. નં. ૫-૧-૧૬ ની સહાયથી થતો નથી. તેથી સૂ. નં. ૫-૨-૨૮ થી વિહિત શીલાદ્યર્થક इष्णु પ્રત્યયથી નિષ્પન્ન अलंकरिष्णुः.... ઈત્યાદિ પ્રયોગ સ્થળે અશીલાદિ ઔત્સર્ગિક णक પ્રત્યય થતો ન હોવાથી अलंकारकः... વગેરે પ્રયોગો શીલાદિ અર્થ ગમ્યમાન હોય ત્યારે થતા નથી. બહુલાધિકારના કારણે શીલાદિ પ્રત્યયના વિષયમાં કોઈ વાર અશીલાદિ

ઔત્સર્ગિક પ્રત્યય થાય પણ છે. તેથી "कामक्रोधौ मनुष्याणां, खादितारौ वृकाविव" અહીં खादतीत्येवं शीलौ આ અર્થમાં खाद् ધાતુને 'निन्द-हिंस० ૫-૨-૬૮' થી વિહિત શીલાદિ णक પ્રત્યયના વિષયમાં 'णक - तृचौ ૫-૧-૪૮' થી ઔત્સર્ગિક અશીલાદિ तृच् પ્રત્યય 'असरू० ૫-૧-૧૬' ની સહાયથી થાય છે. ॥૬૭॥

**निन्द-हिंस-क्लिश-खाद-विनाशि-व्याभाषाऽसूयाऽनेकस्वरात् ५।२।६८॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક निन्द् हिंस् क्लिश् खाद् वि+नाशि वि+आ+भाष् असूय् અને અનેકસ્વરી ધાતુને णक (अक) પ્રત્યય થાય છે. निन्द्; हिंस्; क्लिश्; खाद्; वि+नाशि; वि+आ+भाष्, असूय् અને चकास् (અનેકસ્વરી) ધાતુને આ સૂત્રથી णक (अक) પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી क्लिश् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ. 'णेरनिटि ४-३-८३' થી नाशि ધાતુના અન્ત્ય इ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે निन्दकः; हिंसकः; क्लेशकः; खादकः; विनाशकः; व्याभाषकः; असूयकः અને चकासकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નિન્દા કરવાના સ્વભાવવાલો. હિંસા કરવાના સ્વભાવવાલો. દુઃખ પામવાના સ્વભાવવાલો. ખાવાના સ્વભાવવાલો. નાશ કરવાના સ્વભાવવાલો. વાચાળ. અસૂયા (ઈર્ષ્યા) કરવાના સ્વભાવવાલો. શોભવાના સ્વભાવવાલો. સૂત્રમાંના 'अनेकस्वर' આ પદોપાદાનથી જ असूय् ધાતુને ઉપર જણાવ્યા મુજબ णक પ્રત્યય સિદ્ધ હોવા છતાં असूय् ધાતુના પૃથગુપાદાનથી એ જણાવાયું છે કે असूय् ધાતુને છોડીને અન્ય અનેકસ્વરી એવા कण्ड्वादि ગણપાઠમાંના कण्डूय् વગેરે ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णक પ્રત્યય થતો નથી. તેથી कण्डूयिता मन्तूयिता વગેરે પ્રયોગ થાય છે. वि+नाशि આ પ્રમાણે ण्यन्त नश् ધાતુનું ગ્રહણ કર્યું હોવાથી नश् ધાતુથી ભિન્ન એવા ण्यन्त ધાતુઓને આ સૂત્રથી णक પ્રત્યય થતો નથી. જેથી कारि વગેરે ધાતુને तृन् પ્રત્યયાદિ કાર્ય થવાથી कारयिता વગેરે પ્રયોગ

થાય છે. તેમજ અહીં સૂત્રમાં क्लिश् પદથી क्लिश् સામાન્યનું (૧૨૭૬ અને ૧૫૫૭) ગ્રહણ હોવાથી दिवादि ગણના (૧૨૭૬) क्लिश् ધાતુને સૂ.નં. ૫-૨-૪૪ થી अन પ્રત્યય થતો નથી...॥૬૮॥

**उपसर्गाद् देवृ-देवि-क्रुशः ५।२।६९॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક ઉપસર્ગથી પરમાં રહેલા देवृ (देव्) देवि (दिव्+णि देव्+णि) અને क्रुश् ધાતુને णक પ્રત્યય થાય છે. आ+देव्; परि+देवि અને आ+क्रुश् ધાતુને આ સૂત્રથી णक (अक) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી देवि ધાતુના इ નો લોપ. 'लघोरु० ४-३-४' થી क्रुश् ધાતુના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી आदेवकः परिदेवकः અને आक्रोशकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રમવાના સ્વભાવવાલો. રમાડવાના અથવા શોક કરાવવાના સ્વભાવવાલો. આક્રોશ કરવાનાં સ્વભાવવાલો. ॥૬૧॥

**वृङ् - भिक्षि-लुण्टि-जल्पि-कुट्टाट्टाकः ५।२।७०॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક वृङ् (वृ ૧૫૬૭), भिक्ष्; लुण्ट्, जल्प् અને कुट्ट् ધાતુને टाक (आक) પ્રત્યય થાય છે. वृ भिक्ष् लुण्ट् जल्प् અને कुट्ट् ધાતુને આ સૂત્રથી टाक પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી वृ ના ऋ ને ગુણ अर् આદેશ. वराक નામને 'अणजे० २-४-२०' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે वराकी; भिक्षाकः; लुण्टाकः; जल्पाकः અને कुट्टाकः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વરવાના સ્વભાવવાલી. ભિક્ષા માંગવાના સ્વભાવવાલો. લુંટારો. વક્તા. કુટવાના સ્વભાવવાલો. ॥૭૦॥

## प्रात् सू-जोरिन् ५।२।७१॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક प्र ઉપસર્ગથી પરમાં રહેલા सू અને जु ધાતુને इन् પ્રત્યય થાય છે. प्र+सू અને प्र+जु ધાતુને આ સૂત્રથી इन् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી ધાતુના અન્ત્ય ऊ અને उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી प्रसवी અને प्रजवी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રેરણા કરવાના સ્વભાવવાલો. ઉતાવળે ઉતાવળે ચાલવાના સ્વભાવવાલો. આ સૂત્રમાં નિરનુબન્ધ सू ધાતુનું ગ્રહણ હોવાથી અહીં सू ધાતુ तुदादि (૧૩૩૨) નો જ વિવક્ષિત છે. अदादि કે दिवादि (૧૦૭૮ કે ૧૨૪૨) નો નહિ. ॥૭૧॥

## जीण् - दृ-क्षि-विश्रि-परिभू-वमाभ्यमव्यथः ५।२।७२॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક जि; इण् दृ; क्षि (૧૦ અને ૧૩૩૧); वि+श्रि; परि + भू; वम्; अभि+अम् અને નઞ્પૂર્વક व्यथ् ધાતુને इन् પ્રત્યય થાય છે. जि; अति+इ; आ+दृ; क्षि; वि+श्रि; परि+भू; वम्; अभि+अम् અને नञ्+व्यथ् ધાતુને આ સૂત્રથી इन् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ધાતુના અન્ત્ય इ ऋ અને ऊ ને અનુક્રમે ગુણ ए अर् અને ओ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે जयी; अत्ययी; आदरी; क्षयी; विश्रयी; परिभवी; वमी; अभ्यमी અને अव्यथी આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જય પામવાના સ્વભાવવાલો. નાશશીલ. આદર કરવાનાં સ્વભાવવાલો. ક્ષય પામવાના અથવા નિવાસ કરવાના સ્વભાવવાલો. શરણું લેવાના સ્વભાવવાલો. તિરસ્કાર પામવાના સ્વભાવવાલો. ઉલ્ટી કરવાના સ્વભાવવાલો. ખાવાના સ્વભાવવાલો. વ્યથા નહિ પામવાના સ્વભાવવાલો. ॥૭૨॥

## सृ-घस्यदो मरक् ५।२।७३॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सृ घस् અને अद् ધાતુને मरक् (मर) પ્રત્યય થાય છે. सृ; घस् અને अद् ધાતુને આ સૂત્રથી मरक् (मर) પ્રત્યય.. વગેરે કાર્ય થવાથી અનુક્રમે सृमरः घस्मरः અને अद्मरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સરકવાના સ્વભાવવાલો. ખાવાના સ્વભાવવાલો. ખાવાના સ્વભાવવાલો.॥७३॥

## भञ्जि-भासि-मिदो घुरः ५।२।७४॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક भञ्ज् भास् અને मिद् ધાતુને घुर પ્રત્યય થાય છે. भञ्ज् भास् અને मिद् ધાતુને આ સૂત્રથી घुर (उर) પ્રત્યય. 'क्तेऽनिट० ४-१-१११' થી भञ्ज् ધાતુના ज् ને ग् આદેશ. 'लघोरु० ४-३-४' થી मिद् ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે भङ्गुरम् भासुरम् અને मेदुरम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ભઙ્ગુર કાષ્ઠ વગેરે. દેદીપ્યમાન શરીર વગેરે. સ્નિગ્ધ સ્વભાવવાળું. અહીં યાંદ રાખવું જોઈએ કે - સૂ.નં. ५-१-४ થી घुर પ્રત્યય કર્માત્મક કર્ત્તામાં વિહિત છે. તેથી સકર્મક भञ्ज् ધાતુને 'भज्यते स्वयमेवेत्येवं शीलम्' આ અર્થમાં આ સૂત્રથી घुर પ્રત્યય કર્મકર્ત્તામાં થાય છે; પરન્તુ અકર્મક भास् વગેરે ધાતુઓને તો घुर પ્રત્યય કર્ત્તામાં થાય છે. આ પ્રમાણે આગળના સૂત્રોમાં પણ घुर પ્રત્યય યથાસંભવ વ્યાપ્યાત્મક કર્ત્તામાં અથવા કર્ત્તામાં થાય છે. .... ॥७४॥

## वेत्ति-च्छिद–भिदः कित् ५।२।७५॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક विद् छिद् અને भिद् ધાતુને कित् घुर પ્રત્યય થાય છે. विद् (१०९९) छिद् અને

भिद् ધાતુને આ સૂત્રથી कित् घुर प्रत्यय ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે विदुरः छिदुरः અને भिदुरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- જાણવાના સ્વભાવવાલો. પોતે જ છેદાય એવા સ્વભાવવાલો. પોતેજ ભેદાય એવા સ્વભાવવાલો.।।૭૫।।

## भियो रु-रुक-लुकम् ૫।૨।૭૬।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક भी ધાતુને रु रुक અને लुक પ્રત્યય થાય છે. भी ધાતુને આ સૂત્રથી रु रुक અને लुक પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે भीरुः भीरुकः અને भीलुकः આવો પ્રયોગ થાય છે. અર્થ(બધાનો) - ડરપોક. અહીં યદ્યપિ भीरुक નામનો ऋफिडादि ગણપાઠમાં પાઠ કરીને સૂત્ર. નં. ૨-૩-૧૦૪ થી વિકલ્પે र् ને ल् આદેશ કરવાથી પણ 'भीलुकः' આવો પ્રયોગ સિદ્ધ જ છે. પરન્તુ ऋफिडादि ગણપાઠ, પ્રયોગથી પરિગણિત હોવાથી भीरुक નામનો પાઠ એમાં કરવો કે નહિ... ઈત્યાદિ અનુસંધાનપ્રયુક્ત ગૌરવની અપેક્ષાએ लुक પ્રત્યયના વિધાનમાં લાઘવ છે. તેથી लुक પ્રત્યયનું પૃથગ્ વિધાન કર્યું છે. ।।૭૬।।

## सृ-जीण्-नशष्ट्वरप् ૫।૨।૭૭।।

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક सृ, जि, इण् અને नश् ધાતુને कित् ट्वरप् (वर) પ્રત્યય થાય છે. सृ जि इण् (इ) અને नश् ધાતુને આ સૂત્રથી ट्वरप् પ્રત્યય. 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી सृ जि અને इ ધાતુના અન્તમાં त् નો આગમ. सृत्वर અને जित्वर નામને સ્ત્રીલિંગમાં 'अणञे० ૨-૪-૨૦' થી ङी (ई) પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે - सृत्वरी, जित्वरी, इत्वरः અને नश्वरः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- સરકવાના સ્વભાવવાલી. જિતવાના સ્વભાવવાલી. ગતિશીલ.

નશ્વર.॥૭૭॥

**गत्वरः ५।२।७८॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક गम् ધાતુને ट्वरप् પ્રત્યય અને गम् ધાતુના म् ને त् આદેશનું નિપાતન કરાય છે. गम् ધાતુને આ સૂત્રથી ट्वरप् (वर) પ્રત્યય તથા गम् ધાતુના म् ને त् આદેશ. गत्वर નામને 'अणञे० २-४-२०' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી गत्वरी આવો પ્રયોગ થાય છે. અર્થ- ગતિ કરવાના સ્વભાવવાલી.॥૭૮॥

**स्म्यजस-हिंस-दीप-कम्प-कम-नमो रः ५।२।७९॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્તમાનાર્થક स्मि; નઞ્પૂર્વક जस्; हिंस्; दीप्; कम्प्; कम् અને नम् ધાતુને र પ્રત્યય થાય છે. स्मि, नञ्+जस् (१२२३); हिंस्; दीप्; कम्प; कम् અને नम् ધાતુને આ સૂત્રથી र પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી स्मि ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે स्मेरम्; अजस्रम्; हिंस्रः; दीप्रः; कम्प्रः; कम्रः અને नम्रः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિકસ્વર મુખાદિ. સતત. હિંસા કરવાના સ્વભાવવાલો. પ્રકાશશીલ દીપાદિ. કમ્પનશીલ. ઈચ્છા કરવાના અથવા ઈચ્છાયોગ્ય સ્વભાવવાલો. નમનશીલ. અહીં એ યાદ રાખવું જોઈએ કે - अजस्र નામ ક્રિયાના સાતત્યમાં રૂઢ હોવાથી नञ्+जस् ધાતુને આ સૂત્રથી र પ્રત્યય ભાવમાં થયો છે. અને બહુલાધિકાર ચાલુ હોવાથી कम्र માં र પ્રત્યય કર્મમાં પણ થાય છે. ॥૭૯॥

**तृषि-धृषि-स्वपो नजिङ् ५।२।८०॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક तृष् धृष् અને स्वप् ધાતુને नजिङ् (नज्) પ્રત્યય થાય છે. तृष् धृष् અને स्वप् ધાતુને આ સૂત્રથી नजिङ् પ્રત્યય.. વગેરે કાર્ય થવાથી तृष्णक् धृष्णक् અને स्वप्नजौ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તૃષ્ણાશીલ. ધૃષ્ટતા કરવાના સ્વભાવવાલો. ઉંઘવાના સ્વભાવવાલા બે. ॥૮૦॥

**स्थेश-भास-पिस-कसो वरः ५।२।८१॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક स्था ईश् भास् पिस् અને कस् ધાતુને वर પ્રત્યય થાય છે. स्था ईश् भास् पिस् અને वि+कस् ધાતુને આ સૂત્રથી वर પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી पिस् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે स्थावरः ईश्वरः भास्वरः पेस्वरः અને विकस्वरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સ્થિર સ્વભાવવાલો. ઐશ્વર્યશાલી. પ્રકાશશીલ (દેદીપ્યમાન). ગતિશીલ વિકાસશીલ. ॥૮૧॥

**यायावरः ५।२।८२॥**

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક यङ् પ્રત્યયાન્ત या ધાતુને वर પ્રત્યયનું નિપાતન કરાય છે. 'कुटिलं यातीत्येवंशीलः આ અર્થમાં यायाय (या ધાતુને 'गत्यर्था० ३-४-१०' થી यङ् પ્રત્યય. 'सन् यङश्च ४-१-३' થી या ને દ્વિત્વ. 'ह्रस्वः ४-१-३९'થી અભ્યાસમાં आ ને ह्रस्व अ આદેશ. 'आ- गुणा० ४-१-४८' થી અભ્યાસમાં अ ને आ આદેશ.) ધાતુને આ સૂત્રથી वर પ્રત્યય. 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી

ધાતુના અન્ત્ય य् નો લોપ વગેરે કાર્ય થવાથી यायावरः આવો પ્રયોગ થાય છે. અર્થ- ખરાબગતિશીલ. ॥૮૨॥

## दिद्युद्-ददृद्जगज्जुहू - वाक् - प्राट् - धी - श्री-द्रू-स्रू-ज्वायतस्तू-कटप्रू - परिव्राट्- भ्राजादयः क्विप् ५।२।८३॥

શીલ ધર્મ અને સાધુ અર્થ ગમ્યમાન હોય તો વર્ત્તમાનાર્થક द्युत् વગેરે વિવક્ષિત ધાતુને क्विप् (૦) પ્રત્યયાદિ કાર્ય કરીને; दिद्युत्; ददृत्; जगत्; जुहू ; वाक्; प्राट्; धी; श्री; शतद्रू (द्रू); स्रू; जू; आयतस्तू; कटप्रू; परिव्राज् અને भ्राज् વગેરે નામોનું નિપાતન કરાય છે. द्योतते इत्येवंशीलः આ અર્થમાં **द्युत्** ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય - તથા **द्युत्** ધાતુને દ્વિત્વ. **'व्यञ्जनस्या० ૪-૧-૪૪'** થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्युतेरिः ૪-૧-૪૧' થી અભ્યાસમાં उ ને इ આદેશ... વગેરે કાર્ય થવાથી दिद्युत् આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રકાશશીલ. दृणातीत्येवंशीलः આ અર્થમાં दृ (૧૫૩૫) ધાતુને આ સૂત્રથી क्विप् (૦) પ્રત્યય; ॠ ને હ્રસ્વ ऋ આદેશ અને ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં ऋ ને 'ऋतोऽत् ૪-૧-૩૮' થી अ આદેશ. 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી ધાતુના અન્તે त् નો આગમ વગેરે કાર્ય થવાથી ददृत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ફાડવાના સ્વભાવવાલો. गम् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય અને ધાતુને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'गमां क्वौ ૪-૨-૫૮' થી गम् ના म् નો લોપ. ઉપર જણાવ્યા મુજબ ધાતુના અન્તે त् નો આગમ વગેરે કાર્ય થવાથી जगत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગતિશીલ. हु ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય, उ ને દીર્ઘ ऊ આદેશ અને ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં ऊ ને 'ह्रस्वः ૪-૧-૩૯' થી હ્રસ્વ उ આદેશ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં ह् ને ज् આદેશ... વગેરે કાર્ય થવાથી जुहूः આવો પ્રયોગ થાય છે. અર્થ - હોમ કરવાના સ્વભાવવાલો. वच् ધાતુને આ

સૂત્રથી क्विप् પ્રત્યય અને ઉપાન્ત્ય अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી वाक् આવો પ્રયોગ થાય છે. અર્થ - બોલવાના સ્વભાવવાલો. तत्त्वं पृच्छतीत्येवंशील: આ અર્થમાં तत्त्व+प्रच्छ् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય; તથા ઉપાન્ત્ય अ ને आ આદેશ. 'अनुना० ૪-૧-૧૦૮' થી च्छ् ને श् આદેશ. श् ને 'यजसृज० ૨-૧-૮૭' થી ष् આદેશ. ष् ને 'धुटस्तृतीय: ૨-૧-૭૬' થી ड् આદેશ વગેરે કાર્ય થવાથી तत्त्वप्राट् આવો પ્રયોગ થાય છે. અર્થ - તત્ત્વ પૂછવાના સ્વભાવવાલો. दधाति ध्यायति वेत्येवंशील: આ અર્થમાં धा અથવા ध्यै ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી ध्यै ધાતુના ऐ ને आ આદેશ. આ સૂત્રથી धा ના आ ને અથવા ध्या ના या ને ई આદેશ વગેરે કાર્ય થવાથી धी: આવો પ્રયોગ થાય છે. અર્થ - ધારણ અથવા ધ્યાન કરવાના સ્વભાવવાલો. श्रयति આ અર્થમાં श्रि ધાતુને આ સૂત્રથી क्विप् (०) પ્રત્યય તેમજ श्रि ધાતુના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી श्री: આવો પ્રયોગ થાય છે. અર્થ - શોભા અથવા લક્ષ્મી. 'शतं द्रवति' આ અર્થમાં शत+द्रु ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય અને उ ને ऊ આદેશ વગેરે કાર્ય થવાથી शतद्रू: આવો પ્રયોગ થાય છે. અર્થ - સોને મારનાર આયુધવિશેષ. स्रवति અને जवति આ અર્થમાં स्रु અને जु ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય તેમજ उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી स्रू: અને जू: આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ઝરવાના સ્વભાવવાલો. વેગશીલ. आयतं स्तौति અને कटं प्रवते આ અર્થમાં आयत+स्तु અને कट+प्रु ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય તેમજ उ ને દીર્ઘ ऊ આદેશ. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષ સમાસાદિ કાર્ય થવાથી आयतस्तू: અને कटप्रू: આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ– દીર્ઘસ્તુતિ કરવાના સ્વભાવવાલો. ચટઈ બનાવવાના સ્વભાવવાલો. परि+व्रज् वि+भ्राज् અને भास् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યય. તેમજ व्रज् ધાતુના अ ને आ આદેશ. ઉપર જણાવ્યા મુજબ ज् ને ष् આદેશ અને ष् ને ड् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે परिव्राट् विभ्राट् અને भा: આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ -

સંન્યાસી. શોભનાર. પ્રકાશમાન્. બહુલાધિકાર પ્રવર્તમાન હોવાથી ઉપર કેટલાક પ્રયોગો સ્થળે શીલાદિ અર્થ ગમ્યમાન ન હોવા છતાં આ સૂત્રથી क्विप् પ્રત્યય વિહિત છે... ઈત્યાદિ બૃહદ્વૃત્તિમાં અનુસંધેય છે. ॥૮૩॥

॥इति शीलाद्यर्थाः॥

**शं-सं-स्वयं-वि-प्राद् भुवो डुः ५।२।८४॥**

शम् सम् स्वयम् वि અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા વર્ત્તમાનાર્થક भू ધાતુને डु (उ) પ્રત્યય થાય છે. शम्+भू सम्+भू स्वयम्+भू वि+भू અને प्र+भू ધાતુને આ સૂત્રથી डु પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી અન્ત્ય ऊ નો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે शम्भुः सम्भुः स्वयम्भुः विभुः અને प्रभुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - શંકર. સારી રીતે થનાર. બ્રહ્મા. વિભુ-વ્યાપક. સ્વામી-ઈશ્વર. ॥૮૪॥

**पुव इत्रो दैवते ५।२।८५॥**

દેવતા કર્તા હોય તો વર્ત્તમાનાર્થક पू (૬૦૦ અને ૧૫૧૮) ધાતુને इत्र પ્રત્યય થાય છે. पू ધાતુને આ સૂત્રથી इत्र પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી पू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पवित्रोऽर्हन् આવો પ્રયોગ થાય છે. અર્થ - પવિત્ર કરનાર શ્રી અરિહંત પરમાત્મા. ॥૮૫॥

**ऋषि-नाम्नोः करणे ५।२।८६॥**

ऋषि અર્થ હોય અથવા સંજ્ઞાનો વિષય હોય તો વર્ત્તમાનાર્થક पू ધાતુને કરણમાં इत्र પ્રત્યય થાય છે. पू ધાતુને આ સૂત્રથી કરણમાં (पूयतेऽनेन) इत्र પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી पू ધાતુના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पवित्रोऽयमृषिः અને दर्भः पवित्रः આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જેમનાથી પવિત્ર થવાય એ ઋષિ. પવિત્ર નામનું દર્ભ - ઘાસવિશેષ. ॥૮૬॥

### लू - धू - सू - खन - चर - सहाऽर्तेः ५।२।८७॥

लू धू सू खन् चर् सह् અને ऋ (૨૬ અને ૧૧૩૫) ધાતુને કરણમાં इत्र પ્રત્યય થાય છે. लू धू सू खन् चर् सह् અને ऋ ધાતુને આ સૂત્રથી इत्र પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ધાતુના અન્ત્ય ऊ ને ગુણ ओ આદેશ તેમજ ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે लवित्रम् धवित्रम् सवित्रम् खनित्रम् चरित्रम् सहित्रम् અને अरित्रम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કાપવાનું સાધન. હલાવવાનું સાધન. ઉત્પત્તિનું સાધન. ખોદવાનું સાધન. ચાલવાનું સાધન. ક્ષમાનું સાધન. વાહન.॥૮૭॥

### नी-दाव्-शसू-यु-युज-स्तु-तुद-सि-सिच-मिह-पत-पा-नहस्त्रट् ५।२।८८॥

વર્ત્તમાનાર્થક नी दाव् (दा) शस् यु युज् स्तु तुद् सि सिच् मिह् पद् पा અને नह् ધાતુને કરણમાં त्रट् (त्र) પ્રત્યય થાય છે. नी दा (૧૦૭૦) शस् यु युज् स्तु तुद् सि सिच् मिह् पद् पा અને नह् ધાતુને આ સૂત્રથી त्रट् (त्र) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ધાતુના અન્ત્ય સ્વર ई તથા इ ને ગુણ ए આદેશ તેમજ उ ને ગુણ ओ આદેશ. 'लघोरुपा० ૪-૩-૪' થી ધાતુના ઉપાન્ત્ય उ અને इ ને ગુણ ओ અને ए આદેશ. 'चजः कगम् ૨-૧-૮૬' થી सिच् ના च् ને क् આદેશ અને युज् ના ज् ને ग् આદેશ. 'हो धुट्० ૨-૧-૮૨' થી मिह् ધાતુના ह् ને ढ् આદેશ. मेढ्+त्र આ અવસ્થામાં त् ને 'अधश्च० ૨-૧-૭૯' થી ध् આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦' થી ध् ને ढ् આદેશ. 'ढस्तड्ढे ૧-૩-૪૨' થી मेढ् ના ढ् નો લોપ. नह्+त्र આ અવસ્થામાં 'नहाहो० ૨-૧-૮૫' થી ह् ને ध् આદેશ. पात्र અને नद्ध्र નામને 'अणञे० ૨-૪-૨૦' થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વગેરે

કાર્ય થવાથી અનુક્રમે नेत्रम् दात्रम् शस्त्रम् योत्रम् योक्त्रम् स्तोत्रम् तोत्त्रम् सेत्रम् सेक्त्रम् मेढ्रम् पत्त्रम् पात्री અને नद्ध्री આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આંખ. દાતરડું. હથિયાર. મેળવવાનું સાધન. યોગનું સાધન. સ્તોત્ર. પીડવાનું સાધન- પરોણો. દોરી. સિંચવાનું સાધન. મૂત્રેન્દ્રિય. પાંખ કે વાહન. પ્યાલો વગેરે. દોરી.॥૮૮॥

### हल-क्रोडाऽऽस्ये पुवः ५।२।८९॥

हल અને क्रोड ના મુખ સ્વરૂપ કરણમાં વર્ત્તમાનાર્થક पू ધાતુને त्रट् (त्र) પ્રત્યય થાય છે. पू ધાતુને આ સૂત્રથી त्रट् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पोत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ- હળનો અગ્રભાગ અથવા ભુંડનું મુખ.॥૮૯॥

### दंशेस्त्रः ५।२।९०॥

વર્ત્તમાનાર્થક दंश् ધાતુને કરણમાં त्र પ્રત્યય થાય છે. दंश् ધાતુને આ સૂત્રથી त्र પ્રત્યય. 'यजसृज० २-१-८७' થી श् ને ष् આદેશ. 'तवर्ग० १-३-६०' થી त्र ના त् ને ट् આદેશ. दंष्ट्र નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી दंष्ट्रा આવો પ્રયોગ થાય છે. અર્થ- દાઢ.॥૯૦॥

### धात्री ५।२।९१॥

વર્ત્તમાનાર્થક ट्धे (धे) અને धा ધાતુને કર્મમાં त्रट् પ્રત્યય થાય છે. धयन्ति तामिति આ અર્થમાં धे ધાતુને અને दधति तां भैषज्यार्थमिति આ અર્થમાં धा ધાતુને આ સૂત્રથી त्रट् (त्र) પ્રત્યય. 'आत् स० ४-२-१' થી धे ધાતુના ए ને आ આદેશ. धात्र નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-

२०' थी ङी प्रत्ययादि કાર્ય થવાથી धात्री આવો પ્રયોગ થાય છે. અર્થ- સ્તનપાન કરાવનારી ધાવમાતા અથવા આમલકીનું વૃક્ષ.।।૯૧।।

**ज्ञानेच्छाऽर्चाऽर्थ-ञीच्छील्यादिभ्यः क्तः ५।२।९२।।**

વર્તમાનાર્થક - જ્ઞાનાર્થક; ઈચ્છાર્થક; પૂજાર્થક; ञित् (ञ् અનુબંધવાળા) અને शील्यादि ગણપાઠમાંના शीलि વગેરે ધાતુને क्त પ્રત્યય થાય છે. આ क्त પ્રત્યય વર્ત્તમાનકાલમાં જ આ સૂત્રથી વિહિત છે. કર્મમાં કે કર્ત્તામાં તો પૂર્વવત્ (૫-૧ માં જણાવ્યા મુજબ) વિહિત છે. ज्ञा (ज्ञानार्थक); इष् (इच्छार्थक); पूज् (पूजार्थक); मिद् (ञित् - ञिमिदाच् ११८०) અને शील् તથા रक्ष् (शील्यादि) ધાતુને આ સૂત્રથી क्त પ્રત્યય. इष् +क्त(त) આ અવસ્થામાં 'तवर्ग० १-३-६०' થી त् ને ट् આદેશ. पूज् शील् અને रक्ष् ધાતુના અન્તે 'स्ताद्यशि० ४-४-३२' થી इट् (इ). मिद्+त આ અવસ્થામાં 'रदाद० ४-२-६९' થી द् અને त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે राज्ञां ज्ञातः; राज्ञामिष्टः; राज्ञां पूजितः; मिन्नः; शीलितः અને रक्षितः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - રાજા જેને જાણે છે તે. રાજા જેને ઈચ્છે છે તે. રાજા જેને પૂજે છે તે. સ્નિગ્ધ. પરિચિત - અભ્યસ્ત. જેનું રક્ષણ કરાય છે તે. शील्यादि ગણપાઠ બૃહદ્વૃત્તિમાં જોવો. ।।૯૨।।

**उणादयः ५।२।९३।।**

વર્ત્તમાનાર્થક ધાતુને બહુલતયા उण् (उ) વગેરે પ્રત્યયો થાય છે. कृ ધાતુને આ સૂત્રની સહાયથી उणादि ના પ્રથમ સૂત્રથી उण् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ... વગેરે કાર્ય થવાથી कारुः આવો પ્રયોગ થાય છે. અર્થ- ચિત્રકાર વગેરે. ईड् ધાતુને ઉપર જણાવ્યા મુજબ उण् પ્રત્યયાદિ કાર્ય થવાથી ईडुः આવો પ્રયોગ થાય છે.

અર્થ- સ્તુતિ કરનાર. ॥૧૩॥

अकृत्वासन... ઈત્યાદિ - आसननिर्बन्धम्= કિલ્લા વગેરેના આશ્રયથી યુદ્ધની વ્યૂહરચનાને અથવા પદ્માસનાદિના સાધનને. गतिम्= રાજનીતિને અથવા શ્વાસોશ્વાસક્રિયાને. परपुरप्रवेशवशिताम् = શત્રુઓના નગરમાં પ્રવેશનૈપુણ્યને અથવા પરકાયપ્રવેશનિપુણતાને. पावनीम्= પવિત્ર અથવા પવનસમ્બન્ધી. યુદ્ધસમ્બન્ધી વ્યૂહરચનાને કર્યા વિના તેમજ પવિત્ર રાજનીતિનું ઉલ્લંઘન કર્યા વિના શત્રુઓના નગરમાં પ્રવેશ કરવાની નિપુણતાને (સ્વપરાક્રમથી) સિદ્ધરાજે પ્રાપ્ત કરી. જ્યારે, સિદ્ધ છે યોગ જેને એવા યોગીઓ પદ્માસનાદિને કર્યા વિના અને યોગશાસ્ત્ર પ્રસિદ્ધ શ્વાસોશ્વાસગતિને રોક્યા વિના પરકાયપ્રવેશની નિપુણતાને પ્રાપ્ત કરતા નથી. આથી યોગીઓ કરતા સિદ્ધરાજની વિશેષતા છે. અથવા સિદ્ધ છે રાજયોગ જેને એવા રાજયોગીઓ પણ પદ્માસનાદિને સાધ્યા વિના અને શ્વાસોશ્વાસને રોક્યા વિના જ પરકાયપ્રવેશની નિપુણતાને પ્રાપ્ત કરે છે. તેથી રાજયોગીનું સામ્ય; સિદ્ધરાજમાં છે...

**इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे पञ्चमस्याध्यायस्य द्वितीयः पादः।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता॥**

## अथ प्रारभ्यते पञ्चमेऽध्याये तृतीयः पादः।

### वर्त्स्यति गम्यादिः ५।३।१॥

इन्... वगेरे प्रत्ययान्त गमिन् ... वगेरे नामो भविष्यद् अर्थमां साधु मनाय छे. अर्थात् ते ते सूत्रथी गम् वगेरे धातुओने विहित इन् वगेरे प्रत्ययो; आ सूत्रथी भविष्यद् अर्थमां थाय छे. गम् धातुने भविष्यद् अर्थमां आ सूत्रनी सहायथी उणादि सू. नं. '९१९' थी इन् प्रत्यय. तेमज आ+गम् धातुने उपर जणाव्या मुजब उणादि सू. नं. ९२० थी णिन् (इन्) प्रत्यय. णिन् प्रत्ययनी पूर्वेना गम् धातुना अ ने 'ञ्णिति ४-३-५०' थी वृद्धि आ आदेश वगेरे कार्य थवाथी गमी अने आगामी आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- जनार. आवनार.॥१॥

### वा हेतुसिद्धौ क्तः ५।३।२॥

हेतुभूत - धात्वर्थ क्रियानी सिद्धि होते छते भविष्यत्कालीन (कार्यस्वरूप) क्रियार्थक धातुने विकल्पथी क्त, (त) प्रत्यय थाय छे. "मेघश्चेद् वृष्टः सम्पन्नाः सम्पत्स्यन्ते वा शालयः" अहीं धान्यसम्पत्ति (उत्पत्ति) रूप क्रियानुं कारण मेघनी वरसवानी क्रिया छे. ते वरसवानी क्रिया सिद्ध अर्थात् थई गई होवाथी भविष्यत्कालीन सम्पत्ति स्वरूप क्रियार्थक सम्+पद् धातुने आ सूत्रथी क्त प्रत्यय. 'रदाद० ४-२-६९' थी क्त प्रत्ययना त् ने तथा धातुना द् ने न् आदेश वगेरे कार्य थवाथी सम्पन्नाः आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां 'भविष्यन्ती ५-३-४' थी भविष्यन्ती नो स्यन्ते प्रत्यय.. वगेरे कार्य थवाथी "सम्पत्स्यन्ते" आवो प्रयोग थाय छे. अर्थ- मेघ वरस्यो छे तो धान्यनी निष्पति थशे. ॥२॥

## कषोऽनिटः ५।३।३॥

કૃચ્છ્ર અને ગહન અર્થમાં ભવિષ્યદર્થક अनिट् कष् ધાતુને क्त પ્રત્યય થાય છે. कष् ધાતુને ભવિષ્યદ્ અર્થમાં આ સૂત્રથી क्त પ્રત્યય. 'तवर्ग० ૧-૩-૬૦' થી त् ને ट् આદેશ. .. વગેરે કાર્ય થવાથી कष्टम् અને कष्टा दिशस्तमसा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દુઃખ થશે. અંધકારથી દિશાઓ ઘેરાશે - ગહન થશે.

अनिट इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃચ્છ્ર અને ગહન અર્થમાં अनिट् જ कष् ધાતુને ભવિષ્યદ્ અર્થમાં क्त (त) પ્રત્યય થાય છે. તેથી कषिताः शत्रवः અહીં નિર્મૂલનાર્થક कष् ધાતુ सेट् હોવાથી આ સૂત્રથી તે कष् ધાતુને ભવિષ્યત્કાલમાં क्त પ્રત્યય થતો નથી. પરન્તુ 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી ભૂતકાલમાં क्त પ્રત્યય થાય છે. તેથી તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી इट् વગેરે કાર્ય થવાથી कषिताः આવો પ્રયોગ થાય છે. અર્થ- શત્રુઓનું નિર્મૂલન કર્યું. અહીં યદ્યપિ सेट् कष् ધાતુસ્થળે ભવિષ્યદ્ અર્થ પણ ગમ્યમાન ન હોવાથી कष् ધાતુને આ સૂત્રથી क्त પ્રત્યયની પ્રાપ્તિ ન હોવાથી તેના નિવારણ માટે સૂત્રમાં अनिट् પદનું ઉપાદાન આવશ્યક નથી. પરન્તુ સૂત્રમાં अनिट् પદનું ઉપાદાન ન હોય તો; अनिट् कष् ધાતુને ઉપર જણાવ્યા મુજબ જેમ, ભવિષ્યદ્ અર્થમાં क्त પ્રત્યયના વિધાનથી ભૂતાર્થક क्त પ્રત્યયની નિવૃત્તિ થાય છે; તેમ सेट् कष् ધાતુને પણ ભવિષ્યત્કાલનો क्त પ્રત્યય અને ભૂતકાલના क्त પ્રત્યયનો અભાવ થશે. તેથી અનિષ્ટ પ્રયોગનું નિવારણ કરવા અને ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ માટે સૂત્રમાં अनिट् પદનું ઉપાદાન આવશ્યક છે.॥૩॥

## भविष्यन्ती ५।३।४॥

ભવિષ્યદર્થક ધાતુને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. भुज् ધાતુને આ

સૂત્રથી भविष्यन्ती નો स्यते પ્રત્યય. भुज्+स्यते આ અવસ્થામાં 'चजः कगम् २-१-८६' થી ज् ને ग् આદેશ. 'अघोषे० १-३-५०' થી ग् ने क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી स् ને ष् આદેશ. 'लघोरु० ४-३-४' થી भुज् ધાતુના उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી - भोक्ष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ- ખાશે. ||૪||

## अनद्यतने श्वस्तनी ५।३।५॥

જેમાં અદ્યતનકાલ નથી એવા ભવિષ્યદર્થક ધાતુને શ્વસ્તની નો પ્રત્યય થાય છે. कृ ધાતુને આ સૂત્રથી શ્વસ્તની નો ता પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી कृ ના ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી कर्त्ता આવો પ્રયોગ થાય છે. અર્થ- કાલે કરશે. अनद्यतन इति किम्? - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનદ્યતન જ ભવિષ્યદર્થક ધાતુને શ્વસ્તની નો પ્રત્યય થાય છે. તેથી अद्य श्वो वा गमिष्यति અહીં અદ્યતનનું વ્યામિશ્રણ હોવાથી ભવિષ્યદર્થક गम् ધાતુને આ સૂત્રથી શ્વસ્તની નો પ્રત્યય થતો નથી. પરન્તુ 'भविष्यन्ती ५-३-४' થી भविष्यन्ती નો स्यति પ્રત્યય થાય છે. જેથી 'गमोऽनात्मने ४-४-५१' થી स्यति પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી गमिष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ- આજે અથવા કાલે જશે. અહીં સૂત્રમાં न विद्यतेऽद्यतनो यत्र - આ પ્રમાણે બહુવ્રીહિનું આશ્રયણ હોવાથી ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીના વ્યામિશ્રણમાં 'श्वस्तनी' નો પ્રયોગ થતો નથી. અન્યથા न अद्यतन इति - આ પ્રમાણે नञ् तत्पुरुष ના આશ્રયણથી ઉપર્યુક્ત વ્યામિશ્રણ અવસ્થામાં 'श्वस्तनी' નો પ્રયોગ થાત.||૫||

## परिदेवने ५।३।६॥

અનુશોચન (માનસિક દુઃખ) અર્થ ગમ્યમાન હોય તો ભવિષ્યદર્થક

ધાતુને 'શ્વસ્તની' નો પ્રત્યય થાય છે. ''इयं तु कदा गन्ता यैवं पादौ निधत्ते?'' અહીં છોકરીના તાદૃશ પાદન્યાસથી તે ઈષ્ટસ્થાને ક્યારે જશે- એનું માનસિકચિન્તાત્મક દુઃખ ગમ્યમાન હોવાથી ભવિષ્યદર્થક गम् ધાતુને આ સૂત્રથી 'શ્વસ્તની' નો ता પ્રત્યયાદિ કાર્ય થવાથી गन्ता આવો પ્રયોગ થાય છે. અર્થ- આ છોકરી ક્યારે જશે, જે આ રીતે પગલા મૂકે છે. ॥६॥

### पुरा - यावतो वर्त्तमाना ५।३।७॥

पुरा અથવા यावत् ઉપપદ હોય તો ભવિષ્યદર્થક ધાતુને 'वर्त्तमाना' નો પ્રત્યય થાય છે. पुरा અને यावत् ઉપપદક भुज् ધાતુને આ સૂત્રથી वर्त्तमाना નો ते પ્રત્યય. 'रुधां स्वरा० ३-४-८२' થી श्न (न) વિકરણ પ્રત્યયાદિ કાર્ય થવાથી पुरा भुङ्क्ते અને यावद् भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પહેલા ખાશે. જ્યાં સુધી ખાશે. ॥७॥

### कदा कर्ह्योर्नवा ५।३।८॥

कदा અને कर्हि ઉપપદ હોય તો ભવિષ્યદર્થક ધાતુને 'वर्त्तमाना' નો પ્રત્યય વિકલ્પથી થાય છે. कदा અને कर्हि ઉપપદક भुज् ધાતુને આ સૂત્રથી 'वर्त्तमाना' નો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી कदा भुङ्क्ते અને कर्हि भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'वर्त्तमाना'નો ते પ્રત્યય ન થાય ત્યારે 'भविष्यन्ती ५-३-४' થી भविष्यन्ती નો स्यते પ્રત્યય થવાથી कदा भोक्ष्यते અને कर्हि भोक्ष्यते આવો પ્રયોગ થાય છે. તેમજ 'अनद्यतने० ५-३-५' થી 'શ્વસ્તની' નો ता પ્રત્યય થવાથી कदा भोक्ता અને कर्हि भोक्ता આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - ક્યારે ખાશે. ॥८॥

## किंवृत्ते लिप्सायाम् ५।३।९॥

सि વગેરે વિભક્ત્યન્ત; डतर અને डतम - પ્રત્યયાન્ત એવા किम् શબ્દનું વૃત્ત - (હોવું તે) આટલાને किंवृत्त કહેવાય છે. किंवृत्त ઉપપદ હોય તો; પ્રશ્નકર્તાની લિપ્સા (મેળવવાની તીવ્ર ઈચ્છા) ગમ્યમાન હોય ત્યારે ભવિષ્યદર્થક ધાતુને 'वर्त्तमाना' નો પ્રત્યય વિકલ્પથી થાય છે. को भवतां भिक्षां ददाति दास्यति दाता वा? અહીં વિભક્ત્યન્ત किम् શબ્દનું વૃત્ત સ્વરૂપ (कः) किंवृत्त ઉપપદ હોવાથી અને પ્રશ્નકર્ત્તાની લિપ્સા ગમ્યમાન હોવાથી ભવિષ્યદર્થક दा ધાતુને 'वर्त्तमाना' નો तिव् પ્રત્યય આ સૂત્રથી થવાથી ददाति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં 'भविष्यन्ती ५-३-४' થી 'भविष्यन्ती' નો स्यति પ્રત્યય થવાથી दास्यति આવો પ્રયોગ થાય છે. તેમજ 'अनद्यतने० ५-३-५' થી श्वस्तनी નો ता પ્રત્યય થવાથી दाता આવો પ્રયોગ થાય છે. અર્થ - તમારામાંથી કોણ ભિક્ષા આપશે? આવીજ રીતે डतर અને डतम પ્રત્યયાન્ત किम् શબ્દના किंवृत्त સ્થળે પણ આ સૂત્રથી ભવિષ્યદર્થક दा ધાતુને 'वर्त्तमाना' દિનો પ્રત્યય થવાથી कतरो भवतां भिक्षां ददाति दास्यति दाता वा? અને कतमो भवतां भिक्षां ददाति दास्यति दाता वा? આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - તમારા બેમાંથી કોણ ભિક્ષા આપશે? તમારામાંથી કોણ ભિક્ષા આપશે?.

किंवृत्त इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ किंवृत्त ઉપપદ હોય તો જ પ્રશ્ન કરનારની લિપ્સા અર્થ ગમ્યમાન હોય ત્યારે ભવિષ્યદર્થક ધાતુને વર્ત્તમાનાનો પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી भिक्षां दास्यति? અહીં किंवृत्त ઉપપદ નહિ હોવાથી दा ધાતુને ઉપર જણાવ્યા મુજબ 'भविष्यन्ती' નો પ્રત્યય થયો છે. 'वर्त्तमाना' નો નહિ. અર્થ - ભિક્ષા આપશે?.

लिप्सायामिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ किंवृत्त ઉપપદ હોય તો; પ્રશ્ન કરનારની લિપ્સારૂપ અર્થ ગમ્યમાન હોય ત્યારે જ ભવિષ્યદર્થક ધાતુને वर्त्तमाना નો પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી कः

पुरं यास्यति? અહીં किंवृत्त ઉપપદ હોવા છતાં પ્રશ્ન કરનારની લિપ્સા અર્થ ગમ્યમાન ન હોવાથી या ધાતુને આ સૂત્રથી 'वर्त्तमाना' નો પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ 'भविष्यन्ती' નો स्यति પ્રત્યય થાય છે. અર્થ - ગામ કોણ જશે? સૂત્રમાં વ્યાકરણ પ્રસિદ્ધ किंवृत्त ગૃહીત હોવાથી किंवृत्त પદથી किन्तराम् અને किन्तमाम् આદિનું ગ્રહણ થતું નથી. ॥૯॥

## लिप्स्यसिद्धौ ५।३।१०॥

પ્રાપ્ત કરવાની ઈચ્છાના વિષયભૂત ભક્ત - અન્નાદિથી સ્વર્ગાદિ ફલની પ્રાપ્તિ ગમ્યમાન હોય તો ભવિષ્યદર્થક ધાતુને વર્ત્તમાનાનો પ્રત્યય વિકલ્પથી થાય છે. यो भिक्षां ददाति; दास्यति; दाता वा, स स्वर्गलोकं याति; यास्यति; याता वा - અહીં આ સૂત્રથી લિપ્સ્યભિક્ષાથી સ્વર્ગપ્રાપ્તિ સ્વરૂપ સિદ્ધિ ગમ્યમાન હોવાથી ભવિષ્યદર્થક दा અને या ધાતુને આ સૂત્રથી 'वर्त्तमाना' નો तिव् પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तिव् પ્રત્યય ન થાય ત્યારે અદ્યતન ભવિષ્યદર્થમાં 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય થયો છે. અને અનદ્યતન ભવિષ્યદર્થમાં 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય થયો છે. અર્થ - જે ભિક્ષાને આપશે, તે સ્વર્ગમાં જશે. ॥૧૦॥

## पञ्चम्यर्थहेतौ ५।३।११॥

સૂ. નં. ५-४-२९ વગેરે સૂત્રોથી વિહિત पञ्चमी ના અર્થ प्रैष अनुज्ञा... વગેરે છે. તેના હેતુ ઉપાધ્યાયાગમનાદિ છે - એ પઞ્ચમ્યર્થ હેતુવાચક ભવિષ્યદર્થક ધાતુને वर्त्तमाना નો પ્રત્યય વિકલ્પથી થાય છે. "उपाध्यायश्चेद् आगच्छति, आगमिष्यति, आगन्ता वा; अथ त्वं सूत्रमधीष्व" અહીં પઞ્ચમ્યર્થ સૂત્રાધ્યયનપ્રેરણાના હેતુભૂત ઉપાધ્યાયના આગમન-

વાચક ભવિષ્યદર્થક आ+गम् ધાતુને આ સૂત્રથી वर्त्तमाना નો तिव् પ્રત્યય. तिव् પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् વિકરણ પ્રત્યય. गम् ધાતુના म् ને 'गमिष० ४-२-१०६' થી छ् આદેશ વગેરે કાર્ય થવાથી आगच्छति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'वर्त्तमाना' નો तिव् પ્રત્યય ન થાય ત્યારે 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય. તેની પૂર્વે 'गमोऽना० ४-४-५१' થી इट् વગેરે કાર્ય થવાથી आगमिष्यति આવો પ્રયોગ થાય છે. તેમજ અનદ્યતનભવિષ્યમાં 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય વગેરે કાર્ય થવાથી आगन्ता આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉપાધ્યાય આવશે તો તું સૂત્ર ભણજે. ॥११॥

## सप्तमी चोर्ध्वमौहूर्त्तिके ५।३।१२॥

મુહૂર્ત્ત પછી થનાર ઊર્ધ્વમૌહૂર્ત્તિક કહેવાય છે. ઊર્ધ્વમૌહૂર્ત્તિક - પઞ્ચમ્યર્થ (પ્રૈષાદિ) હેતુવાચક ભવિષ્યદર્થક ધાતુને सप्तमी અને वर्त्तमाना નો પ્રત્યય વિકલ્પથી થાય છે. ऊर्ध्वं मुहूर्त्तादुपाध्यायश्चेदागच्छेत्; आगच्छति; आगमिष्यति; आगन्ता वा, अथ त्वं तर्कमधीष्व - અહીં ઊર્ધ્વમૌહૂર્ત્તિક પઞ્ચમ્યર્થ હેતુવાચક आ+गम् ધાતુને આ સૂત્રથી सप्तमी નો यात् પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् વિકરણ પ્રત્યય. 'गमिष० ४-२-१०६' થી गम् ધાતુના म् ને छ् આદેશ. 'यः सप्तम्याः ४-२-१२२' થી यात् ના या ને इ આદેશ... વગેરે કાર્ય થવાથી आगच्छेत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सप्तमी નો પ્રત્યય ન થાય ત્યારે वर्त्तमाना નો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી आगच्छति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં तिव् પ્રત્યય ન થાય ત્યારે 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યયાદિ કાર્ય થવાથી आगमिष्यति આવો પ્રયોગ થાય છે. અને 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય વગેરે કાર્ય થવાથી आगन्ता આવો પ્રયોગ થાય છે. (જુઓ સૂ. નં. ५-३-११) અર્થ- મુહૂર્ત્ત પછી ઉપાધ્યાય આવશે તો તું તર્ક ભણજે.॥१२॥

## क्रियायां क्रियार्थायां तुम् णकच् भविष्यन्ती ५।३।१३॥

જે ધાતુને તુમ્ વગેરે પ્રત્યયો કરવાના છે તે ધાતુના અર્થ સ્વરૂપ क्रिया જેનું પ્રયોજન છે, તે क्रिया (કારણભૂતક્રિયા) નો વાચક ધાતુ ઉપપદ હોય તો કાર્યભૂત ક્રિયાવાચક ભવિષ્યદર્થક ધાતુને તુમ્ णकच् (अक) અને ભવિષ્યન્તીના પ્રત્યયો થાય છે. कर्तुं कारकः करिष्यामीति वा याति - અહીં कृ ધાત્વર્થ ક્રિયા, या ધાત્વર્થ ગમનક્રિયાનું પ્રયોજન છે. તેથી या ધાતુ (કારણભૂત ક્રિયા વાચક या ધાતુ) ઉપપદ હોવાથી ભવિષ્યદર્થક कृ ધાતુને આ સૂત્રથી तुम् णकच् અને ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય. कृ+तुम् આ અવસ્થામાં 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી कर्तुम् આવો પ્રયોગ થાય છે. कृ+णकच् આ અવસ્થામાં 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી कारकः આવો પ્રયોગ થાય છે. कृ+स्यति આ અવસ્થામાં 'हनृतः स्यस्य ४-४-४९' થી स्यति પ્રત્યયની પૂર્વે इट्. ઉપર જણાવ્યા મુજબ ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી करिष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ- કરશે તેથી જાય છે. (કરવા માટે જાય છે.)

क्रियायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કારણભૂત ક્રિયાનો જ (કારણનો નહિ) ધાતુ ઉપપદ હોય તો કાર્યભૂત ક્રિયાવાચક ભવિષ્યદર્થક ધાતુને तुम् णकच् અને ભવિષ્યન્તીનો પ્રત્યય થાય છે. તેથી भिक्षिष्ये इत्यस्य जटाः અહીં કારણભૂત ક્રિયાવાચક ધાતુ ઉપપદ ન હોવાથી તાદૃશ ભવિષ્યદર્થક भिक्ष् ધાતુને આ સૂત્રથી तुम् णकच् કે ભવિષ્યન્તીનો પ્રત્યય થતો નથી. પરન્તુ 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्ये પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२' થી इट् વગેરે કાર્ય થાય છે. અર્થ- ભિક્ષા માટે આની જટા છે. અહીં સમજી શકાય છે કે ભિક્ષાના કારણ સ્વરૂપ જટાવાચક પદ, ઉપપદ હોવા છતાં કારણભૂત ક્રિયાવાચક ધાતુ સ્વરૂપ એ ઉપપદ નથી.

क्रियार्थायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કાર્યભૂત ક્રિયાના કારણભૂત જ ક્રિયાવાચક (માત્ર ક્રિયાવાચક નહિ) ધાતુ ઉપપદ હોય તો કાર્યભૂત ક્રિયાવાચક ભવિષ્યદર્થક ધાતુને तुम् णकच् અને ભવિષ્યન્તીનો પ્રત્યય થાય છે. તેથી धावतस्ते पतिष्यति वासः અહીં ક્રિયાવાચક धावत् પદ ઉપપદ હોવા છતાં તે કારણભૂત ક્રિયાવાચક નહિ હોવાથી આ સૂત્રથી पत् ધાતુને तुम् વગેરે પ્રત્યય થતો નથી. જેથી 'भविष्यन्ती ५-३-४' થી पत् ધાતુને स्यति પ્રત્યય વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી पतिष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ- દોડતા એવાં તારું વસ્ત્ર પડશે. અહીં યાદ રાખવું જોઈએ કે - 'णक-तृचौ ५-१-४८' આ સૂત્રથી સામાન્યપણે વિહિત णक પ્રત્યય આ સૂત્રથી વિહિત 'ભવિષ્યન્તી' ના પ્રત્યયથી બાધિત ન બને, એ માટે णक પ્રત્યયનું આ સૂત્રથી પુનર્વિધાન છે. 'असरूपो० ५-१-१६' ની સહાયથી યદ્યપિ 'ભવિષ્યન્તી' ના પ્રત્યયના વિષયમાં णक પ્રત્યયની પ્રાપ્તિ છે. પરન્તુ એવા સ્થાને णक ની જેમ तृच् વગેરે પ્રત્યય ન થાય - એ માટે ફરીથી અહીં णकच् નું વિધાન છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું. ॥૧૩॥

## कर्मणोऽण् ५।३।१४॥

કારણભૂત ક્રિયાવાચક ધાતુ ઉપપદ હોય તો કર્મવાચક નામથી પરમાં રહેલા કાર્યભૂતક્રિયાવાચક ભવિષ્યદર્થક ધાતુને अण् પ્રત્યય થાય છે. कुम्भकारो याति અહીં कुम्भ નામથી પરમાં રહેલા તાદૃશ ભવિષ્યદર્થક कृ ધાતુને આ સૂત્રથી अण् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી कुम्भकारः ('ङस्युक्तं० ३-१-४९' થી સમાસ) આવો પ્રયોગ થાય છે. અર્થ- કુંભ કરવા માટે જાય છે. અહીં સૂ. નં. ५-१-७२ થી સામાન્યતઃ વિહિત अण् પ્રત્યયનો પૂર્વસૂત્ર (५-३-१३) થી વિહિત णकच् પ્રત્યયથી બાધ થતો હોવાથી

णकच् ના બાધ માટે આ સૂત્રથી अण् પ્રત્યયનું વિધાન છે. અહીં સૂ. નં. ૫-૧-૧૬ નો અધિકાર પ્રવર્ત્તતો નથી. બહુલાધિકારે આ સૂત્રના વિષયમાં णकच् અને भविष्यन्ती નો પ્રત્યય થાય પણ છે. દા. ત. कंटं कारको याति; काण्डानि लविष्यामीति व्रजति; कम्बलं दास्यामीति व्रजति... ઈત્યાદિ વિચારવું.।।૧૪।।

**भाववचनाः ५।३।१५।।**

કારણભૂત ક્રિયાવાચક ધાતુ ઉપપદ હોય તો કાર્યભૂત ક્રિયાવાચક ભવિષ્યદર્થક ધાતુને ભાવમાં વિહિત घञ् (अ), क्ति (ति) વગેરે પ્રત્યય થાય છે. पाकाय, पक्तये, पचनाय वा याति અહીં पच् ધાતુને આ સૂત્રથી घञ् (५-३-१८) क्ति (५-३-९१) અને अनट् (५-३-१२३) પ્રત્યય. पच्+घञ् આ અવસ્થામાં पच् ના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ४-१-१११' થી च् ને क् આદેશ. આવીજ રીતે पच्+क्ति આ અવસ્થામાં च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી पाकाय पक्तये અને पचनाय આવો પ્રયોગ થાય છે. અહીં 'तुमोर्थे० २-२-६१' થી चतुर्थी વિહિત છે. અર્થ- રાંધવા માટે જાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે સૂ. નં. ૫-૩-૧૩, ૫-૩-૧૪ અને ૫-૩-૧૫ થી વિહિત तुम् घञ् क्ति કે अनट् આદિ પ્રત્યયો યથાવિહિત ભાવમાં થાય છે. જ્યારે णकच् અને अण् પ્રત્યય તો યથાવિહિત કર્ત્તામાં થાય છે. તેથી પૂર્વમાં સામાન્યતઃ વિહિત તે તે પ્રત્યયોનો બાધ્ય-બાધકભાવ ભાવમાં અને કર્ત્તામાં વિહિત પ્રત્યયાન્તરની સાથે જ છે. એટલે કે णकच् નો બાધક अण् છે. અને तुम् નો બાધક घञ् વગેરે છે. ।।૧૫।।

**पद-रुज-विश-स्पृशो घञ् ५।३।१६।।**

पद् रुज् विश् અને स्पृश् ધાતુને કર્ત્તામાં घञ् પ્રત્યય થાય છે. पद्

रुज् विश् અને स्पृश् ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'लघोरुपा० ४-३-४' થી ઉપાન્ત્ય उ इ અને ऋ ને ગુણ ओ ए અને अर् આદેશ. 'क्तेऽनिट० ४-१-१११' થી रुज् ના ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે पादः रोगः; वेशः અને स्पर्शः આ પ્રમાણે પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પગ. રોગ. પ્રવેશ કરનાર. વ્યાધિવિશેષ. ॥१६॥

**सर्त्तेः स्थिर - व्याधि - बल - मत्स्ये ५।३।१७॥**

सृ ધાતુને स्थिर व्याधि बल અને मत्स्य સ્વરૂપ કર્ત્તામાં घञ् પ્રત્યય થાય છે. सृ; अति+सृ; सृ અને वि+सृ ધાતુને અનુક્રમે स्थिर व्याधि बल અને मत्स्य સ્વરૂપ કર્ત્તામાં આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે सारः स्थिरः; अतीसारो व्याधिः; सारो बलम् અને विसारो मत्स्यः આવો પ્રયોગ થાય છે. अति ના इ ને અહીં 'घञ्युप० ३-२-८६' થી દીર્ઘ આદેશ થયો છે. અર્થક્રમશઃ- સ્થિર. અતીસાર નામનો રોગ. બલ. માછલી. ॥१७॥

**भावाऽकर्त्रोः ५।३।१८॥**

ભાવમાં અને कर्तृ ભિન્નકારકમાં ધાતુને घञ् (अ) પ્રત્યય થાય છે. સામાન્યથી ધાત્વર્થમાત્રને ભાવ કહેવાય છે. સાધ્યતાપન્નભાવ ધાતુથી અભિધીયમાન હોય છે જે त्यादि કે तुम् વગેરે પ્રત્યયથી જણાય છે. સિદ્ધતાપન્નભાવને જણાવવા ધાતુને घञ् વગેરે પ્રત્યયો વિહિત છે. જ્યાં લિઙ્ગસંખ્યાનો અન્વય ઉપપન્ન હોય છે.. ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી જાણવું. पच् प्र+कृ અને दा ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. पच् ના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ. च् ને 'क्तेऽनिट० ४-१-१११' થી क् આદેશ. 'नामिनो० ४-३-५१' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर्

આદેશ. 'घञ्युप० ३-२-८६' થી प्र ના अ ને દીર્ઘ आ આદેશ. 'आत ऐः० ४-३-५३' થી दा ધાતુના आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી पाकः (ભાવમાં); प्राकारः (કર્મમાં) અને दायो दत्तः (કર્મમાં) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રાંધવું. કિલ્લો. આપેલી વસ્તુ. ।।૧૮।।

## इङोऽपादाने तु टिद् वा ५।३।१९।।

इङ् (इ) ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં घञ् પ્રત્યય થાય છે. આ घञ् પ્રત્યય- અપાદાનકારકમાં વિકલ્પથી टिद् મનાય છે. अधि+इ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી इ ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી अध्यायः આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે उप+अधि+इ ધાતુને અપાદાનકારકમાં વિહિત घञ् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન उपाध्याय નામને; આ સૂત્રથી તાદૃશ घञ् પ્રત્યય टिद् હોવાથી 'अणञे० २-४-२०' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી उपाध्यायी આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તાદૃશ (અપાદાનકારકમાં વિહિત) घञ् પ્રત્યયને टिद्वद् ભાવ ન થાય ત્યારે उपाध्यायः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ભણવું તે. ભણાવનારી. ભણાવનાર. उपेत्याधीयतेऽस्माद् આ અર્થમાં (અપાદાનકારકમાં) વિહિત घञ् પ્રત્યયને टिद् નું વિધાન હોવાથી અહીં સ્ત્રીલિંગમાં क्ति પ્રત્યય થતો નથી - એ યાદ રાખવું. ।।૧૯।।

## श्रो वायु-वर्ण-निवृत्ते ५।३।२०।।

વાયુ-વર્ણ અથવા નિવૃત્ત અર્થમાં शृ ધાતુને ભાવ અને કર્તૃભિન્ન કારકમાં घञ् પ્રત્યય થાય છે. शृ અને नि+शृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી शृ ના ऋ ને વૃદ્ધિ-आर् આદેશ. 'घञ्युप० ३-२-८६' થી नि ના इ દીર્ઘ ई ને આદેશ વગેરે કાર્ય થવાથી

शारो वायुर्वर्णो वा (शीर्यते औषधादिभिरिति शारो वायुः; शीर्यते मालिन्येतेति शारो वर्णः) અને नीशारः प्रावरणम् (निशीर्यते शीताद्युपद्रवो येन तत्) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વાયુ. સફેદ વગેરે વર્ણ.વસ્ત્ર.॥૨૦॥

## निरभेः पू-ल्वः ५।३।२१॥

निर् ઉપસર્ગથી પરમાં રહેલા पू (૬૦૦, ૧૫૧૮) ધાતુને અને अभि ઉપસર્ગથી પરમાં રહેલા लू ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં घञ् પ્રત્યય થાય છે. निर्+पू અને अभि+लू ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય થવાથી निष्पावः અને अभिलावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ- તુષાદિ રહિત અનાજ. છેદવાનું સાધન.॥૨૧॥

## रोरुपसर्गात् ५।३।२२॥

ઉપસર્ગથી પરમાં રહેલા रु ધાતુને ભાવ અને કર્ત્તાને છોડીને અન્ય કારકમાં घञ् પ્રત્યય થાય છે. सम्+रु ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી रु ના उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી संरावः આવો પ્રયોગ થાય છે. અર્થ- સારી રીતે બોલવું અથવા સારી રીતે બોલવાનું સાધન. બહુલાધિકારે અનુપસર્ગક પણ रु ધાતુને घञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી रावः આવો પ્રયોગ થાય છે - એ યાદ રાખવું.॥૨૨॥

## भूश्र्यदोऽल् ५।३।२३॥

ઉપસર્ગપૂર્વક - भू श्रि અને अद् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્ન કારકમાં अल् (अ) પ્રત્યય થાય છે. प्र+भू; सम्+श्रि અને वि+अद्

ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ऊ ને ગુણ ओ અને इ ને ગુણ ए આદેશ. 'घस्लृ सन० ૪-૪-૧૭' થી अद् ધાતુને घस् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે प्रभवः; संश्रयः અને विघसः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઉત્પત્તિનું કારણ (અપાદાનમાં) . આશ્રયસ્થાન (અધિકરણમાં). ખાવાની વસ્તુ (કર્મમાં). उपसर्गादित्येव= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગપૂર્વક જ भू श्रि અને अद् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય થાય છે. તેથી અનુપસર્ગક भू श्रि અને अद् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય ન થવાથી 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. ऊ અને इ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ औ અને ऐ આદેશ. ઉપર જણાવ્યા મુજબ अद् ધાતુને घस् આદેશ. તેના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી भावः श्रायः અને घासः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- થવું. સેવા કરવી. ખાવાની વસ્તુ. બહુલાધિકારથી અથવા प्रकृष्टो भावः ઈત્યાદિ વિગ્રહમાં प्रादि સમાસથી प्रभावः विभावः અને अनुभावः વગેરે પ્રયોગો સમજવા જોઈએ. ।।૨૩।।

## न्यादो नवा ५।३।२४।।

नि ઉપસર્ગથી પરમાં રહેલા अद् ધાતુની પરમાં अल् પ્રત્યય હોય તો अद् ધાતુના अ ને દીર્ઘ आ આદેશનું અને अद् ધાતુને घस् આદેશના અભાવનું વિકલ્પથી નિપાતન કરાય છે. नि+अद् ધાતુને 'भूश्र्यदोऽल् ૫-૩-૨૩' થી अल् પ્રત્યય. આ સૂત્રથી अद् ધાતુને 'घस्लृ सन० ૪-૪-૧૭' થી પ્રાપ્ત घस् આદેશનો નિષેધ તથા अद् ના अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી न्यादः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી घस् આદેશનો નિષેધ વગેરે કાર્ય ન થાય ત્યારે निघसः આવો પ્રયોગ થાય છે. અર્થ- નાસ્તો- ખાવાની વસ્તુ. ।।૨૪।।

## सं-नि-व्युपाद् यमः ५।३।२५॥

सम् नि वि અને उप ઉપસર્ગથી પરમાં રહેલા यम् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. सम्+यम् नि+यम् वि+यम् અને उप+यम् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે संयमः नियमः वियमः અને उपयमः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् (अ) પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. यम् ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે संयामः नियामः वियामः અને उपयामः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સંયમ કરવો. નિયમ કરવો. નિગ્રહ કરવો. પરણવું. ॥૨૫॥

## नेर्नद-गद-पठ-स्वन-क्वणः ५।३।२६॥

नि ઉપસર્ગથી પરમાં રહેલા नद् गद् पठ् स्वन् અને क्वण् ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. नि+नद्; नि+गद्; नि+पठ्; नि+स्वन् અને नि+क्वण् ધાતુને આ સૂત્રથી अल् (अ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે निनदः निगदः निपठः निस्वनः અને निक्वणः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. नद् વગેરે ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે निनादः निगादः निपाठः निस्वानः અને निक्वाणः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અવાજ કરવો. બોલવું. ભણવું. અવાજ. ખણખણાટ. ॥૨૬॥

## वैणे क्वणः ५।३।२७॥

વીણાસમ્બન્ધી અર્થના વાચક એવા; ઉપસર્ગથી પરમાં રહેલા क्वण् ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્નકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. प्र+क्वण् ધાતુને આ સૂત્રથી अल् (अ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रक्वणो वीणायाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી क्वण् ના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી प्रक्वाणः આવો પ્રયોગ થાય છે. અર્થ - વીણાનો અવાજ. वैण इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વીણાસમ્બન્ધી જ અર્થના વાચક - ઉપસર્ગથી પરમાં રહેલા क्वण् ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્નકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. તેથી प्रक्वाणः शृङ्खलस्य અહીં क्वण् ધાતુ (प्र+क्वण्) વીણા સમ્બન્ધી અર્થનો વાચક નહિ હોવાથી આ સૂત્રથી તેને अल् પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યાં મુજબ घञ् પ્રત્યય જ થાય છે. અર્થ - બેડીનો અવાજ. ॥૨૭॥

## युवर्ण-वृ-दृ-वश-रण-गमृद्-ग्रहः ५।३।२८॥

इ વર્ણ (इ ई) અને उ વર્ણ (उ ऊ) જેના અન્તે છે તેવા ધાતુ; वृ दृ वश् रण् અને गम् ધાતુ; તેમજ ॠ કારાન્ત ધાતુ અને ग्रह् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં अल् (अ) પ્રત્યય થાય છે. चि क्री (इ વર્ણાન્ત) रु लू (उ વર્ણાન્ત) वृ आ+दृ वश् रण् गम् कृ (ॠ કારાન્ત) અને ग्रह् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી इ ई ને ગુણ ए; उ ऊ ને ગુણ ओ અને ऋ ॠ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે चयः क्रयः रवः लवः वरः आदरः वशः रणः गमः करः અને ग्रहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સમુદાય. ખરીદવું. અવાજ. કાપવું અથવા કાલવિશેષ. વર. આદર. ઈચ્છા. સંગ્રામ. માર્ગ.

વિખેરવું - અથવા કર-ટેક્સ. ગ્રહણ કરવું અથવા ગ્રહ. ||૨૮||

## वर्षादयः क्लीबे ५|३|२९||

પ્રયોગાનુસાર નપુંસકલિંગમાં ભાવ તથા કર્ત્તૃભિન્નકારકમાં अल् પ્રત્યયાન્ત वर्ष વગેરે નામોનું નિપાતન કરાય છે. वृष् અને भी ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ई ને ગુણ ए આદેશ. 'लघोरु० ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી वर्षम् અને भयम् આવો પ્રયોગ થાય છે. નપુંસકમાં વિહિત क्त અને अनट् પ્રત્યય वृष् વગેરે ધાતુને ન થાય - એ માટે આ સૂત્રથી નિપાતન કરાયું છે. અર્થક્રમશઃ - રાષ્ટ્ર વિશેષ - અથવા કાલવિશેષ. ભય. ||૨૯||

## समुदोऽजः पशौ ५|३|३०||

सम् અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા; પશુસમ્બન્ધી અર્થવાચક अज् ધાતુને ભાવ તથા કર્ત્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય થાય છે. सम्+अज् અને उद् +अज् ધાતુને આ સૂત્રથી अल् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી समजः અને उदजः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ– પશુઓનો સમુદાય. પશુઓને પ્રેરણા. पशाविति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પશુસમ્બન્ધી જ અર્થવાચક, सम् અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા अज् ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય થાય છે. તેથી समाजो नृणाम् અહીં પશુસમ્બન્ધી અર્થવાચક अज् ધાતુ ન હોવાથી તેને આ સૂત્રથી अल् પ્રત્યય થતો નથી. પરન્તુ 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. अज् ના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી समाजः આવો પ્રયોગ થાય છે. અર્થ - માણસોનો સમુદાય. ||૩૦||

## सृ-ग्लहः प्रजनाऽक्षे ५।३।३१॥

અનુક્રમે પ્રજન અને અક્ષ સમ્બન્ધી અર્થના વાચક એવા सृ અને ग्लह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् (अ) પ્રત્યય થાય છે. ગર્ભાધાનને પ્રજન કહેવાય છે; અને એ માટે પુરુષનું સ્ત્રીમાં જે પ્રથમ ગમન છે તેને ઉપસર કહેવાય છે. उप+सृ ધાતુને અને ग्लह् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી सृ ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી गवामुपसरः અને अक्षाणां ग्लहः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગર્ભાધાન માટે ગાય - બળદનું ભેગા થવું. પાસાનું ગ્રહણ. અહીં યાદ રાખવું કે ग्रह् ધાતુના र् ને સૂત્રના તાદૃશ નિર્દેશથી ल् આદેશ થયો છે. તેથી ग्लह् ધાતુ ग्रह् ધાતુ સ્વરૂપ છે. અથવા ग्रह् ભિન્ન ग्लह् ધાતુ છે.

प्रजनाक्ष इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે પ્રજન અને અક્ષ સમ્બન્ધી જ અર્થના વાચક એવા सृ અને ग्लह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય થાય છે. તેથી उपसारो भृत्यै राज्ञाम् અહીં उप+सृ ધાતુ પ્રજનસમ્બન્ધી અર્થનો વાચક ન હોવાથી તેને આ સૂત્રથી अल् પ્રત્યય થતો નથી. પરન્તુ 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી उपसारः આવો પ્રયોગ થાય છે. અર્થ- નોકરી અથવા પગાર માટે રાજાની પાસે જવું. ॥૩૧॥

## पणे र्माने ५।३।३२॥

માનાર્થક पण् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં अल् (अ) પ્રત્યય થાય છે. पण् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. मूलकस्य पणः આ વિગ્રહમાં 'षष्ठ्ययला० ३-१-७६' થી સમાસાદિ કાર્ય થવાથી मूलकपणः આવો પ્રયોગ થાય છે. અર્થ- એક મુઠી વગેરે પરિમિત

મૂળીની કિંમત. मान इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ માનાર્થક જ पण् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય થાય છે. તેથી માનાર્થક पण् ધાતુ ન હોય ત્યારે માનભિન્નાર્થક पण् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય ન થવાથી 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી पण् ના अ ને वृद्धि आ આદેશ વગેરે કાર્ય થવાથી पाणः આવો પ્રયોગ થાય છે. અર્થ- વ્યવહાર અથવા સ્તુતિ.॥३२॥

## संमद-प्रमदौ हर्षे ५।३।३३॥

सम् અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા मद् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય કરીને હર્ષ અર્થમાં संमद અને प्रमद નામનું નિપાતન કરાય છે. संमदः प्रमदः स्त्रीणाम् અહીં सम्+मद् અને प्र+मद् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય થયું છે. અર્થ (બંન્નેનો) - સ્ત્રીઓનો હર્ષ. हर्ष इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सम् અને प्र ઉપસર્ગથી પરમાં રહેલા मद् ધાતુને अल् પ્રત્યયાદિ કાર્ય કરીને હર્ષ અર્થમાં જ संमद અને प्रमद નામનું નિપાતન કરાય છે. તેથી હર્ષ અર્થ ન હોય ત્યારે सम्+मद् અને प्र+मद् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય ન થવાથી 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. मद् ધાતુના अ ને 'ञ्णिति ४-३-५०' થી वृद्धि आ આદેશાદિ કાર્ય થવાથી संमादः અને प्रमादः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગાંડપણ. આળસ. અહીં संप्रान्मदः- આ પ્રમાણે ન કહેતા નિપાતન કરવાનું તાત્પર્ય એ છે કે सम् અને प्र ઉપસર્ગની સાથે અધિક ઉપસર્ગના યોગમાં अल् પ્રત્યય ન થાય. તેથી सम्प्रमदः અને प्रसम्मदः વગેરે પ્રયોગો સાચા મનાતા નથી. ॥૩૩॥

### हनोऽन्तर्घनाऽन्तर्घणौ देशे ५।३।३४।।

સમાસાર્થ દેશ હોય તો अन्तर् પદથી પરમાં રહેલા हन् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં अल् (अ) પ્રત્યય અને हन् ધાતુને घन् તથા घण् આદેશનું નિપાતન કરાય છે. अन्तर्+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય; हन् ધાતુને અનુક્રમે घन् અને घण् આદેશાદિ કાર્ય થવાથી अन्तर्घनः, अन्तर्घणो वा देशः આવો પ્રયોગ થાય છે. અર્થ- દેશવિશેષ. દેશ અર્થ ન હોય ત્યારે अन्तर्+ हन् ધાતુને 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ વગેરે કાર્ય થવાથી अन्तर्घातः આવો પ્રયોગ થાય છે. અર્થ - જેને અંદર માર્યું છે તે.।।૩૪।।

### प्रघण-प्रघाणौ गृहांशे ५।३।३५।।

ગૃહનો અંશ - ભાગ અર્થ હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા हन् ધાતુને अल् (अ) પ્રત્યય; તેમજ हन् ધાતુને घण् અને घाण् આદેશ કરીને प्रघण અને प्रघाण આદેશનું નિપાતન કરાય છે. प्रघणः प्रघाणो वा द्वारालिन्दकः અહીં ગૃહનો અંશ અર્થ હોવાથી प्र+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય તથા हन् ધાતુને અનુક્રમે घण् અને घाण् આદેશ થાય છે. અર્થ- પ્રકોષ્ઠ - દરવાજાની બાજુનો ભાગ. ગૃહાંશ અર્થ ન હોય ત્યારે प्र+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય ન થવાથી 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ વગેરે કાર્ય થવાથી प्रघातोऽन्यः આવો પ્રયોગ થાય છે. અર્થ- મારવું તે. ।।૩૫।।

## निघोद्‌घ- सङ्घोद्‌घनाऽपघनोपघ्नं निमित्त - प्रशस्त- गणा - ऽत्याधाना-ऽङ्गाऽऽसन्नम् ५।३।३६॥

નિમિત્ત પ્રશસ્ત ગણ અત્યાધાન અઙ્ગ અને આસન્ન અર્થમાં ઉપસર્ગપૂર્વક (नि सम् વગેરે વક્ષ્યમાણ ઉપસર્ગપૂર્વક) हन् ધાતુને अल् પ્રત્યય; તથા हन् ધાતુને घ् વગેરે આદેશ કરીને અનુક્રમે निघ उद्‌घ सङ्घ उद्‌घन अपघन અને उपघ्न નામનું નિપાતન કરાય છે. જેની લંબાઈ પહોળાઈ સરખી છે તે વસ્તુને નિમિત્ત કહેવાય છે. જેની ઉપર મૂકીને સુવર્ણ વગેરે કુટાય છે અથવા કાષ્ઠાદિ તોડાય છે- તેને अत्याधान કહેવાય છે. नि+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને हन् ધાતુને घ् આદેશ વગેરે કાર્ય થવાથી निघा वृक्षाः આવો પ્રયોગ થાય છે. અર્થ- સમાન લમ્બાઈ પહોળાઈવાલા વૃક્ષો. उद्+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. हन् ધાતુને આ સૂત્રથી घ् આદેશ વગેરે કાર્ય થવાથી उद्‌घः प्रशस्तः આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રશંસાપાત્ર. सम्+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને हन् ધાતુને घ् આદેશ વગેરે કાર્ય થવાથી सङ्घः प्राणिसमूहः આવો પ્રયોગ થાય છે. અર્થ- પ્રાણીઓનો સમુદાય. उद्+हन् અને अप+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને हन् ધાતુના ह् ને घ् આદેશ વગેરે કાર્ય થવાથી उद्‌घनः अत्याधानम् અને अपघनः शरीरावयवः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કાષ્ઠાદિને છેદવાદિ માટે મૂકવાનું સાધનભૂત કાષ્ઠ વગેરે. હાથ પગ વગેરે શરીરાવયવ. उप+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને हन् ધાતુને घ्न આદેશ વગેરે કાર્ય થવાથી उपघ्नः आसन्नः આવો પ્રયોગ થાય છે. અર્થ- નજીક.॥૩૬॥

## मूर्त्ति - निचिताऽभ्रे घनः ५।३।३७॥

મૂર્ત્તિ નિચિત અને અભ્ર અર્થમાં हन् ધાતુને अल् પ્રત્યય; અને हन् ધાતુને घन् આદેશ કરીને घन નામનું નિપાતન કરાય છે. કઠિનપણાને

मूर्त्ति કહેવાય છે. અન્તરરહિત - ગીચને निचित કહેવાય છે; અને મેઘને अभ्र કહેવાય છે. મૂર્ત્તિ વગેરે અર્થમાં हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય; અને हन् ધાતુને घन् આદેશાદિ કાર્ય થવાથી अभ्रस्य घनः; घनाः केशाः અને मेघः घनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- મેઘની કઠિનતા. ગીચ વાળ. મેઘ.॥૩૭॥

## व्ययो-द्रोः करणे ५।३।३८॥

वि अयस् અને द्रु શબ્દથી પરમાં રહેલા हन् ધાતુને કરણમાં अल् પ્રત્યય તથા हन् ધાતુને घन् આદેશનું નિપાતન કરાય છે. विहन्यतेऽनेन अयो हन्यतेऽनेन અને द्रु र्हन्यतेऽनेन આ અર્થમાં અનુક્રમે वि+हन् अयस्+हन् અને द्रु+हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય; તથા हन् ધાતુને घन् આદેશાદિ કાર્ય થવાથી विघनः अयोघनः અને द्रुघनः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અંધકાર. ઘણ. કુહાડી.॥૩૮॥

## स्तम्बाद् घ्नश्च ५।३।३९॥

स्तम्ब નામથી પરમાં રહેલા हन् ધાતુને કરણમાં अल् પ્રત્યય તથા हन् ધાતુને घ्न् અને घन् આદેશનું નિપાતન કરાય છે. स्तम्ब + हन् ધાતુને આ સૂત્રથી अल्(अ) પ્રત્યય તેમજ અનુક્રમે हन् ધાતુને घ्न् અને घन् આદેશાદિ કાર્ય થવાથી स्तम्बघ्नो दण्डः અને स्तम्बघनो यष्टिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દણ્ડ. લાકડી. ॥૩૯॥

## परे र्घः ५।३।४०॥

परि ઉપસર્ગથી પરમાં રહેલા हन् ધાતુને કરણમાં अल् પ્રત્યય તથા हन् ધાતુને घ् આદેશનું નિપાતન કરાય છે. परि+हन् ધાતુને આ સૂત્રથી

अल् प्रत्यय तथा हन् धातुने घ् आदेशादि कार्य थवाथी परिघोऽर्गला आवो प्रयोग थाय छे. अर्थः आगळीयो - कडी. ॥४०॥

**ह्वः समाह्वयाऽऽह्वयौ द्यूत-नाम्नोः ५।३।४१॥**

द्यूत ना अर्थमां सम्+आ+ह्वे धातुने अने नाम स्वरूप अर्थमां आ+ह्वे धातुने अल् (अ) प्रत्यय अने ह्वे धातुने ह्वय् आदेशनुं निपातन कराय छे. सम्+आ+ह्वे तथा आ+ह्वे धातुने आ सूत्रथी अल् प्रत्यय अने ह्वे धातुने ह्वय् आदेश वगेरे कार्य थवाथी अनुक्रमे समाह्वयः अने आह्वयः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- प्राणीओनो जुगार. नाम.॥४१॥

**न्यभ्युप-वेर्वा श्चोत् ५।३।४२॥**

नि अभि उप अने वि उपसर्गथी परमां रहेला ह्वे धातुने भावमां अने कर्त्ताने छोडीने अन्यकारकमां अल् (अ) प्रत्यय थाय छे. अने त्यारे ह्वे धातुना वा ने उ आदेश थाय छे. नि+ह्वे; अभि+ह्वे; उप+ह्वे अने वि+ह्वे धातुने आ सूत्रथी अल् प्रत्यय. ह्वे धातुना ए ने 'आत्सन्ध्य० ४-२-१' थी आ आदेश. आ सूत्रथी वा ने उ आदेश. उ ने 'नामिनो० ४-३-१' थी गुण ओ आदेश वगेरे कार्य थवाथी क्रमशः निहवः अभिहवः उपहवः अने विहवः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः - लढवा माटे बोलाववुं. बोलाववुं. लडवा माटे बोलाववुं. बोलाववुं.॥४२॥

**आङो युद्धे ५।३।४३॥**

युद्ध अर्थमां आङ् उपसर्गथी परमां रहेला ह्वे धातुने भाव अने कर्तृभिन्नकारकमां अल् प्रत्यय थाय छे; अने त्यारे ह्वे धातुना वा ने उ

આદેશ થાય છે. आ+ह्वे ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'आत्० ૪-૨-૧' થી ह्वे ના ए ને आ આદેશ. वा ને આ સૂત્રથી उ આદેશ. उ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી आहवो युद्धम् આવો પ્રયોગ થાય છે. અર્થ- યુદ્ધ. युद्ध इति किम्?= આ સૂત્રથી યુદ્ધ અર્થમાં જ ઉપર જણાવ્યા મુજબ आ+ह्वे ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય અને ત્યારે वा ને उ આદેશ થાય છે. તેથી યુદ્ધ અર્થ ન હોય ત્યારે आ+ह्वे ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય વગેરે કાર્ય ન થવાથી 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ए ને आ આદેશ. 'आत ऐ:० ૪-૩-૫૩' થી आ ને ऐ આદેશાદિ કાર્ય થવાથી आह्वाय: આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવવું.॥૪૩॥

## आहावो निपानम् ૫।૩।૪૪॥

निपान અર્થમાં आङ् ઉપસર્ગથી પરમાં રહેલા ह्वे ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अल् પ્રત્યય તથા आ+ह्वे ધાતુને आहाव् આદેશનું નિપાતન કરાય છે. आ+ह्वे ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને आहाव् આદેશાદિ કાર્ય થવાથી आहावो वीनाम् આવો પ્રયોગ થાય છે. અર્થ- પશુ વગેરેને પાણી પીવા માટેની પાણીની કુંડી વગેરે.॥૪૪॥

## भावेऽनुपसर्गात् ૫।૩।૪૫॥

ઉપસર્ગરહિત ह्वे ધાતુને ભાવમાં अल् પ્રત્યય થાય છે. અને ह्वे ધાતુના वा ને उ આદેશ થાય છે. ह्वे ધાતુના ए ને 'आत्० ૪-૨-૧' થી आ આદેશ. ह्वे ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય અને वा ને उ આદેશ. उ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી हव: આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવવું. भाव इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુપસર્ગક ह्वे ધાતુને ભાવમાં જ अल् પ્રત્યયાદિ

કાર્ય થાય છે. તેથી વ્યાપ્ય - કર્મમાં આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય ન થવાથી हृवे ધાતુને 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી हृवायः આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવેલો. अनुपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુપસર્ગક જ हृवे ધાતુને ભાવમાં अल् પ્રત્યયાદિ કાર્ય થાય છે. તેથી आ+हृवे ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ घञ् પ્રત્યયાદિ કાર્ય થવાથી आहृवायः આવો પ્રયોગ થાય છે. અર્થ- બોલાવવું. (જુઓ સૂ. નં. ૫-૩-૪૩)

અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રમાં भावे આ પદનું ઉપાદાન કર્ત્તૃભિન્નકારકનો સમાવેશ ન થાય - એ માટે છે. તેથી અપેક્ષા મુજબ આગળના - ઉત્તરસૂત્રોમાં ૫-૩-૧૮ થી પ્રવર્તેલ भावाऽकर्त्रोः નો અધિકાર ચાલુ છે જ. આથી સમજી શકાય છે કે સૂ. નં. ૫-૩-૩૮ માં પણ करणे આ પદ અન્યકારકાદિનો સમાવેશ ન થાય - એ માટે છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું..... ॥૪૫॥

## हनो वा वधू च ५।३।४६॥

ઉપસર્ગથી રહિત हन् ધાતુને ભાવમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. અને ત્યારે हन् ધાતુને वध् આદેશ થાય છે. हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. અને हन् ધાતુને वध् આદેશ વગેરે કાર્ય થવાથી वधः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં हन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ને घात् આદેશ વગેરે કાર્ય થવાથી घातः આવો પ્રયોગ થાય છે. અર્થ- મારવું તે.॥૪૬॥

## व्यध-जप-मद्भ्यः ૫।૩।૪૭।।

ઉપસર્ગરહિત व्यध् जप् અને मद् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં अल् (अ) પ્રત્યય થાય છે. व्यध् जप् અને मद् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી व्यधः जपः અને मदः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તાડન કરવું. જાપ કરવો. અહંકાર. સૂત્રમાં 'मद्भ्यः' આ પ્રમાણે બહુવચનના નિર્દેશથી સૂ. નં. ૫-૩-૪૫ થી આવતી 'भावे' ની અનુવૃત્તિ બંધ થાય છે.।।૪૭।।

## नवा क्वण-यम-हस-स्वनः ૫।૩।૪૮।।

ઉપસર્ગરહિત क्वण् यम् हस् અને स्वन् ધાતુને ભાવ અને કર્તૃભિન્ન કારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. क्वण् यम् हस् અને स्वन् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે क्वणः यमः हसः અને स्वनः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् (अ) પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે क्वाणः यामः हासः અને स्वानः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કણકણ શબ્દ. નિગ્રહ. હસવું. અવાજ.।।૪૮।।

## आङो रु-प्लोः ૫।૩।૪૯।।

आङ् ઉપસર્ગથી પરમાં રહેલા रु અને प्लु ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. आ+रु અને आ+प्लु ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી उ ને ગુણ ओ વગેરે કાર્ય થવાથી आरवः અને आप्लवः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् પ્રત્યય વગેરે કાર્ય ન થાય ત્યારે 'भावा०

૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી आरावः અને आप्लावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અવાજ. ઉછળવું. ॥૪૯॥

## वर्षविघ्नेऽवाद् ग्रहः ५।३।५०॥

વરસાદનું વિઘ્ન અર્થ હોય તો अव ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં વિકલ્પથી अल् (अ) પ્રત્યય થાય છે. अव+ग्रह् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી अवग्रहः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી अवग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ - વરસાદનું વિઘ્ન.

वर्षविघ्नेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વરસાદનું વિઘ્ન અર્થ હોય તો જ अव+ग्रह् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. તેથી अवग्रहोऽर्थस्य અહીં अव+ग्रह् ધાતુને આ સૂત્રથી વિકલ્પથી अल् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી નિત્ય अल् પ્રત્યય થવાથી अवग्रहः આવો જ પ્રયોગ થાય છે. अवग्राहोऽर्थस्य - આવો પ્રયોગ નહિ થાય. અર્થ - અર્થાવગ્રહ સ્વરૂપ મતિજ્ઞાનવિશેષ. ॥૫૦॥

## प्राद् रश्मि - तुलासूत्रे ५।३।५१॥

रश्मि અને तुलासूत्र અર્થ હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં વિકલ્પથી अल् (अ) પ્રત્યય થાય છે. प्र+ग्रह् ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रग्रहः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अल् પ્રત્યયાદિ કાર્ય

ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી प्रग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ - કિરણ અથવા તરાજુની દોરી. ।।૫૧।।

## वृगो वस्त्रे ૫।૩।૫૨।।

વસ્ત્રવિશેષ અર્થ હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા वृ (૧૨૯૪) ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં વિકલ્પથી अल् (अ) પ્રત્યય થાય છે. प्र+वृ ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી प्रवरः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अल् પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'घञ्युपस० ૩-૨-૮૬' થી प्र ના अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી प्रावारः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્તરીય વસ્ત્ર. वस्त्र इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વસ્ત્રવિશેષ અર્થ હોય તો જ प्र+वृ ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્નકારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. તેથી प्रवरो यतिः અહીં વસ્ત્રવિશેષ અર્થ ન હોવાથી આ સૂત્રથી प्र+वृ ધાતુને વિકલ્પથી अल् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી નિત્ય જ अल् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. અર્થ - શ્રેષ્ઠ સાધુ. ।।૫૨।।

## उदः श्रेः ૫।૩।૫૩।।

उद् ઉપસર્ગથી પરમાં રહેલા श्रि ધાતુને ભાવમાં અને કર્ત્તૃભિન્ન કારકમાં વિકલ્પથી अल् પ્રત્યય થાય છે. उद्+श्रि ધાતુને આ સૂત્રથી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી श्रि ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી उच्छ्रयः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી

अल् પ્રત્યય ન થાય ત્યારે 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી श्रि ના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી उच्छ्रायः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઊંચાઈ. ।।૫૩।।

## युपूद्रोर्घञ् ५।३।५४।।

उद् ઉપસર્ગથી પરમાં રહેલા यु पू અને द्रु ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્ન કારકમાં घञ् પ્રત્યય થાય છે. उद्+यु; उद्+पू અને उद्+द्रु ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી उ અને ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે उद्यावः उत्पावः અને उद्द्रावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઊંચે જવું. ઉડાડવું. ઊંચે જવું અથવા દુઃખવવું. ।।૫૪।।

## ग्रहः ५।३।५५।।

उद् ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. उद्+ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી उद्ग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ - વિશ્વાસ રાખવો - અથવા ઉઘરાણી કરવી. ।।૫૫।।

## न्यवाच्चापे ५।३।५६।।

આક્રોશ અર્થ ગમ્યમાન હોય તો नि અને अव ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. नि+ग्रह् અને अव +ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના अ ને આ સૂત્રથી વૃદ્ધિ आ આદેશ

વગેરે કાર્ય થવાથી निग्राहः; अवग्राहो वा ते जाल्म! भूयात् આવો પ્રયોગ થાય છે. અર્થ- હે લુચ્ચા! તારો નિગ્રહ થાય; તારો પરાભવ થાય! शाप इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શાપ - આક્રોશ અર્થ ગમ્યમાન હોય તો જ नि અને अव ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી निग्रहश्चौरस्य અહીં શાપ અર્થ ગમ્યમાન ન હોવાથી नि+ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી निग्रहः આવો પ્રયોગ થાય છે. અર્થ- ચોરને પકડવું.॥૫૬॥

## प्राल्लिप्सायाम् ૫।૩।૫૭॥

લિપ્સા અર્થ ગમ્યમાન હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. पात्रप्रग्राहेण चरति पिण्डपातार्थी भिक्षुः અહીં લિપ્સા અર્થ ગમ્યમાન હોવાથી प्र+ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી पात्रप्रग्राहेण આવો પ્રયોગ થાય છે. અર્થ- પાત્રમાં ભિક્ષા પડે - એ ઈચ્છાથી પાત્રને ગ્રહણ કરીને ભિક્ષુ ફરે છે. लिप्सायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ લિપ્સા અર્થ ગમ્યમાન હોય તો જ प्र ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી स्रुवः प्रग्रहः शिष्यस्य અહીં લિપ્સા અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી प्र+ग्रह् ધાતુને घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- શિષ્યનું યજ્ઞપાત્રનું ગ્રહણ કરવું.॥૫૭॥

## समो मुष्टौ ૫।૩।૫૮॥

ધાત્વર્થ, મુષ્ટિવિષયક હોય તો सम्+ग्रह् ધાતુને ભાવ અને કર્તૃભિન્ન

કારકમાં घञ् પ્રત્યય થાય છે. संग्राहो मल्लस्य અહીં सम्+ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'ञ्णिति.૪-૩-૫૦' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી संग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ- મલ્લની મુષ્ટિની દૃઢતા. मुष्टाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મુષ્ટિવિષયક જ ધાત્વર્થ હોય તો सम्+ग्रह् ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી संग्रहः शिष्यस्य આ અર્થમાં આ સૂત્રથી सम्+ग्रह् ધાતુને घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- શિષ્યનો સંગ્રહ કરવો. ।।૫૮।।

## यु-दु-द्रोः ५।३।५९।।

सम् ઉપસર્ગથી પરમાં રહેલા यु दु અને द्रु ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. सम्+यु, सम् + दु અને सम्+द्रु ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી संयावः संदावः અને संद्रावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સારી રીતે મેળવવું. સારી રીતે પીગળવું. સારી રીતે પીગળવું. ।।૫૯।।

## नियश्चानुपसर्गाद् वा ५।३।६०।।

ઉપસર્ગરહિત नी यु दु અને द्रु ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી घञ् પ્રત્યય થાય છે. नी यु दु અને द्रु ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ई ને વૃદ્ધિ ऐ અને उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે नायः यावः दावः અને द्रावः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી घञ् પ્રત્યય ન થાય ત્યારે 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ई ને

ગુણ ए અને उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે नयः यवः दवः અને द्रवः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લઈ જવું. મેળવવું. પીગળવું. પીગળવું. अनुपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગરહિત જ नी यु दु અને द्रु ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી घञ् પ્રત્યય થાય છે. તેથી प्र+नी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रणयः આવો પ્રયોગ થાય છે. અર્થ-પ્રેમ.॥૬૦॥

## वोदः ५।३।६१॥

उद् ઉપસર્ગથી પરમાં રહેલા नी ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી घञ् પ્રત્યય થાય છે. उद्+नी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ई ને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી उन्नायः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી घञ् પ્રત્યય ન થાય ત્યારે 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી उन्नयः આવો પ્રયોગ થાય છે. અર્થ- ઊંચું કરવું - ઉપાડવું.॥૬૧॥

## अवात् ५।३।६२॥

अव ઉપસર્ગથી પરમાં રહેલા नी ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. अव+नी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ई ને વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી अवनायः આવો પ્રયોગ થાય છે. અર્થ- નીચે લઈ જવું.॥૬૨॥

## परे र्द्यूते ५।३।६३॥

परि ઉપસર્ગથી પરમાં રહેલા દ્યૂતવિષયાર્થક नी ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. परिणायेन शारीन् हन्ति અહીં परि ઉપસર્ગપૂર્વક नी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી परिणायेन આવો પ્રયોગ થાય છે. અર્થ- બધે પાસા પડે એ રીતે ફેંકે છે. द्यूत इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परि ઉપસર્ગથી પરમાં રહેલા દ્યૂતવિષયાર્થક જ नी ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી परिणयोऽस्याः અહીં परि +नी ધાતુને તે દ્યૂતવિષયાર્થક ન હોવાથી આ સૂત્રથી घञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય; 'नामिनो० ४-३-१' થી ई ને ગુણ ए આદેશાદિ કાર્ય થાય છે. અર્થ- આ કન્યાનો વિવાહ.॥६३॥

## भुवोऽवज्ञाने वा ५।३।६४॥

परि ઉપસર્ગથી પરમાં રહેલા 'अवज्ञान' અર્થવાળા भू ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી घञ् પ્રત્યય થાય છે. परि+भू ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય થવાથી परिभावः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી घञ् પ્રત્યય ન થાય ત્યારે 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऊ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી परिभवः આવો પ્રયોગ થાય છે. અર્થ- તિરસ્કાર. अवज्ञान इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परि ઉપસર્ગથી પરમાં રહેલા અવજ્ઞાનાર્થક જ भू ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી घञ् પ્રત્યય થાય છે. તેથી समन्ताद् भूतिः આ અર્થમાં परि+भू ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अल् પ્રત્યયાદિ કાર્ય

થવાથી परिभवः આવો પ્રયોગ થાય છે. અર્થ- બધી રીતે થવું.॥૬૪॥

## यज्ञे ग्रहः ५।३।६५॥

યજ્ઞના વિષયમાં परि ઉપસર્ગથી પરમાં રહેલા ग्रह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. परि + ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५० થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી पूर्वपरिग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ- યજ્ઞ વિશેષ- જેમાં અનુષ્ઠાન પૂર્વે તલવારાકૃતિ કાષ્ઠથી વેદિકાનો ચાર તરફથી સ્વીકાર કરાય છે. यज्ञ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યજ્ઞના જ વિષયમાં परि + ग्रह् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી परिग्रहोऽर्थस्य અહીં परि + ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી परिग्रहः આવો પ્રયોગ થાય છે. અર્થ - ધનનો સ્વીકાર. ॥૬૫॥

## संस्तोः ५।३।६६॥

યજ્ઞના વિષયમાં सम् + स्तु ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. सम् + स्तु ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી संस्तावः छन्दोगानाम् આવો પ્રયોગ થાય છે. અર્થ - યજ્ઞ માટે મંત્રોચ્ચાર કરનારાઓનું (સામવેદી બ્રાહ્મણોનું) ભેગા થવાનું સ્થાન. અર્થાત્ છન્દોગો જ્યાં ભેગા થઈને મંત્રોચ્ચાર કરે છે-તે પ્રદેશ. ॥૬૬॥

## प्रात् स्नु-द्रु-स्तोः ५।३।६७॥

प्र ઉપસર્ગથી પરમાં રહેલા स्नु द्रु અને स्तु ધાતુને ભાવમાં અને

કર્તૃભિન્નકારકમાં घञ्, (अ) પ્રત્યય થાય છે. प्र + स्रु; प्र + द्रु અને प्र + स्तु ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. उ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે प्रस्रावः प्रद्रावः અને प्रस्तावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઝરવું - ટપકવું. ભાગી જવું. પ્રસંગ.॥૬૭॥

## अयज्ञे स्त्रः ५।३।६८॥

યજ્ઞનો વિષય ન હોય તો प्र ઉપસર્ગથી પરમાં રહેલા स्तृ ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. प्र + स्तृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. ऋ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી प्रस्तारः આવો પ્રયોગ થાય છે. અર્થ - શય્યા. अयज्ञ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ યજ્ઞનો વિષય ન હોય તો જ प्र ઉપસર્ગથી પરમાં રહેલા स्तृ ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી યજ્ઞના વિષયમાં प्र+स्तृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી बर्हिष्प्रस्तरः આવો પ્રયોગ થાય છે. અહીં बर्हिस् ના स् ને (र् ને) 'समासे० ૨-૩-૧૩' થી ष् આદેશ થાય છે. અર્થ - યજ્ઞ સમ્બન્ધી દર્ભની શય્યા.॥૬૮॥

## वेरशब्दे प्रथने ५।३।६९॥

શબ્દને છોડીને અન્યવિષયક વિસ્તારમાં वि + स्तृ ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. विस्तारः पटस्य અહીં वि + स्तृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી विस्तारः આવો પ્રયોગ થાય છે. અર્થ -

પટવસ્ત્રનો વિસ્તાર. प्रथन इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં वि + स्तॄ ધાતુને શબ્દભિન્નવિષયક વિસ્તાર જ અર્થમાં घञ् (अ) પ્રત્યય થાય છે. તેથી તાદૃશ વિસ્તાર અર્થ ન હોવાથી वि + स्तॄ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ૫-૩-૨૮' થી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી ॠ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી तृणस्य विस्तरः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘાસનું આચ્છાદન. अशब्द इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वि ઉપસર્ગથી પરમાં રહેલા स्तॄ ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં શબ્દભિન્ન જ વિષયક વિસ્તારમાં घञ् પ્રત્યય થાય છે. તેથી શબ્દવિષયક વિસ્તારમાં वि + स्तॄ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अल् પ્રત્યયાદિ કાર્ય થવાથી वाक्यविस्तरः આવો પ્રયોગ થાય છે. અર્થ - વાક્યનો વિસ્તાર.॥૬૯॥

### छन्दो नाम्नि ५।३।७०॥

ગાયત્રી આદિની સંજ્ઞાના વિષયમાં वि ઉપસર્ગથી પરમાં રહેલા स्तॄ ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. विष्टारपङ्क्तिः અહીં वि + स्तॄ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. ॠ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ आर् આદેશ. स् ને 'वेः स्त्रः ૨-૩-૨૩' થી ष् આદેશ. त् ને 'तवर्ग० ૧-૩-૬૦' થી ट् આદેશ વગેરે કાર્ય થયું છે. અર્થ - છન્દવિશેષ. છન્દ એટલે પદ્યનો વર્ણવિન્યાસ. ॥૭૦॥

### क्षु-श्रोः ५।३।७१॥

वि ઉપસર્ગથી પરમાં રહેલા क्षु અને श्रु ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. वि+क्षु (૧૦૮૪) અને वि+श्रु (૧૨૯૬) ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧'

થી उ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે विक्षावः અને विश्रावः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અવાજ કરવો. સાંભળવું.॥૭૧॥

## न्युदो ग्रः ५।३।७२॥

नि અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા गृ ધાતુને ભાવ અને કર્ત્તૃભિન્ન કારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. नि + गृ અને उद् + गृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી निगारः અને उद्गारः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ગળવું. ઉલ્ટી કરવી. ॥૭૨॥

## किरो धान्ये ५।३।७३॥

ધાન્યના વિષયમાં नि અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા कृ (૧૩૩૪) ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. नि +कृ અને उद् + कृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. ऋ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે निकारः उत्कारो धान्यस्य આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - અનાજનો ઢગલો. धान्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नि અને उद् ઉપસર્ગથી પરમાં રહેલા ધાન્યવિષયાર્થક જ कृ ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી ધાન્યવિષય અર્થ ન હોવાથી फलनिकरः અહીં नि + कृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય થતો નથી. જેથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થાય છે. અર્થ - ફળોનો ઢગલો. ॥૭૩॥

## नेर्वुः ५।३।७४॥

ધાન્યવિશેષમાં नि ઉપસર્ગથી પરમાં રહેલા वृ (૧૨૯૪; ૧૫૨૩) ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. नि + वृ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. ऋ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી नीवारा (नि ના इ ને 'घञ्युप० ३-२-८६' થી દીર્ઘ ई આદેશ.) व्रीहयः આવો પ્રયોગ થાય છે. અર્થ - જનાવરોને ખાવાના ઘાસથી યુક્ત દાણા - વનવ્રીહિ. ॥૭૪॥

## इणो ऽ भ्रेषे ५।३।७५॥

अभ्रेष અર્થમાં नि ઉપસર્ગથી પરમાં રહેલા इण् (इ) ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. શાસ્ત્ર અને લોક - મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું - તેને अभ्रेष કહેવાય છે. नि + इ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી इण् ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી न्यायः આવો પ્રયોગ થાય છે. અર્થ- મર્યાદાનું પાલન કરવું. अभ्रेष इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અભ્રેષ અર્થમાં જ नि + इण् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી અભ્રેષ અર્થ ન હોય ત્યારે नि + इण् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય થતો ન હોવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧' થી इण् ના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી न्ययं गतश्चौरः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચોર નાશ પામ્યો. ॥૭૫॥

## परेः क्रमे ५।३।७६॥

क्रम (પરિપાટી) ના વિષયમાં परि ઉપસર્ગથી પરમાં રહેલા इण् (इ) ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. परि + इ

ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. इ ધાતુના इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી तव पर्यायो भोक्तुम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તારો, ખાવાનો વારો ... क्रम इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्रम ના જ વિષયમાં परि ઉપસર્ગથી પરમાં રહેલા इण् ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી ક્રમનો વિષય ન હોય ત્યારે परि + इण् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી इण् ના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી पर्ययो गुरोः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગુરુનું અતિક્રમણ. ||૭૬||

## व्युपात् शीङः ५।३।७७।।

वि અને उप ઉપસર્ગથી પરમાં રહેલા शीङ् (शी) ધાતુને ક્રમના વિષયમાં; ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. वि + शी અને उप + शी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. शी ના ई ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી तव राजविशायः અને मम राजोपशायः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ક્રમે કરીને; તારું રાજાની પાસે સૂવાનું. મારું રાજાની પાસે સૂવાનું. क्रम इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્રમના જ વિષયમાં वि અને उप ઉપસર્ગથી પરમાં રહેલા शीङ् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી वि + शी ધાતુને ક્રમનો વિષય ન હોય ત્યારે આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. शी ના ई ને 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી विशयः આવો પ્રયોગ થાય છે. અર્થ - શંકા કરવી. ||૭૭||

## हस्तप्राप्ये चेरस्तेये ५।३।७८॥

હાથથી પ્રાપ્ય વસ્તુના વિષયમાં; હસ્ત-પ્રાપ્ય વસ્તુનું ગ્રહણ ચોરીથી ન હોય તો चि ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. पुष्पप्रचायः અહીં प्र+चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. चि ધાતુના इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી पुष्पप्रचायः આવો પ્રયોગ થાય છે. અર્થ- ડાળી ઉપરથી પુષ્પનું તોડવું. અહીં સમજી શકાય છે કે - પુષ્પો હસ્તપ્રાપ્ય છે અને તેનું ગ્રહણ ચોરીથી કરેલું નથી. हस्तप्राप्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ હાથથી પ્રાપ્ય જ વસ્તુના વિષયમાં, चि ધાત્વર્થ ચોરીથી ન હોય તો चि ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી पुष्पप्रचयं करोति वृक्षाग्रे અહીં હસ્તપ્રાપ્ય વસ્તુનો વિષય ન હોવાથી प्र +चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી पुष्पप्रचयं આવો પ્રયોગ થાય છે. અર્થ - વૃક્ષના અગ્રભાગ ઉપર પુષ્પો ભેગા કરે છે. વૃક્ષ ઉપર ચઢ્યા વિના પુષ્પોનું ભેગા કરવાનું શક્ય ન હોવાથી અહીં હસ્તપ્રાપ્ય વિષય નથી. अस्तेय इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ હસ્તપ્રાપ્યવિષયમાં તેનું ગ્રહણ ચોરીથી ન જ હોય તો चि ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે. તેથી स्तेयेन पुष्पप्रचयं करोति અહીં ચોરીથી હસ્તપ્રાપ્યનું ગ્રહણ હોવાથી प्र+चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अल् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ - ચોરીથી પુષ્પો ભેગા કરે છે.॥७८॥

## चिति देहाऽऽवासोपसमाधाने कश्चाऽऽदेः ५।३।७९॥

चिति देह आवास અને उपसमाधान અર્થમાં चि ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય છે. અને ત્યારે चि ધાતુના આદ્યવર્ણને क्

આદેશ થાય છે. યજ્ઞસંબન્ધી અગ્નિવિશેષને અથવા તે અગ્નિના આધારને चिति કહેવાય છે. શરીરને देह કહેવાય છે. आवास निवास સ્વરૂપ છે; અને ઉપર ઉપર ઢગલો કરવો તેને उपसमाधान કહેવાય છે. आकायमग्निं चिन्वीत અહીં आङ् + चि ધાતુને; कायो देहः અહીં चि ધાતુને; ऋषिनिकायः અહીં नि + चि ધાતુને અને गोमयनिकायः અહીં नि + चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય; चि ના च् ને क् આદેશ. चि ના इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી અનુક્રમે आकायम् कायः ऋषिनिकायः અને गोमयनिकायः આવો પ્રયોગ થાય છે. निकेचायः... ઈત્યાદિ यङ्लुप् સ્થળે; ધાતુના આદ્યવર્ણને જ ઉપર જણાવ્યા મુજબ क् આદેશ થાય- એ માટે સૂત્રમાં 'आदि' પદનું ઉપાદાન છે; અન્યથા चः कः આ પ્રમાણે સૂત્રમાં નિર્દેશ કરીને પણ आकायः... વગેરે સિદ્ધ થઈ શકત. ॥૭૯॥

## सङ्घे ऽनूर्ध्वे ५।३।८०॥

જે પ્રાણીઓના સમુદાયમાં એકની ઉપર બીજો રહેતો નથી, તે પ્રાણીઓના સમુદાયને अनूर्ध्व કહેવાય છે. અનૂર્ધ્વ પ્રાણીઓના સમુદાય સ્વરૂપ અર્થમાં चि ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય થાય છે; અને ત્યારે चि ધાતુના આદ્યવર્ણને क् આદેશ થાય છે. तार्किकनिकायः અહીં चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય; અને चि ના च् ને क् આદેશ. चि ના इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થાય છે. અર્થ - તાર્કિકોનો સમુદાય. सङ्घ इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનૂર્ધ્વ પ્રાણીસમુદાય સ્વરૂપ જ અર્થમાં (સમુદાયમાત્રમાં નહિ) चि ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. તેથી सारसमुच्चयः અહીં તાદૃશ સङ्घાર્થ ન હોવાથી सम् + उद् + चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યયાદિ કાર્ય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. इ ને 'नामिनो० ५-३-१' થી ગુણ ए

આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ - શકૃતિસમુદાય. अनूर्ध्व इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनूर्ध्व જ પ્રાણી સમુદાય સ્વરૂપ અર્થમાં (પ્રાણીસમુદાયમાત્રમાં નહિ) चि ધાતુને ભાવમાં અને કર્તૃભિન્ન-કારકમાં घञ् પ્રત્યય અને ત્યારે चि ધાતુના આદ્યવર્ણને क् આદેશ થાય છે. તેથી शूकरनिचयः અહીં અનૂર્ધ્વ પ્રાણી સમુદાય અર્થ ન હોવાથી नि + चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अल् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ - ભૂંડોનું ટોળું. ભૂંડો એક બીજા ઉપર રહેતા હોવાથી તે પ્રાણીસમુદાય अनूर्ध्व નથી. ॥૮૦॥

### माने ५।३।८१॥

માન અર્થ ગમ્યમાન હોય તો ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં घञ् (अ) પ્રત્યય થાય છે. एको निष्पावः અહીં निस् + पू ધાતુને અને समित्संग्राहः અહીં सम् + ग्रह् ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી निष्पावः અને समित्संग्राहः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - એક પાવ ધાન્યાદિ. લાકડીઓની મૂઠી. मान इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં ધાતુને માન અર્થ ગમ્યમાન હોય તો જ घञ् પ્રત્યય થાય છે. તેથી માન અર્થ ન હોય ત્યારે निस् + चि ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય ન થવાથી 'युवर्ण० ५-३-२८' થી अल् પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી चि ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી निश्चयः આવો પ્રયોગ થાય છે. અર્થ - અવધારણ.॥૮૧॥

### स्थादिभ्यः कः ५।३।८२॥

ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં स्थादि ગણપાઠમાંના स्था

વગેરે ધાતુને क (अ) પ્રત્યય થાય છે. उद् + स्था ધાતુને આ સૂત્રથી क પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી स्था ધાતુના आ નો લોપ. 'उदः स्था० १-३-४४' થી स्था ધાતુના स् નો લોપ વગેરે કાર્ય થવાથી आखूत्थो वर्त्तते આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંદરોનું ઉત્થાન છે. प्र + स्था ધાતુને આ સૂત્રથી क પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી प्रस्थः આવો પ્રયોગ થાય છે. અર્થ - પર્વતના શિખર ઉપરનો સમાન પ્રદેશ. प्र + पा ધાતુને આ સૂત્રથી क પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ અન્ત્ય आ નો લોપ. સ્ત્રીલિંગમાં प्रप નામને 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रपा આવો પ્રયોગ થાય છે. અર્થ - પાણીની પરબ - પ્યાઉ. ॥૮૨॥

## ट्वितोऽथुः ५।३।८३॥

'टु' જેમાં इत् છે એવા (टु અનુબંધવાળા) ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં अथु પ્રત્યય થાય છે. वेप् (टुवेपृङ् चलने ७५४) ધાતુને આ સૂત્રથી अथु પ્રત્યય વગેરે કાર્ય થવાથી वेपथुः આવો પ્રયોગ થાય છે. અર્થ - કંપવું. ॥૮૩॥

## ड्वितस्त्रिमक् तत्कृतम् ५।३।८४॥

ધાત્વર્થથી કરેલું- આવો અર્થ હોય તો 'डु' જેમાં इत् (અનુબંધ) છે, એવા ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં त्रिमक् (त्रिम) પ્રત્યય થાય છે. पाकेन निर्वृत्तम् આ અર્થમાં पच् ધાતુને (डुपचींष् पाके ८९२) આ સૂત્રથી त्रिमक् પ્રત્યય. पच् ધાતુના च् ને 'चजः कगम् २-१-८६' થી क् આદેશ વગેરે કાર્ય થવાથી पक्त्रिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધવાથી થયેલી વસ્તુ. ॥૮૪॥

## यजि - स्वपि - रक्षि - यति - प्रच्छो नः ५।३।८५।।

यज् स्वप् रक्ष् यत् અને प्रच्छ् ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં न પ્રત્યય થાય છે. यज् स्वप् रक्ष् यत् અને प्रच्छ् ધાતુને આ સૂત્રથી न પ્રત્યય. यज् ના ज् ને 'तवर्गस्य० १-३-६०' થી ञ् આદેશ. प्रच्छ् ના छ् ને 'अनुनासि० ४-१-१०८' થી श् આદેશ. प्रश् + न આ અવસ્થામાં न् ને પ્રાપ્ત ञ् આદેશનો 'न शात् १-३-६२' થી નિષેધ વગેરે કાર્ય થવાથી यज्ञः स्वप्नः रक्षणः यत्नः અને प्रश्नः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- યજ્ઞ. સ્વપ્ન. રક્ષણ. પ્રયત્ન. પૂછવું. ।।૮૫।।

## विच्छो नङ् ५।३।८६।।

ભાવ અને કર્તૃભિન્નકારકમાં विच्छ् (१३४३; १७७१) ધાતુને नङ् (न) પ્રત્યય થાય છે. विच्छ् ધાતુને આ સૂત્રથી नङ् (न) પ્રત્યય... વગેરે કાર્ય (જુઓ સૂ.નં. ५-३-८५) થવાથી विश्नः આવો પ્રયોગ થાય છે. અર્થ - જવું અથવા શોભા. ।।૮૬।।

## उपसर्गाद् दः किः ५।३।८७।।

ભાવ અને કર્તૃભિન્નકારકમાં ઉપસર્ગથી પરમાં રહેલા दा સંજ્ઞાવાળા ધાતુને कि (इ) પ્રત્યય થાય છે. आ + दा અને नि + धा ધાતુને આ સૂત્રથી कि પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી दा અને धा ના आ નો લોપ વગેરે કાર્ય થવાથી आदिः અને निधिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પ્રારંભ. ભંડાર. (दां दाने; देङ् पालने; डुदांगृक् दाने; दोंच् छेदने; ट्धें पाने; અને डुधांगृक् धारणे અનુક્રમે ७; ६०४; ११३८; ११४८; २८ અને ૧.૧૩૯ નંબરના આ છ ધાતુઓ दा - સંજ્ઞક છે.) ।।૮૭।।

## व्याप्यादाधारे ५।३।८८॥

વ્યાપ્યવાચક નામથી પરમાં રહેલા दा સંજ્ઞાવાળા (જુઓ સૂ.નં. ५-३-८७) ધાતુને આધાર અર્થમાં कि પ્રત્યય થાય છે. जलं धीयते ऽस्मिन् આ અર્થમાં जल + धा ધાતુને આ સૂત્રથી कि (इ) પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી धा ધાતુના आ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી जलधिः આવો પ્રયોગ થાય છે. અર્થ - સમુદ્ર. ॥८८॥

## अन्तर्द्धिः ५।३।८९॥

अन्तर् પૂર્વક धा (११३९) ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં कि (इ) પ્રત્યય થાય છે. अन्तर् + धा ધાતુને આ સૂત્રથી कि પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી धा ધાતુના आ નો લોપ વગેરે કાર્ય થવાથી अन्तर्द्धिः આવો પ્રયોગ થાય છે. અર્થ - છુપાઈ જવું. ॥८९॥

## अभिव्याप्तौ भावे ऽन - ञिन् ५।३।९०॥

अभिव्याप्ति અર્થ ગમ્યમાન હોય તો ધાતુને ભાવ અને કર્તૃભિન્ન-કારકમાં अन તેમજ ञिन् (इन्) પ્રત્યય થાય છે. ક્રિયાની સાથે; તેના બધા સમ્બન્ધીના સમ્બન્ધને 'અભિવ્યાપ્તિ' કહેવાય છે. सम् + रु ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી रु ના उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી संरवणम् આવો પ્રયોગ થાય છે. અને सम् +रु ધાતુને આ સૂત્રથી ञिन् (इन्) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી उ ને વૃદ્ધિ औ આદેશ. संराविन् નામને 'नित्यं ञ० ७-३-५८' થી अण् (अ) પ્રત્યય. 'वृद्धिः स्वरे० ७-४-१' થી सं ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી सांराविणम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ચારે તરફનો અવાજ - સેનાનો ઘોંઘાટ. अभिव्याप्ताविति किम्?= આ સૂત્રથી

ઉપર જણાવ્યા મુજબ અભિવ્યાપ્તિ અર્થ ગમ્યમાન હોય તો જ ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अन અને ञिन् પ્રત્યય થાય છે. તેથી सम्+रु ધાતુને અભિવ્યાપ્તિ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી अन અને ञिन् પ્રત્યય ન થવાથી 'भावा ऽ कर्त्रोः ૫।૩।૧૮' થી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી उ ને વૃદ્ધિ औ આદેશાદિ કાર્ય થવાથી संरावः આવો પ્રયોગ થાય છે. અર્થ - અવાજ કરવો. ॥૯૦॥

### स्त्रियां क्तिः ૫।૩।૯૧॥

ભાવ અને કર્તૃભિન્નકારકમાં ધાતુને સ્ત્રીલિંગમાં क्ति (ति) પ્રત્યય થાય છે. कृ ધાતુને આ સૂત્રથી क्ति (ति) પ્રત્યયાદિ કાર્ય થવાથી कृतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - કરવું તે- પ્રયત્ન. स्त्रियामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભાવ અને કર્તૃભિન્નકારકમાં ધાતુને સ્ત્રીલિંગમાં જ क्ति (ति) પ્રત્યય થાય છે. તેથી પુલ્લિંગમાં कृ ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યય ન થવાથી 'भावा० ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. ऋ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી कारः આવો પ્રયોગ થાય છે. અર્થ - કરવું તે. ॥૯૧॥

### श्वादिभ्यः ૫।૩।૯૨॥

श्वादि ગણપાઠમાંના श्रु વગેરે ધાતુને સ્ત્રીલિંગમાં; ભાવ અને કર્તૃભિન્ન કારકમાં क्ति પ્રત્યય થાય છે. પૂર્વસૂત્રથી (૫-૩-૯૧ થી) સામાન્યતઃ સર્વ ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યય સિદ્ધ જ છે. પરન્તુ 'कृध् - संप० ૫-૩-૧૧૪' વગેરે સૂત્રોથી વિહિત क्विप् પ્રત્યયાદિ દ્વારા તેનો બાધ ન થાય અને क्विप् પ્રત્યયાદિ સાથે તે (क्ति) પ્રત્યય પણ થાય ...એ માટે આ સૂત્રથી क्ति પ્રત્યયનું વિધાન છે. श्रु ધાતુને તેમ જ सम् + पद् ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી श्रुतिः અને

सम्पत्तिः આવો પ્રયોગ થાય છે. તેમ જ प्रति + श्रु અને सम् + पद् ધાતુને 'कृध्- संपदा० ५-३-११४' થી क्विप् (०) પ્રત્યય. श्रु ની પરમાં 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ વગેરે કાર્ય થવાથી प्रतिश्रुत् અને सम्पत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સાંભળવું. સંપત્તિ. પ્રતિજ્ઞા. સંપત્તિ. ॥૯૨॥

## समिणासुगः ५।३।९३॥

सम् + इण् (इ) અને आङ् (आ) + सु ધાતુને ભાવ અને કર્તૃભિન્ન કારકમાં સ્ત્રીલિંગમાં क्ति પ્રત્યય થાય છે. ૫-૩-૯૯ થી વિહિત क्विप् પ્રત્યયનો આ સૂત્રથી બાધ થાય છે. सम् + इण् અને आङ् + सु ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી समितिः અને आसुतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સભા. પૂરો રસ કાઢવો. ॥૯૩॥

## साति-हेति-यूति-जूति-ज्ञप्ति-कीर्त्तिः ५।३।९४॥

ભાવ અને કર્તૃભિન્નકારકમાં સ્ત્રીલિંગમાં क्ति પ્રત્યયાદિ કાર્ય કરીને साति हेति यूति जूति ज्ञप्ति અને कीर्त्ति નામનું નિપાતન કરાય છે. सो सि અથવા सु ધાતુને આ સૂત્રથી क्ति (ति) પ્રત્યય. 'आत्० ४-२-१' થી सो ના ओ ને आ આદેશ. 'दो- सो० ४-४-११' થી आ ને પ્રાપ્ત इ આદેશનો આ સૂત્રથી નિષેધ. सि ના इ ને અને सु ના उ ને આ સૂત્રથી आ આદેશ વગેરે કાર્ય થવાથી सातिः આવો પ્રયોગ થાય છે. અર્થ- નાશ કરવો ... हि અથવા हन् ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યય. हि ના इ ને તથા हन् ના अन् ને આ સૂત્રથી ए આદેશ વગેરે કાર્ય થવાથી हेतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - શસ્ત્ર અથવા મારી નાખવું. यु અને जु ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યય; અને उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે यूतिः અને जूतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-

જોડવું. વેગ. ज्ञपि (ज्ञा + णि) અને कीर्त्ति (कीर्त् + णि) આ ण्यन्त ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી ધાતુના અન્ત્ય इ (णि) નો લોપ વગેરે કાર્ય થવાથી ज्ञप्तिः અને कीर्त्तिः આવો પ્રયોગ થાય છે. અહીં નિપાતનના કારણે 'णिवेत्त्या० ५-३-१११' થી પ્રાપ્ત પણ अन પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થાય છે. અર્થ ક્રમશઃ- જ્ઞાન. યશ.॥૯૪॥

### गा-पा-पचो भावे ५।३।९५॥

ભાવમાં गा पा અને पच् ધાતુને સ્ત્રીલિંગમાં क्ति (ति) પ્રત્યય થાય છે. सम् + गा (गै અથવા गा), प्र + पा અને पच् ધાતુને આ સૂત્રથી क्ति પ્રત્યય. गा અને पा ના आ ને 'ईर्व्यञ्जने० ४-३-९७' થી ई આદેશ. पच् ધાતુના च् ને 'चजः कगम् २-१-८६' થી क् આદેશ વગેરે કાર્ય થવાથી सङ्गीतिः प्रपीतिः અને पक्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગાવું. પીવું. રાંધવું. ॥૯૫॥

### स्थो वा ५।३।९६॥

સ્ત્રીલિંગમાં स्था ધાતુને ભાવમાં क्तिપ્રત્યય વિકલ્પથી થાય છે. प्र + स्था ધાતુને આ સૂત્રથી क्तिપ્રત્યય. 'दोसोमा० ४-४-११' થી स्था ના आ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી प्रस्थितिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स्था ધાતુને क्तिપ્રત્યય ન થાય ત્યારે आ + स्था ધાતુને 'उपसर्गादातः ५-३-११०' થી अङ् (अ) પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી स्था ધાતુના आ નો લોપ. आस्थ નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् (आ) પ્રત્યય વગેરે કાર્ય થવાથી आस्था આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પ્રયાણ. વિશ્વાસ.

અહીં એ સમજી લેવું જોઈએ કે प्रस्थितिः અને आस्था આ બંન્ને પ્રયોગમાં ક્રમશઃ- ભાવમાં સૂ.નં. ૫-૩-૯૬ અને સૂ.નં. ૫-૩-૧૧૦ થી क्ति

અને अङ् પ્રત્યય થાય છે. સૂ.નં. ૫-૩-૧૧૦ ની અપેક્ષાએ સૂ.નં ૫-૩-૮૨ વિશેષવિહિત હોવાથી તે સૂ. નં. ૫-૩-૧૧૦ નો બાધ કરે છે. સૂ.નં. ૫-૩-૮૨ ની અપેક્ષાએ સૂ.નં. ૫-૩-૯૬ વિશેષવિહિત હોવાથી તે સૂ.નં. ૫-૩-૮૨ નો બાધ કરે છે. प्रस्थितिः અહીં જ્યારે સૂ.નં. ૫-૩-૯૬ થી ભાવમાં क्ति પ્રત્યય વિહિત હોવાથી સૂ.નં. ૫-૩-૮૨ નો બાધ થાય છે, ત્યારે પણ आखूत्थः संस्था... ઈત્યાદિ સ્થળે પુલ્લિગ ભાવમાં અથવા સ્ત્રીલિંગમાં અધિકરણાદિકારકમાં સૂ.નં. ૫-૩-૮૨ ચરિતાર્થ છે જ. તેથી ક્ષીણશક્તિક સૂ.નં. ૫-૩-૮૨ થી વિકલ્પપક્ષમાં आस्था... ઈત્યાદિ સ્થળે ભાવમાં તે સૂત્રથી क પ્રત્યય ન થવાથી સૂ.નં. ૫-૩-૧૧૦ થી अङ् પ્રત્યય થાય છે. અને અધિકરણાદિકારકમાં તો ઉપસર્ગપૂર્વક स्था ધાતુને अङ् પ્રત્યય થતો નથી. પરન્તુ સૂ.નં. ૫-૩-૮૨ થી क પ્રત્યય જ થાય છે. આથી સ્પષ્ટ છે કે - વૈકલ્પિક પૂર્વબાધ્યસૂત્ર અન્યત્ર ચરિતાર્થ હોય તો વિકલ્પપક્ષમાં બાધકસૂત્રની અપેક્ષાએ પરસૂત્રની પ્રાપ્તિ હોય તો તે પરસૂત્રનું જ કાર્ય થાય છે. પૂર્વબાધ્યસૂત્રવિહિત કાર્ય થતું નથી... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૯૬॥

**आस्यटि-व्रज्-यजः क्यप्.५।३।९७॥**

आस् अट् व्रज् અને यज् ધાતુને ભાવમાં સ્ત્રીલિંગમાં क्यप् (य) પ્રત્યય થાય છે. आस् अट् व्रज् અને यज् ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. 'यजादि० ૪-૧-૭૯' થી यज् ધાતુના य ને સમ્પ્રસારણ इ આદેશ. आस्य अट्य व्रज्य અને इज्य નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી आस्या अट्या व्रज्या અને इज्या આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બેસવું. ભટકવું. જવું. યજ્ઞ કરવો.॥૯૭॥

## भृगो नाम्नि ५।३।९८॥

સંજ્ઞાના વિષયમાં भृ ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં क्यप् (य) પ્રત્યય થાય છે. भृ ધાતુને આ સૂત્રથી क्यप् (य) પ્રત્યય. 'ह्रस्वस्य० ४-४-११३' થી ધાતુના અન્તે त् નો આગમ. भृत्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી भृत्या આવો પ્રયોગ થાય છે. અર્થ - દાસી. नाम्नीति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના વિષયમાં જ भृ ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં क्यप् પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે भृ ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી भृतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - પોષણ કરવું. ॥९८॥

## समज - निपन्-निषद्-शीङ्-सुग्-विदि-चरि-मनीणः ५।३।९९॥

સ્ત્રીલિંગમાં સંજ્ઞાના વિષયમાં सम् + अज्; नि +पत् અથવા पद्; नि + सद्; शीङ् (शी); सु; विद्; चर्; मन् અને इण् ધાતુને ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં क्यप् પ્રત્યય થાય છે. પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથગ્યોગ હોવાથી भावे एव નો આ સૂત્રમાં અધિકાર નથી. 'निपन्निषद्' - આ પ્રમાણે સંધિયુક્ત નિર્દેશથી આ સૂત્રમાં पत् અને पद् ઉભયનો સંગ્રહ છે. सम् + अज्; नि + पत् અથવા पद्; नि + सद्; शी; सु; विद् चर्; मन् અને इण् ધાતુને આ સૂત્રથી क्यप् (य) પ્રત્યય. 'क्ङिति यि शय् ४-३-१०५' થી शी ધાતુને शय् આદેશ. 'ह्रस्वस्य० ४-४-११३' થી सु અને इ ધાતુના અન્તે त् નો આગમ. समज्य निपत्य (निपद्य) निषद्य शय्य सुत्य विद्य चर्य मन्य અને इत्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે समज्या निपत्या निषद्या शय्या सुत्या विद्या चर्या मन्या અને इत्या આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સભા. કાદવવાલી - ચીકણી જમીન.

નાની ખાટલી. શય્યા. સોમરસ કાઢવાનું પાત્ર વિશેષ. વિદ્યા. ચર્યા - આચાર. ડોકની પાછળની નસ. શિબિકા. नाम्नीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંજ્ઞાના જ વિષયમાં सम् + अज् વગેરે ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં क्यप् પ્રત્યય થાય છે. તેથી સંજ્ઞાનો વિષય ન હોય ત્યારે सम् + वि + इ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય ન થવાથી 'स्त्रियां क्तिः ૫-૩-૯૧' થી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી संवीतिः આવો પ્રયોગ થાય છે. અર્થ- સારી રીતે મેળવવું. सम् + अज ધાતુને પણ ઉપર જણાવ્યા મુજબ क्यप् પ્રત્યય ન થવાથી क्ति પ્રત્યય. 'अघञ्क्य० ૪-૪-૨' થી अज् ધાતુને वी આદેશાદિ કાર્ય થવાથી संवीतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - ફેંકવું અથવા દોડવું. ||૯૯||

**कृगः श च वा ૫|૩|૧૦૦||**

સ્ત્રીલિંગમાં कृ (૮૮૮) ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં श અને क्यप् પ્રત્યય વિકલ્પથી થાય છે. कृ ધાતુને અપાદાનાદિમાં (ભાવ અને કર્મમાં નહિ) આ સૂત્રથી श (अ) પ્રત્યય. 'रिः शक्या० ૪-૩-૧૧૦' થી ऋ ને रि આદેશ. 'धातोरिव० ૨-૧-૫૦' થી रि ના इ ને इय् આદેશ. क्रिय નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી क्रिया આવો પ્રયોગ થાય છે. कृ ધાતુને ભાવ અથવા કર્મમાં આ સૂત્રથી श પ્રત્યય. 'क्यः शिति ૩-૪-૭૦' થી श ની પૂર્વે य् પ્રત્યયાદિ કાર્ય થવાથી क्रिया આવો પ્રયોગ થાય છે. कृ ધાતુને આ સૂત્રથી क्यप् પ્રત્યય. 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી कृ ની પરમાં त् નો આગમ... વગેરે કાર્ય થવાથી कृत्या આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી श અને क्यप् પ્રત્યય ન થાય ત્યારે कृ ધાતુને 'स्त्रियां क्तिः ૫-૩-૯૧' થી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી कृतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - કરવું તે.||૧૦૦||

## मृगयेच्छा-याञ्चा-तृष्णा-कृपा-भा-श्रद्धाऽन्तर्द्धा ५।३।१०१॥

मृगया इच्छा याञ्चा तृष्णा कृपा भा श्रद्धा અને अन्तर्द्धा- આ નામોનું સ્ત્રીલિંગમાં નિપાતન કરાય છે. इच्छा આ નામ ભાવમાં અને मृगया વગેરે નામો ભાવ અને કર્તૃભિન્નકારકમાં નિપાતિત છે. मृगि (मृग + णिच्) ધાતુને આ સૂત્રથી श પ્રત્યય; તેમજ शव् વિકરણ. श ની પૂર્વે 'क्यः शिति ३-४-७०' થી य પ્રત્યયની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ. मृगि + अ + अ આ અવસ્થામાં 'नामिनो० ४-३-१' થી इ ને ગુણ ए આદેશ. 'लुगस्या० २-१-११३' થી शव् (अ) નો લોપ. मृगय નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી मृगया આવો પ્રયોગ થાય છે. અર્થ - શિકાર. इष् ધાતુને આ સૂત્રથી श પ્રત્યય. 'गमिष० ४-२-१०६' થી ष् ને छ् આદેશ. ઉપર જણાવ્યા મુજબ इच्छ નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી इच्छा આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈચ્છવું. याच् ધાતુને આ સૂત્રથી न् પ્રત્યય. 'तवर्गस्य० १-३-६०' થી न् ને ञ् આદેશ. ઉપર જણાવ્યા મુજબ याञ्च નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી याञ्चा આવો પ્રયોગ થાય છે. અર્થ - માગવું . तृष् ધાતુને આ સૂત્રથી नङ् (न) પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ तृष्ण નામને आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી तृष्णा આવો પ્રયોગ થાય છે. અર્થ - પિપાસા. क्रप् ધાતુને આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય; તથા र् ને ऋ આદેશ. कृप નામને ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી कृपा આવો પ્રયોગ થાય છે. અર્થ- દયા. भा ધાતુને આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી भा ધાતુના आ નો લોપ. भ નામને ઉપર જણાવ્યા મુજબ आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી भा આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રભા. श्रत् + धा અને अन्तर् + धा ધાતુને આ સૂત્રથી अङ् પ્રત્યય. धा ધાતુના आ નો ઉપર જણાવ્યા મુજબ લોપ... વગેરે કાર્ય થવાથી श्रद्धा અને अन्तर्द्धा આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શ્રદ્ધા. અન્તર્ધાન થવું. ॥१०१॥

## परेः सृ-चरेर्यः ५।३।१०२॥

परि ઉપસર્ગથી પરમાં રહેલા सृ અને चर् ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં य પ્રત્યય થાય છે. परि + सृ અને परि + चर् ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી सृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. परिसर्य અને परिचर्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી परिसर्या અને परिचर्या આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ચારે તરફ જવું. સેવા. ॥१०२॥

## वाऽटाट्यात् ५।३।१०३॥

यङ् પ્રત્યયાન્ત अट् (अटाट्य) ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્ન કારકમાં य પ્રત્યય વિકલ્પથી થાય છે. अटाट्य ધાતુને આ સૂત્રથી य પ્રત્યય. 'अतः ४-३-८२' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. 'योऽशिति ४-३-८०' થી य પ્રત્યયની પૂર્વેના य् નો લોપ. अटाट्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી अटाट्या આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अटाट्य ધાતુને य પ્રત્યય ન થાય ત્યારે 'शंसि-प्रत्ययात् ५-३-१०५' થી अ પ્રત્યય... વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अटाटा આવો પ્રયોગ થાય છે. અર્થ- વારંવાર ભટકવું. ॥१०३॥

## जागुरश्च ५।३।१०४॥

સ્ત્રીલિંગમાં जागृ ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अ અને य પ્રત્યય થાય છે. जागृ ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય, તેમ જ य પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ. जागर અને जागर्य નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી

जागरा અને जागर्या આવો પ્રયોગ થાય છે. અર્થ - જાગવું તે. ॥૧૦૪॥

## शंसि-प्रत्ययात् ५।३।१०५॥

शंस् અને પ્રત્યયાન્ત (પ્રત્યય જેના અન્તે છે એવા) ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अ પ્રત્યય થાય છે. प्र + शंस् અને गोपाय (गुप् ધાતુને 'गुपौ० ३-४-१' થી आय પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન પ્રત્યયાન્ત) ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. 'अतः ४-३-८२' થી गोपाय ના અન્ત્ય अ નો લોપ. प्रशंस અને गोपाय નામને 'आत् २-४-१८' થી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रशंसा અને गोपाया આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- પ્રશંસા. રક્ષા. ॥૧૦૫॥

## क्तेटो गुरोर्व्यञ्जनात् ५।३।१०६॥

જે ધાતુની પરમાં क्त પ્રત્યયની પૂર્વે इट् થાય છે - એવા ધાતુને क्तेट् કહેવાય છે. જે ધાતુમાં ગુરુ વર્ણ છે એવા क्तेट् વ્યઞ્જનાન્ત ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં સ્ત્રીલિંગમાં अ પ્રત્યય થાય છે. ईह (આ ધાતુની પરમાં क्त પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેમાં ई ગુરુવર્ણ છે અને આ ધાતુવ્યઞ્જનાન્ત છે.) ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય. ईह નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી ईहा આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈચ્છા - ચેષ્ટા. क्तेट इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગુરુવર્ણવાળા વ્યઞ્જનાન્ત क्तेट् જ ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अ પ્રત્યય થાય છે. તેથી स्रंस् ધાતુને (તેની પરમાં क्त પ્રત્યયની પૂર્વે 'वेटोऽ पतः ४-४-६२' થી इट् નો નિષેધ કર્યો છે.) તે क्तेट् ન હોવાથી આ સૂત્રથી अ પ્રત્યય થતો નથી. જેથી 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति પ્રત્યય. 'नो व्यञ्जन० ४-२-४५' થી न् નો લોપ વગેરે કાર્ય થવાથી स्रस्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ - સરકવું.

गुरोरिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्तेट् ગુરુવર્ણવાળા જ વ્યઞ્જનાન્ત ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अ પ્રત્યય થાય છે. તેથી स्फुर् ધાતુને; તે ગુરુવર્ણયુક્ત ન હોવાથી આ સૂત્રથી अ પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યય. 'भ्वादेर्नामि० ૨-૧-૬૩' થી स्फुर् ના उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી स्फूर्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્ફૂર્તિ-પ્રતિભા. व्यञ्जनादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्तेट् ગુરુવર્ણવાળા વ્યઞ્જનાન્ત જ ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अ પ્રત્યય થાય છે. તેથી सम् + शी આ સ્વરાન્ત ધાતુને આ સૂત્રથી अ પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી संशीतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - સંશય. ॥૧૦૬॥

### षितोऽङ् ५।३।१०७॥

ष् જેમાં इत् (અનુબંધ) છે - એવા ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अङ् (अ) પ્રત્યય થાય છે. पच् (डुपचींष् पाके ૮૯૨) અને जॄ (जॄषूच् ૧૧૪૫) ધાતુને આ સૂત્રથી अङ् પ્રત્યય. ॠ ને 'ऋवर्ण० ૪-૩-૭' થી ગુણ अर् આદેશ. पच અને जर નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી पचा અને जरा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રાંધવુ. વૃદ્ધાવસ્થા. ॥૧૦૭॥

### भिदादयः ५।३।१०८॥

પ્રયોગાનુસાર સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં भिद् વગેરે ધાતુને अङ् પ્રત્યયનું નિપાતન કરાય છે. भिद् અને छिद् ધાતુને આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય. भिद અને छिद નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી भिदा અને छिदा આવો પ્રયોગ થાય

છે. અર્થક્રમશઃ- ભેદન કરવું. છેદન કરવું. ॥૧૦૮॥

### भीषि-भूषि-चिन्ति-पूजि-कथि-कुम्बि-चर्चि-स्पृहि-
### - तोलि-दोलिभ्यः ५।३।१०९॥

भीषि भूषि चिन्ति पूजि कथि कुम्बि चर्चि स्पृहि तोलि અને दोलि આ ण्यन्त ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अङ् પ્રત્યય થાય છે. भीषि (भी ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. 'बिभेते० ३-३-९२' થી भी ધાતુને भीष् આદેશ); भूषि; चिन्ति; पूजि; कथि; कुम्बि; चर्चि; स्पृहि; तोलि અને दोलि ધાતુને આ સૂત્રથી अङ् (अ) પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી अङ् ની પૂર્વેના णि (इ) નો લોપ. भीष भूष... વગેરે નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે भीषा भूषा चिन्ता पूजा कथा कुम्बा चर्चा स्पृहा तोला અને दोला આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ડરાવવું. અલંકાર. ચિન્તા - વિચારવું. પૂજા. કથા. ઢાંકવું. ચર્ચા. ઈચ્છા. તોલવું. હિંચોળો. ॥૧૦૯॥

### उपसर्गादातः ५।३।११०॥

સ્ત્રીલિંગમાં ઉપસર્ગપૂર્વક આકારાન્ત ધાતુને ભાવમાં અને કર્તૃભિન્ન કારકમાં अङ् (अ) પ્રત્યય થાય છે. उप + दा ધાતુને આ સૂત્રથી अङ् પ્રત્યય. 'इडेत्० ४-३-९४' થી दा ધાતુના आ નો લોપ. उपद નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' થી आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી उपदा આવો પ્રયોગ થાય છે. અર્થ - માનવિશેષ. उपसर्गादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીલિંગમાં ઉપસર્ગપૂર્વક જ આકારાન્ત ધાતુને ભાવ અને કર્તૃભિન્નકારકમાં अङ् પ્રત્યય થાય છે. તેથી અનુપસર્ગક આકારાન્ત दा ધાતુને આ સૂત્રથી अङ् પ્રત્યય ન થવાથી 'स्त्रियां क्तिः ५-

३-९१' थी क्ति પ્રત્યય. 'दत् ४-४-१०' थी दा ને दत् આદેશ વગેરે કાર્ય થવાથી दत्तिः આવો પ્રયોગ થાય છે. અર્થ - દાન. ॥११०॥

### णि-वेत्त्यास-श्रन्थ-घट्ट-वन्देरनः ५।३।१११॥

णि પ્રત્યયાન્ત ધાતુને તેમ જ विद् आस् श्रन्थ् घट्ट् અને वन्द् ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अन પ્રત્યય થાય છે. कारि (कृ + णिग्) विद् (१०९९) आस् श्रन्थ् घट्ट् અને वन्द् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' थी कारि ના इ નો લોપ. 'लघोरु० ४-३-४' थी विद् ધાતુના इ ને ગુણ ए આદેશ. कारण वेदन आसन વગેરે નામને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે कारणा, वेदना, आसना, श्रन्थना, घट्टना, અને वन्दना આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- કરાવવું. જાણવું. બેસવું. ખોલવું.સંઘર્ષ. વંદના. ॥१११॥

### इषोऽनिच्छायाम् ५।३।११२॥

ઈચ્છા અર્થથી ભિન્નઅર્થવાળા इष् ધાતુને સ્ત્રીલિંગમાં, ભાવ અને કર્તૃભિન્નકારકમાં अन પ્રત્યય થાય છે. अनु + इष् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'लघोरु० ४-३-४' थी इष् ધાતુના इ ને ગુણ ए આદેશ. अन्वेषण નામને સ્ત્રીલિંગમાં 'आत् २-४-१८' थी आप् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अन्वेषणा આવો પ્રયોગ થાય છે. अनिच्छायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઈચ્છાર્થથી ભિન્નઅર્થવાળા જ इष् ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં अन પ્રત્યય થાય છે. તેથી ઈચ્છાર્થક इष् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય ન થવાથી 'स्त्रियां क्तिः ५-३-९१' थी क्ति પ્રત્યય. 'तवर्ग० १-३-६०' थी क्ति ના त् ને ट् આદેશાદિ કાર્ય થવાથી इष्टिः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈચ્છા. બહુલાધિકારથી प्राणैषणा... વગેરે પણ થાય છે. ॥११२॥

## पर्यधेर्वा ५।३।११३॥

परि અને अधि ઉપસર્ગથી પરમાં રહેલા અનિચ્છાર્થક इष् ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી अन પ્રત્યય થાય છે. परि + इष् અને अधि + इष् ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી इष् ધાતુના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી पर्येषणा અને अध्येषणा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अन પ્રત્યય ન થાય ત્યારે 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति પ્રત્યય. क्ति ના त् ને 'तवर्गस्य० १-३-६०' થી ट् આદેશાદિ કાર્ય થવાથી परीष्टिः અને अधीष्टिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- એકાગ્રચિત્તે દેખરેખ રાખવી. પૂર્ણ અધિકારથી દેખરેખ રાખવી. ॥११३॥

## क्रुधू-संपदादिभ्यः क्विप् ५।३।११४॥

અનુપસર્ગક क्रुध् વગેરે ધાતુને અને सम् વગેરે ઉપસર્ગપૂર્વક पद् વગેરે ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં क्विप् (०) પ્રત્યય થાય છે. અનુપસર્ગક क्रुध् અને युध् ધાતુને તેમજ सम् + पद् અને वि + पद् ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે क्रुत् युत् सम्पत् અને विपत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ક્રોધ. યુદ્ધ. સંપત્તિ. વિપત્તિ. ॥११४॥

## भ्यादिभ्यो वा ५।३।११५॥

भ्यादि ગણપાઠમાંના भी વગેરે ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્ન કારકમાં વિકલ્પથી क्विप् (०) પ્રત્યય થાય છે. भी અને ह्री ધાતુને આ સૂત્રથી क्विप् પ્રત્યયાદિ કાર્ય થવાથી भीः અને ह्रीः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्विप् પ્રત્યય ન થાય ત્યારે 'स्त्रियां क्तिः

૫-૩-૬૧' થી क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી भीतिः અને ह्रीतिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ભય. લજ્જા.॥૧૧૫॥

### व्यतिहारेऽनीहादिभ्यो ञः ५।३।११६॥

વ્યતિહારના વિષયમાં ईह् વગેરે ધાતુઓને છોડીને અન્ય ધાતુને સ્ત્રીલિંગમાં બહુલતયા ભાવમાં ञ પ્રત્યય થાય છે. वि+अव+क्रुश् ધાતુને આ સૂત્રથી ञ (अ) પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી क्रुश् ધાતુના उ ને ગુણ ओ આદેશ. व्यवक्रोश નામને 'नित्यं ञ० ७-३-५८' થી अण्(अ) પ્રત્યય. 'अणञेये० २-४-२०' થી સ્ત્રીલિંગમાં ङी (ई) પ્રત્યય. व्यवक्रोश+अ+ई આ અવસ્થામાં 'वृद्धिः स्वरे० ७-४-१'થી व्यवक्रोश નામના આદ્યસ્વર अ ને વૃદ્ધિ आ આદેશ. 'अवर्णे० ७-४-६८' થી નામના અન્ત્ય अ નો લોપ. 'अस्य ङ्यां० २-४-८६' થી ई ની પૂર્વેના अ નો લોપ વગેરે કાર્ય થવાથી व्यावक्रोशी આવો પ્રયોગ થાય છે. અર્થ- પરસ્પર આક્રોશ કરવો. अनीहादिभ्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યતિહારના વિષયમાં ईह् વગેરે ધાતુથી ભિન્ન જ ધાતુને સ્ત્રીલિંગમાં બહુલતયા ભાવમાં ञ પ્રત્યય થાય છે. તેથી વ્યતિહારના વિષયમાં वि+अति+ईह् અને वि+अति+ईक्ष् ધાતુને આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञ પ્રત્યયાદિ કાર્ય ન થવાથી 'क्तेटो गुरो० ५-३-१०६' થી अ પ્રત્યયાદિ કાર્ય થવાથી व्यतीहा અને व्यतीक्षा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પરસ્પર ઈચ્છા કરવી. પરસ્પર જોવું. ॥૧૧૬॥

### नञोऽनिः शापे ५।३।११७॥

શાપ અર્થ ગમ્યમાન હોય તો; ભાવ અને કર્તૃભિન્નકારકમાં नञ् થી પરમાં રહેલા ધાતુને સ્ત્રીલિંગમાં अनि પ્રત્યય થાય છે. न+जन् ધાતુને આ સૂત્રથી अनि પ્રત્યય. 'नञ् ३-१-५१' થી તત્પુરુષસમાસ. नञ् (न)

ને 'नञत् ३-२-१२५' થી अ આદેશાદિ કાર્ય થવાથી अजननिस्ते भूयात् આવો પ્રયોગ થાય છે. અર્થ- તારો જન્મ નિરર્થક થાય. शाप इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શાપ અર્થ ગમ્યમાન હોય તો જ ભાવ અને કર્તૃભિન્નકારકમાં नञ् પૂર્વક ધાતુને સ્ત્રીલિંગમાં अनि પ્રત્યય થાય છે. તેથી શાપ અર્થ ગમ્યમાન ન હોય ત્યારે नञ्+कृ ધાતુને 'स्त्रियां क्तिः ५-३-९१' થી क्ति પ્રત્યયાદિ કાર્ય થાય છે. પરન્તુ આ સૂત્રથી अनि પ્રત્યય થતો નથી. જેથી अकृतिः पटस्य આવો પ્રયોગ થાય છે. અર્થ- વસ્ત્રનું નહિ બનાવવું. ॥११७॥

### ग्ला-हाज्यः ५।३।११८॥

ભાવમાં અને કર્તાને છોડીને અન્યકારકમાં ग्ला हा અને ज्या ધાતુને સ્ત્રીલિંગમાં अनि પ્રત્યય થાય છે. ग्ला (ग्लै ધાતુના ऐ ને 'आत् सन्ध्य० ४-२-१' થી आ આદેશ.) हा અને ज्या ધાતુને આ સૂત્રથી अनि પ્રત્યય... વગેરે કાર્ય થવાથી ग्लानिः; हानिः અને ज्यानिः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- દુઃખ. ઈષ્ટવસ્તુનો નાશ. વૃદ્ધાવસ્થા. ॥११८॥

### प्रश्नाऽऽख्याने वेञ् ५।३।११९॥

પ્રશ્ન અને ઉત્તર અર્થ ગમ્યમાન હોય તો ધાતુને સ્ત્રીલિંગમાં ભાવ અને કર્તૃભિન્નકારકમાં વિકલ્પથી इञ् પ્રત્યય થાય છે. कां कारिं कारिकां क्रियां कृत्यां कृतिं वा अकार्षीः सर्वां कारिं कारिकां क्रियां कृत्यां कृतिं वा अकार्षम् અહીં અનુક્રમે પ્રશ્ન અને ઉત્તર અર્થ ગમ્યમાન હોવાથી कृ ધાતુને આ સૂત્રથી इञ् (इ) પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશાદિ કાર્ય થવાથી कारिम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इञ् પ્રત્યય ન થાય ત્યારે 'पर्याया० ५-३-१२०' થી णक પ્રત્યય. 'कृगः श च वा ५-३-१००' થી श પ્રત્યય.

તથા क्यप् પ્રત્યય અને 'स्त्रियां क्तिः ૫-૩-૯૧' થી क्ति પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે कारिकाम् क्रियाम् कृत्याम् અને कृतिम् આવો પ્રયોગ થાય છે. (પ્રક્રિયા માટે તે તે સૂત્ર જુઓ.) અર્થ - તેં કયું કામ કર્યું?. મેં બધું કામ કર્યું. ॥૧૧૯॥

## पर्यायाऽर्हर्णोत्पत्तौ च णकः ५।३।१२०॥

પર્યાય (ક્રમ); અર્હ (યોગ્યતા); ઋણ; ઉત્પત્તિ; પ્રશ્ન તથા ઉત્તર - આ અર્થ ગમ્યમાન હોય તો સ્ત્રીલિંગમાં ધાતુને ભાવમાં અને કર્ત્તાને છોડીને અન્યકારકમાં णक (अक) પ્રત્યય થાય છે. पर्याय - भवत आसिका અને भवतः शायिका । अर्ह - अर्हसि त्वमिक्षुभक्षिकाम्। ऋण - इक्षुभक्षिकां मे धारयसि। उत्पत्ति - इक्षुभक्षिका उदपादि। प्रश्न - कां कारिकामकार्षीः ? । आख्यान - सर्वां कारिकामकार्षम्। અહીં आस् शी भक्ष् અને कृ ધાતુને - આ સૂત્રથી णक (अक) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી शी ના ई ને વૃદ્ધિ ऐ અને कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. आसक शायक भक्षक અને कारक નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्या० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ. 'कृति ૩-૧-૭૭' થી इक्षु નામને भक्षिका નામની સાથે સમાસ. ... વગેરે કાર્ય થવાથી आसिका शायिका इक्षुभक्षिकाम् અને कारिकाम् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- બેસવાનો તારો વારો. સૂવાનો તારો વારો. તું શેલડી ખાવા માટે યોગ્ય છે. શેલડી ખાવાનું તને ઋણ છે. શેલડી ખાવાનું થયું. તેં કયું કામ કર્યું?. મેં બધું કામ કર્યું. ॥૧૨૦॥

## नाम्नि पुंसि च ५।३।१२१॥

સંજ્ઞાના વિષયમાં સ્ત્રીલિંગમાં ધાતુને ભાવમાં અને કર્તૃભિન્નકારકમાં णक પ્રત્યય થાય છે. પ્રયોગાનુસાર એ णक પ્રત્યય ક્વચિદ્ પુલ્લિંગમાં

પણ થાય છે. प्र+छर्दि ધાતુને આ સૂત્રથી णक પ્રત્યય. 'णेरनिटि ૪-૩-૮૩' થી छर्दि ના इ (णिच्) નો લોપ. प्रच्छर्दक નામને સ્ત્રીલિંગમાં 'आत् ૨-૪-૧૮' થી आप् પ્રત્યય. 'अस्याऽयत्० ૨-૪-૧૧૧' થી क ની પૂર્વેના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી प्रच्छर्दिका આવો પ્રયોગ થાય છે. અર્થ- વમવું તે. शाला (साला બૃહદ્વૃત્તિ પ્રમાણે) भज्यन्ते यस्यां सा शाल (साल) -भञ्जिका અહીં भञ्ज् ધાતુને આ સૂત્રથી णक પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન भञ्जिका નામની સાથે शाल (साल) નામને 'कृति ૩-૧-૭૭' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થાય છે. અર્થ- ક્રીડાવિશેષ. न रोचते ऽस्मिन् આ અર્થમાં नञ् પૂર્વક रुच् ધાતુને આ સૂત્રથી પુલ્લિંગમાં णक પ્રત્યય. उ ને 'लघोरु० ૪-૩-૪' થી ગુણ ओ આદેશ. 'नञ् ૩-૧-૫૧' થી તત્પુરુષસમાસ. 'नञत् ૩-૨-૧૨૫' થી नञ् ને अ આદેશ વગેરે કાર્ય થવાથી अरोचकः આવો પ્રયોગ થાય છે. અર્થ- રોગવિશેષ. ॥૧૨૧॥

## भावे ५।३।१२२॥

સ્ત્રીલિંગમાં ધાતુને ધાત્વર્થ - ભાવમાં णक પ્રત્યય થાય છે. शी ધાતુને આ સૂત્રથી णक પ્રત્યયાદિ કાર્ય (જુઓ સૂ.નં. ૫-૩-૧૨૦) થવાથી शायिका આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉંઘવું. ॥૧૨૨॥

## क्लीबे ५।३।१२३॥

નપુંસકલિંગમાં ભાવમાં ધાતુને क्त પ્રત્યય થાય છે. हस् ધાતુને क्त પ્રત્યય. क्त ની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી इट् .... વગેરે કાર્ય થવાથી हसितं तव આવો પ્રયોગ થાય છે. અર્થ- તારું હસવું. क्लीब इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નપુંસકલિંગમાં જ ધાતુને ભાવમાં क्त પ્રત્યય થાય છે. તેથી हस् ધાતુને પુલ્લિંગમાં ભાવમાં આ

સૂત્રથી क्त પ્રત્યય ન થવાથી 'भावा० ५-३-१८' થી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી हस् ના अ ને વૃદ્ધિ આ આદેશાદિ કાર્ય થવાથી हासः આવો પ્રયોગ થાય છે. અર્થ- હસવું. ॥૧૨૩॥

## अनट् ५।३।१२४॥

નપુંસકલિંગમાં ધાતુને ભાવમાં अनट् (अन) પ્રત્યય થાય છે. अनट् માં ट् અનુબંધનું પ્રયોજન આ સૂત્રમાં નથી. પરન્તુ ઉત્તર સૂત્રોમાં (सू.नं. ५-३-१२६ વગેરેમાં) છે. गम् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી गमनम् આવો પ્રયોગ થાય છે. અર્થ- જવું તે. ॥૧૨૪॥

## यत्कर्मस्पर्शात् कर्त्रङ्गसुखं ततः ५।३।१२५॥

જે કર્મના સ્પર્શથી કર્ત્તાના અંગને સુખ થાય છે, તે કર્મવાચક પદથી પરમાં રહેલા ધાતુને નપુંસકલિંગમાં ભાવમાં अनट् (अन) પ્રત્યય થાય છે. પૂર્વસૂત્ર (५-३-१२४) થી ધાતુમાત્રને अनट् પ્રત્યય સિદ્ધ હોવા છતાં નિત્ય ઉપપદસમાસ માટે આ સૂત્રથી अनट् પ્રત્યયનું પુનર્વિધાન છે. पयःपानम् सुखम् અહીં पयस् સ્વરૂપ કર્મના સ્પર્શથી કર્ત્તાના શરીરને સુખ થતું હોવાથી તાદૃશ કર્મવાચક पयस् નામથી પરમાં રહેલા पा ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી पयःपानम् આવો પ્રયોગ થાય છે. અર્થ- દુધ પીવું સુખકર છે.

कर्मेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે કર્મના જ (કર્તા વગેરે નહિ) સ્પર્શથી કર્ત્તાના અંગને સુખ થાય છે તાદૃશ કર્મવાચક જ નામની પરમાં રહેલા ધાતુને નપુંસકલિઙ્ગમાં ભાવમાં अनट् પ્રત્યય થાય છે. તેથી तूलिकाया उत्थानं सुखम् અહીં तूलिका કર્ત્તાના અંગને સ્વસ્પર્શથી સુખોત્પાદક હોવા છતાં તાદૃશ અપાદાનવાચક નામથી પરમાં રહેલા

उद्+स्था ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય ન થવાથી 'अनट् ५-३-१२४' થી अनट् પ્રત્યય. 'उदः स्था० १-३-४४' થી स्था ના स् નો લોપ વગેરે કાર્ય થવાથી उत्थानम् આવો પ્રયોગ થાય છે. અહીં ઉપર જણાવ્યા મુજબ સમાસાદિ કાર્ય થતું નથી. આવી જ રીતે આ સૂત્રના દરેક પ્રત્યુદાહરણ સ્થળે સમાસ થતો નથી, એ યાદ રાખવું. અર્થ- ગાદી પરથી ઉઠવું સુખકર છે.

स्पर्शादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે કર્મના સ્પર્શથી જ (દર્શનાદિથી નહિ) કર્ત્તાના અંગને સુખ થાય છે તે કર્મવાચક નામથી પરમાં રહેલા ધાતુને નપુંસકલિંગમાં ભાવમાં अनट् પ્રત્યય થાય છે. તેથી अग्निकुण्डस्योपासनं सुखम् અહીં ઉપાસનાથી कुण्ड સ્વરૂપ કર્મ, કર્ત્તાના અંગને સુખનું કારણ હોવા છતાં તેના સ્પર્શથી સુખનું કારણ તે ન હોવાથી उप+आस् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ अनट् પ્રત્યયાદિ કાર્ય થયું છે. અર્થ- અગ્નિકુંડની સમીપ બેસવું સુખકર છે.

कर्त्रिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે કર્મના સ્પર્શથી કર્ત્તાના જ (કર્માદિના નહિ) અંગને સુખ થાય છે. તાદૃશ કર્મવાચક નામથી પરમાં રહેલા ધાતુને નપુંસકલિંગમાં ભાવમાં अनट् પ્રત્યય થાય છે. તેથી शिष्येण गुरोः स्नापनं सुखम् અહીં स्नापि ધાતુના કર્મને સુખ થતું હોવાથી અર્થાત્ કર્ત્તા- શિષ્યને સુખ થતું ન હોવાથી स्नापि ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ अनट् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ- શિષ્ય દ્વારા ગુરુને કરાવાતું સ્નાન સુખકર છે. અહીં વિચારવું જોઈએ કે ગુરુને

જલસ્પર્શથી સુખ થાય છે. પરન્તુ તદ્વાચક નામથી પરમાં स्नापि ધાતુ નથી. તેથી यत्कर्मस्पर्शात् - આ પદથી જ અહીં આ સૂત્રથી વિહિત अनट् પ્રત્યયનું નિવારણ શક્ય છે. જેથી कर्त्रिति किम् ? - આ પ્રતીકપર गुरोः स्नापनम् આ પ્રત્યુદાહરણ યદ્યપિ સઙ્ગત નથી. પરન્તુ એનો આશય એ છે કે સૂત્રમાં कर्तृ પદનું ઉપાદાન ન હોય તો 'જે

ધાતુના કર્મના અંગને ધાત્વર્થસંબંધથી સુખ થાય છે; તે ધાતુને નપુંસકલિંગમાં ભાવમાં अनट् પ્રત્યય થાય છે.' આ પ્રમાણે સૂત્રાર્થ થશે. ત્યારે ઉપર્યુક્ત સ્થળે अनट् પ્રત્યયનું વારણ આ સૂત્રમાં कर्तृ પદના ઉપાદાનથી શક્ય છે. 'णेरनिटि ४-३-८३' થી स्नापनम् અહીં स्नापि ધાતુના इ નો લોપ થયો છે.

अङ्गेति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે કર્મના સ્પર્શથી કર્ત્તાના અંગને જ (મનને જ નહિ) સુખ થાય છે. તાદૃશ કર્મવાચક નામથી પરમાં રહેલા ધાતુને નપુસંકલિંગમાં अनट् પ્રત્યય થાય છે. તેથી पुत्रस्य परिष्वञ्जनं सुखम् અહીં પુત્રના આલિંગનથી માત્ર મનને સુખ થતું હોવાથી परि+स्वञ्ज् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ अनट् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- પુત્રનું આલિંગન સુખકર છે.

सुखमिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જે કર્મના સ્પર્શથી કર્ત્તાના અંગને સુખ જ (ગમે તે નહિ) થાય છે. તાદૃશ કર્મવાચક નામથી પરમાં રહેલા ધાતુને अनट् પ્રત્યય થાય છે. તેથી कण्टकानां मर्दनम् અહીં કાંટાના સ્પર્શથી કર્ત્તાના અંગને સુખ થતું ન હોવાથી मृद् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ अनट् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી मृद् ધાતુના ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી मर्दनम् આવો પ્રયોગ થાય છે. અર્થ- કાંટાનું મર્દન.॥૧૨૫॥

**रम्यादिभ्यः कर्त्तरि ५।३।१२६॥**

रम्यादि ગણપાઠમાંના रम् વગેરે ધાતુને કર્ત્તામાં अनट् પ્રત્યય થાય છે. रम् અને कम् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય. સ્ત્રીલિંગમાં रमण

અને कमन નામને 'अणञे० २-४-१८' થી ङी પ્રત્યયાદિ કાર્ય થવાથી रमणी અને कमनी આવો પ્રયોગ થાય છે. कम् ધાતુને 'अशवि० ३-४-४' થી વિકલ્પપક્ષમાં णिङ् નો અભાવ છે. ત્યારે कमनी આવો પ્રયોગ થાય છે. અન્યથા णिङ् થાય ત્યારે कामनी આવો પ્રયોગ થાત. અર્થક્રમશઃ- રમાડનારી. મનોહરા.॥૧૨૬॥

## कारणम् ५।३।१२७॥

कृ ધાતુને કર્ત્તામાં अनट् પ્રત્યય અને તેના ऋ ને વૃદ્ધિ आर् આદેશનું નિપાતન કરાય છે. कृ ધાતુને આ સૂત્રથી કર્ત્તામાં अनट् પ્રત્યય અને ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી कारणम् આવો પ્રયોગ થાય છે. અર્થ- કરનાર. ॥૧૨૭॥

## भुजि-पत्यादिभ्यः कर्माऽपादाने ५।३।१२८॥

भुज्यादि ગણપાઠમાંના भुज् વગેરે ધાતુને કર્મમાં અને पत्यादि ગણપાઠમાંના पत् વગેરે ધાતુને અપાદાનમાં अनट् (अन) પ્રત્યય થાય છે. भुज्यते અર્થમાં भुज् ધાતુને અને निरदन्ति तद् આ અર્થમાં निर्+अद् ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી भुज् ના उ ને ગુણ ओ આદેશ... વગેરે કાર્ય થવાથી भोजनम् અને निरदनम् આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે प्रपतन्ति अस्माद् અને अपाददति अस्माद् આ અર્થમાં प्र+पत् ધાતુને અને अप+आ+दा ધાતુને આ સૂત્રથી अनट् પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रपतनः અને अपादानम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખાવાની વસ્તુ. ન ખાવાની વસ્તુ. પડવાનું સ્થાન. છૂટા પડવાનું સ્થાન. ॥૧૨૮॥

## करणाऽऽधारे ५।३।१२९॥

કરણ અને આધારમાં ધાતુને अनट् પ્રત્યય થાય છે. इष् ધાતુને આ સૂત્રથી કરણમાં અને धा ધાતુને આ સૂત્રથી આધારમાં अनट् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી इष् ના इ ને ગુણ ए આદેશ. एषण અને धान નામને સ્ત્રીલિંગમાં 'अणञे० २-४-१८' થી ङी પ્રત્યય વગેરે કાર્ય થવાથી एषणी અને सक्तुधानी ('कृति ३-१-७७' થી સમાસ.) આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઈચ્છાનું સાધન. સક્તુ રાખવાનું પાત્ર.॥૧૨૯॥

## पुन्नाम्नि घः ५।३।१३०॥

પુરુષની સંજ્ઞા (પુલ્લિંગ - નામ) અર્થ ગમ્યમાન હોય તો ધાતુને કરણ અને આધારમાં घ (अ) પ્રત્યય થાય છે. दन्त+छद् ધાતુને કરણમાં અને आ+कृ ધાતુને (एत्य कुर्वन्त्यस्मिन्- આ અર્થમાં) આધારમાં આ સૂત્રથી घ (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી दन्तच्छदः અને आकरः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- હોઠ. ખાણ. पुमिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પુરુષની જ સંજ્ઞા (સંજ્ઞા માત્ર નહિં) અર્થ ગમ્યમાન હોય તો ધાતુને કરણ અને આધારમાં घ પ્રત્યય થાય છે. તેથી विचयनी (विचीयतेऽनया) અહીં સ્ત્રીસંજ્ઞા અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી वि+चि ધાતુને घ પ્રત્યય ન થવાથી 'करणा० ५-३-१२९' થી अनट् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- ફુલોની છાબડી. नाम्नीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પુરુષની સંજ્ઞા સ્વરૂપ જ અર્થ (અર્થમાત્ર નહિ) ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં ધાતુને घ પ્રત્યય થાય છે. તેથી प्रहरणो दण्डः અહીં સંજ્ઞા સ્વરૂપ અર્થ ગમ્યમાન ન હોવાથી प्र+हृ ધાતુને આ સૂત્રથી घ પ્રત્યય ન થવાથી 'करणा० ५-३-१२९' થી अनट् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- લાકડી. ॥૧૩૦॥

## गोचर-संचर-वह-व्रज-व्यज-खलाऽऽपण-निगम-बक-भग-कषाऽऽकष-निकषम् ५।३।१३१॥

પુરુષ-સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં તે તે ધાતુને घ પ્રત્યય કરીને गोचर संचर वह व्रज व्यज खल आपण निगम बक भग कष आकष અને निकष નામનું નિપાતન કરાય છે. गो ઉપપદ चर् ધાતુને આ સૂત્રથી घ પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસાદિ કાર્ય થવાથી गोचरः આવો પ્રયોગ થાય છે. सम्+चर् वह् व्रज् वि+अज् खल् आ+पण् नि+गम् वच् भज् कष् आ+कष् અને नि+कष् ધાતુને આ સૂત્રથી घ પ્રત્યય. वच् ના च् ને 'न्यङ्कूद्ग० ४-१-११२' થી क् આદેશ. भज् ના ज् ને 'क्तेऽनिट० ४-१-१११' થી ग् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે सञ्चरः; वहः; व्रजः; व्यजः; खलः; आपणः; निगमः; बकः (व् અને ब् ને અભેદ હોવાથી); भगः; कषः; आकषः; અને निकषः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વિષય. માર્ગ. બળદનો સ્કન્ધપ્રદેશ. ગોકુળ. પંખો. દુષ્ટ. બજાર. શાસ્ત્ર. બગળો. સ્ત્રીચિહ્ન-યોનિ. સોનાની કસોટીનો પત્થર. સોનાની કસોટીનો પત્થર. સોનાની કસોટીનો પત્થર. બહુલાધિકાર આ સૂત્રમાં પણ પ્રવર્ત્તતો હોવાથી बकः અહીં घ પ્રત્યય આ સૂત્રથી કર્ત્તામાં થયો છે. પુરુષસંજ્ઞાની જેમ ક્વચિત્ નપુંસક સંજ્ઞામાં પણ કરણમાં અથવા આધારમાં આ સૂત્રથી घ પ્રત્યય થતો હોવાથી भगम् આવો પ્રયોગ થાય છે. गोचरः व्रजः खलः आपणः निगमः कषः आकषः અને निकषः અહીં આધારમાં घ પ્રત્યય વિહિત છે. सञ्चरः.... ઈત્યાદિ સ્થળે घ પ્રત્યય કરણમાં વિહિત છે. તેમજ નિપાતનના કારણે अज् ધાતુને 'अघञ्क्य० ४-४-२' થી પ્રાપ્ત પણ वी આદેશ થતો નથી.॥૧૩૧॥

## व्यञ्जनाद् घञ् ५।३।१३२॥

પુરુષની સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં વ્યઞ્જનાન્ત ધાતુને घञ् (अ) પ્રત્યય થાય છે. विद् ધાતુને આ સૂત્રથી કરણમાં घञ् પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી विद् ના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી वेदः આવો પ્રયોગ થાય છે. અર્થ - વેદ.॥૧૩૨॥

## अवात् तृ-स्तृभ्याम् ५।३।१३३॥

પુરુષની સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો अव ઉપસર્ગથી પરમાં રહેલા तॄ અને स्तॄ ધાતુને કરણ અને આધારમાં घञ् (अ) પ્રત્યય થાય છે. अव+तॄ અને अव+स्तॄ ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ॠ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી अवतारः અને अवस्तारः આવો પ્રયોગ થાય છે. આ સૂત્રમાં પ્રવર્ત્તમાન બહુલાધિકારથી કોઈ વાર અંસજ્ઞામાં પણ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घञ् પ્રત્યય થાય છે. તેથી नद्या अवतारः આ પ્રયોગ પણ ઉપપન્ન છે. અર્થક્રમશઃ - નદીનો ઘાટ. પડદો. સૂત્રમાં... स्तृभ्याम् - આ પ્રમાણે દ્વિવચન; કરણ અને આધારની સાથે तॄ અને स्तॄ ધાતુનો અનુક્રમે અન્વય ન થાય - એ માટે છે. ॥૧૩૩॥

## न्यायाऽऽवायाऽध्यायोद्याव-संहाराऽवहाराऽऽधार-दार-जारम् ५।३।१३४॥

પુરુષની સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં તે તે ધાતુને घञ् પ્રત્યયાદિ કાર્ય કરીને न्याय अवाय अध्याय उद्याव संहार अवहार आधार दार અને जार નામનું નિપાતન કરાય છે. नि+इण् (इ) ધાતુને (नीयतेऽनेनेति) આ સૂત્રથી घञ् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી इ ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશ... વગેરે કાર્ય થવાથી न्यायः આવો

પ્રયોગ થાય છે. અર્થ - પ્રતિજ્ઞા હેતુ ઉદાહરણ ઉપનય અને નિગમન સ્વરૂપ પંચાવયવ વાક્ય. आ+वय् ધાતુને (एत्य वयन्ति तत्र) ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી वय् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आवायः આવો પ્રયોગ થાય છે. અર્થ - વણકરોની શાલા. अधि+इङ् (इ) ધાતુને (अधीयतेऽनेनास्मिन्वा) આ સૂત્રથી घञ् પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अध्यायः આવો પ્રયોગ થાય છે. અર્થ - અધ્યયન. આવી જ રીતે उद्+यु ધાતુને (उद्युवन्ति तेन तस्मिन् वा); सम्+हृ ધાતુને (संहरन्ति तेन); अव+हृ ધાતુને (अवहरन्ति तेन तस्मिन् वा); आ+धृ ધાતુને (आध्रियते तत्र); दृ ધાતુને (दीर्यन्ते एभिरिति); અને जृ ધાતુને (जीर्यतेऽनेनेति) આ સૂત્રથી घञ् પ્રત્યય... વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી અનુક્રમે उद्यावः संहारः अवहारः आधारः दाराः અને जारः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પાત્રવિશેષ. કાલ-યમ. ચોર - જલચર પ્રાણી. અધિકરણ. સ્ત્રી. ઉપપતિ. ॥૧૩૪॥

## उदङ्कोऽतोये ५।३।१३५॥

ધાત્વર્થ પાણીસંબંધી ન હોય તો; પુરુષની સંજ્ઞા - અર્થ ગમ્યમાન હોય ત્યારે કરણ અને આધારમાં उद्+अञ्च् ધાતુને घञ् પ્રત્યયનું નિપાતન કરાય છે. उद्+अञ्च् ધાતુને (उदच्यते तेन) આ સૂત્રથી घञ् પ્રત્યય. अञ्च् ના च् ને 'क्तेऽनिट० ४-१-१११' થી क् આદેશ. 'कृति ३-१-७७' થી तैल નામને उदङ्क નામની સાથે સમાસાદિ કાર્ય થવાથી तैलोदङ्कः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેલ ઉલેચવાનું સાધન. अतोय इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાત્વર્થ પાણીસંબન્ધી ન જ હોય તો પુરુષની સંજ્ઞા સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં उद्+अञ्च् ધાતુને घञ् પ્રત્યયનું નિપાતન કરાય છે. તેથી उदकोदञ्चनः અહીં પાણીસમ્બન્ધી ધાત્વર્થ હોવાથી उद्+अञ्च् ધાતુને

આ સૂત્રથી घञ् પ્રત્યય થતો નથી. પરન્તુ 'करणा० ५-३-१२९' થી अनट् પ્રત્યય થાય છે. उदकोदञ्चनः અહીં 'पुन्नाम्नि घः ५-३-१३०' થી યદ્યપિ घ ની પ્રાપ્તિ છે. પરન્તુ અહીં घ અથવા घञ् પ્રત્યયમાં સ્વરૂપની સમાનતા થતી હોવાથી घञ् ની જેમ घ પ્રત્યય પણ થતો નથી. અર્થ - પાણી ઉલેચવાનું સાધન. ॥૧૩૫॥

## आनायो जालम् ५।३।१३६॥

પુરુષની સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો કરણ અને આધારમાં आङ्+नी ધાતુને 'જાળ' સ્વરૂપ અર્થમાં घञ् પ્રત્યયનું નિપાતન કરાય છે. आङ्+नी ધાતુને આ સૂત્રથી घञ् પ્રત્યય. ई ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય થવાથી आनायो मत्स्यानाम् આવો પ્રયોગ થાય છે. અર્થ - માછલા પકડવાની જાળ. ॥१३६॥

## खनो ड-डरेकेकवक - घं च ५।३।१३७॥

પુરુષની સંજ્ઞા સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો खन् ધાતુને કરણ અને આધારમાં ड डर इक इकवक घ અને घञ् પ્રત્યય થાય છે. आ+खन् ધાતુને આ સૂત્રથી ड (अ) અને डर (अर) પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી खन् ધાતુના અન્ત્ય अन् નો લોપ વગેરે કાર્ય થવાથી आखः અને आखरः આવો પ્રયોગ થાય છે. आ+खन् ધાતુને આ સૂત્રથી इक પ્રત્યય; इकवक પ્રત્યય અને घ (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી आखनिकः आखनिकवकः અને आखनः આવો પ્રયોગ થાય છે. आ+खन् ધાતુને આ સૂત્રથી घञ् (अ) પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી खन् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી आखानः આવો પ્રયોગ થાય છે. અર્થ- ખોદવાનું સાધનવિશેષ. ॥૧૩૭॥

## इ- कि- श्तिव् स्वरूपार्थे ५।३।१३८॥

ધાતુના સ્વરૂપ અને ધાતુના અર્થમાં ધાતુને इ कि અને श्तिव् (ति) પ્રત્યય થાય છે. ધાતુના સ્વરૂપમાં આ સૂત્રથી भञ्ज् ધાતુને इ; क्रुध् ધાતુને कि (इ) અને विद् ધાતુને श्तिव् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી विद् ધાતુના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી भञ्जिः; क्रुधिः અને वेत्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- भञ्ज् ધાતુ. क्रुध् ધાતુ. विद् ધાતુ. આવી જ રીતે ધાતુના અર્થમાં यज् ધાતુને इ, भज् ધાતુને कि (इ) અને पच् ધાતુને श्तिव् (ति) પ્રત્યય. श्तिव् ની પૂર્વે पच् ધાતુને 'कर्त्तर्य० ३-४-७१' થી शव् (अ) વિકરણ પ્રત્યય વગેરે કાર્ય થવાથી यजेरङ्गानि; भुजिः क्रियते અને पचतिः परिवर्त्तते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- યજ્ઞના અંગ. ભોજન કરાય છે. રાંધવાનું થાય છે.॥૧૩૮॥

## दुः-स्वीषतः कृच्छ्राऽकृच्छ्रार्थात् खल् ५।३।१३९॥

કૃચ્છ્રાર્થક (દુઃખાર્થક) दुर् અને અકૃચ્છ્રાર્થક (સુખાર્થક) सु અને ईषद् નામથી પરમાં રહેલા ધાતુને; (सूत्र નં. ૩-૩-૨૧ માં જણાવ્યા મુજબ) ભાવમાં અને કર્મમાં खल् (अ) પ્રત્યય થાય છે. दुर्+शी ધાતુને ભાવમાં અને दुर्+कृ ધાતુને કર્મમાં આ સૂત્રથી खल् (अ) પ્રત્યય. 'नामिनो० ४-३-१' થી ધાતુના અન્ત્ય ई ને ગુણ ए અને ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી दुःशयम् અને दुष्करः આવો પ્રયોગ થાય છે. આવીજ રીતે सु+शी અને ईषत्+शी ધાતુને આ સૂત્રથી ભાવમાં તથા सु+कृ અને ईषत्+कृ ધાતુને આ સૂત્રથી કર્મમાં खल् પ્રત્યયાદિ કાર્ય થવાથી અનુક્રમે सुशयम् અને ईषच्छयम् તથા सुकरः અને ईषत्करः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દુઃખે સૂવું. દુઃખે કરી કરવા યોગ્ય. સુખે સૂવું. સુખથી કરવા યોગ્ય. સુખે સૂવું. સુખથી કરવા યોગ્ય. कृच्छ्रार्थ (कृच्छ्राऽकृच्छ्रार्थाद्) इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃચ્છ્રાકૃચ્છ્રાર્થક જ दुर्

આદિથી પરમાં રહેલા ધાતુને ભાવમાં અને કર્મમાં खल् પ્રત્યય થાય છે. તેથી ईषल्लभ्यं धनम् અહીં અલ્પાર્થક ईषद् અવ્યયથી પરમાં રહેલા लभ् ધાતુને આ સૂત્રથી खल् પ્રત્યય થતો નથી. પરન્તુ 'शकि-तकि० ૫-૧-૨૯' થી य પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- થોડું મેળવવા યોગ્ય ધન. આ સૂત્રથી વિહિત खल् પ્રત્યય तव्य વગેરે કૃત્ય પ્રત્યયાદિનો બાધક છે.... ઈત્યાદિ 'બૃહદ્વૃત્તિ' થી જાણવું જોઈએ... ||૧૩૯||

## च्व्यर्थे कर्त्राप्याद् भू-कृगः ५।३।१४०॥

કૃચ્છ્રાર્થક दुर् અને અકૃચ્છ્રાર્થક सु તથા ईषत् નામથી પરમાં રહેલા; च्व्यर्थवृत्ति (च्वि પ્રત્યયાર્થના વાચક) કર્તૃવાચક નામથી પરમાં રહેલા भू ધાતુને અને च्व्यर्थवृत्ति કર્મવાચક નામથી પરમાં રહેલા कृ ધાતુને खल् (अ) પ્રત્યય થાય છે. दुर् +आढ्य+भू (दुःखेनानाढ्येनाढ्येन भूयते); सु+आढ्य+भू= (सुखेनानाढ्येनाढ्येन भूयते) અને ईषद्+आढ्य+भू (ईषदनाढ्येनाढ्येन भूयते) ધાતુને ભાવમાં તેમજ दुर्+आढ्य+कृ (दुःखेनानाढ्य आढ्यः क्रियते); सु+आढ्य+कृ (सुखेनानाढ्य आढ्यः क्रियते) અને ईषद्+आढ्य +कृ (ईषदनाढ्य आढ्यः क्रियते) ધાતુને કર્મમાં આ સૂત્રથી खल् (अ) પ્રત્યય. भू ધાતુના ऊ ને અને कृ ધાતુના ऋ ને 'नामिनो० ૪-૩-૧' થી ગુણ ओ અને अर् આદેશ. 'ङस्युक्तं० ३-૧-૪૯' થી સમાસ. 'खित्यन० ३-૨-૧૧૧' થી आढ्य નામના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી અનુક્રમે दुराढ्यंभवं भवता; स्वाढ्यंभवं भवता અને ईषदाढ्यंभवं भवता આવો પ્રયોગ તેમજ दुराढ्यंकरश्चैत्रस्त्वया; स्वाढ्यंकरश्चैत्रस्त्वया અને ईषदाढ्यंकरश्चैत्रस्त्वया આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આનાઢ્ય એવા આપનું દુઃખે આઢ્ય (શ્રીમન્ત) થવું. અનાઢ્ય એવા આપનું સુખે આઢ્ય થવું. આનઢ્ય એવા આપનું સુખે આઢ્ય થવું. અનાઢ્ય એવો ચૈત્ર તારાવડે દુઃખે આઢ્ય બનાવાયો. અનાઢ્ય એવો ચૈત્ર તારાવડે સુખે આઢ્ય બનાવાયો. અનાઢ્ય એવો ચૈત્ર

તારા વડે સુખે આઢ્ય બનાવાયો.

च्व्यर्थ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃચ્છ્રાકૃચ્છ્રાર્થક दुर् વગેરે નામથી પરમાં રહેલા; च्व्यर्थवृत्ति જ કર્તૃ અને કર્મવાચક નામથી અનુક્રમે પરમાં રહેલા भू અને कृ ધાતુને खल् પ્રત્યય થાય છે. તેથી दुराढ्येन भूयते અહીં दुर् નામથી પરમાં રહેલ કર્તૃવાચક आढ्य નામ च्व्यर्थवृत्ति ન હોવાથી તેનાથી પરમાં રહેલા भू ધાતુને આ સૂત્રથી खल् પ્રત્યય થતો નથી. અર્થ- દુઃખે ધની બને છે. અહીં આઢ્ય જ થોડો વિશેષ આઢ્ય બને છે - એ તાત્પર્ય છે. અથવા વિદ્યમાન પણ च्व्यर्थ ની વિવક્ષા કરી નથી. ... ॥૧૪૦॥

## शासू - युधि-दृशि-धृषि-मृषाऽऽतोऽनः ५।३।१४१॥

કૃચ્છ્રાર્થક दुर् અને અકૃચ્છ્રાર્થક सु તથા ईषत् નામથી પરમાં રહેલા शास् युध् दृश् धृष् मृष् અને आकारान्त ધાતુને (सू. नं. ३-३-२१ માં જણાવ્યા મુજબ) ભાવ અને કર્મમાં अन પ્રત્યય થાય છે. दुर्+शास्; सु+शास्; ईषत्+शास्; दुर्+युध्; सु+युध्; ईषद्+युध्; दुर्+दृश्; दुर्+धृष्; दुर्+मृष् અને दुर्+उद्+स्था (आकारान्त) ધાતુને આ સૂત્રથી अन પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ અને ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે दुःशासनः; सुशासनः; ईषच्छासनः; दुर्योधनः; सुयोधनः; ईषद्योधनः; दुर्दर्शनः; दुर्धर्षण; दुर्मर्षणः અને दुरुत्थानम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- દુઃખથી શાસન (શિખામણ) યોગ્ય. સુખથી શાસન યોગ્ય. સુખથી શાસન યોગ્ય. દુઃખથી લઢવા યોગ્ય સુખથી લઢવા યોગ્ય. સુખથી લઢવા યોગ્ય. દુઃખથી જોવા યોગ્ય. દુઃખથી તિરસ્કાર યોગ્ય. દુઃખે ખમાવવા યોગ્ય. દુઃખે ઉઠવું. (અહીં अन પ્રત્યય ભાવમાં વિહિત છે. બાકી બધે કર્મમાં વિહિત છે. स्था ના स् નો 'उदः स्था० १-३-४४' થી લોપ થયો છે.) ॥૧૪૧॥

मात्रयाप्यधिकं...... ઈત્યાદિ - જીતવાની ઈચ્છાવાલા માત્રાથી પણ અધિક કોઈને સહન કરતા નથી, આથી જ જાણે હે ધરાનાથ! (રાજન્!) તેં ધારાનાથ (ધારાનગરીના રાજા ભોજ) ને જીતી લીધો. (કારણ કે ધરાનાથની અંપેક્ષાએ ધારાનાથમાં એક માત્રા વધારે છે.)

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे पञ्चमस्याऽध्यायस्य
तृतीयः पादः।

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

## अथ प्रारभ्यते पञ्चमे ऽ ध्याये चतुर्थः पादः।

### सत्सामीप्ये सद्वद् वा ५।४।१॥

અહીં સૂત્રમાં સમીપાર્થક सामीप्य નામનો પ્રયોગ છે. વર્ત્તમાન-કાલની સમીપવર્ત્તિ - ભૂતકાલ અને ભવિષ્યત્કાલના વાચક ધાતુને વિકલ્પથી વર્ત્તમાનકાલ જેવા પ્રત્યય થાય છે. 'सति ५-२-१९'... વગેરે સૂત્રોથી જે રીતે વર્ત્તમાનાના પ્રત્યય તે તે ધાતુથી વિહિત છે; તે રીતે વર્ત્તમાનાના તે તે પ્રત્યયો તે તે ધાતુને ઉપર જણાવ્યા મુજબ વિકલ્પે થાય છે. कदा चैत्र! आगतोऽसि? આ પ્રશ્નના ઉત્તરવાક્યમાં ભૂતકાલાર્થક आ + गम् ધાતુને આ સૂત્રથી 'वर्त्तमाना' નો मिव् (मि) અને शतृ (अत्) પ્રત્યય થાય છે. જેથી अयमागच्छामि અને आगच्छन्तमेव मां विद्धि આવો પ્રયોગ ઉત્તરવાક્યમાં થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી વર્ત્તમાના જેવો પ્રત્યય ન થાય ત્યારે 'अद्यतनी ५-२-४' થી आ + गम् ધાતુને અદ્યતનીનો अम् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अयमागमम् આવો પ્રયોગ થાય છે. તેમ જ તાદૃશ आ + गम् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય વગેરે કાર્ય થવાથી एषोऽस्म्यागतः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कदा चैत्र! गमिष्यसि? આ પ્રશ્નના ઉત્તરવાક્યમાં ભવિષ્યત્કાલાર્થક गम् ધાતુને ઉપર જણાવ્યા મુજબ વર્ત્તમાનાનો मिव् અને शतृ પ્રત્યય આ સૂત્રથી થવાથી અનુક્રમે एष गच्छामि અને गच्छन्तमेव मां विद्धि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ભવિષ્યદર્થક गम् ધાતુને આ સૂત્રથી વર્ત્તમાનાનો ઉપર જણાવ્યા મુજબ मिव् કે शतृ પ્રત્યય ન થાય ત્યારે તાદૃશ गम् ધાતુને 'भविष्यन्ती ५-३-४' થી स्यामि પ્રત્યય અને 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય તથા 'शत्रानशा० ५-२-२०' થી स्यतृ (स्य પૂર્વક शतृ (स्यत्) પ્રત્યય) પ્રત્યય થવાથી અનુક્રમે एष गमिष्यामि; गन्ता ऽस्मि અને गमिष्यन्तमेव मां विद्धि આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ચૈત્ર! તું ક્યારે આવ્યો? આ હું આવુ છું.

આવતા જ મને જાણ. ચૈત્ર! તું ક્યારે જાય છે? આ હું જાઉં છું. જતા એવા મને જાણ. અહીં ઉપર જણાવેલા ઉદાહરણોમાં તે તે પ્રયોગોની સાધનિકા સુગમ હોવાથી જણાવી નથી .....॥૧॥

## भूतवच्चाऽऽशंस्ये वा ५।४।२॥

અનાગત વસ્તુને મેળવવાની ઈચ્છાને 'આશંસા' કહેવાય છે. અને આશંસાના વિષયને 'આશંસ્ય' કહેવાય છે. આશંસ્યાર્થક ધાતુને વિકલ્પથી ભૂતકાલ અને વર્ત્તમાનકાલની જેમ પ્રત્યય થાય છે. આશંસ્યાર્થક ધાતુ ભવિષ્યદર્થક હોવાથી તેને ભૂતકાલાદિની જેમ કાર્ય આ સૂત્રથી વિહિત છે. સૂત્રમાં 'भूतवच्च' આ પ્રમાણે ભૂતસામાન્યનું ગ્રહણ હોવાથી "सामान्यस्यातिदेशे विशेषानतिदेशः" આ પ્રમાણેના ન્યાયથી સામાન્યતઃ ભૂતકાળમાં વિહિત અદ્યતનીના જ પ્રત્યય આ સૂત્રથી ઉપદેશાય છે. વિશેષવિહિત હ્યસ્તની કે પરોક્ષાનું વિધાન આ સૂત્રથી થતું નથી. उपाध्यायश्चेदागमत्; एते तर्कमध्यगीष्महि; અહીં आ + गम् ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો दि (त्) પ્રત્યય અને अधि + इ ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો महि પ્રત્યય (પ્રક્રિયા માટે જુઓ सू.नं. ૪-૪-૨૮) વગેરે કાર્ય થયું છે. તેમ જ આ સૂત્રથી आ + गम् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય અને अधि + इ ધાતુને વર્ત્તમાનાનો महे પ્રત્યય વગેરે કાર્ય થવાથી उपाध्यायश्चेदागच्छति, एते तर्कमधीमहे આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભૂતકાલ અથવા વર્ત્તમાન-કાલના પ્રત્યય ન થાય ત્યારે आ + गम् ધાતુને 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય અને 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય થાય છે. તેમ જ अधि + इ ધાતુને ભવિષ્યન્તીનો स्यामहे અને શ્વસ્તનીનો तास्महे પ્રત્યય થાય છે. જેથી उपाध्यायश्चेदागमिष्यति एते तर्कमध्येष्यामहे અને उपाध्यायश्चेदागन्ता एते तर्कमध्येतास्महे આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉપાધ્યાયજી આવશે તો આ અમે તર્ક ભણીશું.

आशंस्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આશંસ્યાર્થક જ (સામાન્યથી ભવિષ્યદર્થક માત્રને નહિ) ધાતુને વિકલ્પથી ભૂતકાળ અને વર્ત્તમાનકાળની જેમ પ્રત્યય થાય છે. તેથી उपाध्याय आगमिष्यति तर्कमध्येष्यते मैत्रः અહીં आ + गम् અને अधि + इ ધાતુને; તે આશંસ્યાર્થક ન હોવાથી આ સૂત્રથી ભૂતકાલ કે વર્ત્તમાનકાલનો પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ ભવિષ્યન્તીનો स्यति અને स्यते પ્રત્યય અનુક્રમે થાય છે. અર્થ - ઉપાધ્યાયજી આવશે. મૈત્ર તર્ક ભણશે. અહીં આશંસા અર્થ ગમ્યમાન નથી. ॥૨॥

**क्षिप्राऽऽशंसाऽर्थयो र्भविष्यन्ती - सप्तम्यौ ५।४।३॥**

ક્ષિપ્રાર્થક પદ ઉપપદ હોય તો આશંસ્યાર્થક ધાતુને 'ભવિષ્યન્તી' નો પ્રત્યય થાય છે. અને આશંસા(સમ્ભાવના)ર્થક પદ ઉપપદ હોય તો આશંસ્યાર્થક ધાતુને 'सप्तमी' નો પ્રત્યય થાય છે. उपाध्यायश्चेद् आगच्छति आगमत् आगमिष्यति आगन्ता वा (જુઓ સૂ. નં. ५-४-२); क्षिप्रमाशु एते सिद्धान्तमध्येष्यामहे અહીં ક્ષિપ્રાર્થક क्षिप्र અને आशु ઉપપદ હોવાથી આશંસ્યાર્થક अधि + इ ધાતુને આ સૂત્રથી ભવિષ્યન્તીનો स्यामहे પ્રત્યય થયો છે. અર્થ - ઉપાધ્યાયજી આવશે તો આ અમે જલ્દી સિદ્ધાન્ત ભણીશું. उपाध्यायश्चेद् आगच्छति आगमत् आगमिष्यति आगन्ता वा; आशंसे सम्भावये युक्तो ऽधीयीय અહીં आशंसे અને सम्भावये આ આશંસાર્થક પદ ઉપપદ હોવાથી આશંસ્યાર્થક अधि + इ ધાતુને આ સૂત્રથી સપ્તમીનો ईय પ્રત્યય થયો છે. અર્થ - ઉપાધ્યાયજી આવશે તો આશા છે કે હું મળીને ભણીશ. ॥૩॥

**सम्भावने सिद्धवत् ५।४।४॥**

કારણના સામર્થ્ય-શક્તિની શ્રદ્ધાને સમ્ભાવના કહેવાય છે. સમ્ભાવનાનો

વિષય હોય તો વસ્તુની અસિદ્ધિમાં પણ સિદ્ધની જેમ (ભૂતકાલીન) પ્રત્યયો થાય છે. समये-चेत् प्रयत्नो ऽभूद्; उदभूवन् विभूतयः અહીં भू અને उद् + भू ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો दि અને अन् પ્રત્યય થયો છે. (પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૪-૨-૪૩) અર્થ - જો સમય પર પ્રયત્ન થયો તો વિભૂતિઓ પ્રગટ થઈ છે જ. ॥૪॥

### ना ऽ नद्यतनः प्रबन्धा ऽऽसत्त्योः ५।४।५॥

ધાત્વર્થનો પ્રબન્ધ (સાતત્ય) અને ધાત્વર્થની આસત્તિ (કાલનું અવ્યવધાન સ્વરૂપ સામીપ્ય) અર્થ ગમ્યમાન હોય તો ધાતુને અનદ્યતન અર્થમાં વિહિત શ્વસ્તનીનો કે હ્યસ્તનીનો પ્રત્યય થતો નથી. यावज्जीवं भृशमन्नमदात् અહીં ધાત્વર્થ દાનનું સાતત્ય અર્થ ગમ્યમાન હોવાથી दा ધાતુને 'अनद्यत० ५-२-७' થી પ્રાપ્ત હ્યસ્તનીનો આ સૂત્રથી નિષેધ થવાથી 'अद्यतनी ५-२-४' થી અદ્યતનીનો दि પ્રત્યય થાય છે. તેમ જ 'अनद्यतने० ५-३-५' થી પ્રાપ્ત શ્વસ્તનીનો આ સૂત્રથી નિષેધ થવાથી दा ધાતુને 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય વગેરે કાર્ય થવાથી यावज्जीवं भृशमन्नं दास्यति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- તેણે યાવજ્જીવ ઘણું અન્ન આપ્યું. તે યાવજ્જીવ ઘણું અન્ન આપશે. येयं पौर्णमास्यतिक्रान्ता एतस्यां जिनमहः प्रावर्त्तिष्ट; येयं पौर्णमास्यागामिन्येतस्यां जिनमहः प्रवर्त्तिष्यते અહીં બંન્ને સ્થાને અન્ય પૌર્ણિમાનું વ્યવધાન ન હોવાથી આસત્તિ ગમ્યમાન છે. તેથી ઉપર જણાવ્યા મુજબ प्र + वृत् ધાતુને અનદ્યતન - હ્યસ્તની અને શ્વસ્તનીનો આ સૂત્રથી નિષેધ થવાથી અદ્યતનીનો त પ્રત્યય અને ભવિષ્યન્તીનો स्यते પ્રત્યય થયો છે. (પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૪-૩-૬૬ અને ૪-૩-૭૦) અર્થ - જે આ પૂનમ ગઈ તેમાં શ્રી જિનમહોત્સવ ઉજવાયો. જે આ પૂનમ આવશે તેમાં શ્રી જિનમહોત્સવ ઉજવાશે. ॥૫॥

## एष्यत्यवधौ देशस्यार्वाग्भागे ५।४।६॥

દેશનો જે અવધિ - માર્ગની સમાપ્તિસૂચક ગ્રામાદિ, તદ્વાચક પદ ઉપપદ હોય તો દેશના પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્ ક્રિયાના વાચક ધાતુને અનદ્યતનમાં વિહિત શ્વસ્તનીનો પ્રત્યય થતો નથી. योऽयमध्वा गन्तव्य आ शत्रुञ्जयात् तस्य यदवरं वलभ्यास्तत्र द्विरोदनं भोक्ष्यामहे અહીં દેશના તાદૃશ અવધિનું વાચક शत्रुञ्जय પદ ઉપપદ હોવાથી; તદ્દેશાન્તઃપાતી વલભીના પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્કાલીન ઓદનભોજનની ક્રિયાના વાચક भुज् ધાતુને 'अनद्यतने० ५-३-५' થી પ્રાપ્ત (વિહિત) શ્વસ્તનીના પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यामहे પ્રત્યય થયો છે. અર્થ - શત્રુંજય સુધીના જવાના માર્ગમાં જે વલભી છે, તેના પૂર્વમાં અમે બે વાર ભાત ખાઈશું.

एष्यतीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશનો જે અવધિ; તદ્વાચક પદ ઉપપદ હોય તો; દેશના પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્કાલીન જ ક્રિયાના વાચક ધાતુને અનદ્યતનમાં વિહિત શ્વસ્તનીનો પ્રત્યય થતો નથી. તેથી योऽयमध्वाऽतिक्रान्त आ शत्रुञ्जयात् तस्य यदवरं वलभ्यास्तत्र युक्ताद् द्विरध्यैमहि અહીં તાદૃશ ભવિષ્યત્કાલીન ક્રિયાર્થક अधि + इ ધાતુ ન હોવાથી તેને આ સૂત્રથી; અનદ્યતનમાં વિહિત પ્રત્યયનો નિષેધ થતો નથી. જેથી 'अनद्य० ५-२-७' થી અનદ્યતનમાં હ્યસ્તનીનો महि પ્રત્યય થાય છે. અર્થ - શત્રુંજય સુધીના જે માર્ગનું ઉલ્લંઘન કર્યું, તેમાંના વલભીની પૂર્વે ભેગા મળી અમે બે વાર ભણ્યા.

अवधाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશના અવધિનું વાચક પદ ઉપપદ હોય તો જ તેના પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્કાલીન ક્રિયાર્થક ધાતુને અનદ્યતનમાં વિહિત (શ્વસ્તની) પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી यो ऽयमध्वा निरवधिको गन्तव्यः; तस्य यदवरं वलभ्यास्तत्र द्विरोदनं भोक्तास्महे અહીં તાદૃશ દેશના અવધિનું વાચક પદ

ઉપપદ ન હોવાથી ભવિષ્યદર્થક પણ भुज् ધાતુને આ સૂત્રથી અનદ્યતન શ્વસ્તનીના પ્રત્યયનો નિષેધ થતો નથી. જેથી 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો तास्महे પ્રત્યય થાય છે. અર્થ - જે આ જવાનો માર્ગ છે તેના વલભીની પૂર્વે અમે બે વાર ભાત ખાઈશું.

अर्वाग्भाग इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દેશના અવધિનું વાચક પદ ઉપપદ હોય તો તે દેશના પૂર્વ જ ભાગમાં (પર ભાગમાં નહિ) થનાર ભવિષ્યત્‌કાલીન ક્રિયાર્થક ધાતુને અનદ્યતનમાં વિહિત પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી यो ऽयमध्वा गन्तव्य आ शत्रुञ्जयात् तस्य यत्परं वलभ्यास्तत्र द्विरोदनं भोक्तास्महे અહીં તાદૃશ પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્કાલીન ક્રિયાર્થક भुज् ધાતુ ન હોવાથી તેને આ સૂત્રથી અનદ્યતન - શ્વસ્તનીના પ્રત્યયનો નિષેધ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ શ્વસ્તનીનો तास्महे પ્રત્યય થાય છે. અર્થ - જે આ શત્રુંજય સુધીનો જવાનો માર્ગ છે તેના વલભીથી પરભાગમાં અમે બે વાર ભાત ખાઈશું. ॥६॥

## कालस्या ऽ नहोरात्राणाम् ५।४।७॥

કાલના અવધિનું વાચક પદ ઉપપદ હોય તો તે કાલના પૂર્વભાગમાં થનાર ભવિષ્યત્‌કાલીન ક્રિયાના વાચક ધાતુને અનદ્યતનમાં વિહિત (શ્વસ્તની) પ્રત્યય થતો નથી. પરન્તુ તે કાલનો પૂર્વભાગ અહોરાત્ર સમ્બન્ધી ન હોવો જોઈએ. यो ऽयमागामी संवत्सरस्तस्य यदवरमाग्रहायण्यास्तत्र जिनपूजां करिष्यामः અહીં કાલાવધિવાચક संवत्सर પદ ઉપપદ હોવાથી તેના પૂર્વભાગમાં થનાર ભવિષ્યદર્થક कृ ધાતુને 'अनद्यत० ५-३-५' થી વિહિત શ્વસ્તનીના પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી 'भविष्यन्ती ५-३-४' થી 'ભવિષ્યન્તી' નો स्यामस् પ્રત્યય થાય છે. અર્થ - જે આગામી વર્ષ છે, તેની માગસર સુદ પૂનમની પૂર્વે અમે શ્રી જિનપૂજા કરીશું. अनहोरात्राणामिति किम्?= આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ કાલાવધિવાચક પદ ઉપપદ હોય તો અહોરાત્રથી ભિન્નના જ તે કાલના પૂર્વભાગમાં થનાર ભવિષ્યદર્થક ધાતુને અનદ્યતની - શ્વસ્તનીના પ્રત્યયનો નિષેધ થાય છે. તેથી योऽयं मास आगामी, तस्य योऽवरः पञ्चदशरात्रस्तत्र युक्ताद् द्विरध्येतास्महे અહીં અહોરાત્રસંબન્ધી પૂર્વભાગમાં થનાર ભવિષ્યદર્થક अधि + इ ધાતુને આ સૂત્રથી અનદ્યતન શ્વસ્તનીના પ્રત્યયનો નિષેધ ન થવાથી 'अनद्यतने० ५-३-५' થી શ્વસ્તનીનો तास्महे પ્રત્યય થાય છે. અર્થ - જે આ આવતો માસ છે તેના પખવાડીયાના પૂર્વભાગમાં અમે ભેગા થઈને બે વાર ભણીશું. ॥૭॥

## परे वा ५।४।८॥

કાલાવધિવાચક પદ ઉપપદ હોય તો કાલના પરભાગમાં થનાર ભવિષ્યત્કાલીન ક્રિયાર્થક ધાતુને અનદ્યતનમાં વિહિત (શ્વસ્તની) પ્રત્યય વિકલ્પથી થતો નથી. (અર્થાદ્ વિકલ્પથી થાય છે.) પરન્તુ કાલનો એ પરભાગ અહોરાત્રસંબન્ધી ન હોવો જોઈએ. "आगामिनो वत्सरस्याऽऽग्रहायण्याः परस्ताद् द्विः सूत्रमध्येष्यामहे; अध्येतास्महे वा" અહીં તાદૃશ ભવિષ્યત્કાલીન ક્રિયાર્થક अधि + इ ધાતુને આ સૂત્રથી; અનદ્યતનમાં 'अनद्यतने० ५-३-५' થી વિહિત શ્વસ્તનીના પ્રત્યયનો નિષેધ થવાથી 'भविष्यन्ती ५-३-४' થી 'ભવિષ્યન્તી' નો स्यामहे પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનદ્યતનમાં વિહિત પ્રત્યયનો નિષેધ ન થાય ત્યારે શ્વસ્તની નો तास्महे પ્રત્યય થાય છે. અર્થ - આગામી મહિનાની માગસર સુદ પૂનમના પરભાગમાં અમે બે વાર ભણીશું. ॥૮॥

## सप्तम्यर्थे क्रियातिपत्तौ क्रियातिपत्तिः ५।४।९॥

કોઈ પણ કારણે ક્રિયાની 'અનભિવૃત્તિ' (ક્રિયાનું ન થવું) ને 'ક્રિયાતિપત્તિ'

કહેવાય છે. હેતુ-ફલ(કાર્ય-કારણભાવ)કથનાદિ સામગ્રીને સપ્તમીનું નિમિત્ત - સપ્તમ્યર્થ કહેવાય છે. ક્રિયાતિપત્તિ હોય તો ભવિષ્યદર્થક ધાતુને સપ્તમ્યર્થમાં ક્રિયાતિપત્તિનો પ્રત્યય થાય છે. "दक्षिणेन चेद् अयास्यत्, न शकटं पर्याभविष्यत्" અહીં દક્ષિણમાર્ગથી ગમનનો અભાવ અને ગાડાનો પર્યાભવ ગમે તે કારણે હોવાથી ક્રિયાતિપત્તિ છે, અને દક્ષિણમાર્ગથી ગમન- એ ગાડાના ન તૂટવાનું કારણ છે - આ અર્થ પ્રતીત થતો હોવાથી સપ્તમ્યર્થ પણ છે. તેથી ભવિષ્યદર્થક या અને परि + आ + भू ધાતુને આ સૂત્રથી क्रियातिपत्ति નો स्यत् પ્રત્યય વગેરે કાર્ય થવાથી अयास्यत् અને पर्याभविष्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ - જમણી બાજુથી ગાડું જાય તો નહિ તૂટે. ||૯||

## भूते ५।४।१०||

ક્રિયાતિપત્તિ અર્થ હોય તો ભૂતાર્થક (ભૂતકાલીન ક્રિયાર્થક) ધાતુને સપ્તમ્યર્થમાં 'ક્રિયાતિપત્તિ' નો પ્રત્યય થાય છે. "दृष्टो मया तव पुत्रोऽन्नार्थी चङ्क्रम्यमाणः; अपरश्चातिथ्यर्थी, यदि स तेन दृष्टोऽभविष्यदुताभोक्ष्यत अप्यभोक्ष्यत અહીં ભૂતાર્થક भू અને भुज् ધાતુને આ સૂત્રથી क्रियातिपत्ति નો અનુક્રમે स्यत् અને स्यत પ્રત્યય થાય છે. અર્થ - ખાવાની ઈચ્છાથી ફરતા એવા તારા પુત્રને મેં જોયો. તેમજ અતિથિને શોધતા એવા એક માણસને મેં જોયો. જો એ માણસે તારા પુત્રને જોયો હોત તો તારો પુત્ર જમ્યો હોત. અહીં યાદ રાખવું કે આ સૂત્રમાં જે સપ્તમીનિમિત્તનું ગ્રહણ છે તે સૂ. નં. ૫-૪-૨૧ થી આરંભીને સમજવું. અર્થાત્ સૂ.નં. ૫-૪-૨૧ વગેરે સૂત્રોના સપ્તમ્યર્થના વિષયમાં જ્યાં જ્યાં આ સૂત્રનો વિષય છે; ત્યાં ત્યાં આ સૂત્રથી નિત્ય ક્રિયાતિપત્તિ થશે. સૂ. નં. ૫-૪-૨૧ ની પૂર્વેના સૂત્રોમાં જે સપ્તમ્યર્થનું ગ્રહણ છે, તે સપ્તમ્યર્થના વિષયમાં તો 'वोतात्० ૫-૪-૧૧' થી વિકલ્પથી 'क्रियातिपत्ति' નું વિધાન છે. ||૧૦||

## वोतात् प्राक् ५।४।११॥

જે ( સૂ.નં. ૫-૪-૨૧) સૂત્રમાં 'उत' શબ્દનું ઉપાદાન છે તે સૂત્રની પૂર્વેના અર્થાત્ સૂ.નં. ૫-૪-૨૦ સુધીના સપ્તમ્યર્થમાં ભૂતાર્થક ધાતુને ક્રિયાતિપત્તિ હોય તો વિકલ્પથી ક્રિયાતિપત્તિ થાય છે. "कथं नाम संयतः सन्ननागाढे तत्रभवान् आधायकृतमसेविष्यत धिग् गर्हामहे;" पक्षे - कथं सेवेत? कथं सेवते? धिग् गर्हामहे અહીં 'कथमि० ૫-૪-૧૩' ના સપ્તમ્યર્થમાં આ સૂત્રથી सेव् ધાતુને ક્રિયાતિપત્તિ નો स्यत પ્રત્યય વગેરે કાર્ય થવાથી असेविष्यत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ક્રિયાતિપત્તિનો પ્રત્યય ન થાય ત્યારે 'कथमि० ૫-૪-૧૩' થી सप्तमी નો ईत અને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી सेवेत અને सेवते આવો પ્રયોગ થાય છે. અર્થ - કેવી રીતે સંયમી એવા આપે આગાઢ કારણ વિના આધાકર્મી સેવ્યું? ધિક્કાર છે! અમે નિન્દીએ છીએ. उतात् प्रागिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સૂ.નં. ૫-૪-૨૦ સુધીના જ સપ્તમ્યર્થમાં ક્રિયાતિપત્તિ હોય તો ભૂતાર્થક ધાતુને વિકલ્પથી ક્રિયાતિપત્તિનો પ્રત્યય થાય છે. તેથી कालो यदभोक्ष्यत भवान् અહીં 'सप्तमी यदि ૫-૪-૩૪' ના સપ્તમીનિમિત્તમાં भुज् ધાતુને 'भूते ૫-૪-૧૦' થી નિત્ય જ ક્રિયાતિપત્તિનો स्यत પ્રત્યય થાય છે. અર્થ - કાલ હતો; આપે ખાધું હોત. ॥૧૧॥

## क्षेपे ऽ पि - जात्वो र्वर्त्तमाना ५।४।१२॥

अपि અને जातु નામ ઉપપદ હોય તો નિન્દા અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને (ગમે તે કાળમાં) વર્ત્તમાનાનો પ્રત્યય થાય છે. अपि तत्र-भवान् जन्तून् हिनस्ति? जातु तत्रभवान् भूतानि हिनस्ति? धिग् गर्हामहे। અહીં हिंस् ધાતુને આ સૂત્રથી વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી हिनस्ति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- શું, ત્યાં આપ

જીવોને મારતા હતા; મારો છો અથવા મારશો? ધિક્કાર છે, અમે નિન્દીએ છીએ. કોઈવાર ત્યાં આપ પ્રાણીઓને મારતા હતા, મારો છો અથવા મારશો? ધિક્કાર છે, અમે નિન્દીએ છીએ. ॥૧૨॥

**कथमि सप्तमी च वा ५।४।१३॥**

कथम् નામ ઉપપદ હોય ત્યારે નિન્દા અર્થ ગમ્યમાન હોય તો ધાતુને (ગમે તે કાળમાં) सप्तमी અને वर्तमाना નો પ્રત્યય વિકલ્પથી થાય છે. कथं नाम तत्रभवान् मांसं भक्षयेत् भक्षयति वा? गर्हामहे अन्याय्यमेतत्। અહીં આ સૂત્રથી भक्ष् ધાતુને सप्तमी નો यात् પ્રત્યય અને वर्त्तमाना નો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી અનુક્રમે भक्षयेत् અને भक्षयति આવો પ્રયોગ થાય છે. અર્થ - કેવી રીતે આપ ત્યાં માંસ ખાતા હતા; માંસ ખાઓ છો અથવા ખાશો? અમે નિન્દીએ છીએ, આ અન્યાય્ય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वर्त्तमाना કે सप्तमीનો પ્રત્યય ન થાય ત્યારે; ભૂતકાળમાં - અદ્યતનીનો दि પ્રત્યય ('अद्यतनी ५-२-४' થી) વગેરે કાર્ય થવાથી अबभक्षत् આવો પ્રયોગ થાય છે. ह्यस्तनी નો दिव् ('अनद्य० ५-२-७' થી) પ્રત્યય વગેરે કાર્ય થવાથી अभक्षयत् આવો પ્રયોગ થાય છે. અને પરોક્ષામાં ('परोक्षे ५-२-१२' થી) પરોક્ષાના સ્થાને आम् પ્રત્યયાદિ કાર્ય થવાથી भक्षयाञ्चकार આવો પ્રયોગ થાય છે. ભવિષ્યત્કાળમાં 'अनद्यत० ५-३-५' થી શ્વસ્તનીનો ता પ્રત્યય વગેરે કાર્ય થવાથી भक्षयिता આવો પ્રયોગ થાય છે; અને 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય વગેરે કાર્ય થવાથી भक्षयिष्यति આવો પ્રયોગ થાય છે. ભૂતાર્થક્રિયાતિપત્તિમાં 'वोतात्० ५-४-११' થી વિકલ્પે ક્રિયાતિપત્તિ થવાથી कथं नाम तत्रभवान् मांसमभक्षयिष्यत् આવો પ્રયોગ થાય છે. (અહીં વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ सप्तमी वर्त्तमाना અને ભૂતકાળના ત્રણ પ્રયોગો જાણવા) ભવિષ્યદર્થમાં ક્રિયાતિપત્તિ હોય તો 'सप्तम्यर्थे० ५-४-९' થી નિત્ય

ક્રિયાતિપત્તિનો स्यत् પ્રત્યય થવાથી कथं नाम तत्रभवान् मांसमभक्षयिष्यत्? આવો એક જ પ્રયોગ થાય છે..... ઈત્યાદિ સ્પષ્ટ છે..... ॥૧૩॥

## किंवृत्ते सप्तमी - भविष्यन्त्यौ ५।४।१४॥

किंवृत्त ઉપપદ હોય તો નિન્દા અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને सप्तमी અને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. વિભક્ત્યન્ત किम् નામ અને डतर અથવા डतम પ્રત્યયાન્ત किम् નામને કિંવૃત્ત કહેવાય છે. किं तत्रभवाननृतं ब्रूयाद् वक्ष्यति वा? को नाम कतरो नाम कतमो नाम यस्मै तत्रभवाननृतं ब्रूयाद् वक्ष्यति वा? અહીં किंवृत्त - किम् कः कतरः અને कतमः ઉપપદ હોવાથી ब्रू ધાતુને આ સૂત્રથી सप्तमी નો यात् પ્રત્યય અને भविष्यन्ती નો स्यति પ્રત્યય વગેરે કાર્ય થવાથી ब्रूयाद् અને वक्ष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ =શું આપ ત્યાં ખોટું બોલ્યા; ખોટું બોલો છો અથવા ખોટું બોલશો.? કોણ છે? બેમાં કોણ છે? ઘણામાં કોણ છે? કે જેને આપ ખોટું કહેતા હતા; ખોટું કહો છો અથવા ખોટું કહેશો. (અહીં સપ્તમીનિમિત્ત હોવાથી ભૂતાર્થ ક્રિયાતિપત્તિમાં વિકલ્પે અને ભવિષ્યત્- કાલીન ક્રિયાતિપત્તિમાં નિત્ય ક્રિયાતિપત્તિનો પણ પ્રયોગ પૂર્વની જેમ (જુઓ સૂ.નં. ૫-૪-૧૩) સમજી લેવો.) ॥૧૪॥

## अश्रद्धाऽमर्षेऽन्यत्राऽपि ५।४।१५॥

अश्रद्धा - અસમ્ભાવના અને અમર્ષ - અક્ષમા અર્થ ગમ્યમાન હોય તો किंवृत्त પદ ઉપપદ હોય કે ન હોય તો પણ ધાતુને सप्तमी અને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. अश्रद्धा - न श्रद्दधे न सम्भावयामि तत्रभवान् नामाऽदत्तं गृह्णीयात्; ग्रहीष्यति वा । न श्रद्दधे किं तत्रभवान् अदत्तमाददीत आदास्यते वा? અહીં અશ્રદ્ધા અર્થ ગમ્યમાન હોવાથી किंवृत्त ઉપપદ ન હોવા છતાં ग्रह् ધાતુને અને किंवृत्त - किम् ઉપપદ

હોવાથી आ + दा ધાતુને આ સૂત્રથી सप्तमी નો यात् અને ईत પ્રત્યય તેમજ ભવિષ્યન્તીનો स्यति અને स्यते પ્રત્યય થયો છે. અર્થ ક્રમશઃ - હું નથી ધારતો; ત્યાં આપ આપ્યા વિનાની (નહિ આપેલી) વસ્તુ ગ્રહણ કરતા હતા; ગ્રહણ કરો છો, અથવા ગ્રહણ કરશો. હું નથી ધારતો, શું આપ ત્યાં નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરતા હતા, ગ્રહણ કરો છો અથવા ગ્રહણ કરશો? अमर्ष - न मर्षयामि, न क्षमे तत्रभवान् नामादत्तं गृह्णीयात्; ग्रहीष्यति वा અહીં અમર્ષ અર્થ ગમ્યમાન હોવાથી ग्रह् ધાતુને આ સૂત્રથી सप्तमी નો यात् પ્રત્યય અને ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય થાય છે. અર્થ = હું સહન કરતો નથી, જે આપે ત્યાં નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરી; આપ નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરો છો અથવા ગ્રહણ કરશો. સપ્તમીનું નિમિત્ત હોવાથી અહીં પણ ભૂતાર્થક - ભવિષ્યદર્થક ક્રિયાતિપત્તિમાં વિકલ્પથી કે નિત્યં ક્રિયાતિપત્તિનું પૂર્વવત્ વિધાન છે.

અહીં યાદ રાખવું જોઈએ કે સૂત્રમાં किंवृत्ते ની અનુવૃત્તિ ન હોય તો સૂત્રમાં 'अन्यत्राऽपि' આ પદનું ઉપાદાન ન હોય તો પણ किंवृत्त પદ ઉપપદ હોય કે ન પણ હોય તો પણ વિવક્ષિત પ્રયોગની સિદ્ધિ થઈ શકે છે. તેથી યદ્યપિ अन्यत्राऽपि આ પદનું કોઈ પ્રયોજન નથી. પરન્તુ બૃહદ્વૃત્તિમાં જણાવ્યા મુજબ પ્રકરણાદિથી અશ્રદ્ધા કે અમર્ષ અર્થ ગમ્યમાન હોય પરન્તુ તદ્બોધક न श्रद्दधे, न मर्षयामि....વગેરે પદ ઉપપદ ન હોય ત્યારે આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सप्तमी કે भविष्यन्ती નો પ્રત્યય નહિ થાય- એ જણાવવા માટે સૂત્રમાં अन्यत्राऽपि પદ ઉપાત્ત છે. ॥૧૫॥

## किङ्किला ऽस्त्यर्थयो र्भविष्यन्ती ५।४।१६॥

किङ्किल અને अस्त्यर्थक - अस्ति भवति વગેરે પદ ઉપપદ હોય તો અશ્રદ્ધા અને અમર્ષ અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને भविष्यन्ती નો

પ્રત્યય થાય છે. न श्रद्दधे, न मर्षयामि-किङ्किल नाम तत्रभवान् परदारानुपकरिष्यते । न श्रद्दधे, न मर्षयामि-अस्ति नाम, भवति नाम तत्रभवान् परदारानुपकरिष्यते અહીં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ किङ्किल પદ ઉપપદ હોવાથી તેમજ अस्त्यर्थक પદ ઉપપદ હોવાથી उप + कृ ધાતુને ભવિષ્યન્તીનો ('गन्धना० ३-३-७६' ની સહાયથી આત્મનેપદનો) स्यते પ્રત્યય થયો છે. અર્થ - હું નથી ધારતો, નથી સહન કરતો, આપ પરદારાનું સેવન કરતા હતા; સેવન કરો છો અથવા સેવન કરશો. અહીં સૂત્રમાં स्त्यर्थयोः આ પ્રમાણે દ્વિવચન અશ્રદ્ધા અને અમર્ષની સાથે યથાસંખ્ય અન્વય ન થાય - એ માટે છે. किङ्किल અને अस्ति વગેરે નામો અહીં વાક્યાલંકારમાં જ પ્રયુક્ત છે. ॥૧૬॥

## जातु-यद्-यदा-यदौ सप्तमी ५।४।१७॥

અશ્રદ્ધા અને અમર્ષ અર્થ ગમ્યમાન હોય ત્યારે जातु यद् यदा અને यदि ઉપપદ હોય તો ધાતુને (બધા કાળમાં) सप्तमी નો પ્રત્યય થાય છે. न श्रद्दधे, न क्षमे - जातु तत्रभवान् सुरां पिबेत् एवं यत् यदा यदि सुरां पिबेत् અહીં આ સૂત્રથી पा ધાતુને सप्तमी નો यात् પ્રત્યય થયો છે. અર્થ - હું નથી ધારતો; નથી સહન કરતો - આપ ક્યારે (પણ) મદિરા પીતા હતા; પીઓ છો અથવા પીશો. આવી જ રીતે यद् यदा અને यदि ઉપપદ હોય ત્યારે ઉદાહરણાદિ સમજી લેવાં. સપ્તમીનું નિમિત્ત હોવાથી આ સૂત્રના વિષયમાં ભૂતાર્થક ક્રિયાતિપત્તિ અને ભવિષ્યદર્થક ક્રિયાતિપત્તિ હોય ત્યારે અનુક્રમે વિકલ્પથી અને નિત્ય ક્રિયાતિપત્તિનો પ્રયોગ થાય છે ॥૧૭॥

## क्षेपे च यच्च - यत्रे ५।४।१८॥

निन्दा अश्रद्धा અને अमर्ष અર્થ ગમ્યમાન હોય ત્યારે यच्च અને

यत्र પદ ઉપપદ હોય તો ધાતુને सप्तमी નો પ્રત્યય થાય છે. धिग् गर्हामहे, यच्च यत्र वा तत्रभवानस्मान् आक्रोशेत्; न श्रद्दधे, न क्षमे - यच्च यत्र वा तत्रभवान् परिवादं कथयेत्। અહીં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિન્દા વગેરે અર્થ ગમ્યમાન હોવાથી आ + क्रुश् ધાતુને અને कथ् ધાતુને સપ્તમીનો यात् પ્રત્યય થયો છે. અર્થ ક્રમશઃ - ધિક્કાર છે; અમે ગર્હા કરીએ છીએ; જે ત્યાં આપ અમને ગાળો આપતા હતા; આપો છો અથવા આપશો. હું નથી ધારતો, નથી સહન કરતો - કે જે ત્યાં આપ દોષો કહેતા હતા; કહો છો અથવા કહેશો. આ સૂત્રમાં પણ સપ્તમી- નિમિત્ત હોવાથી પૂર્વે જણાવ્યા મુજબ ક્રિયાતિપત્તિમાં ક્રિયાતિપત્તિનો પ્રત્યય પણ થાય છે. ॥૧૮॥

## चित्रे ५।४।१९॥

આશ્ચર્ય અર્થ ગમ્યમાન હોય તો यच्च અને यत्र ઉપપદ હોય ત્યારે ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. चित्रमाश्चर्यं, यच्च यत्र वा तत्रभवान् अकल्प्यं सेवेत અહીં सेव् ધાતુને આ સૂત્રથી સપ્તમીનો ईत પ્રત્યય થાય છે. અર્થ - આશ્ચર્ય છે કે આપે ત્યાં દૂષિત આહાર સેવ્યો; આપ અકલ્પ્ય સેવો છો અથવા સેવશો. અહીં પણ પૂર્વે જણાવ્યા મુજબ ક્રિયાતિપત્તિના પ્રયોગો સમજી લેવા. ॥૧૯॥

## शेषे भविष्यन्त्ययदौ ५।४।२०॥

આશ્ચર્ય અર્થ ગમ્યમાન હોય ત્યારે यच्च यत्र ને છોડીને અન્ય-यदि સિવાય કોઈપણ ઉપપદ હોય તો ધાતુને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. चित्रमाश्चर्यमन्धो नाम गिरिमारोक्ष्यति અહીં ઉપર જણાવ્યા મુજબ यच्च यत्र અને यदि ને છોડીને અન્ય नाम ઉપપદ હોવાથી आ + रुह् ધાતુને આ સૂત્રથી भविष्यन्ती નો स्यति પ્રત્યય થાય છે. (પ્રક્રિયા માટે જુઓ

सू.नं. २-१-६२ માં लेक्ष्यति) અર્થ - આશ્ચર્ય છે કે અન્ધ હોવા છતાં પર્વત ઉપર ચઢ્યો; ચઢે છે અથવા ચઢશે. शेष इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આશ્ચર્ય અર્થ ગમ્યમાન હોય તો यच्च અને यत्र ને છોડીને શેષ જ (અન્ય જ) यदि ભિન્ન પદ ઉપપદ હોય ત્યારે ધાતુને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. તેથી यच्च અને यत्र ઉપપદ હોય ત્યારે પૂર્વ (૫-૪-૧૯) સૂત્રથી ધાતુને सप्तमी નો જ પ્રત્યય થાય છે. अयदाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આશ્ચર્ય અર્થ ગમ્યમાન હોય તો શેષ (यच्च અને यत्र ને છોડીને અન્ય) यदि ભિન્ન જ પદ ઉપપદ હોય તો ધાતુને भविष्यन्ती નો પ્રત્યય થાય છે. તેથી चित्रं यदि स भुञ्जीत અહીં यदि ઉપપદ હોવાથી भुज् ધાતુને આ સૂત્રથી 'ભવિષ્યન્તી' નો પ્રત્યય ન થવાથી 'जातु- यद्० ૫-૪-૧૭' થી સપ્તમીનો પ્રત્યય થાય છે. અર્થ - આશ્ચર્ય છે કે તેણે ખાધું; તે ખાય છે અથવા તે ખાશે - (એ હું નથી ધારતો). ॥૨૦॥

### सप्तम्युता ऽप्योबढि ५।४।२१॥

બાઢાર્થક (નિશ્ચયાર્થક) उत અને अपि શબ્દ ઉપપદ હોય તો ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. उत, अपि वा कुर्यात् અહીં આ સૂત્રથી कृ ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. અર્થ - ચોક્કસ, કર્યું; કરે છે અથવા કરશે. बाढ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બાઢાર્થક જ उत અને अपि શબ્દ ઉપપદ હોય તો ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. તેથી उत दण्डः पतिष्यति अपि धास्यति द्वारम् અહીં પ્રશ્નાર્થક उत અને પિધાનસૂચક अपि પદ ઉપપદ હોવાથી આ સૂત્રથી पत् અને धा ધાતુને સપ્તમીનો પ્રત્યય ન થવાથી 'भविष्यन्ती ૫-૩-૪' થી 'ભવિષ્યન્તી' નો स्यति પ્રત્યય થાય છે. અર્થ - શું દંડ પડશે? દ્વાર બંધ થશે. ॥૨૧॥

## सम्भावने ऽलमर्थे तदर्था ऽनुक्तौ ५।४।२२।।

अलमर्थ शक्ति - સામર્થ્યની સંભાવના ગમ્યમાન હોય તો; अलमर्थ ના વાચક પદનો પ્રયોગ ન હોય ત્યારે ધાતુને सप्तमी નો પ્રત્યય થાય છે. अपि मासमुपवसेत् અહીં આ સૂત્રથી उप + वस् ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. અર્થ - સમર્થ એવો તે મહિના સુધી ઉપવાસ કરી શક્યો હશે; કરી શકે છે અથવા કરી શકશે. अलमर्थ इति किम्?= આ સૂત્રથી अलमर्थ ની જ સંભાવના ગમ્યમાન હોય તો અલમર્થબોધક પદનો પ્રયોગ ન હોય ત્યારે ધાતુને સપ્તમીનો પ્રત્યય ઉપર જણાવ્યા મુજબ થાય છે. તેથી निर्देशस्थायी मे चैत्रः प्रायेण यास्यति અહીં અલમર્થની સંભાવના ગમ્યમાન ન હોવાથી या ધાતુને આ સૂત્રથી સપ્તમીનો પ્રત્યય થતો નથી. પરન્તુ 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તી-નો स्यति પ્રત્યય થયો છે. અર્થ - મારી આજ્ઞાને વશ ચૈત્ર પ્રાયે જશે. तदर्थानुक्ताविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અલમર્થની સંભાવના સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય તો અલમર્થના વાચક પદનો પ્રયોગ ન હોય ત્યારે જ ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. शक्तश्चैत्रो धर्मं करिष्यति અહીં અલમર્થવાચક शक्त પદનો પ્રયોગ હોવાથી આ સૂત્રથી कृ ધાતુને સપ્તમીનો પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય થાય છે. અર્થ - સમર્થ ચૈત્ર ધર્મ કરી શકશે. આ સૂત્રમાં સપ્તમીનિમિત્ત હોવાથી ક્રિયાતિપત્તિમાં ભૂત અને ભવિષ્યદ્ અર્થના વિષયમાં અનુક્રમે સૂ.નં. '૫-૪-૧૦' થી અને '૫-૪-૯' થી નિત્ય ક્રિયાતિપત્તિ થાય છે. આવી જ રીતે ઉત્તરસૂત્રોમાં પણ યથાસંભવ વિચારવું.... ।।૨૨।।

## अयदि श्रद्धाधातौ नवा ५।४।२३॥

સમ્ભાવનાર્થક ધાતુ ઉપપદ હોય તો અલમર્થની સંભાવના ગમ્યમાન હોય ત્યારે यत् શબ્દનો પ્રયોગ ન હોય તો ધાતુને વિકલ્પથી सप्तमी નો પ્રત્યય થાય છે. "श्रद्दधे; सम्भावयामि भुञ्जीत भवान्" અહીં આ સૂત્રથી भुज् ધાતુને सप्तमी નો ईत प्रत्यय થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમીનો પ્રત્યય ન થાય ત્યારે 'भविष्यन्ती ५-३-४' થી ભવિષ્યન્તીનો स्यते પ્રત્યય; 'अनद्य० ५-२-७' થી ह्यस्तनी નો त પ્રત્યય અને 'अद्यतनी ५-२-४' થી અદ્યતનીનો त પ્રત્યય થવાથી અનુક્રમે भोक्ष्यते; अभुङ्क्त અને अभुक्त (જુઓ સૂ.નં. ૪-૩-૩૫ માં अभित्त) આવો પ્રયોગ થાય છે. અર્થ - હું ધારું છું કે આપે ખાધું હશે, અથવા આપ ખાશો. अयदीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સમ્ભાવનાર્થક ધાતુ ઉપપદ હોય તો; અલમર્થની સંભાવના અર્થ ગમ્યમાન હોય ત્યારે यत् શબ્દનો પ્રયોગ ન હોય તો જ ધાતુને વિકલ્પથી સપ્તમીનો પ્રત્યય થાય છે. તેથી सम्भावयामि यद् भुञ्जीत भवान् અહીં यत् શબ્દનો પ્રયોગ હોવાથી આ સૂત્રથી भुज् ધાતુને सप्तमी નો પ્રત્યય વિકલ્પથી થતો નથી. પરન્તુ 'सम्भावने० ५-४-२२' થી નિત્ય જ સપ્તમીનો પ્રત્યય થાય છે. અર્થ - હું ધારું છું કે આપે ખાધું હશે, અથવા આપ ખાશો. श्रद्धाधाताविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંભાવનાર્થક જ ધાતુ ઉપપદ હોય તો અલમર્થસંભાવના ગમ્યમાન હોય તો यत् શબ્દનો પ્રયોગ ન હોય ત્યારે ધાતુને सप्तमी નો પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી अपि शिरसा पर्वतं भिद्यात् અહીં સંભાવનાર્થક ધાતુ ઉપપદ ન હોવાથી भिद् ધાતુને આ સૂત્રથી વિકલ્પે સપ્તમીનો પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ નિત્ય જ सप्तमी નો यात् પ્રત્યય થાય છે. અર્થ - મસ્તકથી તે પહાડ ભેદી શક્યો હોત; ભેદી શકે છે અથવા ભેદી શકશે...॥૨૩॥

**सतीच्छार्थात् ५।४।२४॥**

વર્ત્તમાનાર્થક ઈચ્છાર્થક ધાતુને વિકલ્પથી सप्तमी નો પ્રત્યય થાય છે. इष् ધાતુને આ સૂત્રથી સપ્તમીનો यात् પ્રત્યય વગેરે કાર્ય થવાથી इच्छेत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી સપ્તમીનો પ્રત્યય ન થાય ત્યારે 'सति ५-२-१९' થી વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી इच्छति આવો પ્રયોગ થાય છે. અર્થ - ઈચ્છે છે. ॥૨૪॥

**वर्त्स्यति हेतु-फले ५।४।२५॥**

હેતુ-કારણ અને ફલ - કાર્યભૂત ક્રિયાના વાચક ભવિષ્યદર્થક ધાતુને વિકલ્પથી સપ્તમીનો પ્રત્યય થાય છે. यदि गुरूनुपासीत शास्त्रान्तं गच्छेत् અહીં ગુરુની ઉપાસના સ્વરૂપ હેતુ અને શાસ્ત્રાન્તગમન સ્વરૂપ ફલના વાચક ભવિષ્યદર્થક उप + आस् ધાતુને અને गम् ધાતુને અનુક્રમે આ સૂત્રથી સપ્તમીનો ईत અને यात् પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सप्तमी નો પ્રત્યય ન થાય ત્યારે 'भविष्यन्ती ५-३-४' થી स्यते પ્રત્યય થવાથી यदि गुरूनुपासिष्यते शास्त्रान्तं सङ्गमिष्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - જો ગુરુની ઉપાસના કરશે તો શાસ્ત્રના પારને પામશે.

वर्त्स्यतीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ હેતુ-ફલ સ્વરૂપ ક્રિયાના વાચક ભવિષ્યદર્થક જ ધાતુને વિકલ્પથી સપ્તમીનો પ્રત્યય થાય છે. તેથી दक्षिणेन चेद् याति न शकटं पर्याभवति અહીં વર્ત્તમાનકાલીન હેતુફલસ્વરૂપ ક્રિયાના વાચક या અને परि + आ + भू ધાતુને આ સૂત્રથી સપ્તમીનો પ્રત્યય થતો નથી. પરન્તુ 'सति ५-२-१९' થી વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - દક્ષિણમાર્ગથી ગાડું જાય છે તો તે ભાંગતું નથી. ॥૨૫॥

## कामोक्तावकच्चिति ५।४।२६॥

कच्चित् શબ્દનો પ્રયોગ ન હોય તો; ઈચ્છાનું પ્રવેદન (જણાવવું) ગમ્યમાન હોય તો ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. कामो मे भुञ्जीत भवान् અહીં આ સૂત્રથી भुज् ધાતુને સપ્તમીનો ईत પ્રત્યય થયો છે. અર્થ - હું ઈચ્છું છું; આપ ખાવ. अकच्चितीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कच्चित् શબ્દનો પ્રયોગ ન હોય તો જ ઈચ્છાનું પ્રવેદન ગમ્યમાન હોય ત્યારે ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. તેથી कच्चित् जीवति मे माता અહીં कच्चित् શબ્દનો પ્રયોગ હોવાથી जीव् ધાતુને આ સૂત્રથી सप्तमी નો પ્રત્યય થતો નથી. તેથી 'सति ५-२-१९' થી वर्त्तमाना નો तिव् પ્રત્યય થાય છે. અર્થ - શું મારી માતા જીવે છે? અહીં પ્રશ્નપૂર્વક માતા જીવે-એવી પોતાની અભિલાષા कच्चित् પદના પ્રયોગથી અભિવ્યક્ત કરાઈ છે. ॥૨૬॥

## इच्छार्थे सप्तमी - पञ्चम्यौ ५।४।२७॥

ઈચ્છાર્થક ધાતુ ઉપપદ હોય તો ઈચ્છાપ્રવેદન ગમ્યમાન હોય ત્યારે ધાતુને सप्तमी નો અને पञ्चमी નો પ્રત્યય થાય છે. इच्छामि भुञ्जीत भुङ्क्ताम् वा भवान् અહીં भुज् ધાતુને આ સૂત્રથી સપ્તમીનો ईत પ્રત્યય અને પઞ્ચમીનો ताम् પ્રત્યય થયો છે. અર્થ - હું ઈચ્છું છું; આપ ખાવ. અહીં સપ્તમીનિમિત્ત હોવા છતાં ક્રિયાતિપત્તિનો સંભવ ન હોવાથી ક્રિયાતિપત્તિનો પ્રયોગ થતો નથી. - એ યાદ રાખવું. ॥૨૭॥

## विधि - निमन्त्रणाऽऽमन्त्रणाऽधीष्ट - सम्प्रश्न - प्रार्थने ५।४।२८॥

વિધિ, નિમન્ત્રણ; આમન્ત્રણ; અધીષ્ટ સમ્પ્રશ્ન અને પ્રાર્થના અર્થ-વિશિષ્ટ કર્ત્તા કર્મ કે ભાવસ્વરૂપ અર્થ પ્રત્યયાર્થ રૂપે વિવક્ષિત હોય તો

ધાતુને સપ્તમી અને પઞ્ચમીનો પ્રત્યય થાય છે. આશય એ છે કે - करोति क्रियते અને गम्यते અહીં અનુક્રમે तिव् વગેરે પ્રત્યય કર્ત્તામાં કર્મમાં અને ભાવમાં વિહિત છે. એ ત્રણેય અર્થ (કર્તૃ કર્મ અને ભાવ) જ્યારે विधि निमन्त्रण .... વગેરે અર્થવિશિષ્ટ હોય ત્યારે ધાતુને આ સૂત્રથી સપ્તમી અને પઞ્ચમીનો પ્રત્યય થાય છે અને ત્યારે તે તે (સપ્તમી અને પઞ્ચમીના) પ્રત્યયનો અર્થ વિધિ નિમન્ત્રણ વગેરે અર્થ-વિશિષ્ટ કર્ત્તા કર્મ અથવા ભાવ હોય છે.

विधि - ક્રિયામાં જે પ્રેરણા છે - તેને વિધિ કહેવાય છે. कटं कुर्यात्, करोतु भवान् અહીં कृ ધાતુને આ સૂત્રથી सप्तमी नो यात् અને पञ्चमी नो तुव् પ્રત્યય થયો છે. અર્થ - આપ ચટઈ બનાવો. निमन्त्रण - જે પ્રેરણામાં નિષેધ કરવાથી પાપનો બન્ધ થાય છે; અર્થાત્ ઈચ્છા હોય કે ન હોય તો પણ જે અવશ્યકર્ત્તવ્ય છે; અન્યથા પાપબન્ધ થાય છે- તેની પ્રેરણાને નિમન્ત્રણ કહેવાય છે. द्विसन्ध्यमावश्यकं कुर्यात् करोतु, અહીં આ સૂત્રથી कृ ધાતુને સપ્તમીનો यात् પ્રત્યય અને પઞ્ચમીનો तुव् પ્રત્યય થયો છે. અર્થ - બે સન્ધ્યાએ આપ આવશ્યક ક્રિયા કરો. आमन्त्रण - જે પ્રેરણામાં કામચાર - અર્થાત્ પાપબંધના અભાવે ઈચ્છાનુસાર પ્રવૃત્તિ હોય છે તેને આમન્ત્રણ કહેવાય છે. इहासीत; आस्ताम् અહીં आस् ધાતુને આ સૂત્રથી सप्तमी नो ईत અને पञ्चमी नो ताम् प्रत्यय થયો છે. अधीष्ट - સત્કારપૂર્વકની પ્રેરણાને अधीष्ट કહેવાય છે. व्रतं रक्षेत्; रक्षतु અહીં रक्ष् ધાતુને આ સૂત્રથી સપ્તમીનો यात् પ્રત્યય અને पञ्चमी नो तुव् પ્રત્યય થયો છે. અર્થ - આપ વ્રતની રક્ષા કરો. सम्प्रश्न - એકતરના નિર્ણય માટે જે પૂછવું તેને સમ્પ્રધારણા સ્વરૂપ સમ્પ્રશ્ન કહેવાય છે. किं नु खलु भो! व्याकरणमधीयीय अध्ययै उत सिद्धान्तमधीयीय अध्ययै? અહીં अधि + इ ધાતુને આ સૂત્રથી सप्तमी नो ईय પ્રત્યય અને पञ्चमी नो ऐव् પ્રત્યય થાય છે. અર્થ - શું હું વ્યાકરણ ભણું કે સિદ્ધાન્ત ભણું? प्रार्थन - યાચ્ચા - માંગણીને પ્રાર્થના કહેવાય છે. प्रार्थना मे तर्कमधीयीय, अध्ययै આ સૂત્રથી ઉપર જણાવ્યા

મુજબ अधि + इ ધાતુને सप्तमी નો ईय પ્રત્યય અને पञ्चमी નો ऐव् પ્રત્યય થાય છે. અર્થ - મારી પ્રાર્થના છે; હું તર્કશાસ્ત્ર ભણું. ॥૨૮॥

## प्रैषाऽनुज्ञाऽवसरे कृत्य-पञ्चम्यौ ૫।૪।૨૯॥

પ્રૈષ અનુજ્ઞા અને અવસર વિશિષ્ટ કર્તૃ કર્મ કે ભાવ અર્થમાં ધાતુને કૃત્ય પ્રત્યય અને પઞ્ચમીનો પ્રત્યય થાય છે. પોતાની અપેક્ષાએ નીચા સ્તરના લોકોને કરાતી ન્યત્કારપૂર્વકની પ્રેરણાને પ્રૈષ કહેવાય છે. ઈચ્છાપૂર્વક વર્ત્તવાની અનુમતિને અનુજ્ઞા કહેવાય છે. અને ક્રિયાના કારણભૂત કાલની પ્રાપ્તિને અવસર કહેવાય છે. "भवता खलु कटः कार्यः भवान् कटं करोतु भवान् हि प्रेषितोऽनुज्ञातो भवतोऽवसरः कटकरणे" અહીં कृ ધાતુને આ સૂત્રની સહાયથી 'ऋवर्ण० ૫-૧-૧૭' થી कृत्य-घ्यण् પ્રત્યય થાય છે. તેમજ पञ्चमी નો तुव् પ્રત્યય થાય છે. અર્થક્રમશઃ- પ્રૈષ - તમેજ ચટઈ બનાવવા માટે મોકલાયા છો. અનુજ્ઞા - તમને ચટઈ બનાવવા આજ્ઞા અપાઈ છે. અવસર- આપનો ચટઈ બનાવવાનો અવસર છે. ॥૨૯॥

## सप्तमी चोर्ध्वमौहूर्तिके ૫।૪।૩૦॥

પ્રૈષ અનુજ્ઞા અને અવસર અર્થ ગમ્યમાન હોય તો મુહૂર્ત પછી થનારી ક્રિયાના વાચક ધાતુને સપ્તમીનો અને પઞ્ચમીનો પ્રત્યય તેમજ કૃત્ય પ્રત્યય થાય છે. "ऊर्ध्वं मुहूर्तात् कटं कुर्यात् भवान्; भवता कटः कार्यः; कटं करोतु भवान्; भवान् हि प्रेषितोऽनुज्ञातो भवतोऽवसरः कटकरणे " અહીં આ સૂત્રથી कृ ધાતુને સપ્તમીનો यात् પ્રત્યય અને પઞ્ચમીનો तुव् પ્રત્યય થયો છે. તેમજ આ સૂત્રની સહાયથી 'ऋवर्ण० ૫-૧-૧૭' થી घ्यण् પ્રત્યય (कृत्य પ્રત્યય) થયો છે. અર્થ ક્રમશઃ - પ્રૈષ - મુહૂર્તબાદ ચટઈ બનાવવા આપને મોકલ્યા છે. અનુજ્ઞા- મુહૂર્તબાદ

ચટઈ બનાવવાની આપને આજ્ઞા અપાઈ છે. અવસર- મુહૂર્ત્તબાદ ચટઈ બનાવવાનો આપનો અવસર છે. ॥૩૦॥

### *स्मे पञ्चमी ५।४।३१॥*

स्म શબ્દ ઉપપદ હોય તો, પ્રૈષ અનુજ્ઞા અને અવસર અર્થ ગમ્યમાન હોય ત્યારે મુહૂર્ત્ત પછી થનારી ક્રિયાના વાચક ધાતુને પઞ્ચમીનો પ્રત્યય થાય છે. આ સૂત્ર પૂર્વસૂત્રનું અપવાદભૂત છે. ''ऊर्ध्वं मुहूर्त्ताद् भवान् कटं करोतु स्म, भवान् हि प्रेषितोऽनुज्ञातो भवतोऽवसरः कटकरणे'' અહીં આ સૂત્રથી कृ ધાતુને પઞ્ચમીનો तुव् પ્રત્યય થયો છે. અર્થ માટે જુઓ સૂ.નં. ૫-૪-૩૦. ॥૩૧॥

### अधीष्टौ ५।४।३२॥

स्म શબ્દ ઉપપદ હોય તો अधीष्टि (અધ્યેષણા- अधीष्ट) અર્થ અર્થાત્ સત્કારપૂર્વકની પ્રેરણા સ્વરૂપ અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને પઞ્ચમીનો પ્રત્યય થાય છે. अङ्ग! स्म विद्वन्! अणुव्रतानि रक्ष। અહીં रक्ष् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય થાય છે. અર્થ – હે સુંદર! વિદ્વાન્! અણુવ્રતોની રક્ષા કર. ॥૩૨॥

### काल-वेला-समये तुम्वाऽवसरे ५।४।३३॥

काल, वेला અને समय ઉપપદ હોય તો અવસર અર્થ ગમ્યમાન હોય ત્યારે ધાતુને तुम् પ્રત્યય વિકલ્પથી થાય છે. कालो भोक्तुम्; वेला भोक्तुम् અને समयो भोक्तुम् અહીં भुज् ધાતુને આ સૂત્રથી तुम् પ્રત્યય થયો છે. અર્થ (બધાનો)- ખાવાનો અવસર છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી भुज् ધાતુને तुम् પ્રત્યય ન થાય ત્યારે 'प्रैषानु० ૫-૪-૨૯' ની સહાયથી

'तव्याऽनीयौ ५-१-२७' थी कृत्य तव्य प्रत्ययादि કાર્ય થવાથી कालो भोक्तव्यस्य આવો પ્રયોગ થાય છે. अवसर इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ काल वेला અને समय શબ્દ ઉપપદ હોય તો અવસર અર્થ ગમ્યમાન હોય ત્યારે જ ધાતુને तुम् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી कालः पचति भूतानि અહીં અવસર અર્થ ગમ્યમાન ન હોવાથી पच् ધાતુને આ સૂત્રથી तुम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'सति ५-२-१९' થી વર્તમાનાનો तिव् પ્રત્યય થાય છે. અર્થ - કાલ જીવોનો નાશ કરે છે.।।૩૩।।

## सप्तमी यदि ५।४।३४।।

काल वेला અને समय શબ્દ ઉપપદ હોય તો यत् શબ્દનો પ્રયોગ હોય ત્યારે (અવસર અર્થ ગમ્યમાન હોય ત્યારે) ધાતુને સપ્તમીનો પ્રત્યય થાય છે. આ સૂત્ર પૂર્વસૂત્રનું અપવાદ છે. कालो यदधीयीत भवान् वेला यद् भुञ्जीत અને समयो यत् शयीत અહીં આ સૂત્રથી अधि+इ भुज् અને शी ધાતુને સપ્તમીનો ईत પ્રત્યય થયો છે. અર્થ ક્રમશઃ- અવસર છે, આપ ભણો. આપ ખાવ. આપ સૂવો. પ્રવર્ત્તમાન બહુલાધિકારથી ભાવમાં 'अनट् ५-३-१२४' થી अनट् પ્રત્યયાદિ કાર્ય થવાથી कालो यदध्ययनस्य वेला यद्भोजनस्य અને समयो यच्छयनस्य....ઇત્યાદિ પ્રયોગ પણ થાય છે- એ યાદ રાખવું. ।।૩૪।।

## शक्तार्हे कृत्याश्च ५।४।३५।।

સમર્થ અને યોગ્ય કર્તા ગમ્યમાન હોય તો ધાતુને સપ્તમીનો પ્રત્યય અને કૃત્ય પ્રત્યય થાય છે. भवता खलु भारो वाह्यः; उह्येत; भवान् भारं वहेत् भवान् हि शक्तः । અહીં સમર્થ કર્તા ગમ્યમાન હોવાથી આ સૂત્રની સહાયથી 'ऋवर्ण० ५-१-१७' થી वह् ધાતુને કર્મમાં घ्यण्

પ્રત્યય; તેમ્ જ આ સૂત્રથી કર્મમાં અને કર્ત્તામાં સપ્તમીનો ઈત અને यात् પ્રત્યય થયો છે. અર્થ- આપ ભાર વહન કરવા સમર્થ છો. भवता खलु कन्या वोढव्या, उह्येत, भवान् खलु कन्यां वहेत् भवानेतदर्हति અહીં યોગ્ય કર્તા ગમ્યમાન હોવાથી આ સૂત્રની સહાયથી वह् ધાતુને 'तव्यानीयौ ૫-૧-૨૭' થી કર્મમાં तव्य પ્રત્યય તેમજ આ સૂત્રથી કર્મમાં અને કર્તામાં वह् ધાતુને સપ્તમીનો ઈત અને यात् પ્રત્યય થયો છે. અર્થ- આપ કન્યાને યોગ્ય છો. (वोढव्या ની પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૧-૩-૪૩) ॥૩૫॥

## णिन् चाऽऽवश्यकाऽऽधमर्ण्ये ५।४।३६॥

આવશ્યક અને આધમર્ણ્ય અર્થ ગમ્યમાન હોય તો ધાતુને કર્ત્તામાં णिन् પ્રત્યય અને કૃત્ય પ્રત્યય થાય છે. अवश्यं करोति અને अवश्यं हरति આ અર્થમાં अवश्यम् + कृ અને अवश्यम् + हृ ધાતુને આ સૂત્રથી णिन् (इन्) પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી अवश्यंकारी અને अवश्यंहारी આવો પ્રયોગ થાય છે. અહીં સમાસ 'मयूर० ૩-૧-૧૧૬' થી વિહિત છે. અર્થ ક્રમશઃ- – અવશ્ય કરનાર. અવશ્ય હરનાર. अवश्यं गेयो गीतस्य અહીં गै ધાતુને (आत् सन्ध्य० ૪-૨-૧ થી गा) આ સૂત્રની સહાયથી 'य एच्चातः ૫-૧-૨૮' થી य પ્રત્યયાદિ કાર્ય થવાથી गेयः આવો પ્રયોગ થાય છે. અર્થ - અવશ્ય ગીતનો ગાયક. आधमर्ण्य - शतं दायी અહીં આ સૂત્રથી दा ધાતુને णिन् પ્રત્યય. 'आत ऐः० ४-३-५३' થી दा ધાતુના आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી दायी આવો પ્રયોગ થાય છે. અર્થ - સો રૂપિયા આપનાર દેવાદાર. गेयो गाथानाम् અહીં પણ ઉપર જણાવ્યા મુજબ गै ધાતુને આ સૂત્રની સહાયથી य પ્રત્યયાદિ કાર્ય થવાથી गेयः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઋણ તરીકે ગાથાનો ગાનાર. અહીં णिन् પ્રત્યય કર્ત્તામાં વિહિત હોવાથી આ સૂત્રની સહાયથી વિહિત કૃત્ય-પ્રત્યય પણ કર્ત્તામાં વિહિત છે... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ॥३६॥

## अर्हे तृच् ૫।૪।૩૭॥

યોગ્ય-કર્ત્તા હોય તો ધાતુને तृच् પ્રત્યય થાય છે. भवान् कन्याया वोढा અહીં वह् ધાતુને આ સૂત્રથી तृच् પ્રત્યયાદિ કાર્ય થવાથી वोढा (સૂ.નં. ૧-૩-૪૩ જુઓ) આવો પ્રયોગ થાય છે. અર્થ - આપ કન્યાના પાણિગ્રહણ માટે યોગ્ય છો. 'शक्तार्हे० ૫-૪-૩૫' થી વિહિત સપ્તમીના પ્રત્યયના કારણે तृच् પ્રત્યયનો બાધ ન થાય - એ માટે આ સૂત્રથી तृच् પ્રત્યયનું વિધાન છે. ॥૩૭॥

## आशिष्याशीः-पञ्चम्यौ ૫।૪।૩૮॥

आशिष् અર્થમાં ધાતુને आशिष् નો અને पञ्चमी નો પ્રત્યય થાય છે. जि ધાતુને આ સૂત્રથી आशिष्'નો क्यात् પ્રત્યય. 'दीर्घश्च्वि० ૪-૩-૧૦૮' થી जि ધાતુના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી जीयात् આવો પ્રયોગ થાય છે. તેમ જ जि ધાતુને આ સૂત્રથી પઞ્ચમીનો तुव् પ્રત્યય. तुव् ને 'आशिषि० ૪-૨-૧૧૯' થી तातङ् (तात्) આદેશ વગેરે કાર્ય થવાથી जयतात् આવો પ્રયોગ થાય છે. અર્થ - જય પામો. आशिषीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् અર્થમાં જ ધાતુને आशिष् અને पञ्चमी નો પ્રત્યય થાય છે. તેથી चिरं जीवति मैत्रः અહીં આશિષ્ અર્થ ન હોવાથી આ સૂત્રથી जीव् ધાતુને आशिष् નો અને पञ्चमी નો પ્રત્યય થતો નથી. પરન્તુ વર્ત્તમાનમાં 'सति ૫-૨-૧૯' થી वर्त्तमाना નો तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - મૈત્ર ઘણું જીવે છે. ॥૩૮॥

## माङ्यद्यतनी ૫।૪।૩૯॥

माङ् (मा) ઉપપદ હોય તો ધાતુને अद्यतनी નો પ્રત્યય થાય છે. मा

कार्षीत् અહીં कृ ધાતુને આ સૂત્રથી અદ્યતનીનો दि પ્રત્યય (જુઓ સૂ. નં. ૪-૪-૨૯) વગેરે કાર્ય થાય છે. અર્થ - કર્યું નહિ; કરતો નથી અથવા કરશે નહિ. ॥૩૯॥

### सस्मे ह्यस्तनी च ५।४।४०॥

स्म સહિત माङ् (मा) ઉપપદ હોય તો ધાતુને ह्यस्तनी નો અને अद्यतनी નો પ્રત્યય થાય છે. मा स्म करोत्; मा स्म कार्षीत् અહીં कृ ધાતુને આ સૂત્રથી અનુક્રમે હ્યસ્તનીનો दिव् પ્રત્યય અને અદ્યતનીનો दि પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - કર્યું નહિ, કરતો નથી અથવા કરશે નહિ. ॥૪૦॥

### धातोः सम्बन्धे प्रत्ययाः ५।४।४१॥

ધાત્વર્થ - ક્રિયાઓનો વિશેષણ - વિશેષ્યભાવ સ્વરૂપ સમ્બન્ધ હોય તો ધાતુને જે કાળમાં પ્રત્યયો વિહિત નથી, તે કાળમાં પણ તે પ્રત્યયો સાધુ (શુદ્ધ) મનાય છે. 'विश्वदृश्वा अस्य पुत्रो भविता' અહીં 'दृशः० ५-१-१६६' થી વિહિત ભૂતાર્થક क्वनिप् પ્રત્યય અને 'अनद्यतने० ५-३-५' થી भू ધાતુને વિહિત श्वस्तनी નો ता પ્રત્યય આ સૂત્રથી સાધુ મનાય છે. અર્થ - આનો પુત્ર વિશ્વને જોએલો થશે. 'भावि कृत्यमासीत्' અહીં भू ધાતુને 'वर्त्स्यति० ५-३-१' થી વિહિત ભવિષ્યદર્થક णिन् પ્રત્યય અને अस् ધાતુને 'अनद्य० ५-२-७' થી વિહિત ભૂતાર્થક હ્યસ્તનીનો दिव् પ્રત્યય આ સૂત્રથી સાધુ મનાય છે. અર્થ - આ કાર્ય થવાનું હતું. આ સૂત્રમાં પ્રવર્ત્તતા બહુલાધિકારના કારણે; ધાત્વધિકારમાં અવિહિત તદ્ધિત પ્રત્યયો પણ ઉપર જણાવ્યા મુજબ કૃત્પ્રત્યયોની જેમ સાધુ મનાય છે. તેથી गोमान् आसीद्... ઈત્યાદિ સ્થળે, 'तदस्या० ७-२-१' થી વિહિત અસ્ત્યર્થક (વર્ત્તમાનાર્થક) मतु પ્રત્યય અને ભૂતાર્થક दिव् પ્રત્યય આ

સૂત્રથી સાધુ મનાય છે. અર્થ - પૂર્વે ગાયવાળો હતો. ||૪૧||

**भृशा ऽ ऽ भीक्ष्ण्ये हि-स्वौ यथाविधि त-ध्वमौ च तद्युष्मदि ५।४।४२॥**

भृश અને आभीक्ष्ण्य અર્થવિશિષ્ટ કાલસામાન્ય (વર્ત્તમાન ... વગેરે કાલસામાન્ય) સમ્બન્ધી ક્રિયાર્થક ધાતુને સર્વવિભક્તિમાં (વર્ત્તમાનાદિ વિભક્તિમાં) અને સર્વ વચનોમાં (પ્રથમપુરુષ એકવચન.... વગેરે નવ વચનોમાં) પરસ્મૈપદમાં हि પ્રત્યય અને આત્મનેપદમાં स्व પ્રત્યય થાય છે; પરન્તુ જે વિભક્તિમાં જે વચનમાં તથા જે કારકમાં જે ધાતુને हि અને स्व પ્રત્યય આ સૂત્રથી કરવાના છે - તેને જણાવનારો ધાતુનો અનુપ્રયોગ હોવો જોઈએ. તેમ જ પઞ્ચમીના त અને ध्वम् (પરસ્મૈપદ આત્મનેપદ મધ્યમપુરુષ બહુવચન) સમ્બન્ધી યુષ્મદર્થમાં અર્થાત્ તે તે વિભક્તિના મધ્યમપુરુષ (બીજો પુરુષ) ના બહુવચનાન્ત; તે તે ધાતુનો અનુપ્રયોગ હોય ત્યારે તે તે ધાતુને त તથા ध्वम् અને हि તથા स्व પ્રત્યય ઉપર જણાવ્યા મુજબ भृश અને आभीक्ष्ण्य અર્થવિશિષ્ટ કાલ સામાન્યવર્ત્તિ ક્રિયાર્થક ધાતુને સર્વ વિભક્તિ અને સર્વ વચનોમાં થાય છે.

વ્યાપાર સ્વરૂપ (ચૂલા ઉપર ચઢાવવું, ફૂંકવું... વગેરે ક્રિયાથી ભાત રંધાઈ જવા સુધીની બધી ક્રિયાઓ पच् ધાતુનો અર્થ છે -એમાં ફલાત્મક ક્રિયાને અનુકૂલ એવી ક્રિયાઓને વ્યાપાર કહેવાય છે અને તેનાથી સાધ્ય એવી વિક્લૃતિ સ્વરૂપ ક્રિયાને ફલાત્મક ક્રિયા કહેવાય છે. ધાતુ બંન્ને ક્રિયાનો વાચક હોય છે.) ક્રિયાઓનો, અન્ય ધાત્વર્થ વ્યાપાર સ્વરૂપ ક્રિયાથી રહિત જે સમુદાય છે તેને અથવા ફલાત્મક ક્રિયાના આધિક્યને ભૃશ કહેવાય છે. અને ફલાત્મક ક્રિયાનું અન્ય ધાત્વર્થ ફલાત્મક ક્રિયાના વ્યવધાન વિના જે ફરી ફરી થવું તેને आभीक्ष्ण्य કહેવાય છે.

लुनीहि लुनीहीत्येवायं लुनातीत्यादि અહીં लू ધાતુને वर्त्तमाना ના

ત્રીજા (પ્રથમ) પુરુષ એકવચનમાં પરસ્મૈપદનો हि પ્રત્યય આ સૂત્રથી થયો છે. જે लुनाति - આ પ્રમાણેના અનુપ્રયોગથી સમજાય છે. અર્થ - બીજી કોઈ પણ ક્રિયા કર્યા વિના કાપવાની બધી ક્રિયા કરે છે. સારી રીતે કાપે છે અથવા વારંવાર કાપે છે. (અહીં लुनाति આ અનુપ્રયોગના સ્થાને બીજા लुनीतः लुनन्ति... ઈત્યાદિ વર્ત્તમાનાદિ સર્વ વિભક્તિના સર્વ વચનોના અનુપ્રયોગ પૂર્વક; ઉપર જણાવ્યા મુજબ ઉદાહરણો અને તેનો અર્થ સમજી લેવો.) "अधीष्वाधीष्वेत्येवायमधीते" इत्यादि અહીં अधि + इ ધાતુને ઉપર જણાવ્યા મુજબ વર્ત્તમાનાના ત્રીજા પુરુષ એકવચનમાં આત્મનેપદનો स्व પ્રત્યય આ સૂત્રથી થયો છે. જે अधीते આ પ્રમાણેના અનુપ્રયોગથી સમજાય છે. (અહીં પણ अधीते આ અનુપ્રયોગના સ્થાને अधीयाते अधीयते... ઈત્યાદિ વર્ત્તમાનાદિ સર્વ વિભક્તિના સર્વવચનોના અનુપ્રયોગ સાથે अधीष्वाधीष्व આવો પ્રયોગ અને તેનો અર્થ સ્વયં સમજી લેવો.) અર્થ - બીજી કોઈ પણ ક્રિયા કર્યા વિના ભણવાની બધી ક્રિયા કરે છે. સારી રીતે ભણે છે અથવા વારંવાર ભણે છે.

लुनीत लुनीतेत्येवं यूयं लुनीथ; लुनीहि लुनीहीत्येवं यूयं लुनीथ; અહીં આ સૂત્રથી દ્વિતીય (મધ્યમ) પુરુષના બહુવચનના અનુપ્રયોગમાં लू ધાતુને વર્ત્તમાનકાળમાં પરસ્મૈપદનો પઞ્ચમીનો त અને हि પ્રત્યય થયો છે. (અહીં यूयं लुनीथ આ અનુપ્રયોગના સ્થાને यूयमलाविष्ट.... ઈત્યાદિ અનુપ્રયોગ પૂર્વક અદ્યતન્યાદિ સર્વ વિભક્તિમાં દ્વિતીય પુરુષ બહુવચનાન્ત અનુપ્રયોગ સાથે ધાતુને त અને हि પ્રત્યય કરીને ઉદાહરણ અને તેનો અર્થ સમજી લેવો.) અર્થ - તમે બધા બીજી કોઈ પણ ક્રિયા કર્યા વિના કાપવાની બધી ક્રિયા કરો છો. સારી રીતે કાપો છો અથવા વારંવાર કાપો છો. अधीध्वमधीध्वमित्येवं यूयमधीध्वे; अधीष्वमधीष्वमित्येवं यूयमधीध्वे અહીં મધ્યમપુરુષ બહુવચનાન્ત यूयमधीध्वे આ અનુપ્રયોગમાં अधि + इ ધાતુને આત્મનેપદમાં આ સૂત્રથી પઞ્ચમીનો ध्वम् અને स्व પ્રત્યય થયો છે. અર્થ - તમે બધા અન્ય ક્રિયા કર્યા વિના ભણવાની બધી ક્રિયા કરો છો. સારી રીતે ભણો છો. અથવા વારંવાર ભણો છો.

(અહીં પણ यूयमधीध्वे ના સ્થાને અદ્યતન્યાદિના મધ્યમપુરુષ બહુવચનાન્ત અનુપ્રયોગમાં अधीष्वाधीष्व અને अधीध्वमधीध्वम् આવો પ્રયોગ અને તેનો અર્થ સમજી લેવો)

यथाविधीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ભૃશ અને આભીક્ષ્ય અર્થવિશિષ્ટ કાલ સામાન્યવર્ત્તિ ક્રિયાર્થક ધાતુને; જે ધાતુને જે વિભક્તિ - વચન અને કારકમાં हि અને स्व પ્રત્યય કરવાના છે તે વિભક્તિ વચન અને કારકને જણાવનારો ધાતુનો અનુપ્રયોગ હોય ત્યારે જ તથા મધ્યમ - પુરુષ બહુવચનાન્ત તે ધાતુનો અનુપ્રયોગ હોય ત્યારે જ અનુક્રમે हि તથા स्व અને त તથા ध्वम्; તેમ જ हि તથા स्व પ્રત્યય થાય છે. તેથી लुनीहि लुनीहीत्येवायं लुनाति અહીં लुनाति આ અનુપ્રયોગમાં लुनीहि लुनीहि આવો પ્રયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. પરન્તુ એ પ્રયોગ; छिनत्ति કે लूयते આ પ્રમાણેના ભિન્ન ધાતુના અને ભિન્ન કારકના અનુપ્રયોગમાં થતો નથી. કારણ કે એ પ્રયોગ लू ધાતુનો કર્તૃકારકમાં છે. અને छिनत्ति આ અનુપ્રયોગ કર્તૃકારકમાં પણ छिद् ધાતુનો છે. તેમ જ लूयते આ અનુપ્રયોગ लू ધાતુનો પણ કર્મકારકમાં છે - એ સમજી શકાય છે.

અહીં "शय्यस्व शय्यस्वेत्येव शय्यते" અને "लूयस्व लूयस्वेत्येव लूयते केदारः" આ પ્રમાણે ભાવ અને કર્મકારકમાં પણ અનુપ્રયોગપૂર્વક પ્રયોગો સમજી લેવા. પરન્તુ એ પ્રયોગોમાં પરસ્મૈપદ સંબન્ધી हि અને त પ્રત્યય નહિ થાય - એ સમજી શકાશે. ક્રિયાતિપત્તિ સ્થળે भृशाऽऽभीक्ष्ण्य અર્થનો સંભવ ન હોવાથી ત્યાં આ સૂત્રનો વિષય નથી. શેષ સર્વ વિભક્તિઓમાં આ સૂત્રનો અવકાશ છે. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भृशाऽऽभीक्ष्ण्य અર્થમાં हि વગેરે પ્રત્યયોનું વિધાન હોવાથી તે પ્રત્યયથી જ भृशाऽऽभीक्ष्ण्य અર્થ શા માટે પ્રતીત થતો નથી જેથી लुनीहि लुनीहि .... ઈત્યાદિ પ્રમાણે દ્વિત્વ કરવું પડે છે. यङ् પ્રત્યય પણ भृशाऽऽभीक्ष्ण्य અર્થમાં વિહિત હોવા છતાં ત્યાં પ્રયોગનું દ્વિત્વ વિહિત નથી અને અહીં 'भृशाऽऽभीक्ष्ण्या० ७-४-७३' થી દ્વિત્વ વિહિત છે...

તેનું શું કારણ છે? .... વગેરે ભણાવનાર પાસેથી અથવા બૃહદ્વૃત્તિથી સમજી લેવું. ।।૪૨।।

## प्रचये नवा सामान्यार्थस्य ५।४।४३।।

ક્રિયાવિશેષનો સમુદાય (જુદી જુદી ધાત્વર્થક્રિયાઓનો સમુદાય અથવા ભિન્ન ભિન્ન કર્તૃ વગેરે કારકના કારણે સમાન પણ અનેક ક્રિયાઓનો સમુદાય) અર્થ ગમ્યમાન હોય ત્યારે, ક્રિયાસામાન્યાર્થક ધાતુનો અનુપ્રયોગ હોય તો વિશેષક્રિયાવાચક તે તે ધાતુઓને વિકલ્પથી પરસ્મૈપદમાં हि પ્રત્યય અને આત્મનેપદમાં स्व પ્રત્યય; સર્વ વિભક્તિ અને સર્વવચનોમાં થાય છે. તેમ જ મધ્યમ (દ્વિતીય) પુરુષ બહુવચનાન્ત युष्मद् - અર્થબોધક સામાન્યક્રિયાર્થક ધાતુનો અનુપ્રયોગ હોય તો; તે તે વિશેષ ક્રિયાર્થક ધાતુને त અને ध्वम् તેમ જ हि અને स्व પ્રત્યય વિકલ્પથી થાય છે. "व्रीहीन् वप लुनीहि पुनीहीत्येवं यतते यत्यते वा" અહીં ઉપર જણાવ્યા મુજબ સામાન્યક્રિયાર્થક यत् ધાતુનો અનુપ્રયોગ હોવાથી ક્રિયા વિશેષાર્થક वप् लू અને पू ધાતુને આ સૂત્રથી हि પ્રત્યય... વગેરે કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી हि પ્રત્યયાદિ કાર્ય ન થાય ત્યારે 'सति ૫-૨-૧૯' થી વર્ત્તમાનકાળમાં વર્ત્તમાનાનો तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી "व्रीहीन् वपति लुनाति पुनाति, इत्येवं यतते यत्यते वा" આવો પ્રયોગ થાય છે. અર્થ - વ્રીહિને વાવે છે કાપે છે સાફ કરે છે - આ રીતે પ્રયત્ન કરે છે. (અહીં यतते यत्यते वा ના સ્થાને દ્વિવચનાન્તાદિ અને અદ્યતન્યાદિ વિભક્ત્યન્તનો અનુપ્રયોગ કરીને તે તે ધાતુઓને हि પ્રત્યયાદિ વિકલ્પથી કરીને અન્ય ઉદાહરણો અને તેનો અર્થ સ્વયં સમજી લેવો. એવી જ રીતે આગળના ઉદાહરણોમાં પણ તદનુરૂપ અન્ય ઉદાહરણો અને તેના અર્થો સ્વયં સમજી લેવા.)

सूत्रमधीष्व निर्युक्तिमधीष्व भाष्यमधीष्वेत्येवमधीते पठ्यते वा અહીં સામાન્યક્રિયાર્થક अधि + इ અને पठ् ધાતુનો અનુપ્રયોગ હોવાથી

सूत्र निर्युक्ति ..... વગેરે કર્મના ભેદથી ભિન્ન એવી ક્રિયાવિશેષાર્થક अधि+इ ધાતુને આ સૂત્રથી स्व પ્રત્યયાદિ કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स्व પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ वर्तमाना નો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી सूत्रमधीते; निर्युक्तिमधीते; भाष्यमधीते; इत्येवमधीते पठ्यते वा, આવો પ્રયોગ થાય છે. અર્થ - તે સૂત્ર ભણે છે; નિર્યુક્તિ ભણે છે, ભાષ્ય ભણે છે - આ રીતે ભણે છે.

व्रीहीन् वपत लुनीत पुनीतेत्येवं यतध्वे; व्रीहीन् वप लुनीहि पुनीहीत्येवं चेष्टध्वे; અહીં મધ્યમપુરુષ બહુવચનાન્ત યુષ્મદર્થબોધક સામાન્યક્રિયાર્થક यतध्वे અને चेष्टध्वे આ અનુપ્રયોગ હોવાથી वप् लू અને पू ધાતુને આ સૂત્રથી त અને हि પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી त અને हि પ્રત્યય ન થાય ત્યારે વર્ત્તમાનાનો ઉપર જણાવ્યા મુજબ थ પ્રત્યય થવાથી व्रीहीन् वपथ लुनीथ पुनीथेत्येवं यतध्वे(चेष्टध्वे वा) આવો પ્રયોગ થાય છે. અર્થ- તમે વ્રીહીને વાવો છો. કાપો છો. સાફ કરો છો. આ રીતે પ્રયત્ન કરો છો.

सूत्रमधीध्वं निर्युक्तिमधीध्वं भाष्यमधीध्वमित्येवमधीध्वे; सूत्रमधीष्व निर्युक्तिमधीष्व भाष्यमधीष्वेत्येवमधीध्वे; અહીં મધ્યમપુરુષ બહુવચનાન્ત યુષ્મદર્થબોધક अधीध्वे આવો અનુપ્રયોગ હોવાથી જુદા જુદા કર્મની અપેક્ષાએ ભિન્ન-વિશેષક્રિયાના વાચક अधि + इ ધાતુને આ સૂત્રથી ध्वम् અને स्व પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ध्वम् અને स्व પ્રત્યય ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ वर्तमाना નો ध्वे પ્રત્યય વગેરે કાર્ય થવાથી सूत्रमधीध्वे निर्युक्तिमधीध्वे भाष्यमधीध्वे, इत्येवमधीध्वे આવો પ્રયોગ થાય છે. અર્થ - તમે સૂત્ર ભણો છો. નિર્યુક્તિ ભણો છો.ભાષ્ય ભણો છો- આ રીતે ભણો છો.

सामान्यार्थस्येति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્રિયાવિશેષોનો સમુદાય ગમ્યમાન હોય તો તદર્થક ધાતુને ક્રિયાસામાન્યાર્થક જ ધાતુનો અનુપ્રયોગ હોય ત્યારે સર્વવિભક્તિ - વચનોમાં हि અને स्व પ્રત્યય થાય છે. તેમ જ બહુત્વવિશિષ્ટ યુષ્મદર્થક સામાન્યક્રિયાર્થક જ

ધાતુના અનુપ્રયોગમાં त ध्वम् हि અને स्व પ્રત્યય થાય છે. તેથી व्रीहीन् वप लुनीहि पुनीहि इत्येवं वपति लुनाति पुनाति આવો પ્રયોગ સાચો મનાતો નથી. કારણ કે અહીં સામાન્યક્રિયાર્થક ધાતુનો અનુપ્રયોગ નથી ... ।।૪૩।।

## निषेधेऽलं-खल्वोः क्त्वा ५।४।४४।।

નિષેધાર્થક अलम् અને खलु ઉપપદ હોય તો ધાતુને વિકલ્પથી क्त्वा (त्वा) પ્રત્યય થાય છે. अलं कृत्वा અને खलु कृत्वा અહીં આ સૂત્રથી कृ ધાતુને क्त्वा પ્રત્યય થયો છે. અર્થ - કરવાથી સર્યું. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त्वा પ્રત્યય ન થાય ત્યારે अलं रुदितेन ઈત્યાદિ સ્થળે क्तक्तवतू ५-१-१७४ થી रुद् ધાતુને क्त प्रत्ययादि કાર્ય થાય છે. रुदितेन અહીં 'कृताद्यैः २-२-४७' થી તૃતીયા વિભક્તિ થાય છે. અહીં क्त्वा પ્રત્યય ભાવમાં થાય છે. क्त्वा પ્રત્યયના યોગમાં જ खलु શબ્દ નિષેધાર્થક હોવાથી વિકલ્પપક્ષમાં अलं रुदितेन આ દૃષ્ટાન્તની જેમ તેનું ઉદાહરણ નથી ... વગેરે યાદ રાખવું. અર્થ - રડવાથી સર્યું. ।।૪૪।।

## पराऽवरे ५।४।४५।।

पर અને अवर અર્થ ગમ્યમાન હોય તો ધાતુને વિકલ્પથી क्त्वा પ્રત્યય થાય છે. अतिक्रम्य नदीं गिरिः અને अप्राप्य नदीं गिरिः અહીં પર અને અવર અર્થ ગમ્યમાન હોવાથી अति + क्रम् ધાતુને અને नञ् પૂર્વક प्र + आप् ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् (य) આદેશ......વગેરે કાર્ય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય ન થાય ત્યારે 'अनट् ५-३-१२४' થી अति + क्रम् ધાતુને अनट् પ્રત્યયાદિ કાર્ય થવાથી અને 'स्त्रियां क्तिः ५-३-९१' થી नञ् પૂર્વક प्र + आप् ધાતુને क्ति પ્રત્યયાદિ કાર્ય થવાથી

અનુક્રમે नद्यतिक्रमणे गिरिः અને नद्यप्राप्त्या गिरिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નદીની પરમાં પર્વત છે. નદીની પૂર્વે પર્વત છે. ॥૪૫॥

## निमील्यादि - मेङस्तुल्यकर्तृके ५।४।४६॥

ધાત્વર્થાન્તરની સાથે સમાન છે કર્ત્તા જેનો (અર્થાદ્ ધાત્વર્થાન્તરનો કર્ત્તા છે કર્ત્તા જેનો) એવા ધાતુને तुल्यकर्तृक ધાતુ કહેવાય છે. તુલ્યકર્તૃક निमील्यादि ગણપાઠમાંના ધાતુને તેમ જ मेङ् (૬૦૩) ધાતુને ધાતુના સંબંધમાં વિકલ્પથી क्त्वा પ્રત્યય થાય છે. અહીં સંબન્ધ તરીકે, ધાત્વર્થક્રિયાનો પૂર્વાપરીભાવ વિવક્ષિત છે. અર્થાત્ તાદૃશ પૂર્વાપરીભાવાત્મક સંબન્ધમાં આ સૂત્રથી क्त्वा પ્રત્યય થાય છે. આવી જ રીતે ઉત્તરસૂત્રોમાં પણ તાદૃશ સમ્બન્ધ વિવક્ષિત છે. अक्षिणी निमील्य हसति અને मुखं व्यादाय स्वपिति અહીં તુલ્યકર્ત્તૃક नि + मील् ધાતુને અને वि + आ + दा ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય. त्वा ને 'अनञः० ३-२-१५४' થી यप् આદેશ વગેરે કાર્ય થાય છે. અહીં નયનમીલન અને હસવાનો તેમ જ મુખવ્યાદાન અને શયનનો એક જ કાળ છે. त्वा પ્રત્યય પૂર્વાપરીભાવાપન્ન ક્રિયાસ્થળે અર્થાત્ ભિન્નકાલવૃત્તિ ક્રિયાસ્થળે વિહિત છે. તેથી ઉપર જણાવ્યા મુજબ સમાન - એક કાળમાં त्वा પ્રત્યયના વિધાન માટે આ સૂત્ર છે - એ સમજી શકાય છે. અર્થક્રમશઃ- આંખ મીંચીને હસે છે. મુખ પહોળું કરીને સૂવે છે. अपमित्य याचते અહીં अप + मे ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ क्त्वा ને यप् આદેશ. 'मेङो० ४-३-८८' થી मेङ् ધાતુને मित् આદેશ વગેરે કાર્ય થવાથી अपमित्य આવો પ્રયોગ થયો છે. અર્થ - અપમાનિત થવાને ઈચ્છે છે. વિકલ્પપક્ષમાં अप + मेङ् ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય ન થાય ત્યારે 'क्रियायां० ५-३-१३' થી तुम् પ્રત્યય. 'आत् सन्ध्य० ४-२-१' થી मे ધાતુના ए ને आ આદેશ વગેરે કાર્ય થવાથી अपमातुं याचते આવો પ્રયોગ થાય છે. અહીં પરકાલમાં क्त्वा પ્રત્યય વિહિત છે. સામાન્યથી

क्त्वा પ્રત્યય પ્રાક્કાલમાં વિહિત છે.

तुल्यकर्तृक इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્યકર્તૃકાર્થક જ निमील्यादि ગણપાઠમાંના ધાતુને તેમ જ मेङ् ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી क्त्वा પ્રત્યય થાય છે. તેથી चैत्रस्याक्षिनिमीलने मैत्रो हसति અહીં ઉભયક્રિયા(નિમીલન અને હસન)નો કર્ત્તા ભિન્ન હોવાથી આ સૂત્રથી नि + मील् ધાતુને क्त्वा પ્રત્યય થતો નથી. પરન્તુ 'अनट् ૫-૩-૧૨૪' થી अनट् પ્રત્યય થાય છે. અર્થ - ચૈત્રના આંખ મીંચ્યા પછી મૈત્ર હસે છે.

અહીં યાદ રાખવું જોઈએ કે - अक्षिणी निमील्य हसति ... ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પથી વિહિત હોવા છતાં વિકલ્પપક્ષમાં ઉદાહરણ આપ્યું નથી. એનું કારણ એ છે કે એવા સ્થળે नि + मील् વગેરે ધાતુને કોઈ પ્રત્યયની પ્રાપ્તિ નથી. આગળના (ઉત્તર) સૂત્રોમાં જ્યાં आसित्वा भुङ्क्ते... ઈત્યાદિ સ્થળે વિકલ્પપક્ષમાં त्वा પ્રત્યય ન થાય ત્યારે आस्यते भोक्तुम् ... ઈત્યાદિ યથાપ્રાપ્ત પ્રત્યયના ઉદાહરણ આપ્યા છે. ત્યાં પણ એ તો યાદ રાખવું જોઈએ કે प्राक्कालता અને वर्त्तमानकालता आस् ધાત્વર્થમાં ક્રમશઃ બંન્ને ઉદાહરણમાં જણાય છે. તેમ જ भुज् ધાત્વર્થમાં ક્રમશઃ બંન્ને ઉદારહણમાં વર્ત્તમાનકાલતા અને ભવિષ્યત્કાલતા જણાય છે. એટલે એ બંન્ને ઉદાહરણમાં અર્થભેદ તો છે જ. અર્થની સમાનતા તો નથી જ. આથી એમ જણાય છે કે આ સૂત્ર (૫-૪-૪૬) થી માંડીને સૂ.નં. ૫-૪-૮૩ સુધીના क्त्वा પ્રત્યયાદિવિધાયક સૂત્રોમાં વિકલ્પપક્ષમાં જ્યાં અન્યપ્રત્યયની પ્રાપ્તિ હોવા છતાં ઉદાહરણ નથી, ત્યાં અન્યપ્રત્યય થાય છે. જ્યાં અન્યપ્રત્યયની પ્રાપ્તિ છે ત્યાં તેમજ અર્થભેદવાળાં ઉદાહરણોથી અતિરિક્ત સ્થળે પ્રયોગો થતા નથી માટે ઉદાહરણો આપ્યા નથી. ॥૪૬॥

## प्राक्काले ५।४।४७॥

ધાત્વર્થ પરકાલીન ક્રિયાના સમાનકર્તૃક પૂર્વકાલીન ક્રિયાના વાચક ધાતુને; ધાતુના સંબન્ધમાં વિકલ્પથી क्त्वा પ્રત્યય થાય છે. आसित्वा भुङ्क्ते અહીં પરકાલીન ભોજનક્રિયાના સમાનકર્તૃક પૂર્વકાલીન आसि ક્રિયાના વાચક आस् ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યયાદિ કાર્ય થવાથી आसित्वा આવો પ્રયોગ થાય છે. અર્થ - બેસીને ખાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त्वा પ્રત્યય ન થાય ત્યારે आस्यते भोक्तुम् આવો પ્રયોગ થાય છે. અર્થ -ખાવા માટે બેસે છે.

प्राक्काल इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્યકર્તૃક પ્રાક્કાલાર્થક જ ધાતુને; ધાતુના સંબન્ધમાં વિકલ્પથી क्त्वा પ્રત્યય થાય છે. તેથી भुज्यते पीयते वा અહીં આ સૂત્રથી क्त्वा પ્રત્યય ન થવાથી भुज् અને पा ધાતુને ભાવમાં ते પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં પ્રાક્કાલાર્થક ધાતુ નથી. અર્થ - ખવાય છે, અથવા પીવાય છે. (प्राक्काले ની અનુવૃત્તિ સંભવ મુજબ આગળના સૂત્રોમાં પણ છે.) ||૪૭||

## ख्णम् चाऽऽभीक्ष्ण्ये ५।४।४८॥

आभीक्ष्ण्य (અન્ય ક્રિયાના વ્યવધાન વિના વારંવાર ક્રિયા કરવી) અર્થ ગમ્યમાન હોય ત્યારે પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક પૂર્વકાલીન ક્રિયાર્થક ધાતુને ધાતુના સંબન્ધમાં ख्णम् (अम्) પ્રત્યય અને क्त्वा પ્રત્યય થાય છે. भोजं भोजं याति અહીં આ સૂત્રથી भुज् ધાતુને ख्णम् પ્રત્યય. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થાય ત્યારે क्त्वा પ્રત્યયાદિ કાર્ય થાય છે. જેથી भोजं भोजम् અને भुक्त्वा भुक्त्वा આવો પ્રયોગ થાય છે. અહીં 'भृशाभीक्ष्ण्या० ७-४-७३' થી દ્વિત્વ થયું છે. અર્થ - વારંવાર ખાઈને જાય છે. ||૪૮||

## पूर्वाऽग्रे - प्रथमे ५।४।४९॥

पूर्व अग्रे અને प्रथम ઉપપદ હોય તો; પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક પૂર્વકાલીન-ક્રિયાર્થક ધાતુને; ધાતુના સંબન્ધમાં ख्णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. पूर्वं भोजं याति, पूर्वं भुक्त्वा याति; अग्रे भोजं याति अग्रे भुक्त्वा याति; प्रथमं भोजं याति, प्रथमं भुक्त्वा याति અહીં આ સૂત્રથી भुज् ધાતુને ख्णम् (अम्) પ્રત્યયાદિ કાર્ય થવાથી भोजम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યયાદિ કાર્ય થવાથી भुक्त्वा આવો પ્રયોગ થાય છે. તેના (૫-૪-૪૭) વિકલ્પપક્ષમાં क्त्वा પ્રત્યય ન થાય ત્યારે पूर्वं भुज्यते ततो याति ... ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થ (બધાનો) - પહેલા ખાય છે પછી જાય છે. ॥૪૯॥

## अन्यथैवं - कथमित्थमः कृगोऽनर्थकात् ५।४।५०॥

अन्यथा एवम् कथम् અને इत्थम् શબ્દથી પરમાં રહેલા; પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના તુલ્યકર્તૃક અનર્થક कृ ધાતુને ધાતુના સંબન્ધમાં ख्णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. अन्यथा एवम् कथम् અને इत्थम् પૂર્વક कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૫૧' થી कृ ના ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી अन्यथाकारम् एवङ्कारम् कथङ्कारम् इत्थङ्कारम् भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉલટું ખાય છે. આ રીતે ખાય છે. કેવી રીતે ખાય છે. આવી રીતે ખાય છે. વિકલ્પપક્ષમાં कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યયાદિ કાર્ય થવાથી अन्यथाकृत्वा વગેરે પ્રયોગ થાય છે. अनर्थकादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अन्यथा... વગેરે પદથી પરમાં રહેલા પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના તુલ્યકર્તૃક અનર્થક જ कृ ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી ख्णम्

પ્રત્યય થાય છે. તેથી अन्यथाकृत्वा शिरो भुङ्क्ते અહીં આ સૂત્રથી कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ ख्णम् પ્રત્યય ન થવાથી क्त्वा પ્રત્યય થયો છે. અર્થ - માથું ઉધું કરીને ખાય છે. અહીં अन्यथा શબ્દ શિરના વિશેષણ રૂપે પ્રયુક્ત છે, તેથી कृ ધાતુ ઉપર જણાવ્યા મુજબ અનર્થક નથી. अन्यथा भुङ्क्ते આ વાક્યનો જે અર્થ છે, તે જ અર્થ अन्यथाकारं भुङ्क्ते આ વાક્યનો પણ છે. તેથી અહીં कृ ધાતુ અનર્થક છે. સામાન્યથી વાક્યઘટક જે પદ-શબ્દ વિના વાક્યાર્થ અપૂર્ણ નથી રહેતો- તે શબ્દ અનર્થક હોય છે - એ યાદ રાખવું.... ॥૫૦॥

**यथा - तथादीर्ष्योत्तरे ५।४।५१॥**

પ્રશ્નનો ઉત્તર ઈર્ષ્યાપૂર્વક અપાતો હોય તો; यथा અને तथा શબ્દથી પરમાં રહેલા પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક અનર્થક - એવા कृ ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી ख्णम् પ્રત્યય થાય છે. कथं त्वं भोक्ष्यसे? इति पृष्टो ऽसूयया तं प्रत्याह - यथाकारमहं भोक्ष्ये तथाकारमहं भोक्ष्ये किं तवानेन? અહીં यथा અને तथा નામથી પરમાં રહેલા તાદૃશ कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ - તું શી રીતે ખાઈશ? આ પ્રશ્નના જવાબમાં પ્રશ્નકર્ત્તાને કોઈ ઈર્ષ્યાથી કહે છે - હું જેમ ખાઈશ તેમ ખાઈશ; તારે શું કામ છે? ईर्ष्योत्तर इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રશ્નનો ઉત્તર ઈર્ષ્યાપૂર્વક જ અપાતો હોય તો; यथा અને तथा પદથી પરમાં રહેલા, તાદૃશ સમાનકર્તૃક અનર્થક कृ ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી ख्णम् પ્રત્યય થાય છે. તેથી જ્યાં ઉપર જણાવ્યા મુજબ પ્રશ્નનો જવાબ ઈર્ષ્યાપૂર્વક ન હોય ત્યારે 'यथाकृत्वाऽहं भोक्ष्ये तथा द्रक्ष्यसि' અહીં यथा + कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થવાથી 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય થયો છે. અર્થ - જે રીતે ખાઈશ તેમ તું જોઈશ. ॥૫૧॥

## शापे व्याप्यात् ५।४।५२॥

કર્મવાચક નામથી પરમાં રહેલા; પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના તુલ્યકર્તૃક कृ ધાતુને ધાતુના સંબન્ધમાં આક્રોશ અર્થ ગમ્યમાન હોય તો વિકલ્પથી ख्णम् પ્રત્યય થાય છે. चौरङ्कारमाक्रोशति અહીં કર્મવાચક चौर નામથી પરમાં રહેલા कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'खित्यनव्य० ૩-૨-૧૧૧' થી પૂર્વપદ चौर ના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી चौरङ्कारम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ચોર કહીને આક્રોશ કરે છે. शाप इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આક્રોશ અર્થ ગમ્યમાન હોય તો જ કર્મવાચક નામથી પરમાં રહેલા તાદૃશ તુલ્યકર્તૃક कृ ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી ख्णम् પ્રત્યય થાય છે. તેથી चौरं कृत्वा हेतुभिः कथयति અહીં આક્રોશ અર્થ ગમ્યમાન ન હોવાથી कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થવાથી 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય થાય છે. અર્થ - ચોર કહીને હેતુ - પૂર્વક સિદ્ધ કરે છે. ॥૫૨॥

## स्वाद्वर्थाददीर्घात् ५।४।५३॥

દીર્ઘ વર્ણ જેના અન્તમાં નથી એવા - સ્વાદ્વર્થક કર્મવાચક નામથી પરમાં રહેલા તુલ્યકર્તૃક (પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક) कृ ધાતુને; ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી ख्णम् પ્રત્યય થાય છે. स्वादुङ्कारं भुङ्क्ते અને मिष्टङ्कारं भुङ्क्ते અહીં स्वादु + कृ અને मिष्ट + कृ ધાતુને આ સૂત્રથી ख्णम् પ્રત્યય. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'खित्यनव्य० ૩-૨-૧૧૧' થી પૂર્વપદના અન્તે म् નો આગમ વગેરે કાર્ય થવાથી स्वादुङ्कारम् અને मिष्टङ्कारम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ख्णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યયાદિ કાર્ય થવાથી स्वादुं कृत्वा ... વગેરે પ્રયોગ થાય છે. અર્થ

(બંન્નેનો)- સ્વાદિષ્ટ બનાવીને ખાય છે.

अदीर्घादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દીર્ઘ વર્ણ જેના અન્તમાં નથી એવા સ્વાદ્વર્થક કર્મવાચક નામથી પરમાં રહેલા તુલ્યકર્તૃક कृ ધાતુને; ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી खणम् પ્રત્યય થાય છે. તેથી स्वादुर्वी कृत्वा यवागूं भुङ्क्ते અહીં દીર્ઘવર્ણાન્ત સ્વાદ્વર્થક કર્મવાચક स्वादुवी નામથી પરમાં રહેલા कृ ધાતુને આ સૂત્રથી खणम् પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય થાય છે. અર્થ - સ્વાદિષ્ટ કરીને રાબ વાપરે છે. ॥૫૩॥

## विद् - दृग्भ्यः कात्स्न्ये णम् ५।४।५४॥

કાત્સ્ન્ર્ય - સાકલ્યવિશિષ્ટ કર્મવાચક નામથી પરમાં રહેલા તુલ્યકર્તૃક (પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક) विद् (૧૦૯૯; ૧૩૨૨; ૧૪૯૭) ધાતુને અને दृश् ધાતુને; ધાતુના સમ્બંધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. अतिथिवेदं भोजयति અને कन्यादर्शं वरयति અહીં अतिथि + विद् અને कन्या + दृश् ધાતુને આ સૂત્રથી णम् (अम्) પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. 'लघोरुपा० ४-३-४' થી ધાતુના ઉપાન્ત્ય इ અને ऋ ને ગુણ ए અને अर् આદેશ... વગેરે કાર્ય થવાથી अतिथिवेदं અને कन्यादर्शं આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - જે કોઈને અતિથિ તરીકે જાણે છે મેળવે છે કે વિચારે છે - તે બધાને જમાડે છે. જે જે કન્યાને જુવે છે તે બધાને વરાવે છે. અહીં સમજી શકાશે કે ઉપલબ્ધ સર્વ અતિથિને પ્રયત્નપૂર્વક પ્રાપ્ત કરીને જમાડે છે. તેમ જ જે જે કન્યા ઉપલબ્ધ થાય છે તે તે કન્યાને પ્રયત્નપૂર્વક વરાવે છે - એ અર્થ પ્રતીત થાય છે. અતિથિ કે કન્યા એક હોય અથવા અધિક હોય - એની સાથે કોઈ સંબન્ધ નથી. પ્રયત્નવિષય કાત્સ્ન્ર્ય - સાકલ્ય હોવો જોઈએ. कार्त्स्न्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કાત્સ્ન્ર્યવિશિષ્ટ જ કર્મવાચક નામથી પરમાં રહેલા સમાનકર્તૃક विद् અને

दृश् ધાતુને વિકલ્પથી ધાતુના સમ્બન્ધમાં णम् પ્રત્યય થાય છે. તેથી अतिथिं विदित्वा भोजयति અહીં કાર્ત્સ્ન્યવિશિષ્ટ કર્મવાચક નામ ન હોવાથી આ સૂત્રથી विद् ધાતુને णम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - અતિથિ જાણીને જમાડે છે. અહીં ખાસ કોઈ પ્રયત્ન કર્યા વિના જ અતિથિને ભોજન કરાવે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ સાકલ્ય અર્થ નથી. સૂત્રમાં दृग्भ्यः આ પ્રમાણેના બહુવચનના નિર્દેશથી સકર્મક ત્રણ विद् ધાતુ ગૃહીત છે. અકર્મક विद् (૧૨૫૮) ધાતુ ગ્રાહ્ય ન હોવાથી તેના વિના विद् ધાતુ ગૃહીત છે. ||૫૪||

## यावतो विन्द - जीवः ५|४|५५||

કાર્ત્સ્ન્ય - સાકલ્યવિશિષ્ટ यावत् નામથી પરમાં રહેલા તુલ્યકર્તૃક (પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક) विद् (૧૩૨૨) ધાતુને તેમ જ जीव् ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. यावद्वेदं भुङ्क्ते અને यावज्जीवमधीते અહીં यावद् નામથી પરમાં રહેલા विद् અને जीव् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી यावद्वेदं અને यावज्जीवम् આવો પ્રયોગ થયો છે. અર્થ ક્રમશઃ- જેટલું મળે છે તેટલું ખાય છે. જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી ભણે છે. यावज्जीवमधीते અહીં प्राक् કાલનો સંભવ ન હોવાથી णम् પ્રત્યય સમાનકાલમાં થયો છે. ||૫૫||

## चर्मोदरात् पूरेः ५|४|५६||

चर्मन् અને उदर આ કર્મવાચક નામથી પરમાં રહેલા; પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના તુલ્યકર્તૃક पूरि (पूर् + णि) ધાતુને ધાતુના સમ્બંધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. चर्मन् + पूरि અને उदर +

पूरि ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષ સમાસ. 'णेरनिटि ४-३-८३' થી पूरि ના इ નો લોપ ... વગેરે કાર્ય થવાથી चर्मपूरमास्ते અને उदरपूरं शेते આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ચામડું પૂરાવીને બેસે છે. પેટ પૂરાવીને ઉંઘે છે. ||૫૬||

### वृष्टिमान ऊलुक् चास्य वा ५।४।५७।।

સમુદાય - સમાસથી વૃષ્ટિ - વરસાદનું પ્રમાણ જણાતું હોય તો વ્યાપ્યવાચક નામથી પરમાં રહેલા; તુલ્યકર્તૃક (પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના સમાનકર્તૃક) पूरि ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે અને ત્યારે पूरि ધાતુના ऊ નો વિકલ્પથી લોપ થાય છે. गोष्पदप्रम् गोष्पदपूरं वृष्टो मेघः અહીં गोष्पद + पूरि ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી पूरि ધાતુના इ નો લોપ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ. આ સૂત્રથી पूरि ધાતુના ऊ નો લોપ વગેરે કાર્ય થવાથી गोष्पदप्रम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ऊ નો લોપ ન થાય ત્યારે गोष्पदपूरम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયની ખુરાથી કરાયેલા પગલા પૂરાય એટલો વરસાદ વરસ્યો. ||૫૭||

### चेलार्थात् क्नोपेः ५।४।५८।।

સમાસથી વૃષ્ટિનું પ્રમાણ જણાતું હોય તો ચેલાર્થક (વસ્ત્રાર્થક) કર્મવાચક નામથી પરમાં રહેલા - પરકાલીન ક્રિયાર્થક ધાત્વર્થના તુલ્યકર્તૃક क्नोपि ધાતુને ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. चेलक्नोपं वृष्टो मेघः અહીં चेल + क्नोपि ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'णेरनिटि ४-३-८३' થી 'क्नोपि' ધાતુના इ નો લોપ... વગેરે કાર્ય થવાથી चेलक्नोपम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કપડા ભીના થાય એટલો વરસાદ થયો. ||૫૮||

## गात्र - पुरुषात् स्नः ५।४।५९॥

वर्षानी ईयत्ता (प्रमाण) गम्यमान होय तो व्याप्य-कर्मवाचक गात्र अने पुरुष नामथी परमां रहेला; परकालीन क्रियार्थक धात्वर्थना तुल्यकर्तृक स्ना धातुने धातुना संबन्धमां विकल्पथी णम् प्रत्यय थाय छे. गात्र + स्ना अने पुरुष + स्ना धातुने आ सूत्रथी णम् प्रत्यय. 'ङस्युक्तं० ३-१-४९' थी तत्पुरुषसमास. 'आत ऐः० ४-३-५३' थी स्ना धातुना आ ने ऐ आदेश वगेरे कार्य थवाथी अनुक्रमे गात्रस्नायं वृष्टः अने पुरुषस्नायं वृष्टः आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- शरीरने स्नान थाय एटलुं वरस्यो. पुरुषने स्नान थाय एटलुं वरस्यो. ॥५९॥

## शुष्क - चूर्ण - रूक्षात् पिषस्तस्यैव ५।४।६०॥

व्याप्यवाचक शुष्क चूर्ण अने रूक्ष नामथी परमां रहेला पिष् धातुने पिष् धातुना ज संबन्धमां विकल्पथी णम् प्रत्यय थाय छे. शुष्क + पिष्; चूर्ण + पिष् अने रूक्ष + पिष् धातुने आ सूत्रथी णम् प्रत्यय. 'ङस्युक्तं० ३-१-४९' थी तत्पुरुषसमासादि कार्य थवाथी अनुक्रमे शुष्कपेषं पिनष्टि चूर्णपेषं पिनष्टि अने रूक्षपेषं पिनष्टि आवो प्रयोग थाय छे. अर्थ क्रमशः- शुष्क पीसे छे. चूर्ण पीसे छे. रुक्ष पीसे छे. (अहीं तुल्यकर्तृकत्व अने प्राक्कालत्व न होवाथी विकल्पपक्षमां क्त्वा प्रत्यय थतो नथी.) ॥६०॥

## कृग्-ग्रहोऽकृत-जीवात् ५।४।६१॥

व्याप्यवाचक अकृत अने जीव नामथी परमां रहेला अनुक्रमे कृ अने ग्रह् धातुने ते ज धातुना सम्बन्धमां विकल्पथी णम् प्रत्यय थाय छे. अकृत नामथी परमां रहेला कृ धातुने अने जीव नामथी परमां रहेला

ग्रह् धातुને આ સૂત્રથી णम् પ્રત્યય. 'नामिनो० ४-३-५१' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી अकृतकारं करोति અને जीवग्राहं गृह्णाति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- અકૃતને કરે છે. જીવતો ગ્રહણ કરે છે.॥६१॥

## निमूलात् कषः ५।४।६२॥

વ્યાપ્યવાચક निमूल નામથી પરમાં રહેલા कष् ધાતુને; कष् ધાતુના જ સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. निमूल + कष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી कष् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ... વગેરે કાર્ય થવાથી निमूलकाषं कषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી कष् ધાતુને णम् પ્રત્યય ન થાય ત્યારે 'भावाऽकर्त्रोः ५-३-१८' થી घञ् (अ) પ્રત્યયાદિ કાર્ય થવાથી निमूलस्य काषं कषति આવો પ્રયોગ થાય છે. અર્થ - મૂલ છોડીને નાશ કરે છે. ॥६२॥

## हनश्च समूलात् ५।४।६३॥

વ્યાપ્યવાચક समूल નામથી પરમાં રહેલા हन् ધાતુને અને कष् ધાતુને અનુક્રમે हन् અને कष् ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. समूल નામથી પરમાં રહેલા हन् અને कष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી સમાસ. 'ञ्णिति० ४-३-१००' થી हन् ધાતુને घात् આદેશ... વગેરે કાર્ય થવાથી समूलघातं हन्ति અને समूलकाषं कषति આવો પ્રયોગ થાય છે. અર્થ (બંન્નેનો) - સમૂલ નાશ કરે છે. समूल - આ સાકલ્ય અર્થમાં અવ્યયીભાવથી અથવા બહુવ્રીહિસમાસથી

નિષ્પન્ન છે. ॥૬૩॥

## करणेभ्यः ५।४।६४॥

કરણવાચક નામથી પરમાં રહેલા हन् ધાતુને हन् ધાતુના જ સંબંધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. पाणि + हन् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं० ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'ञ्णिति घात् ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ... વગેરે કાર્ય થવાથી पाणिघातं कुड्यमाहन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - હાથથી ભીંત ઉપર પ્રહાર કરે છે. સૂત્રસ્થ બહુવચનના નિર્દેશથી સકલ हन् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય થાય છે. તેથી હિંસાર્થક हन् ધાતુને પણ ઉપર જણાવ્યા મુજબ તે જ ધાતુના સંબન્ધમાં णम् પ્રત્યય આ સૂત્રથી થાય છે. (સૂ.નં. ૫-૪-૭૪ થી નહિ.) જેથી ઉપર જણાવ્યા મુજબ એવા સ્થળે નિત્યસમાસ પણ થાય છે. અન્યથા નિત્યસમાસ થાત નહિ... ॥૬૪॥

## स्व-स्नेहनार्थात् पुष-पिषः ५।४।६५॥

કરણવાચક स्व શબ્દાર્થક નામથી પરમાં રહેલા पुष् ધાતુને અને स्नेहन (જેના વડે સિંચાય તે જલાદિ) શબ્દાર્થક નામથી પરમાં રહેલા पिष् ધાતુને તે તે જ ધાતુના સંબંધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. स्व અને आत्मन् નામથી પરમાં રહેલા पुष् ધાતુને અને उदक તથા क्षीर નામથી પરમાં રહેલા पिष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं कृता ૩-૧-૪૯' થી તત્પુરુષસમાસ. 'लघोरु० ૪-૩-૪' થી ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ અને इ ને ગુણ ए આદેશ... વગેરે કાર્ય થવાથી स्वपोषं पुष्णाति અને आत्मपोषं पुष्णाति તથા उदपेषं पिनष्टि અને क्षीरपेषं पिनष्टि આવો પ્રયોગ થાય છે. અહીં उदक નામને 'उदकस्योदः० ૩-૨-૧૦૪' થી उद આદેશ થાય છે. અર્થક્રમશઃ- પોતાથી પોષે છે. પોતાથી

પોષે છે. પાણીથી પીસે છે. દૂધથી પીસે છે. અહીં स्व શબ્દનો અર્થ આત્મા આત્મીય જ્ઞાતિ અને ધન વિવક્ષિત છે - એ યાદ રાખવું. ॥૬૫॥

**हस्तार्थाद् ग्रह - वर्त्ति - वृतः ५।४।६६॥**

કરણવાચક हस्त શબ્દાર્થક નામથી પરમાં રહેલા ग्रह् वर्ति અને वृत् ધાતુને તે તે જ ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. हस्त અને कर નામથી પરમાં રહેલા ग्रह् ધાતુને, हस्त નામથી પરમાં રહેલા वर्ति ધાતુને તેમ જ पाणि નામથી પરમાં રહેલા वृत् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'णेरनिटि ४-३-८३' થી वर्ति ના इ નો લોપ. 'लघोरु० ४-३-४' થી वृत् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી हस्तग्राहं गृह्णाति करग्राहं गृह्णाति; हस्तवर्त्तं वर्त्तयति; पाणिवर्त्तं वर्त्तते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હાથથી ગ્રહણ કરે છે. હાથથી ગ્રહણ કરે છે. હાથથી વર્ત્તાવે છે. હાથથી વર્ત્તે છે. ॥૬૬॥

**बन्धे र्नाम्नि ५।४।६७॥**

સૂત્રસ્થ बन्धि પદ નામનું વિશેષણ છે તેમ જ बन्ध् ધાતુનું બોધક છે. તેથી સૂત્રાર્થ નીચે જણાવ્યા મુજબ થાય છે. સમાસ બન્ધવિશેષનું નામ હોય તો; કરણવાચક નામથી પરમાં રહેલા बन्ध् ધાતુને, बन्ध् ધાતુના જ સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. क्रौञ्च નામથી પરમાં રહેલા बन्ध् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं कृता ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી क्रौञ्चबन्धं बद्धः આવો પ્રયોગ થાય છે. અર્થ - ક્રૌઞ્ચબન્ધથી બંધાએલો. ॥૬૭॥

## आधारात् ५।४।६८॥

આધારવાચક નામથી પરમાં રહેલા बन्ध् ધાતુને, बन्ध् ધાતુના જ સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. चारक નામથી પરમાં રહેલા बन्ध् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી चारकबन्धम्बद्धः આવો પ્રયોગ થાય છે. અર્થ - ચારકબંધમાં બન્ધાએલો. ।।૬૮।।

## कर्तु जींव-पुरुषान्नश् - वहः ५।४।६९॥

કર્તૃવાચક - जीव અને पुरुष નામથી પરમાં રહેલા અનુક્રમે नश् અને वह् ધાતુને; અનુક્રમે नश् અને वह् ધાતુના જ સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. जीव નામથી પરમાં રહેલા नश् ધાતુને અને पुरुष નામથી પરમાં રહેલા वह् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञिणति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને वृद्धि आ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ - जीवनाशं नश्यति અને पुरुषवाहं वहति આવો પ્રયોગ થાય છે: અર્થક્રમશઃ - જીવતો નાશ પામે છે. પુરુષ (નોકર થઈને) વહન કરે છે. कर्तुरिति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કર્તૃવાચક જ जीव અને पुरुष નામથી પરમાં રહેલા અનુક્રમે नश् અને वह् ધાતુને તે તે ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. તેથી जीवेन नश्यति અહીં કર્તૃવાચક जीव નામથી પરમાં नश् ધાતુ ન હોવાથી આ સૂત્રથી नश् ધાતુને णम् પ્રત્યય થતો નથી. અર્થ - જીવદ્વારા નાશ પામે છે. ।।૬૯।।

## ऊर्ध्वात् पूः-शुषः ५।४।७०॥

કર્તૃવાચક ऊर्ध्व નામથી પરમાં રહેલા पूर् (૧૨૬૮) ધાતુને તેમ જ

शुष् ધાતુને; તે તે જ ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. ऊर्ध्व નામથી પરમાં રહેલા पूर् અને शुष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'लघोरु० ૪-૩-૪' થી शुष् ધાતુના उ ને ગુણ ओ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી ऊर्ध्वपूरं पूर्यते અને ऊर्ध्वशोषं शुष्यति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ઉપર પૂરું થાય છે. ઉપર સુકાય છે. ॥૭૦॥

### व्याप्याच्चेवात् ५।४।७१॥

इवार्थक - ઉપમાનાર્થક કર્મ અને કર્તૃવાચક નામથી પરમાં રહેલા ધાતુને તે તે જ ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. सुवर्ण (ઉપમાનાર્થક વ્યાપ્ય-કર્મવાચક) નામથી પરમાં રહેલા नि + धा ધાતુને અને काक (ઉપમાનાર્થક કર્તૃવાચક) નામથી પરમાં રહેલા नश् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'आत ऐ:० ४-३-५३' થી धा ધાતુના आ ને ऐ આદેશ. 'ञ्णिति ४-३-५०' થી नश् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસ વગેરે કાર્ય થવાથી सुवर्णनिधायं निहितः અને काकनाशं नष्टः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સુવર્ણની જેમ રાખેલો. કાગડાની જેમ ભાગી ગયો. ॥૭૧॥

### उपात् किरो लवने ५।४।७२॥

उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુને છેદનાર્થક ધાતુનો સંબન્ધ હોય તો વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. उप + कृ ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'किरो लवने ४-४-९३' થી ધાતુની પૂર્વે स्. 'नामिनो० ४-३-५१' થી कॄ ને વૃદ્ધિ आर् આદેશ. 'ङस्युक्तं० ३-१-४९' થી તત્પુરુષસમાસાદિ કાર્ય થવાથી उपस्कारं मद्रका लुनन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - મદ્રક દેશના લોકો ફેલાવીને કાપે છે. लवन इति

किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उप + कृ ધાતુને લવન - છેદનાર્થક જ ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. તેથી उपकीर्य याति અહીં લવનાર્થક ધાતુનો સમ્બન્ધ ન હોવાથી उप + कृ ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् (य) આદેશ. 'ॠतां० ४-४-११६' થી ॠ ને इर् આદેશ. 'भ्वादेर्नामि० २-१-६३' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી उपकीर्य આવો પ્રયોગ થાય છે. અર્થ- વિખેરીને જાય છે. ।।૭૨।।

## दंशेस्तृतीयया ५।४।७३।।

તૃતીયા વિભક્ત્યન્ત પદનો યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક (પરકાલીન ક્રિયાર્થકધાત્વર્થના સમાનકર્તૃક) उप ઉપસર્ગપૂર્વક दंश् ધાતુને વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. मूलकेनोपदंशं भुङ्क्ते मूलकोपदंशं भुङ्क्ते અહીં આ સૂત્રથી उप+दंश् ધાતુને णम् પ્રત્યયાદિ કાર્ય થવાથી मूलकेनोपदंशं આવો પ્રયોગ થાય છે. 'तृतीयो० ३-१-५०' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થવાથી मूलकोपदंशं આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં उप+दंश् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય, 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ. 'नो व्यञ्जन० ४-२-४५' થી दंश् ના न् નો લોપ વગેરે કાર્ય થવાથી मूलकेनोपदश्य भुङ्क्ते આવો પ્રયોગ થાય છે. અર્થ- મૂલની સાથે દાંતથી તોડીને ખાય છે.।।૭૩।।

## हिंसार्थादेकाऽऽप्यात् ५।४।७४।।

તૃતીયાન્ત પદની સાથે સંબન્ધ હોય તો; તુલ્યકર્મક એવા તુલ્યકર્તૃકાર્થક હિંસાવાચક ધાતુને; ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે.

दण्डेनोपघातं दण्डोपघातं दण्डेनोपहत्य च गाः सादयति અહીં उप+हन् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति० ૪-૩-૧૦૦' થી हन् ધાતુને घात् આદેશ વગેરે કાર્ય થવાથી दण्डेनोपघातम् આવો પ્રયોગ થાય છે. 'तृतीयोक्तं वा ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થવાથી दण्डोपघातम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં उप+हन् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ૩-૨-૧૫૪' થી क्त्वा ને यप् આદેશ. 'यमि-रमि० ૪-૨-૫૫' થી हन् ધાતુના न् નો લોપ. 'ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી यप् ના य ની પૂર્વે त् નો આગમ... વગેરે કાર્ય થવાથી दण्डेनोपहत्य આવો પ્રયોગ થાય છે. અર્થ- દણ્ડથી મારીને ગાયને દુઃખી કરે છે. અહીં બંન્ને ધાતુનું કર્મ ગાય એક જ છે - - એ સમજી શકાય છે. एकाप्याद् इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તુલ્યકર્મક જ તુલ્યકર્તૃકાર્થક હિંસાર્થક ધાતુને; તૃતીયાન્ત પદની સાથે યોગ-સંબન્ધ હોય તો ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. તેથી दण्डेनोपहत्य चौरं गोपालको गाः खेटयति અહીં ભિન્નકર્મક उप+हन् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ- દંડથી ચોરને મારીને ગોવાળીયો ગાયો ચરાવે છે. ॥૭૪॥

## उपपीड-रुध-कर्षस्तत्सप्तम्या ૫।૪।૭૫॥

તૃતીયા અને સપ્તમી વિભક્ત્યન્ત પદની સાથે યોગ હોય તો; તુલ્યકર્તૃકાર્થક उप ઉપસર્ગથી પરમાં રહેલા पीड् रुध् અને कृष् (૫૦૬) ધાતુને; ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. पार्श्वाभ्यामुपपीडं पार्श्वोपपीडं शेते; पार्श्वयोरुपपीडं पार्श्वोपपीडं शेते અહીં આ સૂત્રથી उप+पीड् ધાતુને णम् પ્રત્યયાદિ કાર્ય અને 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થયું છે. આવીજ રીતે व्रजेनोपरोधं व्रजोपरोधं; व्रजे उपरोधं व्रजोपरोधं गाः स्थापयति તેમજ पाणिनोपकर्षं पाण्युपकर्षं;

पाणावुपकर्षं पाण्युपकर्षं गृह्णाति અહીં उप + रुध् અને उप + कृष् ધાતુને આ. સૂત્રથી णम् પ્રત્યય. 'लघोरु० ४-३-४' થી ધાતુના ઉપાન્ત્ય उ ને અને ऋ ને ગુણ ओ અને अर् આદેશાદિ કાર્ય અને ઉપર જણાવ્યા મુંજબ સમાસાદિ કાર્ય થયું છે. અર્થ ક્રમશઃ- બંન્ને બગલમાં દબાવીને ઉઘે છે. ગોકુળમાં રોકીને ગાયો મૂકે છે. હાથથી ખેંચીને ગ્રહણ કરે છે.॥૭૫॥

**प्रमाण-समासत्त्योः ५।४।७६॥**

લંબાઈનું પ્રમાણ તેમજ સંરંભ(ઉતાવળ)પૂર્વક કરાએલ સમ્બન્ધ - અર્થ ગમ્યમાન હોય તો, તૃતીયા અને સપ્તમી વિભક્ત્યન્ત પદની સાથે સમ્બન્ધ હોય ત્યારે ; તુલ્યકર્તૃકાર્થક ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. द्व्यङ्गुलेनोत्कर्षं द्व्यङ्गुलोत्कर्षं, द्व्यङ्गुले उत्कर्षं द्व्यङ्गुलोत्कर्षं गण्डिकाश्छिनत्ति અહીં उत्+कृष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય અને 'तृतीयोक्तं वा ३-१-५०' થી સમાસાદિ કાર્ય થયું છે. આવીજ રીતે केशैर्ग्राहं केशग्राहं केशेषु ग्राहं केशग्राहं युध्यन्ते અહીં ग्रह् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. ग्रह् ધાતુના अ ને 'ञ्णिति ४-३-५०' થી વૃદ્ધિ आ આદેશ.'तृतीयो० ३-१-५०' થી સમાસ વગેરે કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ उत्+कृष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ... વગેરે કાર્ય થવાથી द्व्यङ्गुलेनोत्कृष्य गण्डिकाश्छिनत्ति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- બે આંગળ માપીને શેલડી કાપે છે. વાળથી પકડીને યુદ્ધ કરે છે. ॥૭૬॥

## पञ्चम्या त्वरायाम् ५।४।७७॥

ત્વરા (ઔત્સુક્ય) અર્થ ગમ્યમાન હોય ત્યારે; પઞ્ચમી-વિભક્ત્યન્ત નામનો યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક ધાતુને; ધાતુના સંબન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. शय्याया उत्थायं धावति शय्योत्थायं धावति અહીં આ સૂત્રથી उद् + स्था ધાતુને णम् પ્રત્યય. 'आत ऐ:० ४-३-५३' થી स्था ના आ ને ऐ આદેશ. 'उदः स्था० १-३-४४' થી स्था ના स् નો લોપ વગેરે કાર્ય થાય છે. તેમ જ 'तृतीयो० ३-१-५०' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થાય છે. અર્થ - શય્યાથી જલ્દી ઉઠીને દોડે છે. વિકલ્પ પક્ષમાં उद् + स्था ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય. क्त्वा ને 'अनञः० ३-२-१५४' થી यप् આદેશ વગેરે કાર્ય થવાથી शय्याया उत्थाय धावति આવો પ્રયોગ થાય છે. त्वरायामिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ત્વરા અર્થ ગમ્યમાન હોય ત્યારે જં, પઞ્ચમ્યન્ત પદની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક ધાતુને ધાતુના સંબન્ધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી आसनादुत्थाय याति અહીં ત્વરા અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી उद् + स्था ધાતુને णम् પ્રત્યય થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યયાદિ કાર્ય થાય છે. અર્થ - આસનથી ઉઠીને જાય છે.॥૭૭॥

## द्वितीयया ५।४।७८॥

ત્વરા (ઔત્સુક્ય) અર્થ ગમ્યમાન હોય તો; દ્વિતીયા વિભક્ત્યન્ત નામની સાથે યોગ હોય ત્યારે તુલ્યકર્તૃકાર્થક ધાતુને; ધાતુના સમ્બન્ધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. लोष्टान् ग्राहं, लोष्टग्राहं युध्यन्ते અહીં ग्रह् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ग्रह् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'तृतीयोक्तं वा ३-१-५०' થી વિકલ્પે

સમાસ વગેરે કાર્ય થાય છે. વિકલ્પપક્ષમાં ग्रह् ધાતુને णम् પ્રત્યય આ સૂત્રથી ન થાય ત્યારે- 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી क्त्वा પ્રત્યયની પૂર્વે इट्. 'ग्रह-व्रस्च० ૪-૧-૮૪' થી ग्रह् ના र ને ऋ આદેશ 'गृह्णोऽपरो० ૪-૪-૩૪' થી इट् ના इ ને દીર્ઘ ई આદેશ. વગેરે કાર્ય થવાથી लोष्टान् गृहीत्वा युध्यन्ते આવો પ્રયોગ થાય છે. અર્થ - જલ્દી ઢેફાં ગ્રહણ કરીને મારે છે. ||૭૮||

## स्वाङ्गेना ऽ ध्रुवेण ५।४।७९॥

જે અઙ્ગને કાપવાથી કે વિદારવાથી પ્રાણી મરતો નથી તે અઙ્ગને અધ્રુવ કહેવાય છે. અધ્રુવ-સ્વાઙ્ગવાચક દ્વિતીયા વિભક્ત્યન્ત નામની સાથે યોગ હોય તો ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. भ्रुवौ विक्षेपं, भ्रू-विक्षेपं जल्पति અહીં આ સૂત્રથી वि + क्षिप् ધાતુને णम् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી क्षिप् ધાતુના इ ને ગુણ ए આદેશ. 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસ વગેરે કાર્ય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. क्त्वा ને 'अनञः० ૩-૨-૧૫૪' થી यप् આદેશ વગેરે કાર્ય થવાથી भ्रुवौ विक्षिप्य जल्पति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભવાં ફેલાવીને બોલે છે. अध्रुवेणेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિતીયાન્ત અધ્રુવવાચક જ સ્વાઙ્ગવાચી નામની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃક ધાતુને ધાતુના સમ્બન્ધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. તેથી शिर उत्क्षिप्य वक्ति અહીં આ સૂત્રથી उत् + क्षिप् ધાતુને णम् પ્રત્યય ન થવાથી ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યયાદિ કાર્ય થાય છે. અહીં દ્વિતીયાન્ત शिरस् સ્વાઙ્ગવાચક હોવા છતાં અધ્રુવાર્થક નથી. અર્થ - માથું ઉછાળીને બોલે છે. ||૭૯||

## परिक्लेश्येन ५।४।८०॥

દ્વિતીયાન્ત - અત્યન્ત પીડા પમાડાતા સ્વાઙ્ગવાચક (ધ્રુવાર્થક) નામની સાથે યોગ હોય તો; તુલ્યકર્તૃકાર્થક ધાતુને ધાતુના સમ્બન્ધમાં णम् પ્રત્યય વિકલ્પથી થાય છે. उरांसि प्रतिपेषं; उरःप्रतिपेषं युध्यन्ते અહીં प्रति + पिष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. पिष् ધાતુના इ ને 'लघोरु० ૪-૩-૪' થી ગુણ ए આદેશ... તેમજ 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થયું છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી प्रति + पिष् ધાતુને णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ૩-૨-૧૫૪' થી त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થવાથી उरांसि प्रतिपेष्य (प्रतिपिष्य वा જુઓ સૂ.નં. ૪-૩-૨૫) युध्यन्ते આવો પ્રયોગ થાય છે. અર્થ - છાતીને અતિશય પીડીને યુદ્ધ કરે છે. ॥૮૦॥

## विश-पत-पद-स्कन्दो वीप्साऽऽभीक्ष्ण्ये ५।४।८१॥

દ્વિતીયા વિભક્ત્યન્ત નામની સાથે યોગ હોય તો; તુલ્યકર્તૃકાર્થક विश् पत् पद् અને स्कन्द् ધાતુને ધાતુના સમ્બંધમાં; વીપ્સા અને આભીક્ષ્ણ્ય અર્થ ગમ્યમાન હોય ત્યારે વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. અહીં विश् पत् વગેરે ધાત્વર્થ ક્રિયાથી ઉપપદાર્થ - ગૃહાદિને સમગ્રતયા વ્યાપ્ત કરવાની જે ઈચ્છા, તેને वीप्सा કહેવાય છે. અને विश् पत् વગેરે ધાત્વર્થ ક્રિયાનું વારંવાર કરવું તેને આભીક્ષ્ણ્ય કહેવાય છે. गेहंगेहमनुप्रवेशमास्ते गेहानुप्रवेशमास्ते અહીં વીપ્સા અર્થ ગમ્યમાન હોવાથી अनु + प्र + विश् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. विश् ધાતુના इ ને 'लघोरु० ૪-૩-૪' થી ગુણ ए આદેશ. 'वीप्सायाम् ૭-૪-૮૦' થી गेहम् ને દ્વિત્વ વગેરે કાર્ય થયું છે. તેમ જ 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થયું છે. गेहमनुप्रवेशमनुप्रवेशं, गेहानुप्रवेशमास्ते અહીં આભીક્ષ્ણ્ય અર્થમાં अनु + प्र + विश् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'भृशा० ૭-૪-૭૩' થી

अनुप्रवेशम् ને દ્વિત્વ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થયું છે. વીપ્સા કે આભીક્ષ્ણ્ય અર્થમાં સમાસસ્થળે શબ્દશક્તિના સ્વભાવને લઈને દ્વિત્વ થતું નથી. સમાસ ન હોય ત્યારે ઉપર જણાવ્યા મુજબ વીપ્સામાં સ્યાદિ વિભક્ત્યન્તને દ્વિત્વ થાય છે. અને આભીક્ષ્ણ્યમાં ત્યાદ્યન્તને તેમજ અવ્યયસંજ્ઞક કૃદન્તને દ્વિવ થાય છે. - અહીં णम् પ્રત્યયાન્ત કૃદન્તને 'क्त्वा - तुमम् ૧-૧-૩૫' થી અવ્યયસંજ્ઞા વિહિત છે - એ યાદ રાખવું. આવીજ રીતે गेहं गेहमनुप्रपातं, गेहानुप्रपातमास्ते; गेहमनुप्रपातमनुप्रपातम्, गेहानुप्रपातमास्ते; गेहं गेहमनुप्रपादं, गेहानुप्रपादमास्ते; गेहमनुप्रपादमनुप्रपादं, गेहानुप्रपादमास्ते। गेहं गेहमवस्कन्दं, गेहावस्कन्दमास्ते; गेहमवस्कन्दमवस्कन्दं, गेहावस्कन्दमास्ते અહીં ક્રમશઃ વીપ્સામાં અને આભીક્ષ્ણ્યમાં अनु + प्र + पत्; अनु + प्र + पद् અને अव + स्कन्द् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. पत् અને पद् ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ.... વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. વિકલ્પપક્ષમાં अनु + प्र + विश् વગેરે ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. क्त्वा ને 'अनञः० ૩-૨-૧૫૪' થી यप् આદેશ વગેરે કાર્ય થવાથી गेहं गेहमनुप्रविश्य; गेहमनुप्रविश्यानुप्रविश्या ऽऽस्ते..... ઈત્યાદિ પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઘર ઘરમાં-પ્રવેશ કરીને રહે છે. ઘરમાં વારંવાર પ્રવેશ કરીને રહે છે. ઘર ઘરમાં જઈને રહે છે. ઘરમાં વારંવારં જઈને રહે છે. ઘર ઘરમાં જઈને રહે છે. ઘરમાં વારંવાર જઈને રહે છે.ઘર ઘરને ઘેરીને રહે છે. ઘરને વારંવાર ઘેરીને રહે છે. ॥૮૧॥

**कालेन तृष्यस्वः क्रियाऽन्तरे ५।४।८२॥**

દ્વિતીયાન્ત કાલવાચક નામની સાથે યોગ હોય તો ક્રિયાવ્યવધાયકાર્થક તુલ્યકર્તૃકાર્થવાચી तृष् અને अस् (૧૨૨૧) ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. द्व्यहं तर्षं द्व्यहतर्षं गावः पिबन्ति અહીં

तृष् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. ऋ ને 'लघोरु० ४-३-४' થી ગુણ अर् આદેશ. 'तृतीयो० ३-१-५०' થી વિકલ્પે સમાસ.... વગેરે કાર્ય થયું છે. અર્થ - બે દિવસ તરસી રહીને ગાયો (પાણી) પીએ છે. આવીજ રીતે द्व्यहमत्यासं; द्व्यहात्यासं गावः पिबन्ति અહીં अति + अस् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી अस् ના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. અર્થ - બે દિવસ વીતાવીને ગાયો (પાણી) પીએ છે. क्रियान्तर इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્રિયાવ્યવધાયકાર્થક જ તુલ્યકર્તૃકાર્થવાચી ધાતુને ધાતુના સંબન્ધમાં દ્વિતીયાન્ત કાલવાચક નામની સાથે યોગ હોય તો વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. તેથી अहरत्यस्येषून् गतः અહીં अस् ધાતુ ક્રિયાવ્યવધાયકાર્થક ન હોવાથી તેને આ સૂત્રથી णम् પ્રત્યય ન થવાથી 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ - દિવસભર બાણો ફેંકીને ગયો. અહીં સમજી લેવું જોઈએ કે ગાયો બે દિવસ તરસી ન રહે અથવા તો આજે પાણી પીધા પછી બે દિવસ ન વીતાવે તો ગાયોની પાણી પીવાની ક્રિયા થતી નથી. તેથી અહીં तृष् અને अस् ધાત્વર્થ ક્રિયાવ્યવધાયક (પાનક્રિયાવ્યવધાયક) છે. અને तृष् તથા अस् ધાતુ ક્રિયાવ્યવધાયકાર્થક છે. પરન્તુ પ્રત્યુદાહરણમાં બાણ ફેંકવાની ક્રિયા કર્ત્તાની ગમનક્રિયામાં વ્યવધાયક નથી. બાણ ફેંક્યા વિના પણ તે ક્રિયા શક્ય છે. તેથી અહીં अस् ધાતુ તાદૃશ ક્રિયાવ્યવધાયકાર્થક નથી. ।।૮૨।।

## नाम्ना ग्रहाऽऽदिशः ५।४।८३।।

દ્વિતીયા વિભક્ત્યન્ત नामन् નામની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક ग्रह् અને आ + दिश् ધાતુને ધાતુના સમ્બન્ધમાં વિકલ્પથી णम् પ્રત્યય થાય છે. नामानि ग्राहं, नामग्राहमाह्वयति અહીં ग्रह् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ.

'तृतीयो० ३-१-५०' थी विકલ્પે સમાસ વગેરે કાર્ય થયું છે. આવી જ રીતે नामान्यादेशं, नाम्नाऽऽदेशं दत्ते અહીં आ + दिश् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય. ઉપાન્ત્ય इ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થાય છે. વિકલ્પપક્ષમાં તાદૃશ ग्रह् ધાતુને આ સૂત્રથી णम् પ્રત્યય ન થાય ત્યારે 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય વગેરે કાર્ય (જુઓ સૂ. નં. ૫-૪-૭૮) થવાથી नाम गृहीत्वा दत्ते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નામો લઈને બોલાવે છે. નામો લઈને આપે છે. નામ લઈને આપે છે. ।।૮૩।।

## कृगोऽव्ययेनाऽनिष्टोक्तौ क्त्वा-णमौ ५।४।८४।।

અનિષ્ટ ઉક્તિ ગમ્યમાન હોય તો; અવ્યયના યોગમાં તુલ્યકર્તૃકાર્થક कृ ધાતુને, ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. "ब्राह्मण! पुत्रस्ते जातः; किन्तर्हि वृषल! नीचैः कृत्वा नीचैःकृत्य नीचैःकारं कथयसि? उच्चै र्नाम प्रियमाख्येयम्।" અહીં कृ ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય અને णम् પ્રત્યય. णम् ની પૂર્વે कृ ધાતુના ऋ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ आर् આદેશ. 'तृतीयो० ३-१-५०' થી नीचैस् અવ્યયને कृत्वा અને कारम् નામની સાથે વિકલ્પે સમાસ. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થવાથી नीचैःकृत्य અને नीचैःकारम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં સમાસ ન થાય ત્યારે नीचैः कृत्वा અને नीचैः कारम् આવો પ્રયોગ થાય છે. (किन्तर्हि नीचै र्वृषल! कारं.... આવો नीचैस् અને कारम् નો વ્યવધાનથી પણ પ્રયોગ થાય છે.) અર્થ - હે બ્રાહ્મણ! તને પુત્ર થયો; રે શુદ્ર! તો ધીમા સ્વરે કેમ કહે છે? પ્રિય તો મોટેથી કહેવું જોઈએ. अनिष्टोक्ताविति किम्?= અનિષ્ટોક્તિ અર્થ ગમ્યમાન હોય તો જ ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી અવ્યયની સાથે યોગ હોય ત્યારે તુલ્યકર્તૃકાર્થક कृ ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. તેથી उच्चैः कृत्वा ऽऽचष्टे- ब्राह्मण! पुत्रस्ते जात

इति। અહીં અનિષ્ટોક્તિ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી તાદૃશ कृ ધાતુને क्त्वा કે णम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય થયો છે. અર્થ - મોટેથી કહે છે - હે બ્રાહ્મણ! તને પુત્ર થયો. अव्ययेनेति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનિષ્ટોક્તિ ગમ્યમાન હોય તો અવ્યયનો યોગ હોય ત્યારે જ તુલ્યકર્તૃકાર્થક कृ ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. તેથી ब्राह्मण! पुत्रस्ते जातः किं तर्हि वृषल! मन्दं कृत्वा कथयसि? અહીં અનિષ્ટોક્તિ ગમ્યમાન હોવા છતાં અવ્યયાત્મક નામનો યોગ ન હોવાથી कृ ધાતુને આ સૂત્રથી णम् કે क्त्वा પ્રત્યય થતો નથી. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય થાય છે. અર્થ - હે બ્રાહ્મણ! તને પુત્ર થયો. તો હે શુદ્ર! ધીમેથી કેમ કહે છે?.

અહીં યાદ રાખવું જોઈએ કે આ સૂત્રમાં પૂર્વસૂત્રથી णम् वा અનુવર્ત્તમાન હોવાથી વિકલ્પપક્ષમાં क्त्वा પ્રત્યય 'प्राक्काले ૫-૪-૪૭' થી સિદ્ધ હતો. તેમ છતાં क्त्वा પ્રત્યયનું વિધાન ઉપર જણાવ્યા મુજબ સમાસ માટે છે. તેથી પ્રત્યુદાહરણમાં આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિહિત ન હોવાથી 'प्राक्काले ૫-૪-૪૭' થી વિહિત क्त्वा પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થતો નથી. સૂત્રમાં 'क्त्वा च' આવો નિર્દેશ કરીને પણ णम् પ્રત્યયનું વિધાન કરી શકાતું હોવા છતાં 'क्त्वा-णमौ' આ પ્રમાણે જે નિર્દેશ કર્યો છે, તે ઉત્તરસૂત્રમાં णम् ની અનુવૃત્તિ લઈ જવા માટે છે. અન્યથા च થી અનુકૃષ્ટ णम् ની અનુવૃત્તિ ઉત્તરત્ર શક્ય ન બનત ....॥૮૪॥

## तिर्यचाऽपवर्गे ૫।૪।૮૫॥

अपवर्ग એટલે ક્રિયાની સમાપ્તિ, સમાપ્તિપૂર્વકનો વિરામ અથવા ત્યાગ. અપવર્ગ અર્થ ગમ્યમાન હોય તો तिर्यच् અવ્યયની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક कृ ધાતુને ધાતુના સંબન્ધમાં क्त्वा પ્રત્યય અને

णम् પ્રત્યય થાય છે. 'तिर्यक् कृत्वा, तिर्यक्कृत्य तिर्यक्कारमास्ते' અહીં આ સૂત્રથી कृ ધાતુને क्त्वा પ્રત્યય અને णम् પ્રત્યય વગેરે કાર્ય તેમજ 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસ. સમાસમાં 'अनञः० ૩-૨-૧૫૪' થી क्त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થયું છે. અર્થ- સમાપ્ત કરીને બેસે છે. अपवर्ग इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અપવર્ગ અર્થ ગમ્યમાન હોય તો જ तिर्यच् અવ્યયની સાથે યોગ હોય ત્યારે તુલ્યકર્તૃકાર્થક कृ ધાતુને ધાતુના સંબન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. તેથી तिर्यक् कृत्वा काष्ठं गतः અહીં અપવર્ગ અર્થ ગમ્યમાન ન હોવાથી कृ ધાતુને આ સૂત્રથી क्त्वा કે णम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ - કાષ્ઠ વાંકું કરીને ગયો. ॥૮૫॥

## स्वाङ्गतश्च्व्यर्थे नाना विना-धाऽर्थेन भुवश्च ५।४।८६॥

तस् પ્રત્યયાન્ત સ્વાઙ્ગવાચક નામ; च्वि પ્રત્યયાર્થક नाना અને विना નામ તેમજ धा પ્રત્યયાર્થમાં વિહિત જે પ્રત્યય, તદન્ત નામની સાથે યોગ હોય તો; તુલ્યકર્તૃકાર્થક भू અને कृ ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. मुखतो भूत्वा; मुखतोभूय; मुखतोभावमास्ते। અહીં तस् પ્રત્યયાન્ત સ્વાઙ્ગવાચક નામની સાથે યોગ હોવાથી; नाना भूत्वा; नानाभूय; नानाभावं गतः। અહીં च्वि પ્રત્યયાર્થક (अनाना नाना भूत्वा गतः) नाना નામની સાથે યોગ હોવાથી; विना भूत्वा; विनाभूय; विनाभावं गतः અહીં च्वि પ્રત્યયાર્થક (अविना विना भूत्वा गतः) विना નામની સાથે યોગ હોવાથી અને द्विधा भूत्वा; द्विधाभूय; द्विधाभावमास्ते અહીં धा પ્રત્યયાર્થક (धा) પ્રત્યયાન્ત द्विधा નામની સાથે યોગ હોવાથી भू ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય અને णम् પ્રત્યય. णम् ની પૂર્વે भू ધાતુના ऊ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ औ આદેશ. 'तृतीयो० ૩-૧-૫૦' થી વિકલ્પે સમાસ. સમાસમાં क्त्वा ને 'अनञः० ૩-૨-૧૫૪'

થી यप् આદેશ વગેરે કાર્ય થયું છે. આવી જ રીતે पार्श्वतः कृत्वा; पार्श्वतःकृत्य; पार्श्वतःकारं शेते અહીં कृ ધાતુને આ સૂત્રથી क्त्वा અને णम् પ્રત્યય. णम् પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ ऋ ને વૃદ્ધિ आर् આદેશ. વિકલ્પે સમાસ. સમાસમાં क्त्वा ને यप् આદેશ. यप् ની પૂર્વે 'ह्रस्वस्य० ४-४-११३' થી त् નો આગમ વગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ- સન્મુખ થઈને બેસે છે. એક અનેક થઈને ગયો. સહિત રહિત થઈને ગયો. વ્યગ્રચિત્ત થઈને ગયો. બગલમાં લઈને ઉંઘે છે.

च्व्यर्थ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तस् પ્રત્યયાન્ત સ્વાઙ્ગવાચક નામની સાથે च्वि પ્રત્યયાર્થક જ नाना અને विना અવ્યયની સાથે તેમ જ धा પ્રત્યયાર્થક પ્રત્યયાન્ત નામની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક भू અને कृ ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. તેથી नाना कृत्वा भक्ष्याणि भुङ्क्ते અહીં આ સૂત્રથી कृ ધાતુને क्त्वा અને णम् પ્રત્યય થતો નથી. પરન્તુ 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય થાય છે. અર્થ - અનેક રીતે બનાવીને ખાવાની વસ્તુઓ ખાય છે. અહીં नाना શબ્દ च्वि પ્રત્યયાર્થક નથી - એ સમજી શકાય છે.॥८६॥

## तूष्णीमा ५।४।८७॥

तूष्णीम् અવ્યયની સાથે યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક भू ધાતુને ધાતુના સંબન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. तूष्णीं भूत्वा; तूष्णींभूय; तूष्णींभावमास्ते અહીં भू ધાતુને આ સૂત્રથી क्त्वा પ્રત્યય અને णम् પ્રત્યય. णम् પ્રત્યયની પૂર્વે भू ધાતુના ऊ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય તેમ જ 'तृतीयो० ३-१-५०' થી વિકલ્પે સમાસાદિ કાર્ય થાય છે. અર્થ - ચૂપ થઈને બેસે છે. ॥८७॥

## आनुलोम्येऽन्वचा ५।४।८८॥

अन्वच् અવ્યયનો યોગ હોય તો આનુલોમ્ય (અનુકૂળતા) અર્થ ગમ્યમાન હોય ત્યારે તુલ્યકર્તૃકાર્થક भू ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. अन्वग् भूत्वा; अन्वगूभूय; अन्वग्भावमास्ते અહીં भू ધાતુને क्त्वा પ્રત્યય અને णम् પ્રત્યય. णम् ની પૂર્વે भू ધાતુના ऊ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ औ આદેશ. 'तृतीयो० ३-१-५०' થી વિકલ્પે સમાસ. સમાસમાં 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ - પરચિત્તને અનુકૂળ થઈને રહે છે. आनुलोम्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આનુલોમ્ય અર્થ ગમ્યમાન હોય ત્યારે જ अन्वच् અવ્યયનો યોગ હોય તો તુલ્યકર્તૃકાર્થક भू ધાતુને ધાતુના સમ્બન્ધમાં क्त्वा અને णम् પ્રત્યય થાય છે. તેથી अन्वग् भूत्वा विजयते અહીં આનુલોમ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી भू ધાતુને આ સૂત્રથી क्त्वा કે णम् પ્રત્યય થતો નથી. તેથી 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય થાય છે. અર્થ - પાછળ થઈને વિજય પામે છે.॥८८॥

## इच्छार्थे कर्मणः सप्तमी ५।४।८९॥

ઈચ્છાર્થક ધાતુ ઉપપદ હોય તો તુલ્યકર્તૃકાર્થક કર્મભૂત (ઈચ્છાર્થક ધાત્વર્થક્રિયાની કર્મભૂતક્રિયાર્થક) ધાતુને सप्तमी નો પ્રત્યય થાય છે. भुञ्जीयेति इच्छति અહીં भुज् ધાતુને આ સૂત્રથી સપ્તમીનો ईय પ્રત્યય થયો છે. અર્થ - ખાવાની ઈચ્છા કરે છે. અહીં ભોજનક્રિયા ઈચ્છાનું કર્મ છે. તદર્થક भुज् ધાતુ ઈચ્છાર્થક ધાતુનું કર્મ છે - એ સ્પષ્ટ છે. इच्छार्थ इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઈચ્છાર્થક જ ધાતુ ઉપપદ હોય તો તુલ્યકર્તૃકાર્થક કર્મભૂત ધાતુને सप्तमी નો પ્રત્યય થાય છે. તેથી भोजको याति અહીં ઈચ્છાર્થક ધાતુ ઉપપદ ન હોવાથી

આ સૂત્રથી भुज् ધાતુને सप्तमी નો પ્રત્યય થતો નથી.પરન્તુ 'क्रियायां० ५-३-१३' થી णकच् (अक) પ્રત્યય થાય છે. 'लघोरु० ४-३-४' થી ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થાય છે. અર્થ - ખાવા માં જાય છે. कर्मण इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઈચ્છાર્થક ધાતુ ઉપપદ હોય તો તુલ્યકર્તૃકાર્થક કર્મભૂત જ ધાતુને सप्तमी નો પ્રત્યય થાય છે. તેથી इच्छन् करोति અહીં कृ ધાતુને આ સૂત્રથી सप्तमी નો પ્રત્યય થતો નથી. પરન્તુ યથાપ્રાપ્ત वर्त्तमाना નો 'सति.५-२-१९' થી तिव् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અહીં कृ ધાત્વર્થ ક્રિયા ઈચ્છાનું કર્મ નથી - એ સમજી શકાય છે. અર્થ- ઈચ્છતો કરે છે. ॥૮૯॥

**शक-धृष-ज्ञा-रभ-लभ-सहाऽर्ह--ग्ला-घटाऽस्ति-समर्थार्थे च तुम् ५।४।९०॥**

शक् धृष् ज्ञा रभ् लभ् सह् अर्ह् ग्लै घट् અને अस् (११०२) ધાતુનો અર્થ; અર્થ છે જેનો એવો ધાતુ ઉપપદ હોય; તેમ જ સમર્થાર્થક નામ અથવા ધાતુ ઉપપદ હોય અને ઈચ્છાર્થક ધાતુ ઉપપદ હોય તો તુલ્યકર્તૃકાર્થક કર્મભૂત ધાતુને तुम् પ્રત્યય થાય છે. शक्नोति पारयति वा भोक्तुम् અહીં शक् ધાત્વર્થાર્થક शक् અને पार् ધાતુ (पृ) ઉપપદ હોવાથી તુલ્યકર્ત્તૃકાર્થક કર્મભૂત भुज् ધાતુને આ સૂત્રથી तुम् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. આવી જ રીતે धृष्णोति जानाति आरभते लभते सहते अर्हति ग्लायति घटते अस्ति समर्थ इच्छति वा भोक्तुम् અહીં धृष् વગેરે ધાત્વર્થાર્થક ધાતુ વગેરે ઉપપદ હોવાથી भुज् ધાતુને આ સૂત્રથી तुम् પ્રત્યય વગેરે કાર્ય થાય છે. અર્થ ક્રમશઃ- ખાઈ શકે છે. ખાઈ શકે છે. ખાઈ શકે છે. ખાવાનું જાણે છે. ખાવાનો આરંભ કરે છે. ખાવાનું મેળવે છે. ખાવા માટે સહન કરે છે. ખાવાને યોગ્ય છે. ખાવા માટે ખિન્ન - ઉદાસ થાય છે. ખાવા માટે સંગત થાય છે. ખાવા માટે છે. ખાવા માટે સમર્થ છે. ખાવા ઈચ્છે છે. અહીં યાદ રાખવું કે - સૂત્રમાં અનુવર્ત્તમાન कर्मणः આ પદનો સમ્બન્ધ अर्ह् ધાતુ સુધીના સાત ધાતુઓ અને

ઈચ્છાર્થક ધાતુની સાથે છે. કારણ કે ग्लै વગેરે ધાતુઓ અકર્મક હોવાથી તેની સાથે તેનો સમ્બન્ધ શક્ય નથી ... ॥૯૦॥

क्षुण्णाः क्षोणिभृता० ..... क्षोणिभृताम् = રાજાઓના અથવા પર્વતોના; अनेककटकाः = અનેક સૈન્ય અથવા શિખરો; धारा = ધારાનગરી અથવા તલવારની ધારા; सम्प्राप्तधारः - પ્રાપ્ત થઈ છે ધારાનગરી અથવા ધાર જેને તે. ॥

પર્વતોના શિખરોની જેમ રાજાઓના અનેક સૈન્યો ભેદાયા, ત્યારબાદ ખડ્ગધારાની જેમ ધારાનગરી ભાંગી ગઈ. તે કારણથી સિદ્ધરાજ રાજાનું ખડ્ગ કુંઠિત - સૈન્યોનો નાશ કરવા અસમર્થ છે- એવું હે ક્ષત્રિયો! માનશો નહિ, કારણ કે લાંબા કાળથી શ્રી સિદ્ધરાજના તીવ્ર પ્રતાપ રૂપ અગ્નિ ઉપર ચઢેલું અને માલવદેશની સ્ત્રીઓના અશ્રુજલનું પાન કરીને પ્રાપ્ત થઈ છે ધારા (ધારા નગરી) જેને એવું આ (સિદ્ધરાજનું) ખડ્ગ; વૃદ્ધિ પામશે - તીક્ષ્ણ થશે, તે દુઃખની વાત છે. આશય એ છે કે - તલવારની કુંઠિત થયેલી ધારા અગ્નિમાં તપાવીને પાણીમાં નાંખીને ફરીથી તીક્ષ્ણ થાય છે. - એવી રીતે શ્રી સિદ્ધરાજનું ખડ્ગ પણ પ્રતાપ સ્વરૂપ અગ્નિમાં તપવાથી અને માલવદેશની સ્ત્રીઓના આંસુસ્વરૂપ પાણી પીવાથી તીક્ષ્ણ થશે ....... .

**इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे**

**पञ्चमस्याध्यायस्य चतुर्थः पादः ॥**

**इति पञ्चमो ऽध्यायः।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।**

**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

